
આવતી કાલનાં નાગરિકોનું માસિક



ચિદમ્બરમમાં નટરાજના કાષ્ઠરથનું શિલ્પખચિત શોભન • મથાળે મધ્યમાં નૃત્યરત નટરાજ ને તેની આજુબાજુ ગણેશ તથા કાર્તિકેયની તકતીઓ છે.
ફોટોગ્રાફ: ત્ર્યંબકલાલ પટેલ

(ચિદમ્બરમનાં ભીંતચિત્રો વિષે જુઓ આ અંકમાં)


કુમાર


સંસ્થાપક - રવિશંકર રાવળ

વર્ષ ત્રેપનમું • અંક છઠ્ઠો • માહે જૂન • ઓગણીસ સો છોંતેર

સળંગ ૬30 મો અંક

તંત્રી • બચુભાઈ રાવત





ધરતીની પુત્રી: ચિત્રલેખા બી. પ્રભાનાં ચિત્રસર્જનોમાં ધરતીનો આત્મા અને એની ચેતનાના ધબકાર પ્રકટતા જણાય છે. એમનાં બધાં સ્ત્રીપાત્રો ધરતીની પુત્રીનું જ સ્વરૂપ વ્યક્ત કરતાં લાગે છે. એમની આ એક લાક્ષણિકતા છે. વિશાળ આકાશ તળે વિસ્તરેલી ભૂમિને એમણે અહીં કેટલી સ્વાભાવિકતાથી અને સરળતાથી દર્શાવી છે. એ ધરતીમાને ખોળે પોઢેલું સ્ત્રીપાત્ર! એને સંસારની જન્મદાત્રી એ ધરતીની દીકરીને નામે આપવું હોય તો એ નામ 'સીતા' જ હોઈ શકે. બાજુમાં બી. પ્રભાનું જ એક રેખાંકન છે. દરિયાને કાંઠે બેઠેલી મત્સ્યકન્યાઓ સમી આ સ્ત્રીઓના આલેખનમાં શરીરના પ્રમાણનું ઉલ્લંઘન છતાં સહજ સરળ ને બલિષ્ઠ રેખાઓમાં એમણે સુંદર સ્વાભાવિક રજૂઆત કરી છે. આ બંને કૃતિઓમાં જ નહિ, બલ્કે એમનાં બધાં ચિત્રસર્જનોમાં રંગ અને રેખાના ઓછામાં ઓછા ઉપયોગ છતાં ચિત્રવિષયની સચોટ રજૂઆત એ એમની કલાશક્તિની સિદ્ધિ છે. એમનો વિશેષ પરિચય આ અંકની 'કલાવાર્તા'માં આપ્યો છે.

(રંગીન બ્લૉક : કલાકારના સૌજન્યથી)

કુમાર

જૂન ૧૯૭૬ · અંક ૬૩૦

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

વઢવાણના ઉમા-મહેશ્વર

તા. ૨૭-૩-'૭૬ના રોજ ગાયત્રી મંદિર માટે પાણીની ટાંકીનું ખોદકામ કરતાં, વઢવાણશહેરમાં વાઘેશ્વરી મંદિરના ચોગાનમાં આવેલા ખીમશંકર મહાદેવના મંદિરના ફળિયામાંથી સફેદ આરસમાં કંડારેલી ૧૯"×૧૦"ની 'ઉમા-મહેશ્વર'ની એક સુંદર મૂર્તિ મળી આવી હતી.



ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી મળી આવતી અનેક ઉમા-મહેશ્વરની મૂર્તિઓમાંની એક આ સુખાસનમાં બિરાજેલી ચતુર્હસ્ત મૂર્તિમાં મહેશ્વર અર્ધપર્યંકાસને નંદિ પર બિરાજમાન છે. પાર્વતીજી મહેશ્વરના મુખને નિહાળતાં, એક હાથ મહેશ્વરના ખભા પર, ને બીજા હાથમાં કમળ ધારણ કરી શિવના ઉત્સંગમાં ડાબી બાજુ બિરાજ્યા છે. ચતુર્હસ્તધારી મહેશ્વરના જમણા હાથમાં ત્રિશૂળ, નીચેના હાથમાં બિજોરું, ડાબો હાથ પાર્વતીજીના સ્તન પર છે, જ્યારે નીચેના હાથમાં ઘણું કરીને સર્પ છે. ઉમાજીના મસ્તકે કરંડ-મુકુટ અને મહેશ્વરના મસ્તકે જટા-મુકુટ છે અને શરીરે વિવિધ અલંકારો ધારણ કર્યા છે. જમણી બાજુ નીચે હનુમાન તથા ડાબી બાજુ ગણપતિ હોવાનું જણાય છે.

મૂર્તિની બેસણી નીચે ૨ ઇંચ પહોળો અને ૧૦ ઇંચ લાંબો ત્રણ લીટીમાં નીચે પ્રમાણે ત્રણ ટુકડામાં અભિલેખ છે: (જુઓ ચિત્ર નીચે)

९ स्वस्ति संवत ११९५ विशाख सुदि १३ गुरि।

अघेह श्री वर्धमाने त्रीइहड स्थाने देवस्थाने॥

उमामहि श्वर मूर्ति नामा हवउ हितावहे कारापिता॥

આ અભિલેખ સંસ્કૃત ભાષામાં, પડીમાત્રા-લિપિમાં છે, જેની અંતિમ પંક્તિમાં લોકપ્રચલિત ભાષાનો ઉપયોગ કરાયો છે.

વર્તમાન વઢવાણનો ઉલ્લેખ 'શ્રી વર્ધમાન-પુર' તરીકે અનેક ગ્રંથોમાં જોવા મળે છે, તેમાં આ અભિલેખ ઉમેરો કરે છે. વિક્રમ સંવતના ૧૧મા સૈકામાં જૈનધર્માનુયાયીસાથેસાથે શિવ-સંપ્રદાયના અનુયાયીઓ પણ વસતા હશે, તેમ સ્હેજે તારવી શકાય. ઝાલાવાડના ઝાલા રાજવીઓ તો શૈવ–શાક્ત સંપ્રદાયના અનુયાયી રહેલા તે સુવિદિત છે. પ્રાપ્ત ઉમા-મહેશ્વરની મૂર્તિ નીચે અભિલેખ કોતરેલો હોઈ ઐતિહાસિક દૃષ્ટિએ તેનું મહત્ત્વ ગણી શકાય.

પુરાતની ઐતિહાસિક વારસો ધરાવતા વર્ધમાનપુરના પેટાળમાં આવી તો અનેક મહત્ત્વની ઐતિહાસિક કડીઓ સચવાએલી પડી હશે. આ અભિલેખ ઉકેલવામાં શ્રી નાથાલાલ મંડલીના મળેલા ફાળાની સાભાર નોંધ લઉં છું.


(રાજકોટ) —ઈન્દ્રવદન આચાર્ય

'ગૃહસૌખ્ય'

ઑક્ટોબર અંકમાં (પૃ. ૩૮૯) પ્રો. વસંત જોષીએ અહિલ્યાબાઈની જીવનિકામાં 'ગૃહસૌખ્ય' શબ્દ રજૂ કર્યો છે. આ 'ગૃહસૌખ્ય' શબ્દરચનાથી મોટા ભાગના કેળવાએલા ગુજરાતીઓ પણ પરિચિત નથી, કારણ કે આપણા ગુજરાતી સાહિત્યક્ષેત્રે તે જોઈએ તેટલો ચલણી થવા પામ્યો નથી. તેમ થવાનાં કેટલાંક કારણોમાંનું એક આ છે: તે શબ્દનો અર્થ 'દાંપત્ય-જીવન' એવો કરી શકાય ખરો, પરન્તુ એ 'દામ્પત્યજીવન'નો અર્થ આજે તો 'જાતીય જીવન' પૂરતો જ મર્યાદિત રાખી દઈને તે શબ્દને 'વાયડો' બનાવી દેવાયો છે. સાચી વાત એ છે કે એ દામ્પત્યજીવનની મર્યાદા કંઈ જાતીય જીવનના ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત સમજવાની નથી; એને સંસારજીવન તરીકે પણ ઓળખાવી શકાય. અલબત્ત એ જીવનમાં જાતીય જીવન મુખ્ય ભાગ ભજવી રહે છે એ સાચું છે, પરન્તુ સંસારજીવનમાં રહેલાં સ્ત્રીપુરુષનાં જીવનનાં વિવિધ પાસાંને તે સ્પષ્ટ સ્વરૂપ સ્પર્શી રહે એટલો વિશાળ તેનો અર્થ થવો જોઈએ.

એ 'ગૃહસૌખ્ય' શબ્દનો પહેલપ્રથમ પ્રયોગ આપણે ત્યાં ફિલસૂફ પત્રકાર વા. મો. શાહે તેમના 'જોઈએ છે-વધારે વિચારકો' શીર્ષક લેખમાં આજથી શુમારે છ દાયકા પહેલાં યોજી બતાવ્યો હતો (જૈન હિતેચ્છુ: ૧૯૧૪, મે: પૃ. ૩૨૮), અને જરૂર જણાઈ ત્યારે ત્યારે તેમના પત્રકાર જીવન દરમિયાન તેમણે તેનો વપરાશ ચાલુ રાખ્યો હતો. એ શબ્દરચનાનો પ્રયોગ દર્શાવતું તેમનું પહેલપ્રથમ વાક્ય આ રહ્યું:

'જુદી જુદી બાબતના ગ્રૅજ્યુએટોનું એક એવું મંડળ બનવા પામે, જેઓ દરરોજ પોતપોતાના ખાસ વિષયનું જ્ઞાન પોતામાં વધારવા પાછળ ઓછામાં ઓછો દરરોજનો એક કલાક કહાડવાનો નિયમ કરે અને એવી રીતે પોતાને મળતું જ્ઞાન સાદામાં સાદી શૈલીથી સમાજને સમજાવવા માટે પોતાના મંડળથી ખાસ કહા-



દાતાં ૨૦૦-૩૦૦ પૃષ્ઠના માસિક પત્રમાં લેખો લખે, જેમાં અધ્યાત્મ, ફિલસૂફી, નીતિશાસ્ત્ર, ગૃહસૌખ્ય, સમાજશાસ્ત્ર, આરોગ્ય, વિજ્ઞાન, વ્યાપાર, રાજ્યતંત્ર આદિ તમામ બાબતો કે જેની સાથે સમાજને સીધો કે આડકતરો સંબંધ છે તેને લગતા વિષયો સામાન્ય માણસો સમજી શકે એવી ઢબથી લખાવા જોઈએ.'

એ વા. મો. શાહે પ્રસ્તુત 'ગૃહસૌખ્ય' જેવી શબ્દરચનાને ચલણી બનાવવા માટે પ્રખર પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેનું કોઈ ચોક્કસ પરિણામ આવ્યું નહોતું. આપણાં સાહિત્યની વિકાસ-પરિસ્થિતિ એ સોપાન પર એ સમયે સ્થિત હતી. આ લખનારે પણ ત્યાર બાદ 'નવચેતન'માં 'લગ્ન વિ. પ્રતિભા', 'લેખકોનું લગ્નજીવન' જેવા કોઈ કોઈ લેખમાં એ શબ્દનો પ્રયોગ કર્યો હતો. પરંતુ આપણા 'ગુજરાતી સાર્થ જોડણીકોષ'ના સંપાદકોની નજરે એ ચડી શક્યો નહિ એટલે આપણા દુર્ભાગ્યે એવો ઉપયોગી શબ્દ-સમાસ એ 'કોશ'માં સંગ્રહાવા પામ્યો નથી. ભૂતકાળમાં વા. મો. શાહના સમય પહેલાં અગર તે પછી પણ એ ઉપયોગી શબ્દ-રચનાનો પ્રયોગ આપણે ત્યાં કોઈએ કર્યો હતો કે નહિ તે અંગે કોઈ જાણકાર પ્રકાશ પાડે એ ઇચ્છવાજોગ છે. મરાઠી સાહિત્યમાં તો એ પૂરેપૂરો પ્રચલિત તેમ જ ચલણી બની ચૂક્યો છે.

(ગોરેગામ-મુંબઇ) —ત્રિભુવન વી. હેમાણી

વિજ્ઞાનની ફાળ

હજુ તો, ઑક્ટોબર અંકમાં ડૉ. યશવંતભાઈ નાયકે જે ભૌતિકશાસ્ત્રમાંના ચુંબકીય ક્ષેત્રમાં એકાકી ગુણ(ધ્રુવ)વાળા સ્વતંત્ર મૉનોપોલ કણની શોધનો ચમકાવનારનો પરિચય કરાવ્યો ત્યાં વળી વિશાખાપટ્ટનમ્‌માં ભરાએલી વિજ્ઞાન પરિષદમાં આપણા ભાભા અણુસંશોધન કેન્દ્રના વિજ્ઞાનીઓએ અણુ વિભાજન વખતે ચાર ભાગ થતા હોવાનો દાવો કર્યો છે તે પણ એટલી જ ક્રાંતિકારક શોધ પુરવાર થશે. ડૉ. નાયક આપણને આ 'ક્વાર્ટનેરી ફીઝન'નો પરિચય કરાવશે તો આનંદ થશે. ઉપર્યુક્ત બન્ને શોધો એકબીજીને અસર કરનારી છે. તે ઉપરાંત ભૌતિક વિજ્ઞાન અને તેના શિક્ષણમાં આવેલાં ગાણિતિક સમીકરણો વગેરે બધાં શંકાસ્પદ થઈ ગયાં હશે.

છેલ્લા ત્રણ દાયકાનો જ વિચાર કરીએ તો જણાશે કે વિજ્ઞાન કઈ દિશામાં કેટલી ઝડપ અને ગતિથી ફાળ ભરતું જાય છે. આજના અફર સિદ્ધાંતો કાલે ખોટા ઠરવાના. અણુસ્ફોટથી માંડીને માનવી આજે અંતરીક્ષયાનો છોડતો થઈ ગયો છે. વૈજ્ઞાનિક સંશોધનોને આભારી અને અવલંબી જગતની ઔદ્યોગિક પ્રવૃત્તિનો પણ એટલી જ ઝડપ અને ગતિથી વિકાસ થાય છે. વિકાસની આ ઝડપ અને ગતિના પ્રવાહમાં તરતો માનવી, માનસિક થકાવટ અનુભવતો થઈ ગયો છે. આનો પડઘો પણ 'કુમાર'ના 'વાચકો લખે છે'માં અવારનવાર પડે છે. દા. ત. ઑક્ટોબર '૭૫ નો અંક, મે '૭૫નો અંક, ઑગસ્ટ '૭૪નો અંક.

સૃષ્ટિની આ સર્વાંગી ઝડપ અને ગતિ માટે આપણા ચરમ કોટિના સ્વતંત્ર વિચારક અને શુદ્ધ તત્ત્વજ્ઞાન (સાંપ્રદાયિક આધાર વગર)ના એ ચિંતકોને દાયકાઓ પહેલાં જ ખયાલ આવી ગએલો. પરમ પૂ. કેદારનાથજીના પુસ્તક 'વિવેક અને સાધના'ના વ્યક્ત-અવ્યક્તવિચારવાળા પ્રકરણમાં આ વિકાસ માટે વિશદ અને વ્યાપક વિચારો રજૂ થયા છે. તે ઉપરાંત ગયા વર્ષે લંડન યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ સમક્ષ યુરી ગૅલર નામની વ્યક્તિએ કરી બતાવેલા ચમત્કારો પાછળ રહેલા રહસ્યનો ખુલાસો પણ આ જ પ્રકરણમાં મળે છે.

નવીનવી, અભૂતપૂર્વ, આશ્ચર્યકારક અને ક્રાંતિકારક શોધો થયે જવાથી જ્ઞાનવિજ્ઞાનના દરેક તબક્કાના વિકાસમાં માનવીએ રસ લેવાનું અનિવાર્ય છે. જ્ઞાનવિજ્ઞાનની ક્રિયાશક્તિમાં એટલી ઝડપ અને ગતિ આવશે કે આજનાં મૂલ્યાંકનો કાલે ખોટાં ઠરવાનાં. આમાં વિચાર કરીશું તો જણાશે કે વિજ્ઞાનનો દોષ નથી. આ બધી શોધો ને વિજ્ઞાનની ફાળ તેના વડે ઉત્પન્ન થએલા માનવી માટે સાધનો આ બધાંનું અનુમૂલ્યાંકન (અનુવાદ શબ્દ ઉપરથી) માનવીએ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કરવાનું હશે તો જ માનસિક સમતુલા જળવાશે. આ દૃષ્ટિએ ડૉ. યશવંતભાઈ નાયકે ડિસેમ્બર અંકમાં 'સૂર્ય'ને લગતો જે પરિચય આપ્યો અને શરૂઆતની માંડણી જે રીતે કરી તે અનહદ આનંદ આપી ગયાં.

(જલગાંવ) —હરખચંદ મૂલજી

જિમ કૉર્બેટ

૬૨૫મા અંકમાં જિમ કૉર્બેટનો પરિચય ને ખાસ તો તેમની સત્યકથા–શિકારકથા વાંચી અત્યંત આનંદ થયો. જિમ કૉર્બેટની થોડી શિકારકથાઓ અન્ય સામયિકમાં વાંચી છે. આપણા ગુજરાતી સાહિત્યમાં શિકારકથાઓનો ખૂબ જ અભાવ છે. ક્યાંક સાહસકથાઓ મળી આવે તો મોટા ભાગની કાલ્પનિક હોય છે. 'નવનીત'માં વારંવાર સત્ય શિકારકથાઓ વાંચવા મળે છે. બાકી ખાસ નહિ.

માનવજાત અમુક પ્રકારનાં પ્રાણીઓને ભયંકર ગણી તેનો નાશ કરવા લાગી જાય છે. વાસ્તવમાં આપણે કલ્પેલી ભયંકરતા હોતી નથી. જેમ મોટા ભાગના સાપ ઝેરી નથી હોતા છતાં જ્યાં સાપ દેખાય ત્યાં તેનું આવી જ બન્યું હોય છે! માણસ જ પ્રકૃતિનો વિનાશક બનતો જાય છે. જે લોકો પ્રકૃતિમાં રહે છે તે પ્રાણીઓને પ્રેમ કરતા હોય છે. જયંત પાઠક એક પ્રસંગ નોંધે છે કે આદિવાસીના છોકરાના હાથ પર વીંછી ચડતો હોય છે પણ તે ડરતો નથી. તેની બેન કહે છે કે તેને ખંખેરી નાખ, તે કરડશે. પણ છોકરો બેફિકરાઈથી હાથનો ટકોરો મારી વીંછીને દૂર કરે છે પરંતુ મારતો નથી. પૃથ્વી પર અનેક પ્રાણીઓ નાશ પામતાં જાય છે,–કેટલાંક તો તદ્દન નાશ પામ્યાં છે અને માત્ર તેનાં ચિત્રો જોઈને સંતોષ માણવાનો રહ્યો છે. માનવજાત પ્રાણીઓને પોતાનાં કુટુંબી ગણે તો પ્રાણીઓ માનવને ઉપયોગી થઈ શકે તેમ છે.

'કુમાર'માં આપેલી શિકારકથાની ભાષા અને જિમ કૉર્બેટની હિંમત પ્રશસ્ય છે. તેમણે મોત સામે ગઝૂમી અનેક લોકોને બચાવ્યા છે. આમ છતાં તેમનો પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ બહુ જ જાણીતો છે. તેમણે કરેલા અસંખ્ય શિકારોમાં ક્યાં યે ખોટી રીતે પ્રાણીઓને હણ્યાં નથી. તેમની માફક દરેક માણસ પ્રાણીઓને પ્રેમ કરે તો કુદરતમાં નવી જ ભાવના અને દરેક જીવનો કૌટુમ્બિકભાવ પ્રકટ થાય.

(રાજકોટ) —રવજીભાઈ ડાબરિયા

મુનસર તળાવ

"'મુનસર' નામ પાછળ મૂળ 'મયણલ્લસર' અભિધાન હોઈ શકે છે" એ ૬૨૪મા અંકમાંનું શ્રી મધુસૂદન ઢાંકીનું કથન 'જનશ્રુતિ અનુસાર પ્રસ્તુત તળાવ સિદ્ધરાજ-માતૃ રાજમાતા મિનલદેવી (મયણલ્લદેવી)એ બંધાવેલું' એ વિધાનના સમર્થન માટે લખાએલું છે. જનશ્રુતિ તો એવી છે કે 'ગુજરાતના બહાદુર રાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં રાજમાતા મયણલ્લદેવી જ્યારે દ્વારિકાની માત્રાએ જતાં હતાં ત્યારે આ સ્થળની નજીકમાં મુકામ કર્યો હતો. તે વખતે ગામના લોકોએ જઈ પાણી સંબંધી પોતાની વિટંબણા ટાળવા માટે તેને અરજ કરી, જે પરથી તેણે મુનસર તથા ગંગાસર નામનાં બે વિશાળ સરોવર બંધાવી આપ્યાં.' (જુઓ: 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ તથા ઇતિહાસ', પૃ. ૮૨.) હવે જો જનશ્રુતિ શ્રદ્ધેય માનીએ તો મુનસરને કાંઠે અનુપમ શિલ્પખચિત દેરીઓ ને બે મોટાં દેરાં બંધાય જ્યારે ગંગાસર પર શિલ્પનું નામનિશાન ન મળે તે કેવું આશ્ચર્ય! સાવ અનુચિત. અર્થાત્ જનશ્રુતિ સત્યથી તદ્દન વિમુખ છે. મુનસર નામને 'મિનલસર' કરતાં 'મુનિસર' સાથે વધારે સામ્ય છે. આ સરોવર બંધાયું તે પૂર્વે પણ અહીં તળાવ હતું. મુનિઓનું નિવાસસ્થાન આ તળાવને કાંઠે હોઈ તે મુનિસર તરીકે

વિખ્યાત હતું. 'મુનિસર' શબ્દોચ્ચાર સામાન્ય પ્રજાને ન ફાવતાં સરળતા ખાતર તેમાંના 'ઇ'-નો લોપ થઈ 'મુનસર' એવું અભિધાન લોકો દ્વારા થયું. લોકસાહિત્યની જેમ આ નામાભિધાનનું મૂળ શોધવું સરળ નથી. સ્થળનામો લોકમાનસ અનુસાર કંઈ કેટલુંક પરિવર્તન પામે છે. આ હકીકત મીનળદેવીએ આ સરોવર નથી બંધાવ્યું તે દર્શાવવા માટે સાવ અનુચિત ન લેખાય.

મુનસર તળાવને કાંઠે એક જીર્ણ ભોંયરું છે (જે હાલ આગળ જતાં પુરાઈ ગયું છે) તે અહીંથી નજીક હાંસલપુર સેરેશ્વર ગામ પાસે આવેલી 'મુનિની સેર' નામની ટેકરી પર નીકળતું હતું. આમ, વીરમગામના તળાવ ને આ ટેકરીનાં નામનું સામ્ય આ સંદર્ભમાં સૂચક છે. 'મુનિના સેર'માં વિભક્તિનો પ્રત્યય 'ની' ઉચ્ચાર માટે સહાયભૂત હોઈ એમાં ફેર ન થયો, જ્યારે 'મુનિસર' (મુનિઓનું સરોવર) સમાસ હોઈ શબ્દરૂપ સાહજિકતથી બદલાઈ ગયું છે.

'ધોળકાનું મલાવ તળાવ સિદ્ધરાજની માતા મીનળદેવીએ બંધાવ્યું મનાય છે' એમ જનશ્રુતિના આધારે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ'માં નોંધ્યું છે. જ્યારે શ્રી રમણલાલ નાગરજી મહેતાએ 'સ્વાધ્યાય' (અંક ૧, વિ. સં. ૨૦૨૧)માં એ પ્રચલિત જનશ્રુતિને અસત્ય ઠરાવીને મીનલદેવીના નામે ચડેલું એક સરોવર બાદ કરી આપ્યું. અહીં પણ એવી જ જનશ્રુતિ છે.

મીનળદેવીના જીવનની અંગત બાબતોનું અક્ષરચિત્ર જેમાંથી મળે છે તે મેરુતુંગ વિરચિત 'પ્રબંધ ચિંતામણિ' આ વિષે સાવ મૌન સેવે છે. શું આ પ્રમાણ મીનળદેવીના અકર્તૃત્વનું સૂચક નથી?

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

માર્ક ટ્વેઈન અને વિનોદની નજરે

એપ્રિલ' અંક જોઈ બે સુખદ આશ્ચર્ય અનુભવ્યાં: એક તો હાસ્ય-લેખક માર્ક ટ્વેઈનનું જીવનચરિત્ર રજૂ થયું છે તે, અને બીજું આચાર્ય યશવન્ત શુક્લનું રેખાચિત્ર.

માર્ક ટ્વેઈન વિષે જાણવાની અત્યંત આતુરતા અમ જેવા હાસ્યલેખકોને હોય તે સ્વાભાવિક છે. એનાં પુસ્તકો મળે, પરંતુ જીવનચરિત્ર ક્યાંય વાંચવા મળતું ન હતું. તમે તે 'કુમાર'માં રજૂ કર્યું તે બદલ અભિનંદન.

બીજી વાત યશવન્તભાઈના કટાક્ષમય રેખાચિત્રની. શ્રી વિનોદ ભટ્ટે નવે જ ખૂણેથી રેખાચિત્ર રજૂ કર્યું તે માટે તેમને, અને 'કુમાર'માં રજૂ કરવા બદલ તમને અભિનંદન. આગળ 'એકડો' છે એટલે આવાં રેખાચિત્રો આગળ ચાલશે એ ફલિત થાય છે. એક સૂચના કરું? તમારે વિષે જાણવા પણ અમે ખૂબ આતુર છીએ. ભવિષ્યની નામાવલિમાં 'તમે' પણ આવો, એવી ઇચ્છા. આશા છે કે નિરાશ નહિ કરો.

(અમદાવાદ) —હરિપ્રસાદ વ્યાસ

માર્ક ટ્વેઈનની ભારતયાત્રા

એપ્રિલ અંકમાં માર્ક ટ્વેઈન વિષેના લેખમાં એક અતિ ઉલ્લેખનીય વસ્તુની ચૂક પૂંચી— તેની હિંદુસ્તાનની મુસાફરી વિષેનું વર્ણન.

તેના અનેક પ્રવાસોમાં માર્ક ટ્વેઈન હિન્દુસ્તાન પણ આવેલો. અહીંનું પ્રવાસવર્ણન તેના પુસ્તક 'More Tramps Abroad'માં અતિશય રોચક અને સુંદર છે. આપણામાંના જેઓ પાઠ્યપુસ્તકોમાંથી જ ઇતિહાસ શીખ્યા છીએ તેમને બધાને સારુ આ પ્રવાસવર્ણન ખરે જ આંખ ઉઘાડનારું છે. આજથી સો વર્ષ પૂર્વેની રાજકીય પરિસ્થિતિ ઉપરાંત સામાજિક રીતરિવાજો (કુરિવાજો પણ!) તેણે તેની દૃષ્ટિએ આલેખ્યા છે. ઘણો જ વેધક પ્રકાશ પાડતી રીતે તેણે હિન્દુસ્તાનનાં સારાં તથા નરસાં પાસાંનું જે નિષ્પક્ષ રીતે વર્ણન કર્યું છે તે સહજ જ રીતે તેને માટે આદરભાવ જગાડી જાય છે.

આજથી સો વર્ષ પહેલાંનું મુંબાઈ, અલ્હાબાદ, બનારસ, તે વખતના ટ્રેન પ્રવાસ, ઈશ્વરાવતારી પુરુષો સાથેની મુલાકાત, ઠગ-પીંઢારાઓનો ત્રાસ વગેરેનું વર્ણન જો 'કુમાર'માં આપી શકાય તો ઘણું જ લોકપ્રિય નીવડે. અંગ્રેજોને હિન્દમાં આવકાર મળવાનું એક મુખ્ય કારણ તેમણે સખત હાથે દાબી દીધેલો ઠગ-પીંઢારાનો ત્રાસ. તેનું વર્ણન ખરે જ સુંદર છે.

'More Tramps Abroad'ના પુસ્તકની જે નકલ મને વાંચવા મળી હતી તેમાં ઘણાં-લગભગ પચાસેક પાનાં ફાટેલાં હતાં અને તેથી તેટલે અંશે રસક્ષતિ રહી ગઈ છે. આપના કોઈ વાચકો—તેમની પાસેથી અથવા તો તેમની જાણની કોઈ લાયબ્રેરી પાસેથી તે પુસ્તકની નકલ મળી શકે એમ હોય તો જણાવવા મહેરબાની કરશે તો ઉપકારી થઈશ.

(મુંબાઈ) —સુધીર મહેતા

તખલ્લુસોનો સંગ્રહ

માર્ચ અંકની 'માધુકરી'માં 'બદલાતાં નામો' શીર્ષક એક નોંધ પ્રગટ થઈ છે. તેમાં જણાવાયું છે કે 'ગુજરાતી સાહિત્યકારોનાં તખલ્લુસની વાત કરવા બેસીએ તો એક નાની પુસ્તિકા થાય એટલે એ વિચાર પડતો મૂકીએ.'

ગુજરાતી તખલ્લુસોનો સંગ્રહ આ લખનારે તૈયાર કરીને 'મુંબઈ સમાચાર'માં સાપ્તાહિક હપતા રૂપે ૨૧ મહિના સુધી પ્રગટ કરાવ્યો હતો. તેમાં શુમારે ૩૦૦૦ જેટલાં તખલ્લુસો સંગ્રહાયાં છે, એટલે તે નાની પુસ્તિકા નહિ પણ ૬૦૦ જેટલાં પાનાંનો ખાસ્સો મજાનો એક આકરગ્રંથ થાય તેટલો તેનો વિસ્તાર છે. હર્ષની વાત એ છે કે હાલ એ ગ્રંથ છપાઈ રહ્યો છે અને તેનાં ૨૦૦ જેટલાં પૃષ્ઠો છપાઈ ગયાં છે અને ત્રણેક મહિનાના ગાળામાં આખો ગ્રંથ તૈયાર થઈ જવાનો સંભવ છે.

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'કુમાર'ની કલાકૃતિઓ

'કુમાર'ની કલાકૃતિઓ માસિકને અનેરું ઓજસ આપે છે એટલું જ નહિ, પણ સમગ્ર અંક એના સાંગોપાંગ ઓપથી જીવંતરસની અનુભૂતિ કરાવી જાય છે. 'વસ્તુલક્ષી' અને 'આધુનિક' બંને પ્રકારનાં ચિત્રોમાંનું વિવેચન કૃતિનો તાદૃશ્ય ખયાલ આપે છે, એમાં વિવેચનકારની વિવરણ કરવાની ઉમદા શક્તિની છટા અનુભવાય છે. 'ગંગાઘાટ' કાનપુર—યજ્ઞેશ્વર શુક્લ રચિત કૃતિ—આહ્‌લાદકપણે માનસ પર તીવ્ર ઊંડી અસર કરી જાય છે. એમાં નદીનો ધૂઘવતો પ્રવાહ, મછવાઓની હારમાળા, ગંગા નદીનો વિશાળ પટ, વાંસના આડા-ઊભા સ્તંભો અને ચેતનપૂરક ત્રણ-ચાર માનવપાત્રો ચિત્રમાં વિવિધરસોનું સંયોજન કરે [illegible]

આ અંગે એક નમ્ર સૂચન કરવાનું કે, કલાકૃતિઓમાં આકર્ષણ તેમજ ધોરણ પ્રાપ્ત કરવા જગતના ખ્યાતનામ કલાકારોની કૃતિઓ પણ પ્રકટ કરતા રહેવું. જેથી કલાનાં દ્વાર સીમિત ન રહેતાં પરદેશીઓની કલાસાધનાનું રસપાન મળી શકે. આ અંગે અગાઉ પ્રકટ થએલી જગવિખ્યાત 'મોના લિસા'ની કૃતિ મને ઘણા સમય સુધી અંતરોન્માદ આપતી રહેલી.

(મુંબાઈ) —સુરેશ એસ. ગાલા

સંસ્કૃત સાહિત્યનું પણ આચમન

છેલ્લા લાંબા સમયથી 'કુમાર'માં પ્રકટ થતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા 'અંગ્રેજી સાહિત્યનું આચમન' ખરેખર એક ઉત્તમ કોટિની સાહિત્ય-પરિચયાત્મક લેખમાળા છે. લેખકને ધન્યવાદ. મારું નમ્ર સૂચન છે કે 'કુમાર' તેના વાચકોને આ લેખમાળા પૂર્ણ થયે કોઈ અધિકૃત લેખક દ્વારા 'સંસ્કૃત સાહિત્યનું આચમન' કરાવશે તો તે ઉચિત લેખાશે. અનેક સાહિત્યરસિકો એનાથી પણ લાભાન્વિત થશે.

(કુંભાસણ બનાસકાંઠા) —રામજીભાઈ રાજગોર

'મધુરેન' નહિ 'મધુરેણ'

'કુમાર' માર્ચ: વનફૂલની વાર્તાનું મથાળું: 'મધુરેન'? વ્યાકરણ નિયમાનુસાર 'મધુરેણ' જોઈએ. એક જ શબ્દમાં ર, ષ ને ઋ પછી આવનાર 'ન' નો 'ણ' થાય છે. અપવાદ અન્ત્ય 'ન' એમનો એમ જ રહે છે. દૃષ્ટાંત: રામેણ, પૂષ્ણા, ઋષીણામ્, પિતૄણાં, પણ રામાન્ (ણ્ નહિ).

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

[શ્રી દામુભાઈ શુક્લે પણ આ ક્ષતિ તરફ ધ્યાન દોર્યું છે.]

'લાઓકૂન'ના શિલ્પી યૂરોપને

· પૃથ્વી ·

સમસ્ત અહીં અંગ અંગ બસ તંગ તંગાયલું,
નસેનસનું જાળું તસુતસનું સખ્ત ગંઠાયલું,
ફીકી ચડી ગઈ ઊંચે, શરીર ચુસ્ત વીંટાયલું,
ભુજંગ ભરડે પ્રગાઢ, ચૂડત્રસ્ત રીબાયલું;
અહો, જીવન આંહીં કો સતત જંગ, કો ભીંસ રે!
સિસીફ્સની વ્યર્થશ્રાન્તિ વણનીકળી ચીસ રે!

યૂરોપ, અહીં આવ શિલ્પી, મુજભાંડુ, ઓ આકળા!
મને ઘણી ય આમ તો ગમતી તંગ તારી કલા;
પરંતુ અહીં આવ ભાઈ, અહીં દાખવું ભારતી
પુરાણ વનઆશ્રમે કશીક શાન્ત કો સંસ્કૃતિ:
અહીં નીરખ 'બુદ્ધ' આ જીવન 'જુદ્ધ' એને ય તે,
પરંતુ ક્યહીં ક્લેશ છે કશીય રેખ, વેષેય તે?

તને ઢળતી રેખનો લય જડયો હતે બુદ્ધનો
તને ઢળતી આંખમાં જય જડયો હતે જુદ્ધનો.

ઉશનસ્





ચલો વાંસળી!

· ગાન ·

ચલો વાંસળી, વૃન્દાવન, અવ ગોકુળમાં નહિ ગોઠે,
ત્યજી વાંસવન નીરવ, વસીએ મુરલીધરને હોઠે...

અંગુલિસ્પર્શ તણી આરતમાં ઝૂરી રહ્યાં છે છેદ,
સુગંધભીની ફૂંક શ્યામની કરવી નિજમાં કેદ;
શ્વાસ કૃષ્ણનો અડે તો પ્રગટે દીવા બત્રીસ કોઠે.
ચલો વાંસળી, વૃન્દાવન, અવ ગોકુળમાં નહિ ગોઠે...

આનાથી તો ભલો વાંસના વનમાં લાગે દવ,
ગોપી ઘેલી થાય નહિ તો બળ્યો બંસીનો ભવ;
જમુનામાં વહી જાય રાખ ને સૂર ઊઠે પરપોટે,
ચલો વાંસળી, વૃન્દાવન, અવ ગોકુળમાં નહિ ગોઠે...

ભગવતીકુમાર શર્મા

કફન ઊજળાં છે / કિસ્મત કુરેશી

· ગઝલ ·

અમી-નજરે કાળાં નયન ઊજળાં છે,
પ્રણયના ઉજાસે જ મન ઊજળાં છે.
ખબર ક્યાં નથી ચાંદ, તારા, સૂરજને,
કે કાળી ઘટાથી ગગન ઊજળાં છે?
ભલે એમની કાય રંગોથી શોભે,
જગતમાં સુવાસે સુમન ઊજળાં છે.
ફળી તે તો માળીની કાળી મજૂરી,
કે એના જતનથી ચમન ઊજળાં છે.
કસમ કાળી કાજળ સમી આ નિશાના,
તમારા મિલનથી સ્વપન ઊજળાં છે.
જનમ શ્યામ માટીથી લીધો કપાસે,
ધરાને પ્રતાપે કફન ઊજળાં છે.
ધવલતા લે અવતાર લાલાશ-કૂખે,
શહીદના રુધિરથી વતન ઊજળાં છે.
નકર ઝળહળે કેમ અંધાર કિસ્મત?
ખરેખર એનાં આગમન ઊજળાં છે.

કવિલોક (રિલ્કે-અંજલિ અંક) જુલાઈના પ્રથમ સપ્તાહ દરમિયાન પ્રકટ થશે, જેમાં સર્વશ્રી હસિત બૂચ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, નલિન રાવળ, કનુભાઈ જાની, ચંદ્રકાન્ત શેઠ, દિગીશ મહેતા, ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રવીણ દરજી, રાધેશ્યામ શર્મા, વિજય શાસ્ત્રી, દક્ષા વ્યાસ, નયના, ધીરુ પરીખ વગેરેના રિલ્કે વિષયક લેખો, તેમજ સર્વશ્રી સ્નેહરશ્મિ, રાજેન્દ્ર શાહ, મકરન્દ દવે, નિરંજન ભગત, ઉશનસ્, જયન્ત પાઠક, હેમન્ત દેસાઈ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ઉમેદભાઈ મણિયાર, વાડીલાલ ડગલી, નલિન રાવળ, જગદીશ જોષી, કનુભાઈ જાની, ચંદ્રકાન્ત શેઠ, યોસેફ મૅકવાન, યયાતિ, હનિફ સાહિલ, કેશુભાઈ પટેલ, ધીરુભાઈ પરીખ આદિએ કરેલા રિલ્કેનાં ચુનંદાં કાવ્યોના લગભગ ૩૫ અનુવાદો, રિલ્કે-વિષયક હરિશ્ચન્દ્ર ભટ્ટ, નિરંજન ભગત, નલિન રાવળ આદિનાં મૌલિક કાવ્યો તથા રિલ્કેના હસ્તાક્ષરમાં કાવ્ય, તેમનો જીવનકવન પરિચય અને અનેક તસવીરો હશે. અંકની છૂટક કિં. રૂ. ૫/- પરંતુ વાર્ષિક ગ્રાહક થનારને તે રૂ. ૯ના લવાજમમાં · 'કુમાર'ના ગ્રાહકો માટે વાર્ષિક લવાજમ રૂ. ૮.

વિશ્વબંધુતા

ફાધર વાલેસ

વિજ્ઞાનને સરહદો નથી હોતી એ વિજ્ઞાનનો દાવો છે: ને વિજ્ઞાનનો ગર્વ છે. વિજ્ઞાનના સિદ્ધાંતો બધા દેશોમાં સમાન, અને વિજ્ઞાનની શોધો બધા દેશોમાં મંજૂર. સત્ય એટલે સત્ય, અને સાબિતી એટલે સાબિતી. એમાં પક્ષો ન હોય અને પૂર્વગ્રહ ન હોય. ક્યા દેશમાં વિજ્ઞાનની વધારે પ્રગતિ થાય એ હોંશ ખરી, અને એ હરીફાઈ ખરી; પરંતુ એક વાર એક દેશમાં કોઈ પ્રયોગ સિદ્ધ થયો કે તરત બીજા બધા દેશોમાં માન્ય થાય. વિજ્ઞાન છે એટલે સૌનું છે. પુરવાર થયું એટલે સૌને માટે પુરવાર થયું. બધા વૈજ્ઞાનિકો ભાઈઓ છે. સત્યની બિરાદરી છે.

દુનિયાને એ બિરાદરીની જરૂર છે. દુનિયાને સરહદો ખૂબ નડે છે. એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે સો વિધિઓ જોઈએ. પાસપોર્ટ અને વીસા, અને રસી અને ચલણ. એકમાંથી નીકળવાની પરવાનગી અને બીજામાં ઊતરવાનો અધિકાર. પોલીસનો અનુગ્રહ ને રિઝર્વ બૅંકનો આશીર્વાદ. ભગીરથ સાહસ છે. ચંદ્ર ઉપર જવા જેવી સફર છે. એક દેશનું ચલણ બીજા દેશમાં ન ચાલે, એક દેશની ભાષા બીજા દેશમાં ન સમજાય—અરે, કદાચ એકની લિપિ પણ બીજામાં ન ઉકેલાય. પરંતુ એકનું વિજ્ઞાન બીજામાં ચાલે જ. એક દેશમાં સાબિત થએલું ગણિતનું પ્રમેય બીજા દેશમાં શીખવાય. એક દેશમાં ચલાવેલા રાસાયણિક પ્રયોગનો બીજા દેશમાં લાભ લેવાય. કોઈ બંધન નહિ, કોઈ પૂર્વગ્રહ નહિ, કોઈ સરહદ નહિ.

તો હવે વિજ્ઞાનની પાસેથી દુનિયા થોડું શીખે તો? વૈજ્ઞાનિકોની પાસેથી રાજકારણીઓ શીખે તો? બધા જ શીખીએ તો? વિજ્ઞાનની પાસે વિશ્વબંધુતાનો પાઠ છે. એકતાની શીખ છે. છોકરો નિશાળમાં ઇતિહાસ ભણે તો જુદા દેશમાં જુદો ઇતિહાસ ભણે—ને વખતે પરસ્પર વિરોધી દેશો હોય તો પરસ્પર વિરોધી જ ઇતિહાસ ભણે. પરંતુ છોકરો નિશાળમાં ગણિત ભણે ત્યારે બધા દેશોમાં સરખું ગણિત ભણે—ઊંચા નીચા ધોરણનો ફેર હોય એટલું જ. દેશના ઇતિહાસ દ્વારા છોકરાને દેશભક્તિના સંસ્કારો આપીએ છીએ, અને એ યોગ્ય છે અને જરૂરી છે. પણ હવે એ જ રીતે વિજ્ઞાન દ્વારા એને વિશ્વબંધુતાના સંસ્કારો પણ આપવા જોઈએ. એ પણ યોગ્ય છે ને જરૂરી છે.

ગણિતમાં રસેલ અને વ્હાઈટહેડે લખેલી એક પ્રખ્યાત કૃતિ છે. ત્રણ મોટા દળદાર ગ્રંથો છે. એમાં એકડે એકથી માંડીને તે આધુનિક શોધો સુધી ગણિતશાસ્ત્રના સિદ્ધાંત–પ્રમેય–અનુમાનની તર્કબદ્ધ રજૂઆત થઈ છે. એ કૃતિની વિશિષ્ટતા એ છે કે એની પ્રસ્તાવના, પાદટીપ અને ભાગ-વિભાગનાં શીર્ષકો સિવાય એનું ભાષાંતર કરવાની જરૂર નથી! જેવી છાપેલી છે તેવી જ દરેક ભાષામાં ચાલે! એમાં ખાલી સંકેતો જ છે, સંજ્ઞાઓ છે, ચિહ્નો છે. એનો અર્થ શીખ્યા એટલે પુસ્તક વાંચતાં આવડ્યું. એ એક પ્રતીક છે. વિજ્ઞાનની ભાષા એક જ છે, અને ખરું કહીએ તો હૃદયની ભાષા પણ એક છે. માનવના દિલમાં પ્રેમ અને મિત્રતા અને એકતાના ભાવો છે. એમાં પણ ભાષાંતર કરવાની જરૂર નથી. સ્મિત કરીએ એટલી જ વાર. જેમ મનના તર્કો મૂળ તો એક જ છે, તેમ દિલના ભાવો પણ એક જ છે. એ એકતા શોધીને બહાર લાવીએ તો દુનિયાનો વ્યવહાર સુધરે. અને એ માટે વિજ્ઞાન મદદરૂપ બની શકે.

બીજા ગ્રહોમાં માનવીઓ હોય તો એમની સાથે વિચારવિનિમય કેમ કરવો એ પ્રશ્ન હવે ચર્ચાય છે. મંગળ ઉપર પ્રથમ ઉપગ્રહ મોકલતી વખતે એમાં કદાચ કોઈ બુદ્ધિસંપન્ન જીવો હોય તો તેઓ એ ઉકેલી શકે એ ખયાલથી એક સંદેશ મોકલવો હતો. પ્રશ્ન એ હતો કે એ લખવો શી રીતે? પૃથ્વી ઉપર પણ આપણે એકબીજાની ભાષાઓ સમજતા નથી, તો પછી એ 'બીજા ગ્રહના' લોકો આપણી કોઈ ભાષા શાના જ સમજે? માટે સંદેશો લખ્યો વિજ્ઞાનની ભાષામાં : એક સ્ત્રી અને એક પુરુષની આકૃતિઓની સાથે ગણિતના, ખગોળના, રસાયણશાસ્ત્રના થોડા સંકેતો એક ધાતુની તકતી ઉપર કોતરીને, તકતી ઉપગ્રહની સાથે જોડીને મંગળ તરફ રવાના કરી દીધી. બીજા ગ્રહોની સાથે 'વાતો' કરવાનો પ્રયત્ન વિજ્ઞાનના સંકેતો દ્વારા જ થાય. અને આપણા ગ્રહ એટલે કે આપણી પૃથ્વીના માનવીઓની વચ્ચે સમજૂતી સ્થાપવી હોય તો એ વિજ્ઞાનની મદદથી જ થશે. વિજ્ઞાનમાં તટસ્થતા, વ્યાપકતા, એકતાના સંસ્કારો છે એનો લાભ લઇશું તો ભ્રાતૃભાવ પણ આપણા દિલમાં દૃઢ થશે.

વિજ્ઞાનના મૂળમાં સત્ય છે એટલે જ એકતા છે. સત્ય એક જ છે. એની આગળ બધા પૂર્વગ્રહો ઓગળી જાય, બધા મતભેદ મટી જાય. મહાન વૈજ્ઞાનિકો સાચે જ વિશ્વનાગરિકો હોય છે. આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંમેલનોમાં દેશદેશના વૈજ્ઞાનિકો ભાઇઓ તરીકે મળે અને નિકટતા અનુભવે. દેશ જુદો, ભાષા જુદી, ધર્મ જુદો, રીતરિવાજો જુદા—પણ વિજ્ઞાનની ઉપાસના સરખી, એટલે મન મનને મળે અને દિલ દિલને મળે. અને અનેક દેશોના પ્રતિનિધિઓ વચ્ચે સાચી મિત્રતા સ્થપાય.


માનવીઓને જુદી જુદી દિશામાં લઈ જનારાં અનેક પરિબળો હોય છે. એને લઇને આધુનિક સમાજમાં ભેદભાવ, સંઘર્ષ, વૈમનસ્ય, યુદ્ધ સુધ્ધાં વધતાં જાય છે. પણ માનવીઓને એકતા તરફ લઈ જનાર બળ પણ આધુનિક યુગમાં છે. વૈજ્ઞાનિક મનોવૃત્તિ, ખુલ્લું મન, વિજ્ઞાનની સગાઈ, સત્યની બંધુતા.

આપણા યુગનું એ એક ઉત્કૃષ્ટ મૂલ્ય છે.

સફળતા એટલે

આનંદમય રહેવું;
બુદ્ધિમાન લોકોમાં માન પામવું, અને—
બાળકોની ચાહના મેળવવી;
પ્રામાણિક ટીકાકારોની કદર પામવી, અને—
ફટકિયા મિત્રોની બેઈમાની ગળી ખાવી;
સૌન્દર્યની કદર બૂઝવી,
અન્ય સૌમાંથી ઉત્તમોત્તમ મેળવવું,
અને પોતાની પાછળ
તદુરસ્ત સંતાન કે સુંદર ફૂલક્યારી છોડતા
જઈને યા સમાજ પ્રતિનું ઋણ વાળીને
અથવા તમારા થકી કોઈ એકાદ જણને યે
શાતા વળે એવું કંઈક કરતા જઈને—
આ દુનિયાને અલ્પાંશે યે વધુ સારી
બનાવતા જવું...
એ છે ખરી સફળતાની પ્રાપ્તિ.

એમર્સન



સ્વપ્રયત્ને વિકસાવેલી પોતાની વિજ્ઞાનપ્રતિભા દ્વારા સમગ્ર જીવસૃષ્ટિના અન્યોન્યાશ્રયી સંજોગાનુસાર વિકાસની સતત પરિવર્તનશીલ પ્રક્રિયાનો બુદ્ધિગ્રાહ્ય સિદ્ધાંત સ્થાપી વિજ્ઞાનને યુગપ્રવર્તક વળાંક આપનાર અંગ્રેજ પ્રકૃતિવિદ્

ચાર્લ્સ રૉબર્ટ ડાર્વિન

લેખક · ધીરુભાઇ પરીખ

ꜛએનો અને અબ્રાહમ લિંકનનો જન્મ એક જ દિવસે થએલો. પિતાની ઈચ્છા પ્રમાણે દાક્તર કે ધર્મોપદેશક ન બનતાં એ જેના વિષે કશું જ નહોતો ભણ્યો એ પ્રકૃતિવિજ્ઞાનને સ્વનિર્મિત જીવનકાર્ય બનાવી એણે જિજ્ઞાસા, આત્મવિશ્વાસ, હાથ ધરેલાં કાર્યો પ્રત્યેની ચુસ્ત નિષ્ઠા તથા વ્યાપક રસ વડે માનવી નવાં ક્ષિતિજો ઉઘાડતી જે સિદ્ધિ પ્રાપ્ત કરી કરી શકે છે તેનું જ્વલંત ને પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડ્યું. (એની આ છેલ્લી છબિ છે.)

બાવીસ વર્ષનો એ તરવરિયો યુવાન બે મહિનાથી પ્લીમથ બંદર પર આંટા મારતો હતો, અને આતુરતાથી પ્રતીક્ષા કરતો હતો કે ક્યારે જહાજ ઊપડે અને ક્યારે પોતે જગતની સફરે નીકળી પડે! એ યુવાન તે વિજ્ઞાનવિશ્વને ઉત્ક્રાંતિવાદની અમૂલ્ય ભેટ ધરનાર મહાન વિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિન. એ જહાજ તે વિખ્યાત 'બીગલ' જહાજ. એ વર્ષ એટલે ઈ. ૧૮૩૧ની સાલ અને પાનખરનો સમયગાળો. પણ એ પાનખરના સમયગર્ભમાં જ જાણે ડાર્વિનની કારકિર્દીની ભાવિ વસંતનો બીજનિક્ષેપ થયો!

આ પહેલાં ય ચાર્લ્સના પિતાએ પુત્રને પ્રગતિના રાહ ઉપર મૂકવા એના શિક્ષણની ઠીક ઠીક તકેદારી તો લીધેલી જ. માતપિતાના પાંચમા સંતાન તરીકે ઈ. ૧૮૦૯ના ફેબ્રુઆરીની ૯મી તારીખે શ્રુસબરીમાં જન્મનાર ચાર્લ્સને ચાર બહેનો અને એક ભાઈ. પિતા રૉબર્ટ ડાર્વિન તત્કાલીન ખ્યાતનામ તબીબ. કદાવર બાંધો અને કડક સ્વભાવ. પુત્ર ચાર્લ્સને પોતાની માફક તબીબ બનાવવાની તીવ્ર તમન્ના. પણ પુત્રને પુસ્તકિયા શિક્ષણમાં રસ પડે તો ને! એની આઠ વર્ષની વય સુધી મોટી બહેન કૅરોલાઈનની દેખરેખ નીચે એનું શિક્ષણકાર્ય ઘરમાં જ થયું. પણ ત્યાં જ માતાનું મૃત્યુ થતાં એને રેવ. જી. કેસની 'ગ્રામર' શાળામાં દાખલ કરવામાં આવ્યો. પણ અહીં એને અભ્યાસ કરતાં વસ્તુઓ એકઠી કરવામાં વધુ રસ પડ્યો. પ્રાકૃતિક ઇતિહાસની એને લગની લાગી. પછીથી પોતાના આ માનસિક વલણ વિષે એ લખે છે: 'The passion for collecting...was clearly innate, as none of my sisters or brother ever had the taste.' (સંગ્રહ કરવાનો આવેગ સ્પષ્ટ રીતે કુદરતી હતો, કારણ કે મારાં કોઈ બહેન કે ભાઈને કદાપિ એવી રુચિ નહોતી.) એકાદ વર્ષ આ શાળામાં ગાળ્યા પછી એ શ્રુસબરીમાં ડૉ. બટલરની શાળામાં દાખલ થયો અને સાત વર્ષ સુધી ત્યાં અભ્યાસ કર્યો. જ્ઞાન-વિજ્ઞાનની નવી ક્ષિતિજો માટે ઝંખી રહેલા એના મનને આ શાળાથી પણ સંતોષ ન થયો.

આમ, આ શાળાજીવને એના જ્ઞાનવર્ધનમાં ખાસ કશો ફાળો આપ્યો નહિ. જ્ઞાન માટેની અદમ્ય પિપાસા ત્યાં વણછીપી રહી. એક સાચા વિદ્યા+અર્થીની પ્રતિભા અહીં અછતી રહેતી નથી. ક્યાં આજનો ઉપરચોટિયા વર્ગશિક્ષણથી ધરાઈ જતો વિદ્યાર્થી અને ક્યાં એ જ વર્ગશિક્ષણથી અસંતુષ્ટ રહેતો ચાર્લ્સ ડાર્વિન! જ્ઞાનતૃષા અને પરિશ્રમ વગર પ્રતિભાબીજ પાંગરતું નથી એ હકીકત હરકોઈ મહાપુરુષના જીવનની જેમ ચાર્લ્સમાં પણ જોઈ શકાય છે. એણે શાળાશિક્ષણથી નહિ પણ સ્વશિક્ષણથી જ જ્ઞાનવૃદ્ધિ કરી. આ શાળાના ફાજલ સમયમાં એ છીપલાં, સિક્કા, મહોરો (સીલ), ખનિજો વગેરે એકઠાં કરતો. સાથે જ એને શેક્સપીઅર અને બાયરનના વાચનમાં આનંદ પડતો. વળી 'વન્ડર્સ ઑવ ધ વર્લ્ડ'ના વાચને એનામાં સફરની ઝંખના જગાડી. જગત જોવાની એને તાલાવેલી લાગી. આ મહેચ્છા, આપણે આગળ જોઈશું તેમ, 'બીગલ'ની સફર દ્વારા આખરે પાર પડી! આ ઉપરાંત ગિલ્બર્ટ વ્હાઈટના પુસ્તક 'સેલ્બોર્ન'ના વાચને એનામાં પક્ષીઓનું નિરીક્ષણ કરવાનો રસ જગાડ્યો. કાકાએ એને બૅરોમીટર કઈ રીતે કામ કરે છે તે બતાવ્યું; તો મોટા ભાઈએ પોતાની ઘરઘરાઉ નાનકડી પ્રયોગશાળામાં રસાયણશાસ્ત્રના પ્રયોગો દર્શાવ્યા. આ રીતે ચાર્લ્સમાં કુમાર વયે જ ભાવિ વિજ્ઞાનીની ભૂમિકા તૈયાર થઈ ગઈ. ત્યારે એનું વય સોળ વર્ષનું હતું.

પિતા રૉબર્ટે એને ઇ સ. ૧૮૨૫માં એડિનબરઅ યુનિવર્સિટીમાં તબીબીશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ માટે દાખલ કર્યો. બેએક વર્ષ એણે ત્યાં અભ્યાસ તો કર્યો, પણ એનું મન એમાં ચોંટતું નહોતું. વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનો એને શુષ્ક લાગતાં, ને નિશ્ચેતકો (ક્લૉરૉફૉર્મ) વગરના એ જમાનામાં દર્દીઓની ચીસો સાથે ચાલતી શસ્ત્રક્રિયા એને માટે માનસિક ત્રાસ રૂપ થઈ પડતી. તબીબીશાસ્ત્રના અભ્યાસમાંથી એનું દિલ ઊઠી જવા લાગ્યું. પણ આ બે વર્ષના ગાળા દરમિયાન એ અનેક નાનીનાની જ્ઞાનમંડળીઓમાં જતો થયો હતો. કદાચ એ જ એની સાચી શિક્ષણસંસ્થાઓ બની રહી હતી.



ચાર્લ્સ ડાર્વિનનાં માતાપિતા

પિતા રૉબર્ટ વૅરિંગ ડાર્વિન: ૬ ફૂટથી યે વધુ ઊંચા અને ૨૪ સ્ટોનથી યે વધુ વજનદાર, પડછંદ. ચાર્લ્સના શબ્દોમાં કહીએ તો, એણે જોએલા મોટામાં મોટા કદના આદમી. બચપણમાં ચાર્લ્સ એમને બહુ ચાહતો. એક પ્રતિષ્ઠિત દાક્તર. પણ પોતાના પિતા—ચાર્લ્સના દાદા—ઇરૅઝમસ ડાર્વિન કરતાં તદ્દન ભિન્ન પ્રકૃતિના. ઇરૅઝમસ ડાર્વિન (એફ. આર. એસ.) વિજ્ઞાનના રસિયા હતા. 'ધ બૉટનિક ગાર્ડન' અને 'ઝૂનોમિયા' નામક બે વિજ્ઞાનનાં પુસ્તકો એણે પદ્યમાં લખેલાં. ચાર્લ્સ ને રૉબર્ટના ખયાલોમાં જેટલું અંતર હતું એટલું અંતર રૉબર્ટ અને એના પિતા વચ્ચે પણ હતું. માતા સુઝેના, જોસીઆ વેજવુડ (એફ. આર. એસ.)ની પુત્રી. લગભગ કાયમની બીમાર. ચાર્લ્સની આઠ વર્ષની વયે એનું અવસાન થએલું. ચાર્લ્સને એક નાની અને ત્રણ મોટી બહેનો હતી. એક જ ભાઈ ઇરૅઝમસ ઍલ્વરી ચાર્લ્સથી પાંચ વર્ષ મોટો. એ પણ કાયમ માંદો રહેતો. દાદા બોલવામાં તોતડાતા. ચાર્લ્સના એક કાકાએ આપઘાત કરેલો. માતૃપક્ષે યે ચાર્લ્સના મામા ટૉમ વેજવુડ પણ કમરના દર્દી ને અપસ્મારના રોગી હતા. આગળ જતાં ચાર્લ્સ પણ માનસિક તંગ અવસ્થાથી પીડાતો હતો.

ડૉ. ગ્રાન્ટ નામક પ્રાણીશાસ્ત્રી એને 'પ્લીનિયન સોસાએટી'માં લઈ જતા અને ત્યાં ઉત્ક્રાંતિ—જીવસૃષ્ટિના વિકાસ—વિષે કંઈક કંઈક વાતો કરતા. આ જ સોસાએટીમાં ચાર્લ્સે પોતાનો પ્રથમ નિબંધ 'ઑન ધી ઓવા ઑવ ફ્લસ્ટ્રા' વાંચ્યો. એમાંનાં એનાં જ્ઞાન–માહિતીએ સહુનું ચિત્ત હરી લીધું. એને વિજ્ઞાનમાં જ વધુ ને વધુ રસ પડતો ગયો. એણે તે વખતની પ્રચલિત શિક્ષણપ્રથા સામે બળવો કર્યો. વિજ્ઞાનને જ્યાં બહુ સ્થાન ન હતું ત્યાં એણે વિજ્ઞાનના શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો. રજાઓમાં પણ જ્યારે અન્ય વિદ્યાર્થીઓ આરામ કરતા હોય ત્યારે ચાર્લ્સ સ્કૉટલૅન્ડ અને લંડનનો પ્રવાસ કરી પ્રાકૃતિક નિરીક્ષણ કરતો. સતત જિજ્ઞાસા અને સખત પરિશ્રમ એ જ એની સફળ કારકિર્દીની ગુરુચાવી હતી. આ ગાળા દરમિયાન કેટલાક સિદ્ધ વિજ્ઞાનીઓના પરિચયે ચાર્લ્સની આ જિજ્ઞાસા પોષાઈ અને પકવ બની.

પિતાને ચાર્લ્સની બહેનો દ્વારા ખબર પડી કે ભાઈને તબીબ બનવામાં રસ નથી. પુત્રની નિશ્ચિત વ્યાવસાયિક કારકિર્દી માટે પ્રયત્નશીલ પિતા મૂંઝાયા. આખરે એને પાદરી બનાવવાના નિશ્ચય ઉપર એ આવ્યા. આ આશયથી ચાર્લ્સને કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં મૂકવામાં આવ્યા. અહીં એને પૅલીના પ્રખ્યાત પુસ્તક 'એવિડન્સિસ ઑવ ક્રિશ્ચિયાનિટી'નો અભ્યાસ કરવો પડ્યો. આ વખતે એની ઉંમર ૧૯ વર્ષની. અહીં ખ્રિસ્તી ધર્મ પ્રત્યેની એની શ્રદ્ધા વધી ખરી, પણ એથી કંઈ એ ધર્માભ્યાસમાં ચિત્ત ચોટ્યાં નહિ કે પાદરી થવાના સ્વપ્નોલ્લાસમાં મન લાગ્યું નહિ. એ વિષેનો પોતાનો પ્રતિભાવ એણે આ પ્રમાણે આપ્યો છે: જ્યાં સુધી અભ્યાસને લાગેવળગે છે ત્યાં સુધી કૅમ્બ્રિજમાં ગાળેલાં ત્રણ વર્ષનો મારો સમય એડિનબરગ ને શાળામાં ગાળેલા સમયની જેમ જ પૂરેપૂરો બરબાદ ગયો. આમ છતાં ય એણે ત્યાંથી ગ્રેજ્યુએટ થઈ ઉપાધિ તો મેળવી જ લીધી. અને યુનિવર્સિટીના શિક્ષકગણની મૈત્રી એની વિજ્ઞાનવૃદ્ધિમાં વિશેષ લાભદાયી નીવડી. મોટાભાગના એના મિત્રો ભૂસ્તરશાસ્ત્રી ને વનસ્પતિશાસ્ત્રી હતા.

આ કૅમ્બ્રિજ-કાળ દરમિયાન જો કોઈ મહત્ત્વની ઘટના હોય તો તે એનાથી તેર વર્ષ મોટા એના પ્રાધ્યાપક જે. એસ. હેન્સ્લોની મિત્રતા. આ પ્રાધ્યાપક મિત્રે જ એને 'બીગલ'ની મુસાફરીનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. ઈ. ૧૮૩૧માં ચાર્લ્સે કૅમ્બ્રિજ યુનિવર્સિટી છોડી ત્યારે એણે હમ્બોલ્ટનું 'પર્સનલ નૅરેટિવ' વાંચ્યું અને તરત જ ટેનેરિફની મુલાકાત લેવાનો મનસૂબો જાગ્યો. એણે મનોમન પ્રવાસની યોજના કરી. એ યોજના પાર પાડવા માટે વહાણોની તપાસ કરી. ત્યાં જવા માટે જરૂર જોગું સ્પૅનિશ પણ શીખ્યો. હેન્સ્લો આ બધું નોંધી રહ્યા હતા. એમને પ્રતીતિ થઈ ગઈ કે ચાર્લ્સ પાદરી નહિ જ બને, એને તો વિજ્ઞાની બનવામાં રસ છે. એવામાં 'બીગલ'ના કૅપ્ટને પોતાની સાથે આવે એવા કોઈ નિસર્ગશાસ્ત્રી વિષે હેન્સ્લોને વાત કરી. હેન્સ્લોએ આ તકનો લાભ ચાર્લ્સને મળી શકે એવો વિચાર કરીને ચાર્લ્સને લખી જણાવ્યું: ('બીગલ'ની સફરમાં જે કોઈ પણ જાતના વેતન વગર નિસર્ગશાસ્ત્રી તરીકે સ્વયંસેવક બનવા માગે તે યુવાનને એ કૅપ્ટન પોતાની કૅબિ[illegible] પશે. મેં તેને જણાવ્યું છે કે આવી પરિસ્થિતિની જવાબદારી લઈ શકે તેવા માણસ તરીકે તને જ હું ઉત્તમ યોગ્યતાવાળો ગણું છું... તારી લાયકાતો વિષે વિનમ્રપણે કોઈ શંકા કે ભય લાવીશ નહિ, કારણ કે હું તને ખાતરી આપું છું કે તું જ તે આદમી છે કે જેની તપાસમાં એઓ છે એમ હું ધારું છું.'

ઓહ્હો! ભાવતું હતું અને વૈદે કહ્યું જેવી વાત થઈ. ચાર્લ્સ મનોમન પ્રવાસની યોજના જ ઘડી રહ્યો હતો ત્યાં ૧૮૩૧ના ઑગસ્ટની ૨૪મી તારીખે એની પાસે પ્રા. હેન્સ્લોનો આ પ્રસ્તાવ આવ્યો! ચાર્લ્સે તો તત્કાલ એ પ્રસ્તાવને હર્ષભેર વધાવી લીધો. વધાવી જ લે ને! વેતન વગર પણ આવી તક જતી કરવી એના જિજ્ઞાસુ માનસને કેમ પરવડે? એ તો ઉલ્લાસભેર પિતા પાસે દોડી ગયો. પણ એનો વિચાર સાંભળતાં જ પિતાની આંખ ફરી ગઈ! પિતાની અનિચ્છા સામે ચાર્લ્સ કશું બોલી ના શક્યો. પરંતુ એના કાકાએ આ વાત જાણી અને વળતે દિવસે ચાર્લ્સના પિતાના વિરોધશમન માટે એ શ્ર્યુસબરી પહોંચી ગયો. રૉબર્ટ ડાર્વિનના બધા જ વિરોધોનો એણે સારી પેઠે ખુલાસો કર્યો અને છેવટ ચાર્લ્સને 'બીગલ'માં જવાની અનુમતિ મળી ગઈ. બીજી ઑક્ટોબર ૧૮૩૧ના રોજ એણે ઘરને રામરામ કર્યા અને 'બીગલ'માં પહોંચ્યો. પ્રવાસની બધી જ તૈયારીઓ એણે કરવા માંડી. બીગલે ૨૭મી ડિસેમ્બર ૧૮૩૧ના રોજ દીર્ઘ સફર માટે બારુ છોડ્યું. આમ, ચાર્લ્સના જીવનનો એક તબક્કો પૂરો થયો અને બીજો નવો મહત્ત્વનો તબક્કો આરંભાયો.

ડાર્વિનના જીવનનો આ બીજો ને મહત્ત્વનો તબક્કો એટલે ઈ. ૧૮૩૧ થી ૧૮૩૬ સુધીની એની બીગલમાં મુસાફરી. આ વિષે મુસાફરી શરૂ કરતાં પહેલાં જ એણે ૧૮૩૧ના ઑક્ટોબરની ૧૭મી તારીખે બીગલના કૅપ્ટનને પત્રમાં જણાવ્યું હતું: 'મારું બીજું જીવન પછી આરંભાશે અને એ મારા શેષ આયુનો જન્મદિન હશે.'

બીગલની આ સફરના પ્રારંભે ચાર્લ્સની જીવનનૌકાનું સુકાન પણ જાણે હવે ચોક્કસ દિશામાં વળ્યું. એ બીગલમાં પ્રવેશ્યો ત્યારે એની પાસે વિજ્ઞાનની કોઈ જ ઉપાધિ નહોતી, પરન્તુ વિજ્ઞાન વિષયક જે અનુભવજ્ઞાન હતું, એમાં જે અડગ આત્મવિશ્વાસ હતો અને પ્રાધ્યાપક હેન્સ્લો જેવાની જે હૂંફ હતી તેનાથી ચાર્લ્સ વિજ્ઞાની બનવાના સ્વપ્ન-






▽ પત્ની એમા અને ચાર્લ્સ ડાર્વિન, ઈ. ૧૮૩૮માં લગ્નના અરસામાં. એમા ચાર્લ્સના મામાની પુત્રી હતી. ઘરસંસારની અનેકવિધ જંજાળ અને પોતાના પ્રવાસશોખ તથા અભ્યાસમાં બાધા પડવાની બીકે ચાર્લ્સ પ્રથમ તો લગ્ની વિરુદ્ધ હતો, તો બીજી બાજુ બાળકોથી ગુંજતા ઘર અને પત્નીનો સંગ તથા શુશ્રૂષા પામવાનું આકર્ષણ પણ એને હતું. એમા ચાર્લ્સથી એક વર્ષ મોટી, નમણી, સૌમ્ય, બુદ્ધિશાળી, દૃઢ અને ધાર્મિક વૃત્તિની હતી. ▽


ને સાકાર કરી શક્યો. એના કાકા તો એને 'અ મૅન ઑવ એનલાર્જ્ડ ક્યુરીઑસિટી' (બૃહદ્ જિજ્ઞાસાનો આદમી) જ કહેતા. એની વિજ્ઞાની તરીકેની સફળ કારકિર્દીમાં આ 'જિજ્ઞાસા'એ ઘણો મોટો ભાગ ભજવ્યો હતો અને આ જિજ્ઞાસા છેક અંત સુધી એના શ્વાસમાં ઘૂંટાતી રહી હતી.

બીગલની એની સફર એના જીવનનું મહાપ્રાણવાન પ્રકરણ છે. જગતથી પ્રથમ જ વાર વિખૂટો પડી એ થોડાં પુસ્તકોના સંગમાં જીવવા લાગ્યો હતો. ડેવનપોર્ટથી બીગલ નીકળવવાનું હતું ત્યારે એણે પોતાનો રોજિંદો કાર્યક્રમ નક્કી કરી નાખ્યો હતો. પ્રકૃતિમાંથી જે મળે તે એકઠું કરવું, એનું નિરીક્ષણ કરવું અને પ્રાકૃતિક ઇતિહાસની બધી જ શાખાઓનું વાચન કરવું. બીગલમાં એણે બ્રાઝિલ, કેપવર્ડ ટાપુઓ, ચિલી, ગૅલપેગૅાસ ટાપુઓ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ટાસ્માનિયા, કિલિંગ ટાપુઓ, માલદીવ ટાપુઓ, મોરેશિયસ ને સેન્ટ હેલિના આદિ સ્થળોની મુલાકાત લીધી. પ્રવાસ દરમિયાન એણે નિર્જીવ-સજીવના અનેક નમૂનાઓ એકઠા કર્યા. એ ઉપરાંત જળચર, સ્થળચર અને ખેચરની શરીરરચના તથા જીવનપદ્ધતિઓનો ઊંડાણથી અભ્યાસ કર્યો. વિવિધ પ્રાણીઓ, વનસ્પતિ તથા ખડકોના નમૂનાઓનો એણે વિશાળ સંગ્રહ એકઠો કર્યો. આ બધી ચીજોનું નિરીક્ષણ કરી ઢગલાબંધ નોંધપોથીઓ તૈયાર કરી. વળી, આ સફરમાં વચ્ચે વચ્ચે આરામનો સમય મળ્યો તેનો ઉપયોગ એણે એકત્રિત કરેલી માહિતીઓ પર વિચાર મનન કરવામાં ગાળ્યો. આમ, પોતાના સિદ્ધાંતો તારવવાની એને અચ્છી સુવિધા પ્રાપ્ત થઈ રહી.

સફરના આરંભમાં એને દરિયાઈ-બીમારી જેવું જણાયું, કારણ કે એ એનો પ્રથમ જ અનુભવ હતો. દરિયાઈ ઝંઝાવાતોનો પણ એને સામનો કરવો પડ્યો. ક્યારેક નવાનવા ટાપુઓની એકલતા, તો ક્યારેક નવા માનવ-પ્રાણીઓની મુલાકાત, ક્યારેક કૅપ્ટન ફિટ્ઝરૉય સાથે બોલાચાલી તો ક્યારેક જાત સાથે સંઘર્ષ – આ બધું છતાં એણે હિમ્મત ને ધૈર્યથી સફર પાર પાડી. જેમજેમ સફરનો અંત નજીક આવતો ગયો તેમતેમ તેને ઘર વધુ ને વધુ સાંભરવા લાગ્યું. જહાજના પરાયાપણામાંથી ભાગી છૂટી ઘરના પોતિકાપણામાં બંધાઈ જવા એનો જીવ ઝંખી રહ્યો અને આખરે એ દિવસ આવી પહોંચ્યો : ૧૮૩૬ના ઑક્ટોબર બીજી તારીખે 'બીગલ' ફાલમથમાં પાછું ફર્યું બે દિવસ બાદ એ શ્રુસબરીમાં પોતાને ઘરે પહોંચ્યો—પૂરાં પાંચ વર્ષ અને બે દિવસે!

સૌ પ્રથમ તો એ પોતાની સફરની સફળતા ચર્ચવા પિતા પાસે પહોંચી જવા તલપી રહ્યો. પિતા સાથે એની પહેલી બેઠક જામી. એ ચર્ચામાંથી એના પિતા જે પામી શક્યા તે પોતાની પુત્રીઓ સમક્ષ કરેલા તેમના આ ઉદ્ગારમાં સહજ રીતે જોવા મળે છે : 'Why, the shape of his head is quite altered.' (અરે, એના મગજનો ઘાટ જ તદ્દન બદલાઈ જ ગયો છે ને!) ચાર્લ્સનો આત્મા પિતાના આ





△ ડાઉન હાઉસમાં ચાર્લ્સ ડાર્વિનનો અભ્યાસખંડ
અને 'ધ ઓરિજિન ઑવ સ્પીશીઝ'ની હસ્તપ્રત ચાર્લ્સના હસ્તાક્ષરોમાં ▷


પ્રમાણપત્રથી કેટલો સંતુષ્ટ થયો હશે !

હવે એની શક્તિઓની પ્રતીતિ અન્યોને પડવા લાગી. અભ્યાસ માટે તદ્દન રેઢિયાળ અને નકામો લાગતો બાલ-તરુણ ચાર્લ્સ હવે વિજ્ઞાનની ભાવિ ઝલક માટે સંપૂર્ણ સજ્જ યુવાન જણાયો. પોતાની આ આત્મપ્રતીતિની વાત એણે ૧૮૮૭માં પ્રકટ થએલી પોતાની આત્મકથામાં આ પ્રમાણે કરેલી છે : 'પશ્ચાદ્-દર્શન કરતાં હું હવે જોઈ શકું છું કે વિજ્ઞાન વિષેનો મારો પ્રેમ બીજી દરેક રુચિ પર ધીરેધીરે કેવું પ્રભુત્વ જમાવતો જતો...પણ વિજ્ઞાનીઓમાં સારું સ્થાન પ્રાપ્ત કરવા હું મહત્ત્વાકાંક્ષી પણ હતો.'

ચાર્લ્સ ડાર્વિનની ઉપરોક્ત મહત્ત્વાકાંક્ષા પાર પડવાના દિવસો આવી પહોંચ્યા. પ્રવાસમાંથી પાછા ફર્યા પછી એણે 'એક નિસર્ગશાસ્ત્રીની દુનિયાની સફર' નામક નિબંધ બહાર પાડ્યો અને પ્રવાસ દરમિયાન વિકસેલી પોતાની વિજ્ઞાની પ્રતિભાની સહુને પ્રતીતિ કરાવી આપી. હવે પોતાનાં અનુભવો—નિરીક્ષણો—તારણોને ગ્રથસ્થ કરવાની પેરવીમાં એ પડ્યો. એનાં પ્રકટ થતાં લખાણોથી અનેક વિજ્ઞાનીઓનું ધ્યાન એના તરફ આકર્ષાયું. ઈ.૧૮૩૮માં એઓ 'જીઓલૉજિકલ સોસાએટી'ના મંત્રી વરાયા. અહીં ત્રણ વર્ષ સુધી એમણે પ્રશસ્ય કામગીરી બતાવી. વળી, એ જ સમયે ટૉમસ માલ્થસનો વસ્તી અંગેનો નિબંધ વાંચ્યો. વધતી જતી વસ્તી અને એના પ્રમાણમાં પેદા થતી ખાદ્યસંપત્તિ આખરે 'યોગ્યતમની જીવનક્ષમતા' (Survival for the fittest) તરફ દોરી જશે એ વાતમાં ચાર્લ્સને વિશ્વાસ બેઠો. આને પરિણામે એના મનમાં ઉત્ક્રાંતિવાદ વિષે ઘોળાયા કરતા વિચારોને વધુ પોષણ મળ્યું. બીજી બાજુ એમની પ્રતિષ્ઠા વધતી જ રહી. ઈ. ૧૮૩૯માં એમને 'રૉયલ સોસાએટી'ના સભ્ય બનાવાયા.

આમ, એક તરફથી એ વિજ્ઞાનક્ષેત્રમાં સિદ્ધિનાં સોપાન ચડતા જતા હતા; તો બીજી તરફથી જીવનક્ષેત્રની નવી ક્ષિતિજનો ઉઘાડ પણ એઓ ઝંખતા હતા, અને તે લગ્ન. એઓ જાણતા હતા કે વિજ્ઞાનને વરેલા એમના જેવા સતત પરિશ્રમશીલ માણસ માટે લગ્ન એ જવાબદારીનું પોટલું છે અને એથી એમના કાર્યક્ષેત્રમાં રુકાવટ ઊભી થવાનો ભય રહે. આમ છતાંય જીવનની શુષ્કતામાં લગ્ન જ, જીવનસાથી જ મીઠી વીરડી સમાન બની રહે તેમ પણ એ દઢપણે સમજતા હતા. લગ્ન કરવાં કે નહિ એ માનસિક મથામણમાંથી પસાર થતા ચાર્લ્સનું લગ્નનું પલ્લું નમી ગયું : 'ઓહ ભગવાન, બસ કામ, કામ અને બીજું કશું જ નહિ એમ સમગ્ર જીવન પસાર કરવાનો વિચાર અસહ્ય છે—ના, ના, એમ નહિ ચાલે...પરણું—પરણું ને પરણું : ઇતિ સિદ્ધમ્.' અને ૧૮૩૮ના નવેમ્બરની ૧૧મી તારીખે ચાર્લ્સે પોતાની પિતરાઈ બહેન એમા પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. એમા એનાથી એક વર્ષ મોટી, પરન્તુ ડાર્વિનને એનામાં પત્નીપણાની યોગ્યતા જણાઈ અને ૧૮૩૯ના જાન્યુઆરીમાં એ એની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. બન્નેએ લંડન ખાતે ૧૫, અપર ગોઅર સ્ટ્રીટમાં ઘરસંસાર માંડ્યો, પરન્તુ ચાર્લ્સને માટે તો કામ એ જ કામણ હતું, મહેનત એ જ મધુરજની હતી. લગ્નના દિવસે પણ એમણે જાતિ (Species) વિષેની પોતાની નોંધપોથીમાં છોડના ઉછેર વિષે નોંધો ટપકાવેલી. આવી ઉદ્યમશીલ વિભૂતિને વરેલી પત્ની એમા પતિની હરપળે દેખરેખ રાખવા લાગી. હવે પછીના તેમના જીવનસાફલ્યમાં અને કાર્યસાફલ્યમાં પત્ની એમાનો ફાળો મહત્ત્વનો રહ્યો.


શાંતિથી પોતાનું કામ થઈ શકે એ આશયથી ઈ. ૧૮૪૨માં ચાર્લ્સે કેન્ટ પરગણાના ડાઉન શહેરમાં મકાન લીધું. અહીં એઓ જીવનના અંત સુધી રહ્યા હતા. આ મકાનમાં એમનો સમય અમુક પ્રાણીઓ તથા પક્ષીઓનું જીવન ને અમુક પ્રાદેશિક સપુષ્પ વનસ્પતિની લાક્ષણિકતાઓનું તથા અનેક પ્રદેશોની ભૂસ્તરીય વિગતોનું અવલોકન, અભ્યાસ અને



'એચ. એમ. એસ. બીગલ' મૅગેલન સામુદ્રધુનીમાં. નાજુક તબિયત છતાં આ જહાજમાં સતત પાંચ વર્ષ રહી ચાર્લ્સે પૃથ્વીની પ્રદક્ષિણા કરી, પક્ષી-પ્રાણી અને જંતુઓના સેંકડો નમૂના એકઠા કર્યા, ને એમના વિકાસક્રમનો આગવો અભ્યાસ કરી એના ફલ રૂપે ઉત્ક્રાંતિવાદનો યુગ-પ્રભાવક ક્રાંતિકારી સિદ્ધાંત તારવીને વિજ્ઞાનની એક અનોખી શાખા વિકસાવી. તત્કાલીન સામાજિક, ધાર્મિક અને રાજકીય વિચારસરણીને પણ એથી એક નવો જ વળાંક મળ્યો. બીગલની આ શોધસફર દ્વારા એક પરિશ્રમી જિજ્ઞાસુ યુવાનમાંથી ચાર્લ્સ ડાર્વિન [illegible] વિજ્ઞાની બની પાછો ફર્યો હતો. સામેના પાના પર બીગલનો પ્રવાસમાર્ગ.

મનન કરી સંશોધનના રાહ પર આગળ વધ્યા તથા એ અનુભવ-નિરીક્ષણજન્ય માહિતીને આધારે પોતાનાં ખાસ તારણો આપ્યાં ને સિદ્ધાંતો બાંધ્યા. આ ઉપરાંત, એમણે દરિયાઈ ખડકોની હારમાળા તથા લાવારસના બનેલા ખડકોનો અભ્યાસ કર્યો અને જ્વાળામુખીની રાખમાંથી ઉદ્ભવેલા ટાપુઓનો પણ અભ્યાસ કર્યો. અને આ બધું કામ એઓ કરતા રહ્યા 'બીગલ'ની મુસાફરી પછી ખૂબ કથળી ગએલી તબિયતે! આખો દિવસ કામ અને રાત્રે પૂરી ઊંઘ નહિ; વધારામાં શરીર-સ્વાસ્થ્ય નબળું. આમ છતાં ય એઓ કદી માનસિક રીતે થાક્યા નહોતા. ડાઉનમાંના પોતાના ઘરની આસપાસની પ્રકૃતિમાં ફરીને તેમજ નવલકથાઓનું વાચન કરીને એઓ થાકેલા મનને પ્રફુલ્લિત બનાવતા. ઈ. ૧૮૩૯ના ડિસેમ્બરની ૨૭મી તારીખે એમનાં દસ સંતાનો પૈકીના પહેલા શિશુનો જન્મ થયો. એ બાળકના વર્તનના નિરીક્ષણમાં પણ ડાર્વિને રસ લીધો. શિશુ કઈ રીતે પોતાના ભાવાવેગો અભિવ્યક્ત કરે છે એ નીરખવા-નોંધવામાં એમને અભ્યાસજન્ય આનંદ પડ્યો. એમનો માનવીય રસ આ રીતે સક્રિય બન્યો.

આમ, અનેક દિશામાં કાર્યરત રહીને પણ એમણે ઉત્ક્રાંતિવાદના પોતાના વિચારને તો સબળ જ બનાવ્યો. ઈ. ૧૮૩૭ થી '૫૭ સુધી સતત કામ કરી એમણે પોતાની નોંધોને આધારે જે પુસ્તક તૈયાર કર્યું તે યુગપ્રવર્તક વિશ્વખ્યાત ગ્રંથ 'ધી ઑરિજિન ઑવ સ્પીશીઝ'. પણ ત્યાં તો ૧૮૫૮માં મલાયાના નિસર્ગશાસ્ત્રી આલ્ફ્રેડ રસેલ વૉલેસે મિત્રદાવે પોતાનો એક સંશોધનલેખ ડાર્વિન પર એમના અભિપ્રાય માટે મોકલ્યો. એ લેખ વાંચીને ડાર્વિન આભા બની ગયા. ઉત્ક્રાંતિવાદ વિષે પોતે જે જે તારણો કાઢ્યાં હતાં અને અનુમાનો બાંધ્યાં હતાં તે વૉલેસના એ લેખમાં પણ હતાં. આ વાંચીને ડાર્વિને ઉત્ક્રાંતિવાદ વિષેની પોતાની સંશોધનનોંધો અપ્રકટ રાખવાનો વિચાર કર્યો. મિત્ર માટે ભોગની કેવી ભવ્ય ભાવના! પણ એ વાત એમના મિત્ર વિજ્ઞાનીઓ લાયેલ અને હૂકરને કરતાં એમણે સલાહ આપી કે બન્નેએ પોતાના સંશોધનલેખો 'લિનિયન સોસાએટી' સમક્ષ એક સાથે વાંચવા. આખરે એમ થયું. બંનેએ પોતાના લેખો વાંચ્યા અને 'લિનિયન સોસાયટી'ના મુખપત્રમાં



એ પ્રકટ પણ થયા. પરંતુ આખરે ત્યાગભાવનાની દિશા પલટાઈ ગઈ, વૉલેસે પોતાનો સંશોધનલેખ જતો કર્યો. પરિણામે ઈ. ૧૮૫૯માં ઉત્ક્રાંતિવાદનો મહાન ક્રાંતિકારી સંશોધનગ્રંથ ચાર્લ્સ ડાર્વિનને નામે બહાર પડયો. ઈ. ૧૮૫૯ના નવેમ્બરની ૨૪મી તારીખે આ ગ્રંથ 'પ્રાકૃતિક પસંદગીના નિયમને આધારે ઉપજાતિઓની ઉત્પત્તિ અથવા જીવન સંઘર્ષમાં ઈષ્ટ જાતિઓની જાળવણી' (On the Origin of Species by Means of Natural Selection, or the Preservation of Favoured Races in the Struggle for Life) નામે પ્રકટ થયો. સતત અસ્વસ્થ તબિયતે માત્ર તેર જ મહિનામાં એમણે આ મહાગ્રંથનું લેખન કાર્ય પૂરું કર્યું હતું. એ પુસ્તકની પ્રથમ આવૃત્તિની ૧૨૫૦ નકલો, એ સમયે ૧૫ શિલિંગ જેવી ભારે કિંમત છતાં પ્રકાશનના પ્રથમ દિવસે જ ચપોચપ ઊપડી ગઈ! છ જ અઠવાડિયામાં એની બીજી આવૃત્તિ કરવી પડી. આ જ પુસ્તકમાં એમણે માનવીય ભાવિ વસ્તીવિસ્ફોટની પણ આગાહી કરેલી. એ પુસ્તકની મહત્તા એટલી બધી સ્થપાઈ કે ડૉક્ટર યા વકીલ, અધ્યાપક યા પાદરી, વિજ્ઞાની યા વેપારી, વિચારક યા તત્ત્વજ્ઞ, સર્જક યા સમાજસુધારક સહુ એ કાળે પુસ્તકના વાચનની અનિવાર્યતા સમજવા લાગ્યા.

આ પુસ્તક પ્રકટ થતાંની સાથે જ ઉત્ક્રાંતિવાદ અંગે સર્વત્ર ઉગ્ર પ્રત્યાઘાતો પડયા. એ વિચારધારા અંગે ચર્ચા કરવા ઈ. ૧૮૬૦માં બ્રિટિશ એસોસીએશનની એક સભા ઑક્સફર્ડ ખાતે મળી. જો કે ડાર્વિન પોતે તો નાદુરસ્ત તબિયતને કારણે એ ચર્ચામાં ભાગ લઈ શકયા ન હતા. સૅમ્યુઅલ વિલબરફોર્સ નામના પાદરીએ આ ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતનો જબ્બર વિરોધ કર્યો, પણ જાણીતા વિજ્ઞાની ટૉમસ હેન્રી હક્સલીએ પાદરીની દલીલોનો ઉગ્રતર પ્રતિકાર કર્યો. પાદરી હાર્યા. અસંખ્ય દૃષ્ટાંતોથી સંપન્ન આ પુસ્તકને અને એમાં નિરૂપાએલા ઉત્ક્રાંતિવાદને ઘણા વિજ્ઞાનીઓએ વધાવી લીધાં. ડાર્વિન પર અનેક અભિનંદન પત્રો તથા તારની વર્ષા થઈ. એ પુસ્તકના પ્રાકટ્યને ૧૯૫૯માં સો વર્ષ પૂરાં થયાં ત્યારે જગતભરમાં એની શતાબ્દી ઊજવાઈ હતી. રશિયન સરકારે તો એ શતાબ્દીની ઉજવણીમાં ખાસ ચંદ્રક બહાર પાડયો હતો. આ બધું આ પુસ્તકની અને એના કર્તા ડાર્વિનની અદ્યાપિ જળવાઈ રહેલી અદ્વિતીયતા અને કીર્તિનું દ્યોતક છે.

ત્યાર બાદ એમણે વનસ્પતિશાસ્ત્રને લગતાં મહત્ત્વનાં સંશોધનો બહાર પાડયાં હતાં. એમનું છેલ્લું અને મહત્ત્વનું સંશોધન એ હતું કે આજનો માનવી માનવજાતને મળતાં આવતાં આખે શરીરે વાળવાળાં વાનરમાંથી ઊતરી આવ્યો છે. એમના મતાનુસાર ઉરાંગઉટાંગ, ચિમ્પાન્ઝી, ગોરીલા અને આજનો માનવી એ સહુના પૂર્વજ એક જ છે. અને આગળ વધીને એમણે એ પણ જણાવ્યું છે કે સંભવતઃ માનવનાં મૂળ આફ્રિકામાં છે. જે પુસ્તકમાં આ બધી ચર્ચા કરવામાં આવી છે તે 'ધ ડિસેન્ટ ઑવ મૅન' ડાર્વિનનું બીજું યુગવર્તી મહત્ત્વનું પુસ્તક છે.

આ રીતે પોતાની મહાન શોધો અને સિદ્ધાંત દ્વારા સમાજમાંથી ધાર્મિક અંધશ્રદ્ધા અને માનવનો સર્જનહાર ઈશ્વર છે એ ખયાલોને દૂર કરવામાં આશ્ચર્યકારક ફાળો આપનાર માત્ર ઈંગ્લૅંડના જ નહિ જગતના મહાન વિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિનનું ૧૮૮૨ના એપ્રિલની ૧૯મી તારીખે હૃદયરોગના હુમલાથી ડાઉન ખાતેના પોતાના નિવાસસ્થાને જ અવસાન થએલું. જો કે આની આગાહી જાણે એમને બે મહિના પહેલાં જ થઈ ગઈ હતી; કારણ કે પોતાની તોંતેરમી વર્ષગાંઠે એમણે એક મિત્રને લખેલું: 'My course is nearly run.' (મારી દોડ લગભગ પૂરી થઈ છે.) અને વાત, ઉપર જોયું તેમ, ૧૯મી એપ્રિલે હૃદયરોગના હુમલાથી જાણે સાચી પડી. પણ મૃત્યુ પહેલાંના છ મહિનાના ગાળામાં છ વૈજ્ઞાનિક સંશોધનો બહાર પાડેલાં. એમની વિજ્ઞાનપ્રીતિ અને એ માટેની કાર્યધગશનાં આ દ્યોતક છે. આથી જ જુલિયન હક્સલીએ કહેલું: 'What an astonishing man!' (કેવો અદ્ભુત માણસ!) આવા વિલક્ષણ વિજ્ઞાનીને, તે વખતે વીસ ધારાસભ્યોએ કરેલી વિનંતીથી, ન્યૂટનની જેમ વેસ્ટમિન્સ્ટરમાં જ દફનાવવામાં આવ્યા.

કિશોરકાળથી જ વિદ્યાપ્રાપ્તિમાં મૌલિક દૃષ્ટિબિંદુ ધરાવનાર વિદ્યાર્થી, પુત્રની વ્યાવસાયિક કારકિર્દી માટે શિક્ષણના વિવિધ પ્રબંધો કરતા પિતાની સામે ઉફરો ચાલતો પુત્ર, પાદરી બનવા મોકલાએલો યુવાન આખરે પાદરીઓને જ આઘાત આપે એવી વૈજ્ઞાનિક શોધનો જન્મદાતા, શારીરિક અસ્વસ્થતા સામે માનસિક સ્વસ્થતાથી જીવનનાં લગભગ પચાસ વર્ષો સુધી ઝઝૂમનાર, પ્રત્યેક ક્ષણે વિજ્ઞાનમાં જ નિમગ્ન, સતત ઉદ્યમશીલ, જિજ્ઞાસુ અને પોતાની શક્તિઓ પ્રત્યે સભાન ચાર્લ્સ ડાર્વિન ઉત્ક્રાંતિવાદની શોધ વિશ્વ (અનુસંધાન પૃષ્ઠ ૨૨૩)

કફન

પરાજિત વિજયની એક કથા

લેખક · ડૉ. પીયૂષ કે. પંડયા

અત્યંત ધીરે ધીરે ડગલાં ભરી રહેલી એ વૃદ્ધાની ચાલમાં અસહ્ય થાક વરતાતો હતો. આંખો અર્ધી બંધ. હોઠ એણે જોર કરીને જાણે ભીડી રાખેલા હતા. એના અસ્તિત્વની સમગ્રમાંથી એક ન સમજાવી શકાય તેવી વેરાનિયતનો 'જોગિયા' જાણે રેલાઈ રહ્યો હતો! એની આંગળીઓ ચાદરમાં છુપાએલી ઠંડી પિસ્તોલને સ્પર્શી રહી હતી. અનવરત વર્ષાએ એને સારી એવી ભીંજવી નાખી હતી......

જરા આગળ જઈ એ એક વળાંક તરફ વળી. એ તરફ બત્તીઓ સળગી રહી હતી અને કેટલાક લોકોના બોલવાનો અસ્પષ્ટ અવાજ એ ઠંડી ભીની-હવામાં તરી રહ્યો હતો.

'કોણ છે ત્યાં?'—પડકાર સાંભળી એ થંભી ગઈ. કંપી રહેલી આંગળીઓ વડે એણે ચાદરના છેડાને બરોબર દબાવીને પકડી લીધા. એટલામાં બે ગોરા સૈનિકો એની પાસે આવ્યા, એમની પાસે રૉટ-ગન હતી.

'શું કરે છે અહીં?' 'મારા પુત્રને મળવા આવી છું.'

'પુત્રને? એ અહીં શું કરે છે?' 'એને થાણેદારે પકડયો છે'.

'ઓહો! તો તું પેલા હબસીની મા છે, એમ? આ શું છે તારી પાસે!'

'ચાદર......' કેમ લાવી છે?'

'થાણેદારે કહેવડાવેલું કે છોકરા માટે કફન લઈ ને આવજે...' બંને ગોરાઓ એકબીજા સામે તાકી રહ્યા.

'મને થાણેદાર પાસે લઈ જાઓ.' એણે આસ્તેથી કહ્યું.

'તો તારે તારા છોકરાની લાશ જોઈએ છે, એમ ને...?' 'હા.'

'એ હજી મર્યો નથી. હજી પણ જો એ માની જાય તો એનો જાન બચી શકે એમ છે'. 'એ નહિ બતાવે'. વૃદ્ધા બોલી.

'અરે એ શું એનો બાપ બતાવશે...અમારી પાસે એનું મોઢું ખોલાવવાના હજારો રસ્તા છે.' 'તો પણ એ નહિ બતાવે.'

'જો ડોકરી! જરા અક્કલથી કામ લે. આ તમે હબસાઓ શું સ્વરાજ્ય લાવી શકવાના હતા? માટે સમજાવ તારા લખ્ખણવંતા દીકરાને, એનો જાન બચી જશે.'

'મને થાણેદાર પાસે લઈ જાઓ.' એણે પુનરુચ્ચારણ કર્યું.

'તું એની મા છે. ભલી થઈને સમજાવ એને કે એના સાથીઓનાં નામ બતાવી દે.' 'એ નહિ બતાવે.' એ સ્થિરતાપૂર્વક બોલી.

ને પેલા બંને જણ એને ખભેથી પકડીને જંગલમાં ખેંચી ગયા જ્યાં લોકોનું ટોળું, કાંઈ ન સમજાય એવો ગણગણાટ કરી રહ્યું હતું.

ડોશીએ ટોળા તરફ સહેજ નજર કરી લીધી. પોતે તો એકદમ મક્કમ હતી. એના વિચારો, નિર્ણય એકદમ સાફ હતા. એણે મન સાથે ગાંઠ વાળી હતી કે પોતે બુકરને પણ નામો નહિ બતાવવા દે, ને કદાચને બુકર મોઢું ખોલશે તો...ને એનો ચહેરો અત્યંત તંગ બની ગયો!

એ વિચારી રહી: શા માટે મેં બુકરને એ રહસ્ય બતાવી દીધું? ખેર, હવે બુકર અહીં આવશે ત્યાં સુધી હું કશું પણ નહિ બોલું બસ એક વાર મારા દીકરા જ્હૉનની પાસે પહોંચી જઉં, પછી દુનિયા જખ મારે છે!'

'કોણ છે?'...'પેલા હબસીની મા; એના છોકરા માટે કફન લાવી છે.'

'એ હજી મર્યો નથી, હજી તો એનું મોઢું ખોલાઈ રહ્યું છે....થોડોક સમય છે હવે. પછી પણ જો એ નહિ બતાવે તો ફૂંકી નાખીશું એને!' એક જણ બોલ્યો. ત્યાં તો કોઈ બોલ્યું: 'અરે જોવી હોય તો આ મા! —દીકરા માટે કફન લાવી છે!'

ટોળામાં ધીરે ધીરે સન્નાટો છવાતો ગયો. બધા જ એ વૃદ્ધા તરફ તાકી રહ્યા હતા. એમની આંખોમાં આતંકની ઘેરી છાયા હતી...અને વૃદ્ધા ચૂપચાપ, મોઢું નીચું રાખીને ઊભી રહી હતી.

થાણેદાર આવ્યો, બોલ્યો: 'હુમ્...તો કફન લાવી છે, એમ ને?' 'હા.'

'લાગે છે કે આટઆટલી થપ્પડો ખાધા પછી પણ તારામાં અક્કલ આવી નથી લાગતી, કેમ?' '.....'

'સાંભળ ડોસી, આ રીતે મૂર્ખ બનવામાં કશો જ ફાયદો નથી. જા, સમજાવ તારા લાડકા પાસે જઈને, કે એ એના સાથીઓનાં નામ બતાવી દે. એ જો એટલું કરશેને તો હું એને છોડી મૂકીશ—બસ?'

વૃદ્ધાએ એક વાર વીજળીના ચમકારા કરતી આંખોથી થાણેદારની સામે જોયું—ને પછી તુચ્છકારથી આંખો ફેરવી લીધી!

'એમ વાત છે!'—થાણેદારનો રોષ પ્રજ્વળ્યો: 'અરે આને લઈ આવો મારી પાછળ!'

બે ત્રણ જણા એને પકડીને એને થાણેદારની પાછળ ઘસડી ગયા. ફ્લૅશ લાઈટના તીવ્ર પ્રકાશમાં પાણીનાં બિંદુઓ ચમકી રહ્યાં હતાં. ત્યાં ઊભેલા લોકો એક તરફ હટી ગયા ને એની નજર ફરતી ફરતી એક જગ્યા પર સ્થિર થઈ ગઈ—કીચડમાં, જ્યાં એનો લાડકો પુત્ર પડયો હતો.

એનું શરીર દોરડાથી જકડેલું હતું, ને ચહેરાનો એક ભાગ ગંદા પાણીના એક ખાબોચિયાને સ્પર્શી રહ્યો હતો.

એણે ડોક સહેજ અધ્ધર કરી મા તરફ જોયું...નજર મળી મા-દીકરાની, ને એની નજરમાં તરતા એક પ્રશ્નને મા પામી ગઈ.

'માની સાથે વાત કર.' થાણેદારે ગર્જના કરી: 'બોલ! હબસીના બચ્ચા!' થાણેદારે જ્હૉનને એક જોરદાર ઠોકર મા[illegible] 'આ તારી ડોસી આવી છે; વાત કર એની સાથે.'

જ્હૉન ન હાલ્યો—ન કશું બોલ્યો. થાણેદાર ફરી એક વાર વૃદ્ધા તરફ જોઈને બોલ્યો: 'ડોસી, આ છેલ્લી વાર કહું છું; સમજાવ એને. ખાલી નકામો જાનથી જશે...એના કાળા-ગોરા સાથીઓને બચાવીને એ શો ફાયદો કાઢવાનો છે? એના કરતાં એમનાં નામ બતાવી દે તો એક તરફ વાતનો ફેંસલો આવી જાય ને બીજી તરફ આ છુટ્ટો!...માટે કહું છું, સમજાવ તારા આ ગગાને!' પરંતુ એ તો ઊભી જ રહી—નિસ્પંદ...એના ચિત્કાર કરતા દિલને તો એના પુત્રની આંખોના સવાલનો જવાબ આપવો હતો...પરંતુ હોઠે તાળું રાખવું પડયું.

'નથી બોલવું? આટલી અકડાઈ? અચ્છા, તો હું બોલાવીશ એને હવે!...અરે ટૉમ-ત્યાંથી લાકડાનું બીમ લાવો, અને આના પગ પર મૂકો.'

બીમ એના ઘૂંટણ પર મુકાયું.

'પેલી લોખંડની કોશ લાવો.'...ને એક લાંબો પહોળો માણસ હાથમાં લોખંડની કોશ લઈ જ્હૉનની પાસે જઈને ઊભો રહી ગયો.

થાણેદાર નિરાં...તે તમાકુ ચાવી રહ્યો હતો! 'તને એમ લાગતું હશે કે આ બધું નાટક છે—કેમ? હમણાં બતાવું છું એ નાટક તને-બરોબરનું!'

'એય! લગાવ ફટકો, ને તોડી નાખ એના ટાંટિયા!'

વૃદ્ધાએ એક વાર બાજુ પર દૂર સુધી નજર ફેરવી લીધી—બુકર આવે છે કે નહિ તે જોવા. એના પગ જાણે અચેતન બની રહ્યા હતા.

'સા... હજી ફાટતો નથી મોંમાંથી?...તો કરો ચાલુ!'

ને પેલા કસાઈ જેવા માણસે કોશનો એક જોરદાર ફટકો લગાવ્યો. લાગલી જ જ્હૉનની હૃદય ફાડી નાખે તેવી કારમી ચીસ વાતાવરણમાં સળગી ઊઠી...વૃદ્ધા સ્હેજ ફરી...એણે ચાદરના છેડાને વધારે કસીને પકડી લીધો, પિસ્તોલ પણ.'

'હવે બીજો ટાંટિયો તોડી નાખો હરામીનો!...'ને એક બીજી ચીસ!

ને એ નરાધમે જ્હૉન પાસે જઈ એના બન્ને પગ ઉઠાવી અધ્ધર કર્યા, ને પછી છોડી દીધા, પગ નિર્જીવની માફક પડી ગયા—જાણે એ એના શરીરના ભાગ હોય જ નહિ તેમ! એનું મસ્તક એક તરફ ઢળી ગયું હતું. આથી વૃદ્ધા એનો ચહેરો જોઈ શકતી નહોતી.

ત્યાં અચાનક જ્હૉનનો ચહેરો એની તરફ ફર્યો ને એ એક દર્દનાક ચિત્કાર કરી બોલ્યો: 'અહીંથી જતી રહે મા...જતી રહે અહીંથી!'



ચિદમ્બરમમાં શિવકામસુંદરી (પાર્વતી)ના મંડપમાંનું ૧૭મી સદીના નાયક કાળનું એક ચિત્ર. એમાં ઉપર શિવ-પાર્વતી અને તેની આસપાસ ગણો અને દેવતાઓ તથા (નીચે) શિવ-વિષ્ણુ સંવાદનું આલેખન છે.

દક્ષિણ ભારતનાં
ભીંતચિત્રો-૨

ચિદમ્બરમ્‌નાં ભીંતચિત્રો

લેખક-આલેખક : વાસુદેવ સ્માર્ત

મદ્રાસથી તાંજોરના રેલમાર્ગે લગભગ ૧૩૧ માઈલ દૂર આવેલા ચિદમ્બરમનું નટરાજ મંદિર વિશ્વવિખ્યાત છે. આ મંદિરમાં ભગવાન શંકર આનંદ-તાંડવની મુદ્રામાં સ્થિત છે. ડૉ. આનંદ કુમારસ્વામીના શબ્દોમાં કહીએ તો, શિવનું તાંડવ નૃત્ય ત્રણ બાબતોનું સૂચક છે: વિશ્વમાં રહેલી સર્વપ્રકારની તાલબદ્ધતાનું પ્રતીક, બીજું અગણિત માનવઆત્માઓને મોહપાશમાંથી મુક્ત કરનારું, ને ત્રીજું સમસ્ત વિશ્વનું કેન્દ્ર. ભગવાન શંકર સ્વયંભૂલિંગના (આકાશલિંગ) સ્વરૂપે પૂજાય છે.

અહીંની નટરાજની મૂર્તિ સર્વોત્કૃષ્ટ છે. આનંદ-તાંડવની આ પ્રતિમા વિષે એક એવી આખ્યાયિકા છે કે એક વાર ભગવાન શંકરને દારુકાવનમાં વસતા ઋષિમુનિઓના જ્ઞાનધમંડને ખંડિત કરી તેઓને શિક્ષા આપવાની ઇચ્છા થઈ, શિવે એક સુંદર નગ્ન ભિક્ષુનું રૂપ ધારણ કર્યું અને હાથમાં ભિક્ષાપાત્ર લઈ. મોહિની રૂપધારી વિષ્ણુની સાથે વનમાં પ્રવેશ કર્યો. આ દંપતીને જોઈ ઋષિઓ વિહ્વળ થઈ ગયા અને ઋષિપત્નીઓ પણ મોહિત થઈ ગઈ. ઋષિઓ આથી ક્રોધે ભરાયા અને આ યુગલનો નાશ કરવા તૈયાર થયા. તેઓએ યજ્ઞ દ્વારા એક પ્રચંડ વ્યાઘ્ર સર્જ્યો, જે શિવ પર ત્રાટક્યો. શંકરે એની ખાલ ખેંચી લઈ તેને પોતાની કમ્મર પર લપેટી લીધી. આથી ઋષિઓ વધુ ગુસ્સે થયા અને એક ભયંકર ઝેરીલો સર્પ શિવ ભણી છોડયો શંકરે એ સર્પને પણ પોતાના ગળાની આસપાસ વીંટાળી દીધો. આથી ઋષિઓએ કુપિત થઈને મુયલગન-પુરુષ ઉત્પન્ન કર્યો અને તેને શિવ ભણી મોકલ્યો. શિવે એને પગ વડે દબાવીને પૃથ્વી પર કચડી નાખ્યો. અંતે ઋષિઓએ પોતાનો પરાજય સ્વીકારી લીધો. અને એથી ભગવાન શંકરે આનંદિત થઈ દેવો અને ઋષિઓ સમક્ષ જે નૃત્ય કર્યું તે નટરાજનું ‘આનંદ તાંડવ’ કહેવાયું.

ભગવાન આદિ શેષે વિષ્ણુ પાસેથી દારુકાવનમાંના શિવના નૃત્યની વાત સાંભળી, અને પોતાને આ નૃત્યના સાક્ષી બનાવવા વિનંતી કરી. આદિશેષના તપથી પ્રસન્ન થએલા શંકરે પ્રકટ થઈને એને તિલ્લઈના જંગલમાં નૃત્ય કરી બતાવવાનું વચન આપ્યું. આદિશેષ પાતંજલી તરીકે અવતર્યા અને તિલ્લઈના જંગલમાં ગયા. વ્યાઘ્રપાદ પણ એમની સાથે ગયા. બન્નેએ જુદીજુદી મઢુલી બાંધી ત્યાં નિવાસ કર્યો ને સ્વયંભૂલિંગના સ્વરૂપમાં શિવની આરાધના કરી. શંકરે શિવકામસુંદરી, દેવો, ઋષિમુનિઓ, પાતંજલી અને વ્યાઘ્રપાદ સમક્ષ આનંદ-તાંડવ કર્યું. ઋષિઓએ ભક્તોના ભલા માટે શિવને પોન્નમ્બલમ્ (ચિદમ્બરમ્)માં સદાને માટે નૃત્યવત્ રહેવા વિનતિ કરી ચિદમ્બરમ્‌ની વિખ્યાત કાંસ્ય પ્રતિમા એ આ નટરાજનું જ આનંદ-તાંડવ સ્વરૂપ છે. પાસેના શિવકામસુંદરીના મંદિરની વિશાળ છત પર આ આખો પ્રસંગ ચિત્રિત કરેલો છે.

તાલિકોટની લડાઈથી વિજયનગરનું સામ્રાજ્ય નબળું પડી જતાં ખંડિયા રાજાઓ, સેનાપતિઓ અને નાયકો ધીરે ધીરે સ્વતંત્ર થઈ ગયા. એમાં દક્ષિણના તાંજોર ને મદુરાઈના રાજા મુખ્ય હતા. મદુરાઈના તિરૂમાલા નાયક ને તાંજોરના રઘુનાથ નાયક ઘણા પ્રખ્યાત હતા, એમણે પોતાના દરબારમાં કલા ને સાહિત્યને વિશેષ સ્થાન આપીને એનો વિકાસ કર્યો હતો. વિજયનગરના રાજાઓના જેવી જ સૂક્ષ્મ કલાદૃષ્ટિ મદુરાઈના નાયક શાસકોમાં પણ હતી. એમનાં પ્રચંડ, જોરદાર ને ભવ્યદાર શિલ્પો આજે પણ એ સમયની ઉત્કૃષ્ટ કલાના અવશેષ તરીકે વિદ્યમાન છે.

તિરુપરુત્તિકુન્રમના સંગીત-મંડપમાં વર્ધમાનના જીવનપ્રસંગોનાં ચિત્રો ૧૪મી સદીની વિજયનગરની કલાનાં દ્યોતક છે, અને બીજાં પાછળથી ૧૬મી-૧૭મી સદીના નાયકકાળની કલાનાં છે. કુંભકોણમ્‌નાં ઘણાં મંદિરોમાં તેમ જ તાંજોર તાલુકાનાં મંદિરોમાં નાયક સમયની કલા પણ એટલી જ નોંધપાત્ર છે. નાયક સમયનાં ચિત્રો વિજયનગરની કલા-પરંપરાનો ચાલુ પ્રવાહ છે, જે તરતના જ ભૂતકાળની એકમાત્ર કડી છે.


ચિદમ્બરમ્‌નું મંદિર એક નાનકડા મંદિરમાંથી વિકાસ પામતું જઈ વિશાળ અને ભવ્ય બનતું ગયું. રાજાઓ અને સેનાપતિઓના ભક્તિભાવ અને તેમની ઉદાર સખાવતોથી એનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો, જેની ગાથા સંતોએ પણ ગાઈ છે. એનાં મુખ્ય દેવાલયો, અનેક મંડપો, પરસાળો અને પ્રદક્ષિણાપથો લગભગ એક હજાર વરસના ગાળામાં બંધાયાં છે ઈસ્વીસનની છઠ્ઠી સદીથી ઈ. ૧૧૩૩ અને ઈ. ૧૬૮૫ સુધી આ ભવ્ય મંદિરનો વિકાસ થતો રહ્યો હતો.

એનું શિલ્પ ઘણું ઉત્કૃષ્ટ છે. નૃત્યશિલ્પનો તો જાણે અહીં ભંડાર છે. ચોલકાળના ઉત્તરાર્ધની સ્થાપત્યશૈલીમાં નૃત્યશિલ્પોનો આ સમૃદ્ધ નિધિ છે. વિષ્ણુધર્મોત્તર મહાપુરાણમાં જણાવ્યા અનુસાર શિલ્પકલા એ ચિત્ર, આલેખન કળા, સંગીત અને નૃત્ય કલાનો સમન્વય કરનારું ઉત્તમ માધ્યમ છે. ચિદમ્બરમ્ આ કલાનું જ્વલંત દૃષ્ટાંત છે.

મંદિરના દક્ષિણ દિશાના ગોપુરમ્‌ના દ્વાર પરની ભરતનાટ્યમનાં ૧૦૮ કારણોની શાસ્ત્રાનુસાર સુંદર શિલ્પકૃતિઓ કદાચ પૂર્ણ રૂપે પહેલી વાર અહીં શિલ્પમાં આકાર પામી હશે. ત્યાર પહેલાં તાંજોરના બૃહદેશ્વર મંદિરમાં આ પ્રયાસ થયો હતો, પરંતુ એ શિલ્પો અધૂરાં રહ્યાં હતાં. ચિદમ્બરમ્‌માં તામિલ શિલ્પાચાર્યોએ પાષાણમાં કવિના શબ્દોને ભાવાભિવ્યક્ત કરવામાં પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે.

નટરાજના મંદિરની પાસેના શિવકામસુંદરી (પાર્વતી)ના વિશાળ મંડપના છતમાં ૧૭મી સદીના નાયક કાળનાં ચિત્રો છે. આ ચિત્રો અલંકરણયુક્ત સરળ શૈલીમાં તથા સફેદ, કાળા, ગેરુવા, (પીળી માટી જેવા) રામરજ અને લીલા ચમકતા રંગોમાં તથા ઉપર નીચે ક્રમબદ્ધ લાંબી-લાંબી તકતીઓમાં જુદાજુદા પ્રસંગો રૂપે અંકિત છે. નગ્ન ભિક્ષુરૂપધારી શંકર દારુકાવનમાં પ્રવેશ કરે છે, શિવનો આકર્ષક ગૌરવર્ણ અને સુકોમળ દેહ જોઈ ઋષિપત્નીઓ મોહ પામી છે, જ્યારે મોહિનીના લજ્જાયુક્ત સુકોમળ દેહયષ્ટિવાળા કમનીય રૂપની ભાવભંગિથી ઋષિઓ મોહિત થઈ ગયા છે, ઋષિપત્નીઓ મોહ પામવાથી ક્રોધે ભરાએલા ઋષિઓ આ શંકરનો નાશ કરવા પ્રયત્નશીલ થઈ યજ્ઞના અગ્નિમાંથી વ્યાઘ્ર સર્પ અને મુયલગન ઉત્પન્ન કરે છે, ભગવાન શંકરે એમના આ બધા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યો છે વગેરે પ્રસંગો એમાં ચિત્રિત છે. આ ચિત્ર-પટ્ટીઓમાં પાત્રોનું દેહલાવણ્ય ઘણું ઉત્કૃષ્ટ છે. ખાસ કરી મોહિની સ્વરૂપની કમનીય દેહભંગિ, લજ્જાયુક્ત મુખમુદ્રા. સ્વાભાવિક ગતિશીલતા, અંગઉપાંગોની સુડોલતા, અલંકરણો ઈત્યાદિ સુચારુ રીતે ચિત્રિત છે. ઋષિઓની વ્યગ્રતા, ક્રોધ, કામુકતા પણ દર્શાવ્યાં છે. શંકરનું ભિક્ષુકરૂપ પણ મોહ પમાડે એવું છે. અભંગ મુદ્રા, કેશકલાપ, આભૂષણો, સુકોમળ ગોરો દેહ, ભોળી મુખમુદ્રા. હાવભાવ, ઋષિપત્નીઓની વિવશ ને લજ્જાયુક્ત મુખાકૃતિ અને કામી ભાવોનું પણ સુંદર આલેખન છે.

આ મંડપને બીજે છેડે ઉમા સહિત ગણેશ, ઋષિઓ, દેવસેનાસહિત સ્કંદ, કૈલાસસ્થિત શિવપાર્વતી અને નંદી ચિત્રિત છે. સભાપતિ તરીકે શિવકામસુંદરી સાથે નટરાજ વિરાજમાન છે. આસપાસ નૃત્ય કરતા ગણો અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડી રહ્યા છે. શિવપુરાણ-



ચિદમ્બરમના શિવકામસુંદરીના મંડપની છતમાંના ચિત્રમાં નગ્ન ભિક્ષુકના રૂપમાં શિવ તથા મોહિની-સ્વરૂપ વિષ્ણુ (મથાળે); એ ભિક્ષુક પર મોહિત થએલી ઋષિપત્નીઓ (વચ્ચે); ને મોહિની પર મોહવશ બનેલા ઋષિઓ (નીચે).

ની બીજી પણ ઘણી કથાઓ અહીં ચિત્રાંકિત કરવામાં આવી છે.

આ મંડપના ગોપુરમની સામે પાર્વતીના મંદિર તરફ એક પ્રભાવશાળી ચિત્ર છે. જેમાં નટરાજ અને શિવપાર્વતી તથા તેમની આસપાસ ગ્રહો, દેવો, દીક્ષિતો ઈત્યાદિ અનેક આકૃતિઓ છે. આમ આ પ્રાચીન મંદિરનાં ચિત્રો નાયક કાળની ચિત્રકલાનાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંત સમાં અને ભરતનાટ્યમની શાસ્ત્રીય નૃત્યમુદ્રાઓના ભંડાર સમાં છે. □

કૅરિકેચર
'શિવ'



'વિનોદ'ની નજરે [૩]

રાવજી પટેલ

લેખક · વિનોદ ભટ્ટ

અવસાન પામેલા માણસનું મોટામાં મોટું સુખ એ હોય છે કે પછી એના વિશે આપણે ગમે તે બેધડકપણે કહીએ—લખીએ તે સાચુંખોટું કરવા એ તો નથી જ આવવાનો એની આપણને પાકી ખાતરી હોય છે. રાવજી પટેલ વિષે ય ઘણાને મોઢે ઘણું ઘણું સાંભળવા મળતું; એ મર્યો એ અરસામાં: 'સાલો, મારું કહેલું માન્યો હોત તો આટલો જલદી ના મરત'...'અમે ય રાવજીને ઘણી મદદ કરેલી. પણ આપણું તો ભૈ એવું--જમણો હાથ શું આપે છે એની ડાબા હાથને ક્યારેય જાણ જ ન થવા દઈએ.' (જો કે એ મહાશય પોતાના પૈસા ઝભ્ભાના જમણા નહિ, પણ ડાબા ખિસ્સામાં રાખે છે.) જે લોકો રાવજીને જોઈને ફૂટપાથ બદલી નાખતા તેઓ તેની વાત કરતાં પોતાનો અવાજ હજુય ભીનો કરી શકે છે. રાવજીના જીવતાં જે પ્રકાશકો એના પુસ્તક માટે એને બાઈબાઈ ચારણીની રમત રમાડતા હતા એ લોકો રાવજીનાં પુસ્તકો પોતાને જ મળે એ વાસ્તે સિફારસો કરાવે છે. રાવજી આટલો મોટો કવિ નો'તો. મૃત્યુએ તેને મોટો, વધારે મોટો બનાવી દીધો.

આ રાવજી વિષે તો હું પણ ઘણું બધું લખી શકું. મારી કલ્પના શક્તિને કામે લગાડીને, દાનવીર બનીને, એનો વાલી થઈને અનેક વાર્તા બનાવી શકું...બનાવીશ. જરૂર પડશે તો એ પણ કરીશ; પણ આજે નહિ. આજે તો, રાવજી મને કેવો લાગ્યો છે, મારી નજરમાં તે કેવો ઝીલાયો છે એ જ કહીશ.

રતનપોળની ઝવેરીવાડમાંથી દોશીવાડાની પોળમાં જવાનો એક રસ્તો છે. સામે વાઘણપોળ છે. તેના ડાબા હાથે સાતભાઈની હવેલી છે. એ જ હવેલામાં જમણી બાજુ તરફના, પડયો કે હવે પડશે થઈ રહેલા દાદરનાં પગથિયાં એક શ્વાસે ચડીને હું અને વિનોદ જાની 'સ્ત્રીજીવન કાર્યાલય'નાં પહોંચી જતા. કૉલેજના પહેલા બીજા વર્ષમાં ભણીએ. તંત્રીઓને રૂબરૂ મળવાના, તેમની સાથે આત્મીયતા કેળવવાના અભરખા ય હતા એ દિવસોમાં. શ્રી મનુભાઈ જોધાણી—મનુકાકા—પાન ચાવતા પાટ પર આડા પડયા હોય. અમને જોતાં જ 'આવો દીકરા' કહી પાનની પિચકારી મારે. અમે સહેજ આઘા ખસી જઈએ. બપોરે લગભગ સાડાત્રણ-ચારના શુમારે ગયા હતા. 'અલ્યા ચા-બા પીવો છો?' મનુકાકાએ પૂછયું. ના પાડવાનો વિવેક કરવો કે પછી પી જ નાખવી એ અમે નક્કી કરીએ ત્યાર પહેલાં જ મનુકાકાએ બૂમ પાડી:' બટા (બેટા) રાવજી:...ફર્સ્ટ કલાસ ચા મૂકજે...જરા.' મોટું મસ ભૂરું શર્ટ ને પટાવાળો લેંઘો પહેરેલો નિસ્તેજ ચહેરો છતાં ચમકતી આંખવાળો રાવજી નામનો એક છોકરો બેઠો બેઠો 'સ્ત્રીજીવન'નાં સરનામાં લખતો'તો. કાકાનો અવાજ સાંભળી લખતાં તે સહેજ અટકયો. કશુંક બબડયો. અમારી સામે ઊડતી આંખે જોયું—ક્ષણપૂરતું જ. ફરી લખવા માંડયો. રૅપર પરનું સરનામું પૂરું કરી, ફાઉન્ટનપેન બંધ કરી તે ઊભો થયો. સ્ટૅન્ડમાંથી કપ રકાબી કાઢયાં. ચા મૂકી. પહેલાં અમારી પાસે ખાલી કપ રકાબી મૂકી ગયો. ચા બની એટલે સાણસીથી ચાની તપેલી પકડી અમારી પાસે લાવ્યો, અમારા કપમાં ચા ગાળી 'અલ્યા તારો ચા—?'

'મારે નથી પીવો.' ટૂંકો ઉત્તર.

અમે ચા પી લીધી એટલે કાચનાં ઠોબળાં તે લઈ ગયો. ધોઈને સ્ટૅન્ડમાં ભરાવી દીધાં ને ફરી પાછો રૅપર લખવા બેસી ગયો. 'આ છોકરો ય કવિતા-બવિતા કરે છે.' મનુકાકાએ કહ્યું.

રાવજી સાથેનું અમારું આ પહેલું મિલન. પછી તો ઘણો સમય વચ્ચે પસાર થઈ ગયો. કયારેક, કયાંક રાવજી મળી જતો. પણ વધારે મળવાનું તો 'સંદેશ'માં થતું. એ 'સ્ત્રી'માં કામ કરતો. હું મિત્રોને મળવા ને કયારેક વાર્તા આપવા જતો. પછી તો એ 'સંદેશ'માં દેખાતો ય બંધ થઈ ગયો. વળી પાછો 'ગુજરાત સમાચાર'માં તેણે દેખા દીધી. થોડા વખતમાં તો ત્યાંથી પણ ગાયબ થઈ ગયો. એક વખત ગાંધીરોડ પર મળી ગયો. 'કેમ દેખાતો નથી?' મેં પૂછયું.

'બસ, નથી દેખાતો.' ટૂંકો ઉત્તર. 'પણ તારી નોકરી—?'

'સમય હોય તો કયાંક બેસીએ. મારાથી બહુ ઊભા નથી રહેવાતું.' તે બોલ્યો. અમે ચન્દ્રવિલાસમાં બેઠા.

'તેં નોકરીનું પૂછયું ને?' મારી સામે જોઈ પાણી પીતાં તે બોલ્યો.

'હા; તેં "સંદેશ" કેમ છોડયું?'

'હસવું આવે એવી વાત છે. સાંભળવી છે?' કહી તેણે શરૂ કર્યું: 'તું તો જાણે છે કે 'સ્ત્રી'નું કામ હું કરતો. વચ્ચે ચૂંટણીઓ આવી. ચૂંટણીમાં ઊભી રહેલ સ્ત્રી ઉમેદવારોમાંની અમુક હારી ગઈ ને અમુક જીતી ગઈ. મેં હાળું ભૂલભૂલમાં જીતેલીને બદલે હારેલી સ્ત્રીઓના ફોટાના બ્લૉક કરવા મોકલી આપ્યા. લીલાબેનને ખબર પડતાં મને બોલાવીને પૂછયું; 'રાવજી, તમે હારેલાં ઉમેદવારોના ફોટા બ્લૉકમાં કેમ મોકલ્યા?'

"કેમ, એ લોકો ઊભાં નો'તાં—ચૂંટણીમાં? હાર-જીત એ તો બેન ગૌણ વાત છે. મુખ્ય વાત જ ઊભા રહેવાની છે." મેં ગબડાવ્યું. હાળી ભૂલ તો થઈ ગએલી, પણ કબૂલ કેમ કરીને થાય? લીલાબેન તો ખિજવાઈ ગયાં. મને કહે: "તમારી ભૂલ થઈ ગઈ એમ કહેતા નથી, ને ઉપરથી ખોટી દલીલો કરો છો?" એટલે પછી આપણાથી ના રહેવાયું. મારાથી બોલાઈ ગયું: "જુઓ બેન, માણસ છે તે, ભૂલેય થાય. એક વાર થઈ; કદાચ બીજી વારેય થશે..." પણ લીલાબેન મને બીજી વાર તક આપવા નો'તાં માગતાં. એટલે કહ્યું: "કાલથી ના આવતા."

"શા માટે કાલથી? આ ઘડીએ જ નીકળી જાઉં છું."-બોલી નોકરી છોડીને આપણે તો ચાલી નીકળ્યા.

મારી સામે જોઈ તે જાણે મોટી ધાડ મારી હોય તેમ હસ્યો. પછી બોલ્યો: 'અને પછી ગુજરાત સમાચારમાં દાખલ થઈ ગયો—'શ્રીરંગ'નું કામ કરવા. વચ્ચે મારો હાથ ઊતરી ગયો. જ્યારે ગુસ્સો કરું છું ત્યારે એકાદ અંગને ઈજા પહોંચાડું છું. હાથનું ઠેકાણું પડતાં દોઢેક મહિનો લાગ્યો. કામ પર પાછો ગયો એ જ દિવસે "શ્રીરંગ"નાં પાનાં પડાવ-

વાનાં હતાં. હું કમ્પોઝમાં પાનાં પડાવતો'તો, ત્યાં પવનની જેમ શાંતિલાલ (માલિક-ગુજરાત સમાચાર) ત્યાં ધસી આવ્યા. આવતાં જ મને ઊભેલો જોઈને પૂછ્યું : "કેમ ઊભા છો ?"

"એટલે ?" હું અચંબામાં પડી ગયો. "કોનું કામ છે ? કોને મળવા આવ્યા છો ?" તેમણે એકસામટા બે સવાલો પૂછ્યા. મને તો, વિનોદ, કાપ્યો હોય તો લોહી ના નીકળે ! મેં કહ્યું : "સાહબ, હું શ્રીરંગમાં કામ કરું છું." જાણે હું જૂઠું બોલતો હોઉં તેમ શાંતિલાલે ફોરમૅનને બોલાવીને પૂછ્યું: "આ માણસ અહીં નોકરી કરે છે ?" 'પેલાએ ડોકું હલાવી હા પાડી એટલે–"સારું, સારું...કામ કરો...કામ કરો..." બોલતા શાંતિલાલ ઝડપથી બહાર નીકળી ગયા. મને હાળું માઠું લાગ્યું : જે માણસને આપણા અસ્તિત્વની ખબર નથી, તેને ત્યાં આપણે નોકરી કરીએ છીએ? લોહી–પસીનો એક કરીએ છીએ એની ય જેને જાણ નથી એવાને ત્યાં હોવું ન હોવું શો ફેર પડે છે ? એથી. તું જ કહે, મારું કે'વું ખોટું છે ?' વળી પાછો મારી સામે જોઈને હસવા માંડ્યો. નોકરીની અત્યંત આવશ્યકતાવાળો માણસ, આટલી આસાનીથી નોકરી છોડી શકે ? 'પણ આ તો રાવજી. સ્વમાનની આકરી કિંમત ચૂકવીને રાવજી જ એ કરી શકે.

એને હું બહુ ભોળો માણસ નહિ કહું; કેમ કે ભોળા હોવું એ ગુણ નથી, દુર્ગુણ છે. પણ એ ઘણો જ ભલો હતો. પરોપકારી પણ ખરો. મિત્રો માટે થાય એટલું કરી છૂટતો. એનો જ એક કવિ–મિત્ર, પોતાની ગર્લ–ફ્રેન્ડને લઇને રાવજીની રૂમ પર અવારનવાર જતો. (એ કવિનું નામ નહિ આપું, કેમ કે સાંભળ્યું છે કે કવિની પત્ની સારી નિશાનબાજ છે. રાઈફલ ટ્રેઇનિંગનો ડિપ્લોમા ધરાવે છે...અને અત્યારે એની બંદૂક કરતાં ગુજરાતી સાહિત્યને એ કવિની તેમજ મારી ઘણી જરૂર છે એવું ખુદ અમને બન્નેને લાગે છે.) રાવજી શાણો, સમજુ. પેલાં બે એની રૂમ પર આવે એટલે, 'થ્રી ઈઝ અ ક્રાઉડ' સમજીને ત્યાંથી છટકવા ફાંફાં મારે : માળું, ફલાણું ખૂટી ગયું છે, કે ઢીકણું ખલાસ થઈ ગયું છે, કે એવાતેવા બહાને પેલાં બેને મૂકીને સરકી જાય. ખરા બપોરે અહીંતહીં આથડે. દોઢએક કલાકે ઘેર પાછો ફરે. પાછો ભોંઠપ અનુભવતા ભાવે માફી યે માગે: 'મારા કારણે તમારે લોકોને બહુ બેસી રહેવું પડ્યું, નહિ?'

રાવજી પોતાના કરતાં બીજાનો ખયાલ હમેશાં વધારે કરે. એક વાર લાભશંકરના દવાખાને મળી ગયો. મને કહે: 'મારે તારું થોડું કામ છે... નીચે આવે છે?' અમે નીચે ફૂટપાથ પર ઊભા રહ્યા, એટલે તે બોલ્યો: 'મારે લક્ષ્મીને છૂટાછેડા આપવા છે.'

'કવિ કે લેખકે લક્ષ્મીને છૂટાછેડા આપવાના ના હોય; લક્ષ્મી જ એ લોકોને છૂટાછેડા આપી દે છે.' મેં રમૂજમાં કહ્યું.

'મશ્કરી નથી કરતો, વિનોદ. લક્ષ્મીને મારે છૂટાછેડા આપવા છે.' ત્યારે જ મને ખબર પડી કે તેની પત્નીનું નામ લક્ષ્મી છે.

'એને માટે, રાવજી, સબળ કારણ જોઇએ.' 'એટલે?'

'તારી પત્ની પાગલ છે?' 'ના.'

'તું છે?' 'ના; પણ હું કવિ છું એ કારણ ના ચાલે?'

'એ કારણસર તારી પત્ની ડાયવૉર્સ માગી શકે, તું નહિ...ને તે ય અમેરિકા જેવા કોઈ પશ્ચિમના દેશમાં... આ દેશમાં નહિ...પણ તારે ડાયવૉર્સ કેમ જોઈએ?'

'આપણે આમે ય બહુ લાંબું જીવવાના નથી. એ બીચારી વિધવા બને એ કલ્પનાથી જ હું તો ધ્રૂજી ઊઠું છું.' એ બોલ્યો. એ વખતે એનો અવાજ સાથે જ ધ્રૂજતો હતો.

પોતાના મિત્રો માટે ખિસ્સામાંની છેલ્લી પાઈ વાપરતાં ય રાવજી અચકાય નહિ; એટલું જ નહિ, ભૂલેચૂકે ય તેને પૈસા ખર્ચતો રોકવા પ્રયત્ન કરીએ તો સાલો માઠું લગાડી બેસે—અબોલા લઈ લે! એક વખત કેટલાક મિત્રોને હૉટલમાં નાસ્તો કરાવવામાં તેણે બધા જ પૈસા ખરચી નાખ્યા. બસભાડાના પૈસા ય ના બચ્યા. પાછો વટનો કટકો. ચાલતો ઘેર ગયો, ને વધુપડતું ચાલવાને કારણે શ્રમથી બીમાર પડી ગયો!

રાવજી અળવીતરો ય એટલો, ને રમતિયાળ પણ હતો–નાનપણમાં. કહે છે કે બચપણમાં સાતતાળીની રમત રમવી તેને બહુ જ ગમતી. તાળી આપીને તે દોડી જતો. દેરી પાછળ, પીપળાની ઓથે ને ખેતર હોય તો ઠૂંડાંની વચ્ચે તે લપાઈ જતો. ને પોતાને પકડવા મથનારની સામે, અવાજ વગરનું હસતો. પણ આમ તો એ માણસ હતો, એટલે માણસમાં હોવી જોઇએ એવી એકાદ-બે નબળાઇઓ પણ એનામાં હતી. ક્યારેક તે જૂઠું બોલે. પણ કોઈને ય છેતરવા નહિ, કેવળ હસાવવા—ગમ્મત કરાવવા. પોતે કેવો મૂરખ છે, બાઘો છે, એની જોડી કાઢેલી વાતો કરીને સાંભળનારને પેટ પકડીને હસાવે.

અને હા. એ થોડો ચુગલીખોર પણ ખરો. કોઈ વાત તેને કહ્યા પછી તમે એમ કહો કે, 'જોજે ભાઈ, આ વાત ફલાણાના કાને ના જાય પાછી...' ત્યારે એ કહે: 'તું તારે બેફિકર રહેને, યાર!'...અને પછી તમે જેને એ વાત ન કહેવાની તાકીદ આપી હોય એને તો એ ખાસ કહે. યાદ રાખીને કહે, ભૂલ્યા વગર કહે!

એક વખત મને તે 'ગુજરાત સમાચાર'ના ઝાંપા પાસે મળી ગયો. "રે"માં* કેમ નથી આવતો?' તેણે પૂછ્યું.

'બસ, એમ જ...' મેં કહ્યું: 'નહિ આવીને હું યે સુખી છું ને એ લોકો ય સુખી હશે.' અને એ જ સાંજે લાભશંકરને રાવજીએ કહી દીધું', કે વિનોદ તમારા માટે આમ કહેતો'તો...ને બે–ત્રણ દિવસ પછી મને મળ્યો ત્યારે તેણે પાછું મને ય કહ્યું: '' લ્યા, તારો પેલો સંદેશો એ લોકોને મેં પહોંચાડી દીધો છે.'

'કયો સંદેશો?' મને પહેલાં તો સમજાયું નહિ, એટલે તેણે ચોખવટ કરી: 'પેલો સુખી છું વાળો...'

'અરે સુવ્વર! એ તો તારા સવાલના જવાબ રૂપે જ મેં તને કહેલું. એ તારા જ્ઞાન માટે હતું, જ્ઞાનના પ્રચાર માટે નહિ.'

'એમ?...તો તો મેં બાફ્યું, નહિ?' બોલી હસતો હસતો તે જતો રહ્યો.

આ ચુગલીખોર પ્રકૃતિએ જ તેને કવિ થવા પ્રેર્યો હશે, કદાચ... દરેક સર્જક ચુગલીખોર હોય છે. તે કશું જ હૃદયમાં સઘરી શકતો નથી. સંગ્રહખોરી તેને ખપતી નથી. લાગણીઓના પોપટોને ય તે પાળીને કેદ કરતો નથી. તેમને સદા ય તે ઊડતા જ રાખે છે.

કોણ જાણે કેમ, પણ દસમી ઑગસ્ટ ઓગણીસ સો અડસઠના રોજ તેને બાળપણની જૂની રમત સાંભરી આવી. સાતતાળી આપીને તે દોડી ગયો. એ ક્યાંક સંતાઈને, એને શબ્દોમાં પકડવા મથતા આપણને જોઈને અવાજ વગરનું હસતો હશે. બાકી રાવજી ગુજરી ગયો છે એવું કોઈ કહે તો સાચું માનશો નહિ.—ખુદ એ જાતે આવીને કહે તો પણ.' □

* કવિ લાભશંકર ઠાકરને દવાખાને મળતી કવિમિત્રોની બેઠક: 'રે-મઠ'.

આકાશી અંતરનાં માપ — ☆ વિરાટ વિશ્વ ☆


[વિશ્વના પરિચયની લેખમાળા]

ડૉ. યશવંત ગુ. નાયક

આકાશ-દર્શન કરતાં સહેજે આપણા મનમાં પ્રશ્ન થાય છે કે નિર્મળ આકાશમાં ચમકતા અસંખ્ય તારા તથા ગ્રહો પૃથ્વીથી કેટલાં દૂર હશે. ચંદ્ર, સૂર્ય અને બીજા ગ્રહોનો બનેલો સૂર્યપરિવાર તો અસીમ વિશ્વમાં અત્યંત સૂક્ષ્મ જગ્યા રોકે છે અને પૃથ્વીથી તેમનાં અંતરો બહુ ચોકસાઈથી માપી શકાયાં છે. પરંતુ સૂર્યમંડળથી બહારના પણ નજીકના તારાઓનાં અંતર માપવામાં આવ્યાં ત્યારે જ આ વિશ્વની વિરાટતાનો ખયાલ આવ્યો છે. આથી સૌ પ્રથમ આ અંતરો માપવાની સામાન્ય રીતો અને તેના માપદંડ વિષે જોઈએ.

ઈ. સ. પૂર્વે ત્રીજી સદીમાં સેમોસના ઍરિસ્ટાર્કસ નામના વિદ્વાને સૂર્ય ચંદ્ર કરતાં કેટલા ગણો દૂર છે તેનું માપ કાઢવાનો પ્રયોગ કર્યો હતો. જ્યારે ચંદ્ર બરાબર અર્ધચંદ્ર દેખાઈ માથે આવે ત્યારે તેણે પૃથ્વીથી સૂર્યની દિશા નક્કી કરી. આ વખતે પૃથ્વી, ચંદ્ર અને સૂર્યનો જે ત્રિકોણ રચાય તેમા ચંદ્ર આગળ કાટખૂણો રચાય. આ પરથી ગણતરી કરી તેણે સૂર્યનું અંતર ચંદ્રના કરતાં ૧૮ થી ૨૦ ગણું છે એમ સાબિત કર્યું. આ રીતમાં ભૂલ આવી હતી ને તેથી સૂર્યનું અંતર ૨૦ ગણું ઓછું જણાયું હતું.

ત્રિકોણમિતિનો ઉપયોગ કરીને સેક્સ્ટન્ટ વડે પૃથ્વીની સપાટી ઉપરનાં બે દૂરનાં સ્થળો ઉપરથી અવલોકન કરવાથી સેક્સ્ટન્ટના દૂરબીનની અક્ષ જમીનની સપાટી સાથે કેટલો ખૂણો કરે છે તે જાણી શકાય છે. પૃથ્વી ઉપરનાં બે સ્થળોનાં અંતર અને તે બે સ્થળેથી કોઈ પણ ગ્રહની દિશાના અંશ (દિગંશ) નોંધીને ગણતરી કરી પૃથ્વીથી તે ગ્રહ કેટલો દૂર છે તે માપી શકાય છે.




આકૃતિ ૧

દાખલા તરીકે કોઈ નજીકના ગ્રહ અથવા ચંદ્રનું અંતર માપવું છે. આકૃતિ (૧)માં પૃથ્વીના क સ્થળેથી च ચંદ્રનો દિગંશ નોંધવામાં આવે છે. એ જ સમયે ख સ્થળેથી પણ ચંદ્રનો દિગંશ નોંધાય છે. આ માટે બે સ્થળો-क અને ख એક જ અક્ષાંશ ઉપરના પૃથ્વીના ઉત્તર ને દક્ષિણ ગોળાર્ધમાંથી લેવામાં આવે છે. પૃથ્વીની ત્રિજ્યા सक = सख તો જાણીતી છે. એ ઉપરથી બે ત્રિકોણ सकच અને सखच રચાય છે. આ ત્રિકોણોમાં सकનું મૂલ્ય અને सकच કોણનાં મૂલ્યો તથા कचख કોણનાં મૂલ્યો પણ પ્રયોગ દ્વારા નક્કી થઈ શકે છે. હવે ગણતરી કરી सच અંતર એટલે કે પૃથ્વીના કેન્દ્રથી ચંદ્રનું અંતર ચોકસાઈથી માપી શકાય છે. વળી એ ઉપરાંત કેપ્લરના ગ્રહોના ભ્રમણકાળ અને તેમનાં અંતરો અંગેના નિયમોમાંથી પણ એ ચોકસાઈથી નિયત થયાં છે.

લંબનની રીતનો ઉપયોગ કરી મંગળના ગ્રહનું અંતર સૌ પ્રથમ ઈ. ૧૬૭૩માં પારી(સ)ના ખગોળશાસ્ત્રી કેસિનીએ માપ્યું હતું. કેસિનીએ મંગળનો વેધ પારી(સ)માંથી લીધો અને તે જ સમયે ત્યાંથી ૪૫૦૦ માઈલ દૂર આવેલા કેયેન (ફ્રેન્ચ ગિયાના) શહેરમાંથી તેના સાથી રિચરે પણ વેધ લીધો. આ રીતે પારી(સ), કેયેન અને મંગળને જોડતા ત્રિકોણ ઉપરથી મંગળનું અંતર નક્કી કર્યું. ત્યાર પછી તેમણે કેપ્લરના નિયમને આધારે પૃથ્વીથી સૂર્યનું અંતર પણ શોધ્યું. આ અંતરોમાં થોડી ભૂલ તો હતી, પરંતુ એના ઉપરથી સૂર્યમંડળના પ્રચંડ અંતરોની પ્રથમ ઝાંખી થઈ.

આવા પ્રયોગો દ્વારા શુક્રનું અંતર માપવું સહેલું છે. આ રીતે શુક્રનું અંતર ચોકસાઈથી જાણીએ તો સૂર્યનું અંતર માપવું સહેલું બને છે.



આકૃતિ ૨

આકૃતિ (૨)માં દર્શાવ્યા મુજબ શુક્રની દિશા અને સૂર્યની દિશા વચ્ચેનો કોણ સેક્સ્ટન્ટ વડે નિયત કરવામાં આવે છે. પૃથ્વી ને શુક્ર વચ્ચેનું અંતર જાણીએ અને શુક્ર તથા સૂર્ય વચ્ચેનો કોણ જાણીએ તો ત્રિકોણમિતિની રીતે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર પણ જાણી શકાય છે.

સૂર્યનું અંતર માપવાની બીજી પણ એક સૂક્ષ્મ રીત છે. ખગ્રાસ સૂર્ય-ગ્રહણ થાય ત્યારે પણ પૂર્ણગ્રાસ ક્યા સમયે થશે તે ન્યૂટનના ગણિતની મદદથી અગાઉથી નક્કી કરી શકાય છે. છતાં પૃથ્વી ઉપર પૂર્ણગ્રાસ બરાબર એ જ સમયે દેખાતો નથી, પરંતુ ચોકસાઈથી કરેલી નોંધ ઉપરથી પૂર્ણગ્રાસ દેખાવાનો સમય ૮⅓ મિનિટ જેટલો મોડો પડે છે. આનો અર્થ એ થયો કે સૂર્ય ઉપરથી નીકળેલાં કિરણોને પૃથ્વી ઉપર પહોંચતાં આટલો સમય લાગે છે. પ્રકાશનાં કિરણો દર સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલની ઝડપે ગતિ કરે છે એ હિસાબે ૮⅓ મિનિટ એટલે કે ૫૦૦ સેકન્ડમાં કેટલું અંતર થાય એ જાણી શકાય આ રીતે જવાબ આવે છે. ૯,૩૦,૦૦,૦૦૦ (નવ કરોડ ત્રીસ લાખ) માઈલ અથવા ૧૫૦૦,૦૦,૦૦૦ (પંદર કરોડ) કિલોમીટર.

આમ સૂર્યનું પૃથ્વીથી ચોકસાઈથી માપેલું સરેરાશ અંતર ૯,૩૦,૦૩,૦૦૦ માઈલ (અથવા આશરે ૧૫ ૦૦,૦૦,૦૦૦ કિલોમીટર) છે પૃથ્વી અને સૂર્ય વચ્ચેના આ અંતરને એકમ તરીકે લઈને ત્રિકોણમિતિની રીતથી બીજા ગ્રહોનાં અંતર બહુ ચોકસાઈથી માપી શકાયાં છે. આ અંતરને 'ઈલાઅંતર' પણ કહે છે. આ લેખ સાથેના કોષ્ટકમાં સૂર્ય અને ગ્રહોનાં અંતર દર્શાવ્યાં છે અને છેલ્લે પૃથ્વીથી ચંદ્રનું અંતર આપ્યું છે. આ કોષ્ટકમાં બીજી પણ કેટલીક માહિતી આપી છે.

આવી ત્રિકોણમિતિની રીત જેને લંબન (parallex)ની રીત કહેવાય છે તે વાપરીને સૂર્યમંડળની નજીકના તારાઓનાં અંતર માપવાના પ્રયોગો પણ કરવામાં આવ્યા. પરંતુ આ માટે પૃથ્વીની સપાટી ઉપરનાં મહત્તમ અંતર એટલે કે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ વચ્ચેનું અંતર પણ પૂરતાં થયાં નહિ. આથી ઈ. ૧૮૩૮માં બેસેલ નામના ખગોળશાસ્ત્રીએ પૃથ્વી પોતાની ભ્રમણકક્ષાના બે સામસામી છેડે જ્યારે આવે ત્યારે તે બંને વખતે એટલે કે દર છ માસના આંતરે દ્વારા '૬૧ હંસ' તારાનો વેધ લીધા કર્યો. આ ઉપરથી ગણતરી કરી તેણે તેનું કોણિય ચલાયમાન માપતાં માત્ર ૦·૩ સેકન્ડ (એટલે કે ૧ ડિગ્રી (અંશ)નો ૩૬૦૦મા ભાગના ૩/૧૦ જેટલો કોણ). છ માસમાં પૃથ્વી તેના મૂળ સ્થાનથી ૧૮,૬૦,૦૦,૦૦૦ માઈલ દૂર જાય છે, કારણ કે એની કક્ષાનો વ્યાસ

ગ્રહનું નામ	સૂર્યથી મધ્યમાન અંતર (માઈલમાં)	કક્ષાનો ભ્રમણકાળ	અક્ષના ચક્રિય ભ્રમણકાળ	કક્ષામાં ભ્રમણનો વેગ (માઈલ દર સેકન્ડ)	વિષુવવૃત્ત ઉપરનો વ્યાસ માઈલમાં	વજન (પૃથ્વી=૧)	કદ (પૃથ્વી=૧)	પલાયન વેગ માઈલ/સેકન્ડ	સપાટી ઉપર ગુરુત્વબળ (પૃ=૧)	ઘનતા ગ્રામ/ઘનસેમી	સપાટી ઉપરનું સરેરાશ ઉ. (ફેરનહિટમાં)
બુધ	૩,૬૦,૦૦,૦૦૦	૮૮ દિવસ	૮૮ દિવસ	૨૯.૭	૩,૧૦૦	૦.૦૪	૦.૦૬	૨.૧	૦.૨૭	૩.૮	૭૭૦
શુક્ર	૬,૭૨,૦૦,૦૦૦	૨૨૪ ,,	૩૦ દિવસ	૨૧.૭	૭,૬૦૦	૦.૮૩	૦.૮૮	૬.૩	૦.૮૫	૫.૨	૩૦૦
પૃથ્વી	૯,૩૦,૦૩,૦૦૦	૩૬૫¼ ,,	૨૩ ક. ૫૬ મિ.	૧૮.૫	૭,૯૨૬	૧.૦૦	૧.૦૦	૭	૧.૦૦	૫.૫	૧૪૦
મંગળ	૧૪,૧૫,૦૦,૦૦૦	૬૮૭ ,,	૨૪ ,, ૩૭ ,,	૧૫.૦	૪,૨૦૦	૦.૧૧	૦.૧૫	૩.૧	૦.૩૮	૪.૦	૮૫
ગુરુ	૪૮,૩૩,૦૦,૦૦૦	૧૧¾ વર્ષે	૯ ,, ૫૩ ,,	૮.૧	૮૮,૭૦૦	૩૧૮	૧૩૧૨	૩૭	૨.૬૪	૧.૩	—૨૦૦
શનિ	૮૮,૬૧,૦૦,૦૦૦	૨૯½ ,,	૧૦ ,, ૧૪ ,,	૬.૦	૭૫,૧૦૦	૯૫	૭૬૩	૨૨	૧.૧૭	૦.૭	—૨૪૦
યુરેનસ	૧,૭૮ ૩૦,૦૦,૦૦૦	૮૪ ,,	૧૦ ,, ૪૫ ,,	૪.૨	૩૨,૦૦૦	૧૫	૬૪	૧૩	૦.૯૨	૧.૩	—૩૧૦
નેપચ્યુન	૨,૭૯,૩૦,૦૦,૦૦૦	૧૬૪¾ ,,	૧૫ ,, ૪૮ ,,	૩.૪	૨૭,૬૦૦	૧૭	૪૨	૧૬	૧.૪૦	૨.૨	—૩૬૦
પ્લુટો	૩,૬૬,૬૦,૦૦,૦૦૦	૨૪૮ ,,	૬ દિવસ ૯ ક.	૩.૦	૩,૬૦૦	...	?	?	?	?	—૪૦૦
ચંદ્ર	પૃથ્વીથી ૨,૩૮,૮૪૦	દિ. ક. મિ. ૨૭-૭-૪૩	દિ. ક. મિ. ૨૭-૭-૪૩	૦.૬૪	૨,૧૬૦	૦.૦૧૨	૦.૦૨	૧.૫	૦.૧૭	૩.૩૩	દિવસે ૨૬૧ રાતે-૨૪૩
સૂર્ય	૯,૩૦,૦૩,૦૦૦	—	૨૫¼ દિ.	૧૮૦ અવકાશમાં	૮,૬૪,૦૦૦	૩૩૨૦૦૦	૧૩,૦૦,૦૦૦	૩૮૩	૨૭.૬	૧.૪૧	૬૦૦૦

પૃથ્વીનું વજન = ૬૬ × $૧૦^{૨૦}$ (૬૬ પછી ૨૦ મીંડાં) ટન • સૂર્યનું વજન = ૨ × $૧૦^{૨૭}$ ટન અથવા ૧.૯૮૨ × $૧૦^{૩૦}$ કિલોગ્રામ

પૃથ્વીનું કદ = ૮૦.૫૪ × $૧૦^{૧૦}$ ઘન માઈલ (૮૦૫ અબજ ઘન માઈલ) • ૧ માઈલ = ૧.૬૧ કિલોમીટર


સૂર્યની નજીકના ૧૦ તારા

તારાનું નામ	અંતર પ્રકાશવર્ષમાં	તેજાંક
૧ જય (Alpha Centauri)	૪.૩	૧
૨ વ્યાધ (Sirius)	૮.૭	૨૧
૩ ૬૧-હંસ (61 Cygin)	૧૧.૩	૬૬
૪ શ્રવણ (Altair)	૧૬.૫	૧૦
૫ મીનાસ્ય (Pomalhant)	૨૩	૧૩
૬ પુરુષ (Pollux)	૩૫	૩૦
૭ સ્વાતિ (Arcturus)	૩૬	૧૦૦
૮ બ્રહ્મહૃદય (Capella)	૪૭	૧૩૦
૯ રોહિણી (Aldebaran)	૬૮	૩૦૦
૧૦ મઘા (Regulus)	૮૪	૧૫૦

• આ તેજાંક જય તારાની તેજસ્વિતાને એકમ તરીકે લઈ તેની તુલનામાં બીજા તારાઓ કેટલા તેજસ્વી છે તે દર્શાવતો અંક

એટલો થાય છે. આથી આકૃતિ (૩)માં બતાવ્યા પ્રમાણે જો શરૂઆતમાં અ આગળ પૃથ્વી હોય તો છ માસ પછી તે બ આગળ આવશે અને અબ અંતર ૧૮,૬૦,૦૦,૦૦૦ માઈલ થશે. આટલા વિશાળ અંતરેથી માપ લેવા છતાં ક આગળ આવેલા તારાનો દિગંશ અત્યંત સૂક્ષ્મ જણાયો. આ રીતે આ હંસ (cynus) તારામંડળમાં '૬૧ હંસ' (61 Cygni) તારો ૬૫૦૦૦ અબજ માઈલ દૂર આવેલો માલૂમ પડ્યો.

અવકાશનાં પ્રચંડ અંતરો માપવા માટે માઈલનો માપદંડ બહુ નાનો પડે છે; એટલે સામાન્ય રીતે પ્રકાશનું કિરણ જે વેગથી ગતિ કરે છે તે વેગને (દર સેકન્ડે ૧,૮૬,૦૦૦ માઈલ અથવા ૩,૦૦,૦૦૦ કિલોમીટર) આધારભૂત એકમ તરીકે લેવામાં આવે છે. દાખલા તરીકે સૂર્યમાંથી નીકળેલા પ્રકાશને પૃથ્વી ઉપર પહોંચતાં ૮⅓ મિનિટ લાગે છે એટલે તે અંતરને ૮⅓ પ્રકાશ મિનિટ અંતર કહેવામાં આવે છે. પ્લુટો ઉપર સૂર્ય કિરણને પહોંચતાં આશરે ૩૨૮.૫ મિનિટ થાય છે એટલે પ્લુટોનું અંતર ૩૨૮.૫ પ્રકાશ-મિનિટ અથવા આશરે ૫.૫ પ્રકાશ-કલાક ગણાય છે, આવી જ રીતે ગણતરી કરતાં તારાઓનાં અંતર માપવા માટે પ્રકાશ-વર્ષ અંતરનો એકમ લેવો પડે છે. એક 'પ્રકાશ વર્ષ' એટલે દર સેકન્ડે ૧,૮૬,૦૦૦ માઈલના વેગથી જતું પ્રકાશનું કિરણ એક વર્ષે જેટલું અંતર કાપે તેટલું અંતર. ટૂંકમાં ૧ પ્રકાશ-વર્ષ = આશરે ૫૮,૬૫,૬૬,૬૦,૦૦,૦૦૦ મા. અથવા આશરે ૬૦૦૦ અબજ મા. આથી આ એકમમાં અંતર દર્શાવતાં '૬૧-હંસ' તારાનું અંતર લગભગ ૧૧ પ્રકાશ વર્ષ જેટલું ગણાય છે. 'જય' (Alpha cent-



આકૃતિ ૩



વૃષપર્વાનો રૂપવિકારી તારો

auri)નું અંતર ૪·૩ પ્રકાશ વર્ષનું છે અને એ તો સૂર્યમંડળથી સૌથી નજીકનો તારો છે. બીજો નજીકનો તારો વ્યાધ (sirius) ૮·૭ પ્રકાશ વર્ષ દૂર છે આ રીતનો ઉપયોગ કરી રશિયાના સ્ટ્રુવે નામના ખગોળશાસ્ત્રીએ 'અભિજિત' (vega) નામના તારાનું અંતર માપ્યું હતું, અને તે લગભગ ૨૭(૨૬·૫) પ્રકાશ વર્ષ માલૂમ પડ્યું હતું.

ઉપર જણાવેલી લંબન (harallax)ની રીત સામાન્ય રીતે ૩૦થી ૪૦ પ્રકાશવર્ષ દૂરના તારા માટે જ ઉપયોગી બને છે. છતાં કેટલાંક સૂક્ષ્મ અવલોકનોથી ૪૦૦ પ્રકાશવર્ષ દૂર સુધીના તારાઓનાં અંતરો ખગોળશાસ્ત્રીઓએ નક્કી કર્યાં છે. સૂર્યમંડળની નજીકના દશ તારાઓની વિગત સામે પાના પરના કોષ્ટકમાં આપી છે.

લંબન પદ્ધતિની મર્યાદા લક્ષમાં લઈ ને ખગોળશાસ્ત્રીઓએ તારાઓની તેજસ્વિતાને ધ્યાનમાં રાખી અંતર માપવાની બીજી રીત પણ શોધી કાઢી. તારાઓના તેમના કદ અને રંગ ઉપરથી જુદાંજુદાં જૂથ પાડવામાં આવ્યાં. એના અભ્યાસ ઉપરથી જાણવા મળ્યું કે એક જ જૂથના તારાઓની લાક્ષણિક તેજસ્વિતા એક સરખી હોય છે. આમ છતાં દૂરબીન વડે અવલોકન કરતાં તેમના અંતરના વ્યસ્ત વર્ગના પ્રમાણમાં તે તેજસ્વિતાની વધઘટ થાય છે. આ રીતે નજરે પડતી તેજસ્વિતાને I ગણીએ તો તેનું મૂલ્ય નીચેના સમીકરણથી મળશે.

$$I=\frac{d_1^2}{d_2^2}\times$$ (આપેલા જૂથના તારાની નિરપેક્ષ તેજસ્વિતા) જેમાં

d_1 એ વ્યાધના તારાનું અંતર છે અને d_2 જે તારાનું અંતર માપવાનું છે તેને માટે છે. Iનું મૂલ્ય દૂરબીન વડે ફોટોગ્રાફ લઇને ચોકસાઈથી નિયત કરવામાં આવે છે. સૂત્રમાં વ્યાધના તારાની તેજસ્વિતા ૧ ગણવામાં આવે છે.

આ રીતને સાદી રીતે જોઈએ તો ધારો કે કોઈ તારો વ્યાધ (sirius)-તારા કરતાં અર્ધો તેજસ્વી હોય તો તે તારાનું અંતર વ્યાધના કરતાં ૪ ગણું હશે. જો વ્યાધના કરતાં કોઈ તારાનું તેજ દસમા ભાગનું હોય તો તે તારાનું અંતર વ્યાધ કરતાં ૧૦૦ ગણું થશે. આવી રીતે વ્યાધના તારાના તેજને આધારભૂત લઈ હર્શેલે આપણા તારાવિશ્વના અનેક તારાઓનાં અંતરો નિયત કર્યાં હતાં.

આગળ જતાં આ ગણતરીમાં પણ ભૂલ માલૂમ પડી અને સમજાયું કે બધા તારા મૂળભૂત રીતે સરખા તેજસ્વી હોતા નથી. આથી હર્શેલે ઈ. ૧૮૦૧થી ૧૮૨૦ સુધીમાં જે તારાઓ અને બીજી નિહારિકાઓનાં અંતરો ગણેલાં તે ભૂલ ભરેલાં ઠર્યાં. ઈ. ૧૯૧૨ પછી એક નવી રીતથી આ અંતરોની ફરીથી ચકાસણી કરવામાં આવી. તારાઓનાં અંતર માપવાની ચોકસાઈ ભરેલી એ નવી રીત ઈ. ૧૯૧૨માં મિસ લેવિટ નામની એક ખગોળશાસ્ત્રીએ શોધી હતી તારાઓનાં તેજ હમેશાં એક સરખાં રહે છે. આમ છતાં કવચિત્ એવા તારાઓ પણ જોવા મળે છે કે જેમનાં તેજમાં વધઘટ થતી નજરે પડે છે. આવા તારાઓને રૂપવિકારી (variable) તારા કહે છે. આવા હજારો રૂપવિકારી તારાઓ શોધી કઢાયા છે. આ તારાઓના તેજની વધઘટનો સમય ઓછામાં ઓછા ૩ કલાકથી માંડીને અનેક દિવસોનો હોય છે. દાખલા તરીકે 'વૃષપર્વા' નામના તારામંડળના એક રૂપવિકારી તારાનું તેજ દર ૫·૪ દિવસમાં નોંધપાત્ર રીતે વધઘટ પામે છે. એક દિવસે તે અત્યંત તેજસ્વી દેખાય છે અને આશરે ૨·૫ દિવસમાં એ બહુ ઝાંખો પડી જાય છે અને ૫·૪ દિવસમાં તે ફરીથી તેજસ્વી બને છે. આ ઘટના નિરંતર ચાલ્યા કરે છે. ધ્રુવની એક બાજુ સપ્તર્ષિ તારામંડળ છે અને સામી બાજુ પંચકોણ રચતું વૃષપર્વા તારામંડળ છે. એમાં રૂપવિકારી વૃષપર્વાનો તારો એક ખૂણે જોડમાં આવેલા તારામાંનો એક છે. એને અંગ્રેજીમાં સેફાઈડ વેરીએબલ (Cepbeid Variable) કહે છે. જો ચોકસાઈથી ચારપાંચ દિવસ અવલોકન કરીએ તો નરી આંખે પણ એ તારાના તેજની વધઘટ જોઈ શકાય છે.

આવા અનેક તારાઓનાં અંતર બીજી રીતો વડે નિયત થએલાં છે. મિસ લેવિટે શોધી કાઢયું કે આવા રૂપવિકારી તારાઓનાં નિરપેક્ષ તેજ તેના પ્રકાશચક્રના સમય ઉપર આધારિત છે. તેણે એ પુરવાર કર્યું કે ૫·૪ દિવસમાં તેજની વધઘટ કરતા તારાનું તેજ એવા જ બીજે આવેલા તારાના જેટલું જ હોવું જોઇએ, પછી તે તારો આપણા તારાવિશ્વમાં હોય કે દૂરદૂરની અન્ય સ્વતંત્ર નિહારિકામાં હોય. આ ઉપરથી લેવિટે પ્રકાશચક્ર અને તેમનાં નિરપેક્ષ તેજ વચ્ચેનો સંબંધ નક્કી કર્યો. આ નક્કી થયા પછી તો આવા તારાઓનાં દેખીતાં તેજને વ્યસ્ત વર્ગનો નિયમ લાગુ પાડી તેમનાં અંતરો ચોકસાઈથી કાઢી શકાયાં છે. બહારની નિહારિકા (સ્વતંત્ર તારાવિશ્વો)માં પણ ઘણી વાર આવા રૂપવિકારી તારાઓ નજરે પડે છે અને તેના ઉપરથી તેમનાં અંતરો હવે બહુ ચોકસાઈથી નક્કી કરી શકાયાં છે. આમ અવકાશી અંતર માપવામાં લેવિટનો નિયમ આધારભૂત જણાયો. છે.

હવે પછી આપણે આ વિરાટ વિશ્વમાં રહેલા તારાઓ, તારાવિશ્વો નિહારિકા અને અન્ય આકાશી પદાર્થોનાં અંતરો વિષે જોઈશું.

સ્વ. ડૉ. યશવંત ગુલાબભાઇ નાયક

અમને જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે છેલ્લા કેટલાક માસથી 'કુમાર'માં પ્રકટ થતી ખગોળ વિષયક આ લેખમાળાના લેખક ડૉ. યશવંત ગુ. નાયક હૃદયરોગની સારવાર અર્થે સુરત ગએલા ત્યાં ગઈ તા. ૨૫મી મેના રોજ રાત્રે એમનું એકાએક અવસાન થયું છે. એમના આ માહિતીપ્રદ સરળ-સુગમ લેખોએ તદ્‌વિષયક રસિક વાચકોમાં સારી ચાહના મેળવી હતી. 'કુમાર' દ્વારા વિજ્ઞાનની વિવિધ શાખાનો સુગમ પરિચય આપવાની અમારી અભિલાષાના અત્યંત સાનુકૂળ પ્રતિભાવ રૂપે એમણે આરંભેલી આ લેખમાળા 'કુમાર' માટે એક સદ્‌ભાગ્ય સમી હતી.

માહિતીપૂર્ણ છતાં સામાન્ય જનને પણ સુગમ એવી સરળ રજૂઆત એ એમની લેખનશક્તિની એક લાક્ષણિકતા હતી. 'પૃથ્વીનો ઇતિહાસ,' 'પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર,' 'સૃષ્ટિવિજ્ઞાન–ભાગ ૧ થી ૩', 'સરળ આરોગ્ય વિજ્ઞાન', 'બાળકોનું વિજ્ઞાન–સાત ભાગ', 'પદાર્થ વિજ્ઞાન અને રસાયણની પરિભાષા' વગેરે જેવાં વિજ્ઞાનવિષયક ઉચ્ચ પ્રકારનાં એમનાં પાઠયપુસ્તકોએ છેલ્લી બે પેઢીના સંખ્યાબંધ વિજ્ઞાનરસિક વિદ્યાર્થીઓના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

એમનો જન્મ સુરત જિલ્લાના વેગામ ગામે ઈ. ૧૯૦૯ની ૬ઠ્ઠી જુલાઈએ. મુંબાઈની 'રૉયલ ઈન્સ્ટિટયૂટ'માં નોકરી કરતાં કરતાં ઈ. ૧૯૩૭માં તેઓ પી. એચડી. થયા. પછી અમદાવાદની ગુજરાત કૉલેજમાં અધ્યાપક અને છેલ્લે આચાર્ય બનેલા. ઈ. ૧૯૬૭માં નિવૃત્ત થઈ 'સી. યુ શાહ (માનવ મંદિર) વિજ્ઞાન મહાવિદ્યાલય'ના આચાર્ય થએલા. નિવૃત્તિકાળમાં પણ એમણે પોતાની નાજુક તબિયત સંભાળવા સાથે વિવિધ સામયિકોમાં સુગમ લેખો લખતા રહીને પોતાનો વિજ્ઞાનપ્રેમ તથા જનસામાન્યમાં વિજ્ઞાનના પ્રસારનું કાર્ય જારી રાખ્યાં હતાં.

એમના કુટુંબીજનો પર એકાએક આવી પડેલી આ આપત્તિ પ્રત્યે અમારી પૂરી દિલસોજી વ્યક્ત કરીએ છીએ અને એમના આત્માને શાન્તિ ઈચ્છીએ છીએ. —તંત્રી



ગુપ્ત સામ્રાજ્યના સિક્કાઓની કલામયતા: પ્રાચીન ભારતના સમસ્ત ઇતિહાસમાં ગુપ્ત સામ્રાજ્યનો સમય સુવર્ણયુગ ગણાયો છે. એ કાળમાં વધારેમાં વધારે સોનાના સિક્કા પડયા હોવાનું જાણવા મળે છે. કુશાન (પૂર્વ પંજાબ)માંથી સમુદ્રગુપ્તે આવા સિક્કા પાડવાનું કલા-કૌશલ મેળવીને તેમાં જે ભારતીય તત્ત્વ દાખલ કર્યું એ જ ગુપ્ત રાજ્યની કાળગણનાની ચાવી છે. લગભગ એકસરખા વજનના એ સિક્કાઓ પરનાં કલામય પ્રતીકોનાં શ્રી નંદલાલ વસુ, શ્રી અસીતકુમાર હલદાર ને શ્રી નિયોગી જેવા કલાકારોએ સાફ પ્રવાહિત રેખામાં કરેલાં નવવિધાન અહીં આપ્યાં છે. પ્રાચીન ભારતીય સિક્કાની આ સાથેની લેખમાળામાં ઉલ્લેખિત વિવિધ પ્રકારના સિક્કાઓ પરની ઘણી આકૃતિઓ આમાં જોઈ શકાશે. પ્રજાજીવનમાં કરેક કલા જાણેઅજાણે એકેએક માનવીની આંખને સ્પર્શે છે. ગુપ્તકાળના સિક્કાઓ પરની આ કળા, એ સમયને ભારતીય ઇતિહાસનો સુવર્ણકાળ ગણવાને સર્વથા યોગ્ય છે તેની પ્રતીતિ આપી રહે છે.

ગુપ્ત સમ્રાટોના
સિક્કા
[૪]

પ્રાચીન સિક્કા ૧૮

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

કુમારગુપ્ત ૧લાના પુત્ર સ્કંદગુપ્તના સુવર્ણસિક્કા માત્ર ત્રણ પ્રકારના છે. એમાં ૧૩૨ ગ્રેન ઉપરાંત ૧૪૪ ગ્રેનનું તોલમાન મળે છે, જે ૮૦ રતીનું ભારતીય તોલમાન છે. ગુપ્તોના સુવર્ણસિક્કાનો તોલ વધતો ગયો પરંતુ તેમાં સુવર્ણની માત્રા એટલી ને એટલી જ રહેતી, અને હલકી ધાતુનું પ્રમાણ વધતું હતું. એના આટલા પ્રકાર મળ્યા છે:

(૧) ધનુર્ધર પ્રકાર—એના અગ્રભાગ પર 'ક્રમાદિત્ય' અને 'સ્કન્દ' તથા પૃષ્ઠભાગ પર 'શ્રી સ્કન્દગુપ્ત:' લખેલું હોય છે. સ્કન્દગુપ્ત 'ક્રમાદિત્ય' હતો. ક્રમ એટલે પણ પરાક્રમ. આ પ્રકારના ઘણા સિક્કા મળ્યા છે.

(૨) અશ્વારોહ પ્રકાર—એક જ સિક્કો મળ્યો છે. એના પૃષ્ઠ ભાગ પર 'ક્રમાદિત્ય' લખેલું છે, પણ અગ્રભાગ પરનું લખાણ અવાચ્ય હોઈ, આ સિક્કો સ્કંદગુપ્તનો હોવાની પૂરી ખાતરી નથી.

(૩) એના અગ્રભાગમાં ડાબી બાજુએ હાથમાં ધનુષ-બાણ સાથે રાજા ઊભો છે. જમણી બાજુએ કોઈ સ્ત્રી ઊભી છે. એના ડાબા હાથમાં કમળની દાંડી અને જમણા હાથમાં કોઈ વસ્તુ છે, જેના તરફ રાજા જોઈ રહ્યો છે. કેટલાક આ સ્ત્રીને રાણી માને છે, તો કેટલાક (લક્ષ્મી) દેવી માને છે. આની સાથેનો લેખ પૂરો વંચાયો નથી આ સિક્કાના પૃષ્ઠભાગ પર પદ્માસના લક્ષ્મી છે. તેની સાથેના લેખમાં 'શ્રી સ્કન્દગુપ્ત:' લખેલું છે. (જુઓ મથાળે નીચેનો સિક્કો.)

પિતા કુમારગુપ્તની જેમ સ્કંદગુપ્તે પણ પશ્ચિમભારત માટે ગરુડની છાપવાળા ને મધ્યદેશ માટે મોરની છાપવાળા ચાંદીના સિક્કા પડાવેલા. (જુઓ મથાળે ઉપરનો સિક્કો) 'કુમાર'ની જેમ 'સ્કંદ' પણ કાર્તિકેયનું નામ છે, ગરુડની છાપવાળા સિક્કાના પૃષ્ઠભાગ પર નીચે પ્રમાણે 'પરમ ભાગવત મહારાજાધિરાજ શ્રી સ્કંદગુપ્ત ક્રમાદિત્ય:' લખેલું છે.



કેટલાક ચાંદીના સિક્કા પર ગરુડને બદલે વૃષભનું અને બીજા કેટલાક પર યજ્ઞકુંડનું ચિત્ર છે. કચ્છમાં યજ્ઞકુંડવાળા ૨૫૬ સિક્કા મળ્યા છે.

ગુપ્તવંશના ઇતિહાસમાં સ્કંદગુપ્તના વંશજો તથા ઉત્તરાધિકારીઓની બાબતમાં ઘણી અનિશ્ચિતતા પ્રવર્તે છે. સ્કંદગુપ્તના ભાઈ પુરુગુપ્તનો ઉલ્લેખ એના વંશજોના અભિલેખોમાં આવે છે. પરંતુ એના કોઈ સિક્કા મળ્યા નથી. એક સિક્કા પર 'પુરુગુપ્ત' વાંચવામાં આવેલું, પરંતુ આગળ જતાં એ 'બુધગુપ્ત' લખેલું જણાયું છે.

કુમારગુપ્ત ૨જો (ગુ. સં. ૧૫૪) પણ સ્કંદગુપ્તની જેમ 'ક્રમાદિત્ય' કહેવાતો. એના સમયથી સર્વે ગુપ્ત સમ્રાટો માત્ર ધનુર્ધર પ્રકારના સુવર્ણસિક્કા પડાવતા. કુમારગુપ્ત બીજાના સિક્કાના અગ્રભાગ પર રાજાના ડાબા હાથ નીચે 'કુ' અને પૃષ્ઠભાગ પર 'ક્રમાદિત્ય' લખેલું છે.

પુરુગુપ્તના પુત્ર બુધગુપ્તના અનેક અભિલેખ (ગુ. સં. ૧૫૭ થી ૧૬૯) મળ્યા છે. એના થોડા સુવર્ણસિક્કા પણ મળ્યા છે, જેમાં અગ્રભાગપર 'બુધ' અને પૃષ્ઠભાગ પર 'શ્રીવિક્રમ 'વંચાય છે. એના ચાંદીના સિક્કા પણ મળ્યા છે. એ મધ્યદેશના મયૂર પ્રકારના છે.

પુરુગુપ્તના બીજા પુત્ર વૈન્યગુપ્ત(ગુ. સં. ૧૮૮)ના સુવર્ણસિક્કાના પૃષ્ઠભાગ પર એનું બીજું નામ 'દ્વાદશાદિત્ય' આપેલું છે.

પુરુગુપ્તના ત્રીજા પુત્ર નરસિંહગુપ્તના સુવર્ણસિક્કાના પૃષ્ઠભાગ પરથી એનું બીજું નામ 'બાલાદિત્ય' હોવાનું જાણવા મળે છે. એણે હૂણ રાજા મિહિરકુલનો પરાજય કર્યો હતો.

▷
ઉપર:
મધ્યદેશ માટે સ્કંદગુપ્તે પડાવેલો મોરની છાપવાળો સિક્કો.
નીચે:
રાજારાણી પ્રકારનો(?) સ્કંદગુપ્તનો સિક્કો



નરસિંહગુપ્તનો પુત્ર કુમારગુપ્ત કુમારગુપ્ત બીજા(ગુ. સં. ૧૫૪)થી ભિન્ન છે, આથી એને કુમારગુપ્ત ત્રીજો કહે છે. એના સુવર્ણસિક્કા કુમારગુપ્ત બીજાના સુવર્ણસિક્કા કરતાં હલકા છે ને એના પૃષ્ઠભાગ પર 'ક્રમાદિત્ય' બિરુદ આપેલું છે.

એનો પુત્ર 'વિષ્ણુગુપ્ત 'શ્રી ચન્દ્રાદિત્ય' નામ પણ ધરાવતો એમ એના સુવર્ણસિક્કાઓ પરથી જાણાય છે. આ સિક્કા લગભગ ૧૫૦ ગ્રેનના છે, પરંતુ એમાં સોનાનું પ્રમાણ ૬૪ ગ્રેન અર્થાત્ ૪૩ ટકા જેટલું છે.

અંતમાં, ગુપ્તવંશના બીજા કેટલાક સિક્કાઓનો વિચાર કરીએ.

સમુદ્રગુપ્તના મોટા પુત્ર રામગુપ્તના તાંબાના સિક્કા જ મળ્યા છે. એ સિંહ ગરુડ અને કલશ પ્રકારના છે. એમાં પૃષ્ઠભાગ પર 'રામગુપ્ત' લખેલું હોય છે. અગ્રભાગ પર 'ઘટો' અને પૃષ્ઠભાગ પર 'ક્રમાદિત્ય' લખેલા સુવર્ણસિક્કા ઘટોત્કચગુપ્તના છે, જે કુમારગુપ્ત ૧લાના અને સ્કંદગુપ્તના સિક્કાઓની વચ્ચેના કાળના જણાય છે.

અગ્રભાગ પર અશ્વારોહ-સિંહનિહંતા રાજાની આકૃતિ અને પૃષ્ઠભાગ પર 'શ્રીપ્રકાશાદિત્ય:' બિરુદવાળા સુવર્ણસિક્કા મળ્યા છે, પરંતુ એના અગ્રભાગ પરના લખાણમાં રાજાનું મૂળ નામ વંચાયું નથી. 'પ્રકાશાદિત્ય' એ પુરુગુપ્તનું બીજું નામ હશે એવી અટકળ કરવામાં આવી છે, પરંતુ સિક્કાશાસ્ત્રની દૃષ્ટિએ એ સિક્કા બુધગુપ્તની પછીના લાગે છે.

અગ્રભાગ પર 'ચન્દ્ર' અને પૃષ્ઠભાગ પર 'શ્રી વિક્રમ' લખેલા પરંતુ ભારે તોલના સુવર્ણસિક્કા ચંદ્રગુપ્ત ૩જાના જણાય છે. એના પરની વિગતોથી માલૂમ પડે છે કે એ સિક્કા બુધગુપ્ત અને વૈન્યગુપ્તના સમયની વચ્ચેના ગાળાના હશે. મહારાજા હરિગુપ્તના નામવાળા તાંબાના સિક્કા છત્ર પ્રકારના તથા કલશ પ્રકારના મળ્યા છે. આ હરિગુપ્ત ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય અને ધ્રુવસ્વામિનીદેવીનો યુવરાજ ગોવિંદગુપ્ત હોઈ શકે.

સમુદ્રગુપ્તના નામનો સોનાનો એક સિક્કો તોલ વગેરેને લઈને સ્કંદગુપ્ત ને પ્રકાશાદિત્યની વચ્ચે થએલા સમુદ્રગુપ્ત બીજાનો મનાયો છે.

ભાનુગુપ્તનો અભિલેખ (ગુ. સં. ૧૯૧) મળ્યો છે, પણ તેના કોઈ સિક્કા મળ્યા નથી. બયાના(ભરતપુર)ની પાસે ૧૯૪૬માં તાંબાના એક કલશમાં ગુપ્તસમ્રાટોના લગભગ ૨૧૦૦ સુવર્ણસિક્કા મળેલા, જેમાંથી ૧૮૨૧ જળવાયા છે. એ આ સિક્કાઓનો સહુથી મોટો નિધિ છે. એમાં ઘટોત્કચગુપ્ત સુધીના સમ્રાટોના સિક્કા હતા.

ગુજરાતમાં વીરમગામ તાલુકાના કુમરખાન ગામમાં ૧૯૫૨-'૫૩માં સોનાના ૯ સિક્કા મળ્યા હતા, એમાં એક સમુદ્રગુપ્તનો પરશુ પ્રકારનો, બે કાચગુપ્તના, પાંચ ચંદ્રગુપ્ત બીજાના ધનુર્ધર પ્રકારના અને એક કુમારગુપ્ત ૧લાનો ધનુર્ધર પ્રકારનો હતો. ખંભાતમાં પણ કાચગુપ્તનો એક સિક્કો છે. કુમારગુપ્ત ૧લાના અને સ્કંદગુપ્તના ચાંદીના સિક્કા અહીં સંખ્યાબંધ મળે છે. આમ, ભારતના પ્રાચીન સિક્કાઓમાં ગુપ્તસમ્રાટોના સિક્કા ધાતુસમૃદ્ધિ લેખનશૈલી તથા કલાત્મક વૈવિધ્યની બાબતમાં અનોખી ભાત પાડે છે.

ચીન ખેડનારા ગુજરાતીઓ

હરિન શાહ

ચીન અત્યારે ભારે ચકડોળે ચડયું છે, અને દુનિયામાં, વડા પ્રધાન ચો એન લાઈની આંખ મિચાતાં અને તરડાઈ ગએલું વૃદ્ધ માઓ ત્સે તુંગનું મોઢું અને અવાજ ઉઘાડાં પડી જતાં, ચકચાર ચાલી રહી છે. ભારતે બારીકાઈથી જોતા રહીને, વિચારીને સ્ફૂર્તિથી વર્તવાની આ અણમોલ ઘડી છે.

દુનિયામાં કોઈ ખંડ કે ખૂણો એવો નથી, કોઈ ધંધોધાપો કે ઉદ્યોગ-ઉદ્યમ એવો નથી જે ગુજરાતીએ ખેડયો ન હોય. તો પછી ચીન પણ, શક્તિ અનુસાર ખેડયા વગર ગુજરાતી રહી કયાંથી શકે?

ચીન કંઈ આફ્રિકા નહોતું કે ગુજરાતીઓ જઇને તેને ઉઘાડે. ચીન કંઈ ફીજી કે મોરીશિયસ પણ નહોતું કે હિંદીઓ જઇને વસાવે. ચીન કંઈ એડન કે સુદાન નહોતું કે ગુજરાતીઓએ જઇને વેપાર કરતાં શીખવવું પડે. ને તો પણ ચીનને સાવ કોરું તો આપણે રાખ્યું નહોતું. છતાં જે ગુજરાતીઓ કર્ણાટક, આંધ્ર ને તામિલનાડુમાં દૂધમાં સાકરની જેમ ભળી જઇને અને બંગાળ, આસામ ને નાગાલૅન્ડમાં પણ એકરસ થઈ જઇને ચપચપ બોલી બોલવા માંડે તેને પણ ચીન અનેકરીતે કઠણ તો પડતું હતું ચીનનો સમાજ જ ખૂબ ભેદી. બધું ખાનગી ખાનગી, છૂપું છૂપું. એવું જડબેસલાક ચાલે કે હાડકાં ય ન મળે. આજે ય આપણે જોઇએ છીએ કે ચીનમાં ડેરા કાઢીને બેઠેલા પરદેશના મુત્સદીઓ મિયાંની મીંદડીની જેમ કહેશે કે ચીનની પાર્લમેન્ટની બેઠક કદાચ મહિના પહેલાં મળી હશે! આવા ચીની સમાજમાં ભળી જવું ગુજરાતી—જે ચુસ્ત શાકાહારી પણ ખરો—માટે બહુ કઠણ હોય છે.

ચીની ભાષાએ તો ભલભલાનાં જડબાં ને ભેજાં ભાંગી નાખ્યાં છે. એટલે ચીની ભાષા શીખવાના દાખડામાં ગુજરાતી સામાન્યરીતે પડતા જ નહિ. આથી ચીનના ઊંડાણના વિસ્તારમાં કોઈ ગુજરાતીના ફરકવાની તો વાત જ નહોતી. પરિણામે કારખાનાં ને વેપારથી ધીકતા સીંગટાઓ, ટીએનસીન કે ડાઇરેન જેવાં બંદરી શહેરોમાં કોઈ ગુજરાતી ગયો નહોતો. ત્યાં અંગ્રેજો, અમેરિકનો, જર્મનો, ફ્રેન્ચ, જાપાનીઝો વગેરે જામતા. તે બધાને પોતપોતાના દેશની સરકારો, બેંકો, વીમા કંપનીઓ, શિપિંગ કંપનીઓ વગેરેની હૂંફ પણ મળતી. જ્યારે ગમે તેટલી આવડત-હિકમત ને સાહસે દાગરીવાળા હિંદી ગુજરાતીએ તો ગુલામ દેશના નાગરિક તરીકે ઓથવિહોણા, સાવ ફૂહડ તરીકે ઝંપલાવવાનું રહેતું.

ગુજરાતીઓને જાપાન વધારે ભાવેલું. પ્રજા વધારે ઘડાએલી સંસ્કારી, સમજી શકાય તેવી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારે પાવરધી. ચીન જેવું ભેદીભેદી ને બિહામણું નહિ. જાપાનીઝ ભાષા તો ગુજરાતીઓ કડકડાટ શીખી લેતા ને બોલતા રહેતા. જાપાનના મબલખ કાપડ ઉદ્યોગે અને શણ, કોલસા, લોખંડ જેવી કાચી જણસોની ભૂખે ભારતના વેપારને અને વેપારીને વધારે આકર્ષેલા હતા.

એટલે ચીન ખેડનારું એક નાનું ગુજરાતી ઝૂમખું શાંઘાઈમાં જ હતું. લડાઈ પહેલાં પણ શાંઘાઈ પચરંગી નગરી હતી. દુનિયાની બધી પ્રજાના નમૂના ત્યાં હતા. અઢી લાખ તો ક્રાંતિ વખતે ભાગીને આવેલા 'વ્હાઈટ રશિયન્સ'–સફેદ રશિયનો હતા. પાંસઠ લાખની વસતિવાળા શાંઘાઈમાં કાઠી ભાયાતોની પાટીની જેમ અંગ્રેજી, ફ્રેન્ચ, અમેરિકન, જર્મન, જાપાનીઝ એવા લત્તાઓનાં 'સેટલમેન્ટ' હતાં, ને ત્યાં સૌ સૌનાં જુદાં વહીવટીતંત્ર ને હકૂમત ચાલતાં. આપણા જૂના ઓળખીતા અને 'માબાપ' તરીકે અંગ્રેજો સાથે તો ફાવે જ! એટલે ગુજરાતીઓનું ઝૂમખું શાંઘાઈમાં પડયું હતું. ગુજરાતીઓ સિવાય એવા જ બીજા પરદેશ ખેડૂ સિંધી ને મુલતાની પણ શાંઘાઈમાં સારી સંખ્યામાં હતા. હૉંગકૉંગમાં તો તેઓ કાપડનો ધીકતો ધંધો ચલાવતા હતા (કિસનચંદ ચેલારામ, હરિલીલા વગેરે). હૉંગકૉંગ બ્રિટિશ કૉલોની હોવાને લીધે રહેણીકરણી અને વહીવટીતંત્ર હિંદીઓને ત્યાં વધારે ફાવતાં હતાં—ચીનની સરખામણીમાં.

ગુજરાતીઓને કાપડ ઉદ્યોગ અને રૂના વેપાર સાથે ઘણી લેણાદેણી, તેથી રૂ અને કાપડનું મોટું કામ કરતી કોટક કંપની (ગિધુભાઈ કોટકની) અને કેશુભાઈ પારેખની કંપની જાણીતાં હતાં. કોટક કંપની વતી યુવાન ચંપકભાઈ શાંઘાઈમાં હતા. પૈસેટકે કદાચ કેશુભાઈ પારેખ (અત્યારે રાજકોટમાં વસ્યા છે) સૌને આંટી જતા હતા. આગતાસ્વાગતામાં તો જરા યે મણા નહિ. પૂરી કાઠિયાવાડી પરોણાગત. તેમાં વળી મારી પાસે અલકમલકની વાતો, ને ચાંગકાઈ શેક સરકારના ભીતરના પ્રવાહો પણ ખરા. તેથી હું નાનકિંગથી વારંવાર શાંઘાઈ આવતો ને કેશુભાઈ, ભગવાનજીભાઈ (ચોહાણ? ઘણું કરીને ધોરાજીના) વગેરે સાથે સાંજે ખીચડી-રોટલાનાં વાળુપાણી થાય જ. પુરુષોને જ જ્યાં ચીનમાં રહેવું આકરું પડે ત્યાં બહેનો ને કુટુંબને લઈ જવાની તો વાત જ કેવી? મોટા ભાગના તો છડેછડા જ હોતા. મુંબાઈના જાણીતા આંખના દાક્તર ડૉ. રત્નાકરના દીકરા રત્નાકર પણ ત્યાં ધંધામાં પડયા હતા ને ઉત્સાહી હતા. હાથ લાગે તેવી આઇટમનો બધો ધંધો કરવા આપણા ભાઇઓ તૈયાર! શાંઘાઈમાં ઘણું કરીને સિંધિયા સ્ટીમ નૅવિગેશન વતી પણ કોઈક ગુજરાતી ત્યારે હતા. મુખ્ય વેપાર તો રૂ, કાપડ, શણનો હતો. પચીસેક ગુજરાતી ભાઇઓ ત્યારે શાંઘાઈમાં હશે. મોટા ભાગના એક જ લત્તામાં પાર્ક હોટેલની પાછળ, કૅપિટલ થીએટર પાસેના ઍપાર્ટમેન્ટ્સમાં રહેતા.

શાંઘાઈમાં સૌથી મોટું હિંદી જૂથ તો શીખોનું હતું. અંગ્રેજ, ફ્રેન્ચ, અને અમેરિકન વગેરે જુદી જુદી હકૂમતોને શીખ પોલીસ અને ચોકીદારો સસ્તા પણ પડતા ને ચીનાઓને કાબૂમાં રાખવા માટે ગોરાને બદલે શીખો ઠીક પડતા. એટલે શાંઘાઈના ઇન્ટરનૅશનલ પોલીસ ફોર્સમાં શીખ પોલીસોની સંખ્યા હજારોની હતી. પોલીસ તરીકે પગાર ઉપરાંત બીજી કમાણી હોય જ, એ તો ઉઘાડી વાત છે. તેમાં સરદારજીઓએ વધારે અક્કલ વાપરીને ચીનાઓમાં ધીરધાર કરવાનો ધંધો પાથર્યો હતો. પછી તો પૂછવું જ શું? નાણાં ધીરનાર પણ શીખ ને દંડો વાપરી બતાવનાર પોલીસ પણ શીખ. કહે છે કે આપણે ત્યાં હઠે ચડી ગએલાં છોકરાંને બીવડાવવા જેમ 'પોલીસ લઈ જશે' તેથી બીક બતાવવામાં આવતી તેમ ચીની કુટુંબોમાં શીખનું નામ પડતાં છોકરાં છાનાં રહી જતાં!

પરંતુ ચીનમાં મને સૌથી વધારે યાદ આવનાર એક વિશિષ્ટ ગુજરાતી હતા—દૂધા. 'દૂધાકાકા'ના હુલામણા નામે આ ઊંચા, કદાવર અને ઉંમરે પહોંચેલા પારસીને સૌ બોલાવતા. શાંઘાઈના કસ્ટમ્સ ખાતામાં તેઓ ઊંચા હોદ્દેથી નિવૃત્ત થયા હતા. દૂધાકાકા તેમની કાલીઘેલી પારસી ગુજરાતીમાં વહાલથી નવડાવી નાખતા. જોકે 'દૂધીકાકી' (એટલે દૂધાકાકાનાં વહુ જ તો!)ને એમ કહી શકાય તેમ નહોતું, કારણ કે કાકી તો ખાસ્સાં ચાઈનીઝ હતાં. ચહેરે પીળાંને બદલે સહેજ શ્યામલ ખરાં એટલે કૅન્ટોનીઝ ચાઈનીઝ હોવાં જોઈએ. પરંતુ કાકી પણ ભારે મીઠાં, અસલ દેશી કાકી જેવાં! દૂધાકાકા ને ચાઈનીઝ કાકીને એક દીકરી, જે પરણી ફ્રેન્ચને! આ આંતરરાષ્ટ્રીય ગરબા—સરકીટ—પર અમે ખાનગીમાં હેરતથી મરકી લેતા.

ઓછામાં ઓછો એક હિંદી ઊંડે ઊંડે મંચુરિયામાં પણ પેસી ગયો

(અનુસંધાન પૃષ્ઠ ૨૯૫)

જેમાં ડિટેક્ટિવ ફેલુદા રહસ્યખોજ માટે પ્રવૃત્ત થાય છે એ

ગણેશમૂર્તિની ચોરી

સત્યજિત રાયની એક બંગાળી રહસ્યકથા ઉપરથી • અનુવાદક: સુકન્યા ઝવેરી

‘કલકાટા’ના રસે યાએ ‘ફાફલ કરી’ ખૂબ સ્વાદિષ્ટ બનાવી હતી. અન આખા દિવસના જાતજાતના બનાવ પછી માન્યું હતું કે નિરાંતે ઊંઘી જઈશું. પણ રૂમમેઈટ જીવનબાબુએ ઊંઘવા ન દીધા! જાડા, બટકા ને મોટી દાઢીવાળા જીવનબાબુએ તકિયા પર માથુ મૂકતાંમાં તો ભયકર નસકોરાં બોલાવવા માંડયાં. સજ્જન એક મેડિકલ કંપનીના રેપ્રિઝેન્ટેટિવ. બે દિવસથી આવ્યા હતા. કાલે સવારે ચાલ્યા જવાના હતા. ફેલુદા સાથે ઓળખાણ થતાં એક જ મિનિટમાં બૅગ ખોલી કંપનીનું નામ કોતરેલી બૉલ-પેન ફેલુદાને ભેટ આપી.

બીજે દિવસે સવારે સાડા સાતમાં અમે ત્રણે નાહીધોઈ ને ચાનાસ્તો લઈ રેડી! નીકળતાં પહેલાં અમને નિરંજનબાબુ સામે મળ્યા. ફેલુદાએ એકાદ બે આડીઅવળી વાત કરી પૂછ્યું: ‘મનગલાલ મેઘરાજનું મકાન ક્યાં છે, ખબર છે?’

‘મેઘરાજ ને? મને લાગે છે એનાં બે મકાન છે. બંને એકદમ હાર્ટ ઑવ કાશીમાં. એક છે જ્ઞાનવાપીની ઉત્તર બાજુની ગલીમાં. તમે ત્યાં કોઈ ને ય પૂછશો તો બતાવી દેશે. પરમ ધાર્મિક છે તેથી રોજ વિશ્વનાથનો ઘંટારવ સાંભળતાં સાંભળતાં જ રૂપિયાનો હિસાબ કરે છે.’

નિરંજનબાબુ પાસેથી બીજા ખબર એ મળ્યા કે મછલીબાબા હજુ બીજા છ દિવસ શહેરમાં રહેવાના છે. એ સાંભળીને ફેલુદા એનું એકપાસુ હાસ્ય હસ્યો, પણ કંઈ બે લ્યો નહિ.

રાઈટ આઠના ટકોરે અમે ‘શંકરી નિવાસ’ને દરવાજે જઈ પહોંચ્યા. ત્રિલોચનનો ચહેરો રાતના બરાબર જોયો નહોતો. આજ દિવસના અજવાળામાં એના થોભિયાનો રૂઆબ જોઈ હું તો ઠંડો જ થઈ ગયો. ઉમર નક્કી સિત્તેરની આસપાસ હશે, તો પણ એની કરોડનો મેરુદંડ એકદમ ટટ્ટાર! અમને જોઈ ને એ હસ્યો અને એક સ્માર્ટ સૅલ્યુટ ઠોકી દરવાજો ખોલ્યો. જેવા અમે પોર્ચ (ગાડી ઊભી રાખવાના વરંડા) તરફ આગળ વધ્યા કે તરત જ વિકાસબાબુ સામે આવ્યા: ‘બારીમાંથી તમને આવતાં જોયા.’ ભલા માણસે હજુ હમણાં જ દાઢી કરી હશે. ડાબી તરફની ટીશી નીચે હજુ સાબુ લાગેલો હતો. ‘અંદર જઈશું? મોટા શેઠ તૈયાર જ છે. પહેલાં એમને જ મળવું છે ને?’

ફેલુદા બોલ્યો: ‘તે પહેલાં તમારી પાસેથી થોડું તથ્ય જાણીને નોટ કરી લઉં.’ ‘ભલે તે; બોલો. શું જાણવું છે?’

વિકાસબાબુ પાસેથી થોડીક માહિતી માગી લઈ જે એમણે નોટબુકમાં લખ્યું તે આ પ્રમાણે હતું.

૧) મગનલાલ ઉમાનાથબાબુને ૧૦મી ઑક્ટોબરે મળવા આવેલો.

૨) ઉમાનાથબાબુ એમનાં પત્ની અને પુત્રને લઈ મછલીબાબાનાં દર્શને ૧૫મી ઑક્ટોબરે સાંજે સાડા સાત વાગ્યે ગયા હતા. ઘેર આવ્યા લગભગ સાડાઆઠ પછી. આ સમય દરમિયાન ગણેશની ચોરી થઈ.

૩) ૧૫મી ઑક્ટોબરે ૭-૩૦થી ૮-૩૦ સુધી ‘શંકરી નિવાસ’માં હતા: ઉમાનાથબાબુના બાપુજી અંબિકા ઘોષાલ, વિકાસ સિંહ, અંબિકાબાબુનો ચપરાશી વૈકુંઠ, નોકર ભરદ્વાજ, નોકરાણી સૌદામિની, રસોયો નિત્યાનંદ, માળી લક્ષ્મણ, એની વહુ ને એનો સાત વર્ષનો દીકરો, દરવાન ત્રિલોચન, પ્રતિમાનો કારીગર શશી પાલ ને એનો દીકરો કાનાઈ, ને પ્રતિમાના કામમાં મદદનીશ એક જણ—નામ એનું નિવારણ. એ એક કલાકની અંદર બહારથી કોઈ આવ્યું નહોતું. તો પછી એનો અર્થ એ જ કે એમનામાંથી જ કોઈકે અંબિકાબાબુના ઓરડામાં જઈ, તેમના ટેબલના ખાનામાંથી ચાવી કાઢી, તિજોરી ખોલી ગણેશ કાઢી લીધા હતા.

નોંધ પૂરી કરી ફેલુદાએ વિકાસબાબુને કહ્યું: ‘ખરાબ ન લગાડતા. આમાંથી કોઈ ને ય છોડાય નહિ, તેથી તમને પણ—’ ફેલુદાની વાત પૂરી થાય તે પહેલાં જ વિકાસબાબુ હસીને બોલ્યા: ‘સમજું છું, આ વિષે પોલીસ સાથે પણ એક વાર વાત થઈ ગઈ છે. મેં એ એક કલાક દરમિયાન શું શું કર્યું હતું એ જ જાણવું છે ને?’

‘હા, પણ એ પહેલાં એક સવાલ પૂછી લઉં.’

‘બોલો,—પણ અહીં શું કામ? ચાલોને મારા ઓરડામાં જઈએ.’

ઘરના બારણામાં પ્રવેશતાં જ જમણી બાજુ ઉપલે માળે જવાનો દાદર અને ડાબી તરફ વિકાસબાબુનો ઓરડો. બાકીની વાત એમના ઓરડામાં બેઠાબેઠા જ થઈ. ફેલુદાએ પૂછ્યું: ‘તમે તો ગણેશની વાત ચોક્કસ જાણતા જ હશો.’ ‘ઘણા વખતથી જાણું છું.’

‘મગનલાલ ઉમાનાથને મળવા આવ્યા ત્યારે તમે ઘરમાં જ હતા?’

‘હા; મેં જ મગનલાલને રિસીવ કર્યા હતા ને બેઠકખંડમાં બેસાડીને ભરદ્વાજને મોકલી ઉપલે માળે મિ. ઘોષાલને ખબર આપ્યા હતા.’

‘પછી?’ ‘પછી હું મારા ઓરડામાં ચાલ્યો આવ્યો.’

‘બંને વચ્ચે જે વાદવિવાદ થયો હતો એ તમે જાણો છો!’

‘ના, મારા ઓરડામાંથી બેઠકખંડમાં થતી વાતચીત સંભળાતી નથી. અને એમાં પાછો મારા ઓરડામાં રેડિયો વાગતો હતો.’

‘જે દિવસે ગણેશની ચોરી થઈ, તે દિવસે પણ તમે તમારા ઓરડામાં જ હતા?’

‘મોટા ભાગનો સમય હું મારા ઓરડામાં જ હતો. મિસ્ટર ઘોષાલ વગેરે જ્યારે બહાર ગયા ત્યારે દરવાજા સુધી હું મૂકવા ગયો હતો. ત્યાંથી પછી હું પૂજામંડપમાં ગયો. શશીબાબુનું કામ જોવું મને ખૂબ ગમે છે. તે દિવસે એમને જોઈને લાગ્યું કે એમની તબિયત સારી ન હતી. તેથી પૂછ્યું તો કહે કે ક્યારેક વચ્ચે વચ્ચે આવું થઈ જાય છે. તેથી હું મારા ઓરડામાં આવ્યો અને દવા લઈને એમને આપી આવ્યો.’

‘હોમિયોપથી દવાને? તમારા શેલ્ફ પર હોમિયોપથીનાં બે પુસ્તકો તો દેખાય છે.’ ‘હા, હોમિયોપથી.’

‘શી દવા આપી હતી, કહેશો?’ ‘પલસેટિલા થર્ટી.’

‘દવા લઈ ને ઓરડામાં પાછા ફર્યા!’ ‘હા.’

‘પછી ઓરડામાં શું કરતા હતા?’

‘લખનૌ રેડિયો પરથી અખતરીબાઈની રેકોર્ડ આવતી હતી તે સાંભળતો હતો.’ ‘કેટલીવાર સુધી રેડિયો સાંભળ્યો?’

‘એ તો ચાલુ જ હતો, ને હું ઈલસ્ટ્રેટેડ વીકલી વાંચતો હતો.’

‘એ પછી મિસ્ટર ઘોષાલ પાછા ન આવ્યા ત્યાં સુધી બહાર નીકળ્યા જ નહોતા!’

‘ના, બૅંગાલ કલબ ‘‘કાબુલીવાળા’’ નાટક ભજવવાની છે એમના તરફથી બે જણ મિસ્ટર ઘોષાલને મળવા આવવાના હતા, બનતાં સુધી એમને મુખ્ય મહેમાન બનવાનો અનુરોધ કરવા,—એમના આવવાની રાહ જોતો હતો.’ ‘તેઓ આવ્યા હતા?’

‘ખૂબ મોડેથી; નવ પછી.’

ફેલુદા બારણામાંથી ઉપલે માળ જવાના દાદર તરફ જોઈ ને બોલ્યો: ‘તમે જ્યાં બેઠા હતા ત્યાંથી એ દાદર દેખાતો હતો ખરો?’ ‘હા.’

‘તમે કોઈ ને ય ઉપર જતા કે નીચે ઊતરતા જોયા હોય એવું યાદ છે?’

'ના. પણ આ સિવાય પણ બીજો દાદર છે—પાછળની બાજુ : એ ભંગી માટેનો દાદર. જો કોઈ ત્યાંથી ઉપર જાય તો મને ખબર ન પડે.'

વિકાસબાબુ સાથે વાત પૂરી કરી અમે એમને લઈને પહેલા માળે અંબિકાબાબુના ખંડમાં ગયા. બારી પાસે એક જૂની આરામખુરશીમાં બેઠાબેઠા વૃદ્ધ સજ્જન મન પરોવીને 'સ્ટેટ્સમૅન' છાપું વાંચતા હતા. પગલાંનો અવાજ સાંભળી, છાપું હટાવી, ગરદન ફેરવી, સોનાનાં ચશ્માંની ઉપરની બાજુથી ભવાં ચડાવી અમારી તરફ જોયું. એમને માથે ટાલ, બે પડખે સફેદ રૂ જેવા વાળ, દાઢી અને મૂછ શેવ કરેલાં, બંને ભમર પર, કાળા સફેદ ભેગા વાળ. વિકાસબાબુએ અમારી ઓળખાણ કરાવી.

અંબિકાબાબુએ મોં ખોલ્યું કે તરત ખબર પડી કે એમને ખોટા દાંતનું ચોકઠું છે. વાત કરતાં કરતાં લગાતાર કટ કટ કટ અવાજ થાય. લાગે કે હમણાં જ ચોકઠું નીકળી પડશે! પહેલાં તો સીધું લાલમોહનબાબુ તરફ જ જોઈને બોલ્યા : 'તમે પણ પોલીસના માણસ છો?' લાલમોહનબાબુ તો ભડકી ગયા. થૂક ગળીને બોલ્યા : 'હું! ના ના—હું તો કોઈ જ નથી.' 'કોઈ જ નથી? એ વળી કઈ જાતનો વિનય?'

'ના, આ જ, એટલે કે, ડિ—ડિ—'

વિકાસબાબુએ આગળ આવી વાત બરાબર સમજાવી : 'આ છે પ્રદોષ મિત્ર...ડિટેક્ટિવ તરીકે એમની ખૂબ નામના છે. પોલીસ તો કંઈ જ કરી શકી નથી. તેથી મિસ્ટર ઘોષાલ કહે—'

અંબિકાબાબુએ તરત ફેલુદા ભણી સીધી નજર નાખી : 'ઉમા શું કહે છે? કહે છે કે ગણેશ ગયા એટલે વંશનો નાશ થઈ જશે? નૉનસેન્સ! એની ઉંમર કેટલી? ચાલીસ તો પૂરાં થયાં નથી. મારી તેંતેર, ઘોષાલ વંશનો ઇતિહાસ એ મારા કરતાં ય શું વધુ જાણે છે? ઉમાએ ધંધામાં ઉન્નતિ કરી છે એ શું ગણેશના પ્રતાપે? પોતાનામાં અક્કલ ન હોત તો ગણેશે શું કરત? અને એનામાં જે અક્કલ છે એ શું ગણેશે દીધી છે? એ બુદ્ધિ તો એને વારસાગત મળી છે. નાઇન્ટીન ટ્વેન્ટીફોરમાં કેમ્બ્રિજમાં મૅથમૅટિક્સમાં 'ટ્રાઈપૉસ' કરવા જતો હતો અંબિકાઘોષાલ—જેને તમે તમારી સામે નિહાળી રહ્યા છો. જવાને સાત દિવસ બાકી અને પીઠ પર કારબંકલ થયું. જાઉં જાઉં સ્થિતિ. માનો કે તેમાંથી ગણેશે ઉગારી લીધો, પણ પછી હંમેશ માટે વિલાયત જવાનું પડી ભાંગ્યું. એને માટે કોણ જવાબદાર? ઉમાનાથમાં વ્યાપારી બુદ્ધિ ઘણી છે એમાં ના નહિ; પણ એણે જન્મવું જોઈતું હતું સો વર્ષ પહેલાં. વળી હમણાં તો સાંભળ્યું છે કે કોઈ બાવાજી પાસે પાછો દીક્ષા ય લેવાનો એનો વિચાર છે.'

'એટલે કે તમને ગણેશ ગયા એનો અફસોસ નથી એમ જ ને?'

અંબિકાબાબુએ ચશ્માં કાઢી આંખી નજર ફેલુદાના મોં પર ફોકસ કરી : 'ગણેશના ગળામાં એક હીરો જડેલો હતો, એની વાત ઉમાનાથે કરી કે નહિ તમને?' 'કરી છે ને.'

'હીરાનું નામ કહ્યું છે?' 'ના, એ નથી કહ્યું.'

'એ જ તો ન જાણે, તો તમને ક્યાંથી કહે? વનસ્પતિ હીરાનું નામ સાંભળ્યું છે?' 'લીલા રંગનો ને?'

ફેલુદાની આ એક વાત સાંભળી અંબિકાબાબુ નરમ ઘેંસ થઈ ગયા. નજર નીચી કરી બોલ્યા : 'ઓહ! તમે પણ એ વિષયમાં થોડુંઘણું જાણતા લાગો છો. અત્યંત રૅર હીરો. મને અફસોસ શાનો છે, ખબર છે? કેવળ કીમતી વસ્તુ છે એટલે નહિ, કીમતી તો છે જ. એના માટે કેટલો ટૅક્સ દેવો પડતો—સાંભળશો તો મગજ ચકરાઈ જશે. અસલ વાત છે—ઈટ વૉઝ અ વર્ક ઑફ આર્ટ. બાકી એ લક-બકમાં હું નથી માનતો.'

'આ ટેબલના ખાનામાં જ ચાવી હતી?' ફેલુદાએ પૂછ્યું.

અંબિકાબાબુની આરામખુરશીથી ત્રણચાર હાથ છેટે જ બે બારીની વચ્ચે ટેબલ. ઓરડાની દક્ષિણ બાજુ તિજોરી. વાયવ્ય ખૂણામાં બંનેની વચ્ચે એક જબરદસ્ત મોટો જૂના જમાનાનો પલંગ તેના ઉપર એક છ ઇંચની જાડી ગાદી. તેના પર ચાદર પાથરેલી. અંબિકાબાબુ ફેલુદાના સવાલનો જવાબ ન દેતાં સામો સવાલ પૂછી બેઠા : 'હું સાંજના નશો કરું છું એ ઉમાએ કહ્યું તમને?' 'જી હા.'

ફેલુદાને આટલી નમ્રતાથી કોઈની સાથે વાત કરતા જોયા નથી. અંબિકાબાબુ કહે : 'હું ખાઉં છું અફીણ. સંધ્યા પછી મને ઝાઝા હોશકોશ નથી રહેતા. તેથી સાત ને આઠની વચ્ચે ઘરમાં કોઈ આવ્યું હતું કે નહિ એ સવાલ મને પૂછવાથી કંઈ વળશે નહિ.'

'આપની ખુરશી જે રીતે છે એ જ રીતે સાંજના પણ હોય છે?'

'ના; સવારના છાપું વાંચું એટલે બારી મારી પાછળ હોય. સાંજના આકાશ જોઉં તથી બારી સામે હોય.'

'તો પછી ટેબલ તરફ આપની પીઠ હોય. એનો અર્થ એ કે કોઈ પેલી તરફના બારણામાંથી અંદર આવે તો આપને દેખાય નહિ.' 'ના.'

ફેલુદાએ પછી ટેબલ પાસે જઈ ખૂબ આસ્તેથી, સાવધાનીપૂર્વક ખેંચીને ખાનું ખોલ્યું. કાંઈ જ અવાજ ન થયો. બંધ કરતી વખતે પણ નહિ.

એ પછી ફેલુદા તિજોરી પાસે ગયો. 'પોલીસે ચોક્કસ એની અંદર બરાબર બારીકાઈથી તપાસ તો કરી જ લીધી હશે?'

વિકાસબાબુ બોલ્યા : 'એ તો તપાસી લીધી છે પણ કંઈ જ હાથ લાગ્યો નહિ.'

અંબિકાબાબુના ઓરડામાંથી નીકળતાં જમણી બાજુ નીચે જવાનો દાદરો, અને ડાબી તરફ એક નાનકડો ઓરડો. ઓરડાની જમણી બાજુ બહાર નીકળતાં એક પહોળો સફેદ પથ્થરથી બાંધેલો વરંડો. આ થયો મકાનનો દક્ષિણ ભાગ. પૂર્વ તરફ બગીચાના લીમડા અને આમલીની વચ્ચેથી દૂર ગંગાનાં પાણી સવારના તડકામાં ચમકતાં હતાં. સામે અને જમણી તરફ બનારસ શહેર પથરાએલું હતું. હું મંદિરનાં શિખરો ગણતો હતો. ફેલુદાએ વિકાસબાબુને એક સિગારેટ આપી અને એક પોતાના મોંમાં મૂકી. એવામાં હવાના ફરફરાટમાં ઉપરથી કંઈક વસ્તુ ચક્કર ખાતી ખાતી નીચે આવી અને લાલમોહનના પહેરણ પર પડી. લાલમોહનબાબુએ એને ફટ લઈને હાથમાં પકડી. મૂઠી ખોલીને જોયું તો એ કશું જ નહિ પણ કેવળ એક ચ્યૂઇંગ ગમનો કાગળ હતો.'

'રુક્મિણીકુમાર અગાસી પર છે એવું લાગે છે!' ફેલુદા બોલ્યો.

'બીજું કોણ હોય?' વિકાસબાબુ હસીને બોલ્યા : 'એની તો હમણાં કેદી જેવી સ્થિતિ છે. અને તે ઉપરાંત એનો એક ઓરડો છે ત્યાં.'

'એક વાર ત્યાં જઈશું?'

'ચોક્કસ ચાલો. સાથેસાથે પાછળનો દાદર પણ દેખાડી દઉં.' એક એવી જાતનો લોખંડનો દાદર હોય છે, જે ઘરની બહારની દીવાલ પાસેથી ગોળ ગોળ ઉપર ચડતો હોય છે. પણ આ એવો નહોતો. આ ઇંટથી બનાવેલો પાકો બાંધેલો ગોળ દાદર હતો અને મકાનની અંદર જ હતો. ચડતાં એવું લાગે જાણે કોઈ મિનારા પર ચડતા ન હોઈએ!

દાદર પર ચડતાં સામે જ અગાશી પરનો ઓરડો, અને ડાબી બાજુ અગાસી પર જવાનો દરવાજો. ઓરડાની અંદર ભોંય પર રુકુ ઉભડક બેઠો હતો. એક લાલ સફેદ 'કાકડી' પતંગ ભોંય પર મૂકી ઘૂંટણથી દબાવી રાખી તેની કન્ના બાંધતો હતો. અમને જોઈને કન્ના બાંધવાનું બંધ કરી સીધો બેઠો. અમે ચારે જણ એ નાનકડા ઓરડામાં પેઠા.

દેખાઈ જ આવતું હતું કે એ રુકુનો રમવાનો ઓરડો હતો.—જોકે રુકુની વસ્તુઓ સિવાય પણ એમાં બીજી ઘણી બધી વસ્તુઓ ખૂણામાં ઠાંસીને મૂકી હતી : બે જૂની કટાએલી પેટી, એક પૅકિંગ કેઈસ, એક ફાટેલી શેતરંજી, ત્રણ ફાનસ, એક ઊંધી પાડેલી ઢાકાની બરણી અને

ખૂણામાં ઢગલો કરેલાં જૂનાં છાપાં અને માસિકો.

'તમે ડિટેક્ટિવ છો?' ફેલુદા તરફ સીધી નજરે એકીટશે તાકીને રુકુએ પૂછ્યું. આજે જોયું કે તેના ગોર વાન તડકામાં રહીને તામ્ર વર્ણ થઈ ગયો હતો. તેના મોંમાં ચ્યુઈંગ ગમ હતી એ તેનાં જડબાની હલચલ પરથી જ ખબર પડતી હતી. ફેલુદા હસીને બોલ્યો: 'કૅપ્ટન સ્પાર્કને શી રીતે ખબર પડી એ હું જાણી શકું છું?'

'મારા આસિસ્ટંટે કહ્યું.' ગંભીરતાથી રુકુએ જણાવ્યું, અને ફરી પતંગમાં મન પરોવ્યું. 'કોણ તમારો આસિસ્ટંટ?' ફેલુદાએ પૂછ્યું.

'સ્પાર્કનો આસિસ્ટંટ ખુદે રક્ષિત, એટલી યે નથી ખબર? તો તમે શાના ડિટેક્ટિવ?'

લાલમોહનબાબુએ જરાક ગળું ખંખેરી પોતા તરફ અમારું ધ્યાન ખેંચી કહ્યું: 'ખુદીરામ રક્ષિત, સાડાચાર ફૂટ હાઈટ, સ્પાર્કનો જમણો હાથ.'

ફેલુદા સમજી ગયો અને પૂછ્યું: 'ક્યાં છે તમારા એ આસિસ્ટંટ?'

ઉત્તર આપ્યો વિકાસબાબુએ. સજ્જન જરાક ઝાંખપ અનુભવી હસીને બોલ્યા: 'એ ભૂમિકા આજકાલ મારે ભજવવી પડે છે.'

'તમારી પાસે રિવૉલ્વર છે?' અચાનક રુકુએ પૂછ્યું. 'છે.'

'કઈ છે?' 'કૉલ્ટ.'

'અને હાર્પૂન (કાંટાળો ભાલો)?' 'ઊંહું. હાર્પૂન નથી.'

'તમે પાણીને તળિયે શિકાર નથી કરતા?'

'હજુ સુધી તો જરૂર પડી નથી.' 'તમારી પાસે છરો છે?'

'છરો પણ નથી. એ તો ઠીક, પણ આવો છરો પણ નથી.' રુકુના માથા પરની દીવાલની ખીંટી પર એક રમવાનો છરો લટકતો હતો. એ ગઈ કાલે એની કમર પર લટકાવેલો જોયો હતો. 'એ છરાથી હું શયતાનસિંહનું પેટ ચીરીને આંતરડાં બહાર કાઢી નાખીશ.'

'એ તો સમજ્યો.' કહી ફેલુદા રુકુની પાસે ભોંય પર બેસી પડ્યો અને બોલ્યો: 'પણ તમારા ઘરની તિજોરીમાંથી જ કોઈ એક શયતાનસિંહ એક સોનાના ગણેશ ચોરી ગયો છે એનું શું?'

'શયતાનસિંહ આ ઘરમાં પેસી જ ન શકે!'

'કૅપ્ટન સ્પાર્ક તે દિવસે મછલીબાબાને જોવા ન જાત તો આ બનાવ ન બનત, ખરું ને?'

'મછલીબાબાનો રંગ કૉંગોના ગૅંગોરીલા જેવો કાળો!'

'શાબાશ!' લાલમોહનબાબુ બોલી ઊઠ્યા. 'તમે ગોરીલાનો ગ્રાસ વાંચી લાગે છે રુકુબાબુ!'

ગૅંગોરીલા એ લાલમોહનબાબુની લખેલી 'ગોરીલાના ગ્રાસ'ના ૬૦ ફૂટ ઊંચા અતિકાય ગોરીલાનું નામ એ મને ખબર હતી. વાર્તાનો આઇડિયા કિંગકોંગ પરથી લીધો હતો એ તો લાલમોહનબાબુ પોતે જ કબૂલ કરતા હતા. 'જટાયુ'ના વર્ણનમાં ગોરીલાના શરીરનો રંગ હતો કસોટીના પથ્થર પર ડામર લગાડે અને જેવો થાય તેવો કાળો. લાલમોહનબાબુ 'એ પુસ્તક અસલમાં મ.રું–'એમ બોલવા જતા હતા ત્યાં ફેલુદાનો એક જોરદાર ઈશારો મળતાં અટકી ગયા. રુકુ બોલ્યો: 'ગણેશ તો એક રાજા પાસે છે. શયતાનસિંહને એ મળશે જ નહિ. કોઇને નહિ મળે. ડાકુ ગૅંગોરીયાના હાથમાં પણ નહિ આવે.'

વિકાસબાબુ હસીને બોલ્યા: 'એની વાત સમજવી હોય તો પહેલાં રહસ્ય રોમાંચની આખી સીરીઝ પચાવવી જોઈએ.'

ફેલુદા હજુ ભોંય પર જ બેઠો હતો અને આડકતરી નજરે રુકુ ભણી તાકી રહ્યો હતો. એનો ભાવ જોઈ લાગતું હતું જાણે તે રુકુની અજાયબીભરી વાતોની અંદરથી અસલ રુકુને ખોળીને બહાર કાઢવાનો પ્રયાસ કરતો હતો. રુકુએ પોતાની વાતની સાથે સાથે કન્ના બાંધવાનું કામ પણ મજેથી ચાલુ રાખ્યું હતું. ફેલુદાએ વળી પૂછ્યું: 'ક્યાંના રાજાની વાત કરો છો તમે રુકુ?' જવાબ મળ્યો: 'આફ્રિકાનો રાજા.'

ઘોષાલને ઘેરથી નીકળતાં પહેલાં અમે ત્યાં બીજા પણ એક જણને મળ્યા હતા. તે હતા શશીભૂષણ પાલ. શશીબાબુ નારિયેળના કાચલામાં પીળો રંગ લઈ પોતાની બનાવેલી કાર્તિક ભગવાનની પ્રતિમાના માથે લગાડતા હતા. ઉંમર લગભગ સાઠ પાંસઠ તો હશે જ. દૂબળો-પાતળો દેહ, લાંબો ને પાકટ ચહેરો, આંખ પર જાડા કાચનાં ચશ્મા. ફેલુદાએ પૂછ્યું તો કહે કે તેઓ સોળ વર્ષની ઉંમરથી આ જ કામ કરે છે. એમનું મૂળ વતન કૃષ્ણનગર. વડદાદા અધર પાલ પહેલપ્રથમ આવીને કાશીમાં વસ્યા, તે સિપાહીના બળવા પછી બે વર્ષે. શશીબાબુ ગણેશ મહોલ્લામાં રહે છે, જ્યાં એમના સિવાય બીજા પણ કુંભારો રહે છે. ફેલુદા બોલ્યો: 'તમને તાવ આવ્યો હતો એમ સાંભળ્યું. હવે સારું છે ને?'

'હા જી. સિદ્ધી મોશાયની દવાથી આરામ છે.' શશીબાબુ બોલતા હતા અને સાથે હાથ પણ ચાલુ જ હતો.

'તમારું કામ ક્યારે પૂરું થશે?' ફેલુદાએ પૂછ્યું.

'જી, પરમ દિવસે તો છઠ છે. કાલ રાત પહેલાં જ થઈ જશે. ઉંમર થઈ છે ને, તેથી કામ જરાક ધીમું થાય છે.'

'તો ય તમારી પીંછી ખૂબ જ કલામયતાથી ફરે છે.'

'જી, આપ કહો છો એવું જ ગયે વર્ષે કલકત્તાથી આર્ટ સ્કૂલના માસ્તર આવ્યા હતા તેઓ પણ કહેતા હતા. આ વસ્તુની કદર આજકાલ કોણ કરે છે? બધા પ્રતિમાને જુએ, પણ હાથની કલા કોણ પારખે છે?'

'વિકાસબાબુએ તમને દવા દીધી હતી તે દિવસે સાંજે ઘરના પહેલા માળની તીજોરીમાંથી એક વસ્તુ ચોરાઈ ગઈ છે એ તમે જાણો છો?'

શશીબાબુના હાથની પીંછી ક્ષણભર માટે જાણે કંપી ઊઠી. કંઠસ્વરમાં પણ કંપ. બોલ્યા: 'આજ પચાસ વર્ષથી દર વર્ષે આવી આ જ કામ કરું છું, ઘોષાલને ઘેર. મારી યે પોલીસે આવીને જુબાની લીધી હતી. પણ હાથમાં પીંછી આવે ત્યારે મને કોઈ વાતનું ભાન રહેતું નથી, બાબુ. નાહવા-ખાવાનું યે ભૂલી જાઉં. આપ જોઈએ તો સિદ્ધી મોશાયને પણ પૂછી જુઓ. એય ક્યારેક ક્યારેક આવીને ઊભા રહી જુએ છે. આપ મારા દીકરાને ય પૂછી જુઓ. એ ય ચૂપચાપ આવીને ઊભોઊભો મારું કામ જોયા કરે. પૂછી જુઓ કોઇને પણ. કોઈ નહિ કહે કે હું આ પ્રતિમા છોડીને એક મિનિટ માટે પણ ક્યાંય આઘો ગયો છું, ક્યારેય.'

શશીબાબુ સાથે એક વીસેક વર્ષનો છોકરો પણ કામ કરતો હતો. એ હતો એનો જ દીકરો કાનાઈ. કાનાઇને એના બાપની એક નાની આવૃત્તિ જ કહી શકાય. એનું કામ જોઇને જ ખબર પડે કે એ વંશની ધારા કાયમ રાખી શકશે. કાનાઇ પણ ગણેશની ચોરીના દિવસે સાત વાગ્યા પછી મૂર્તિ સામેથી હટ્યો જ નહોતો.

વિકાસબાબુ અમારી સાથે દરવાજા સુધી આવ્યા. ફેલુદા કહે: 'આપને ત્યાં અત્યારે ઘણા બધા મહેમાનો છે તેથી હવે ઉમાનાથ બાબુને તકલીફ નથી આપતો. આપ કેવળ એટલું જ કહી દેજો કે હું વખતે ક્યારેક ક્યારેક મારે કંઈ જોવું હશે તો આવીને જોઈ જઈશ. અને જરૂર પડે તો એમને એકાદ બે સવાલ પૂછવાને આવું તો વાંધો નથી ને?'

વિકાસબાબુ બોલ્યા: 'મિસ્ટર ઘોષાલે જ્યારે આપને એ કામ સોંપ્યું છે, ત્યારે આપનો તો એ હક છે.'

બહાર નીકળતાં જ એક અવાજ સાંભળી ફેલુદાની સાથેસાથે મારી પણ નજર મકાનની અગાશી પર જઈ પહોંચી. રુકુએ તેની લાલ-સફેદ 'કાકડી' પતંગ ઉડાડવાનું શરૂ કર્યું હતું. દોરીને ઝટકો મારતાં પતંગ હવાને વીંઝતી ફરફર કરતી હતી. રુકુને અહીંથી જોઈ શકવાની કોઈ સંભાવના નહોતી. કેવળ એનું માથું અને બે હાથ વચ્ચેવચ્ચે દીવાલ પરથી ડોકિયું કરતાં હતાં. 'છોકરો ખૂબ જ એકાકી લાગે છે.' ફેલુદા પતંગ તરફ નજર રાખી બોલ્યો: 'સાચે જ શું એવું છે?'

વિકાસબાબુ બોલ્યા: 'રુકુ ઉમાનાથ બાબુનો એકનો એક દીકરો છે. જોકે અહીં તો એને એક દોસ્ત પણ છે. આપે તો જોયો છે સૂરજને! પણ કલકત્તામાં તો એના જેવડો એકે ય દોસ્ત નથી.'

૫

અહીં આવ્યા પછી લગભગ બધો સમય ઘરમાં જ અને બંગાળીઓ સાથે વાતોમાં જ વિતાવ્યો હતો, તેથી વચ્ચેવચ્ચે એ ય ભુલાઈ જતું હતું કે અમે કાશીમાં આવ્યા છીએ. અત્યારે સાઈકલ-રિક્ષા, ટાંગા અને લોકોની ભીડમાંથી નીકળી, મદનપરા રોડ પર થઈ હોટેલ તરફ ચાલતા જતાં ફરી કાશીનો મિજાજ આવી ગયો. મોટા રસ્તા પરની ધમાલથી બચવા શૉર્ટ કટ લેવા માટે અમે ત્રણે એક ગલીમાં દાખલ થયા. લાલમોહનબાબુ એક બકરીના બચ્ચાની પીઠ પર છત્રીથી ઘોંદા મારી બોલ્યા: 'તમને મારી એક વાત ખબર છે ફેલુબાબુ? હું કલકત્તા છોડી ક્યાંય પણ જાઉં તો એ જગ્યાનો મિજાજ મારા પર ચડી બેસે. એક વાર હું રાજસ્થાન ગયો હતો. ત્યાં મને અમસ્તું જ મનમાં થયું કે હું જાણે રાજપૂત છું; ને અન્યમનસ્કભાવે માથા પર હાથ ફેરવતાં જ્યારે પાઘડીને બદલે ટાલ ફીલ થઈ ત્યારે હું તો રીતસર ચમકી ઊઠયો હતો!'

'અહીં આવ્યા પછી શું જટાનો અભાવ ફીલ કરી ચમકી ઊઠો છો કે શું?'

'જોકે ઘાટ પર જાઉં ત્યારે વૈરાગી બાબાઓની જેમ થોડોઘણો વૈરાગ આવે ખરો. પણ જ્યારે ગલીકૂંચીમાં પેસું છું ત્યારે થાય કે કમર પર એકાદ છરોબરો હોત તો એના હાથા પર મજાનો હાથ ફેરવી લેત.'

ત્યાં મારી નજર પેલા કાલવાળા માણસ પર પડી. અમે જેવા 'શંકરીનિવાસ'માંથી નીકળ્યા તેવો જ એણે અમારો પીછો પકડયો હતો, એ મને ખબર હતી. પણ કાલે ફેલુદાએ મારી વાત ઉડાવી દીધી હતી, તેથી આજે હું કંઈ બોલ્યો નહિ. સવારના પહોરમાં ગલીમાં લોકો ઘણા. કોઈ નાહીને પાછા ફરતા હતા, તો કોઈ બજારમાંથી ખરીદી કરીને. કોઇ બુઢ્ઢા માણસો ઓટલા પર બેસી ગપાટા હાંકતા હતા. અહીંતહીં છોકરાઓનાં ટોળાં મસ્તી તોફાન કરતાં હતાં—તેમની વચ્ચે પાછળ વળી જોયું તો એ ચોરણી ઉપર ઘેરા રીંગણી રંગની ચાદર ઓઢી અમારાથી વીસત્રીસ હાથ પાછળ આવતો હતો. લાલમોહનબાબુ બોલ્યા: 'તમારો ગણેશનો મામલો ખૂબ ડિફિકલ્ટ લાગે છે, મોશાય.'

ફેલુદા બોલ્યો: 'કોઈ પણ મામલો એક વિશેષ અવસ્થાએ પહોંચ્યા સિવાય સહેલો છે કે અઘરો એ કહેવું મુશ્કેલ છે. તમને શું એમ લાગે છે કે તે એ સ્ટેઈજ પર પહોંચી ગયો છે?'

'કેમ? નથી પહોંચ્યો?' 'બિલકુલ નહિ.'

'પણ જે ખરેખર વિલન છે એને માટે તો એ વસ્તુની ચોરી કરવાનો કોઈ સ્કોપ જ નથી.' 'કોને વિલન કહો છો તમે?'

'કેમ? પેલો જે મેઘરામ કે મેઘરાજ, શું નામ કહ્યું હતું? જેને આપણે મછલીબાબાને ત્યાં જોયો હતો.'

'તમને શું એમ લાગે છે કે મેઘરાજ ગણેશ ચોરવા પોતે જ વંડી ઠેકીને ઘોષાલના ઘરમાં આવે!' 'એજન્ટ રાખે?'

'એ જ શું સ્વાભાવિક નથી? અને જે ધમકાવી ગયું હોય એ ચોર ન પણ હોઈ શકે.'

લાલમોહનબાબુ જરાક વાર ચૂપ રહી ધ્રૂજીને બોલ્યા: 'એના જેવા ખબા કોઈના જોયા નથી, મહાશય! ખબર નહિ કે કેવો યે દેખાતો હશે! એના માથે જો શીંગડાં લગાડી વિશ્વનાથની ગલીમાં છોડી મૂકો તો ચોક્કસ માથું મારે હોં!'

૬

'કૅલકાટા લૉજ'માં દાખલ થતાં સામે જ ઑફિસનો રૂમ. મૅનેજરની ખુરશી સિવાય બીજી પણ ત્રણ ખુરશીઓ અને એક બાંકડો છે. એના પર બેત્રણ જણ બેઠાબેઠા હમેશાં નિરંજનબાબુ સાથે વાતોના તડાકા મારતા જ હોય. આજ દાખલ થઈને જોયું તો નિરંજનબાબુની સામે એક પૅન્ટ શર્ટ પહેરેલો જુવાનજોધ માણસ બેસીને ચા પીતો હતો, અને નિરંજનબાબુને કંઈક સમજાવતો હતો. અમને જોતાં જ મૅનેજર મહાશય મોંમાં પાન સાથે હસીને બોલ્યા: 'આ આવ્યા, લ્યો! આ સજ્જન લગભગ વીસ મિનિટથી આપની રાહ જુએ છે. ઓળખાણ કરાવું: સબ ઈન્સ્પેક્ટર તિવારી... અને આ—' કહી નિરંજનબાબુએ અમારાં ત્રણે જણનાં નામ લઈ ઓળખાણ કરાવી કહ્યું: 'વાંધો નથી—હિંદી બોલવું નહિ પડે. એમને બંગાળી ખૂબ સરસ આવડે છે.'

તિવારી ફેલુદા સામે એકી ટશે તાકી રહ્યા. એમની આંખોના ખૂણામાં હાસ્યની ઝલક દેખાઈ. અને ફેલુદાનાં ભવાં પણ ચડેલાં; જાણે એમની આંખો પણ હસુંહસું થઈ રહી હતી. 'આ શું મોશાય?—' ફેલુદાનાં ચડેલાં ભવાં ઊતરી ગયાં: 'આપ અલ્લાહાબાદમાં હતા, નહિ!'

દારોગા સાહેબ દાંત ચમકાવતા હસ્યા અને ફેલુદાનો હાથ પકડી શેઈક કરી બોલ્યા: હું શ્યોર નહોતો કે આપ મને ઓળખશો.'

'ઓળખવા મુશ્કેલ છે. આપની જે મૂછ હતી તે પાતળી થઈ એક ચતુર્થાંશ જ રહી છે. ખાસ્સા દૂબળા પણ થઈ ગયા છો.'

એ સજ્જન પણ ફેલુદા જેટલા જ ઊંચા અને બાંધો પણ ફેલુદા જેવો, સ્માર્ટ અને રૂઆબદાર. બેએક વર્ષ પહેલાં અલ્લાહાબાદમાં ફેલુદાનો એક કેસ હતો. પોલીસ મૂંઝાઈ ગઈ હતી, પણ ફેલુદા તો બે દિવસમાં જ કેસનો ફેંસલો કરી ચાર દિવસમાં તો કલકત્તા પાછા આવી ગયા હતા. લાગે છે ત્યારે જ તિવારી સાથે ઓળખાણ થઈ હશે.

'હું કાલે મિ. ઘોષાલ પાસે રાત્રે તમારા નીકળી ગયા બાદ ગયો હતો. ત્યારે સાંભળ્યું કે તમે આવ્યા છો ને કૅલકાટા લૉજમાં ઊતર્યા છો.'

નિરંજનબાબુએ ચાનો ઑર્ડર આપ્યો અને અમે ત્રણ જણ બેઠા. ફેલુદાએ નિરાંતનો શ્વાસ લીધો. કહ્યું: 'મિસ્ટર ઘોષાલે પોલીસની વાત કરી ત્યારે મને મૂંઝવણ થઈ હતી. પણ હવે તમને જોઈને નિરાંત થઈ ગઈ. તમારી સાથે ક્લૅશ નહિ થાય. અને બંને મળીને કામ કરવામાં પણ સગવડ જ રહેશે. ખૂબ ગોટાળો છે, નહિ?'

તિવારી સુફ્ફ઼ હાસ્ય હસી બોલ્યો: 'ઈન ફૅક્ટ ઈટ ઈઝ સો ગોટાળાભર્યો કે હું તો તમને વારવા જ આવ્યો છું.' 'કેમ?'

'મગનલાલ જે બનાવ જોડે સંકળાએલો હોય એમાં તમે ન પડો એ જ મારી ઍડવાઈસ છે. તમે બે દિવસ ઘોષાલને ઘેર ગયા તેથી મને તો ખૂબ જ ફિકર થાય છે. તમારે ખૂબ સાવચેત રહેવું પડશે. એના સ્પાઈ અને ભાડૂતી ગુંડાઓથી આખું બનારસ શહેર ઉભરાય છે.'

હરકીસન ચા લઈ આવ્યો. ફેલુદાએ ચિંતિતપણે એક કપ ઉપાડતાં કહ્યું: 'પણ મગનલાલ આ બનાવમાં સંકળાએલો છે એમ તમે ખાતરીથી શી રીતે કહી શકો?' તિવારીએ ભવાં સંકોચી ડાબા હાથની આંગળીઓથી ટેબલ પર ટકોરા મારતાં કહ્યું: 'અમે એ બાબતમાં ઈન્વેસ્ટિગેશન કર્યું છે. ને પરથી લાગે છે કે મગનલાલને સાવ બાકાત રાખી શકાય એમ નથી. એના જેવો કનિંગ માણસ બીજો નહિ હોય!'

'તમે કઈ લાઈન પર તપાસ કરી રહ્યા છો એ જો—'

'કહું છું તમને. તમારી પાસે હું કંઈ જ નહિ છુપાવું. ઘોષાલના ઘરનાં બધાં માણસો જોડે તમારે ઓળખાણ થઈ છે?'

'નોકરચાકર સિવાય લગભગ બધા જ સાથે થઈ છે.'

'શશીબાબુને મળ્યા?'

'હા મળ્યો છું ને;—આજ સવારે જ મળ્યો.'

'એના દીકરાને મળ્યા?'

'હા, એ પણ ત્યાં કામ કરતો હતો.'

'પણ શશીબાબુને બીજો પણ એક દીકરો છે એ ખબર છે?'

'ના, એ નથી ખબર!'

'એનું નામ નિતાઈ. વેરી બૅડ ટાઇપ. અઢાર વર્ષનો છે ને એ ઉમરે જેટલા દુર્ગુણ હોઈ શકે એ બધા જ એનામાં છે. હજુ જો કે પુરાવો અમને મળ્યો નથી, પણ માનો કે એ મગનલાલને હાથ ચડી ગયો હોય—'

ફેલુદા હાથ ઊંચો કરી બોલ્યા: 'સમજી ગયો. મગનલાલ નિતાઇને હાથ કરે, નિતાઈ વખતે તેના બાપને કે મોટા ભાઇને ધમકી દઈ તિજોરીમાંથી ચોરી કરાવે!'

'ઍક્ઝૅક્ટલી!' તિવારી બોલ્યા: 'નિતાઈની વાત જાણ્યા પછી મને લાગે છે કે કંઈક એવું જ હશે. હું તમને સલાહ આપું છું કે તમે હમણાં ચૂપ જ રહો. દશેરા સમયે બનારસમાં ઘણું જોવાલાયક હોય છે. એ બધું જુઓ, પણ ઘોષાલને ઘેર વધુ આવજા નહિ કરતા.'

ફેલુદાએ જરાક સ્મિત કરી ચાનો ઘૂંટડો લીધો અને બીજી વાત પર ઊતરી ગયા: 'તમે મછલીબાબા વિષે તપાસ કરવાની જરૂરનથીસમજતા?'

તિવારી હાથમાંનો કપ ટેબલ પર મૂકી મન મૂકીને ખડખડાટ હસીને બોલ્યા: 'ત્યારે આટલા દિવસમાં તમને મછલીબાબાનાં દર્શન થઈ ગયાં? તમને શું લાગે છે?'

'તપાસની જ્યારે વાત કરું છું ત્યારે એ તો દેખીતી વાત છે કે એમના વિષે ભક્તિભાવ જાગ્યો નથી.'

'એ તો તમારી વાત થઈ. એમના ભાવિક ભક્તો જોયા છે? ખુલ્લંખુલ્લાં એમના વિષે કૈં કરીએ તો ભાવિકો અમને જંપીને રહેવા દે ખરા?' આ વાક્ય બોલી તિવારી આડી નજરે નિરંજનબાબુ તરફ જોતાં જ નિરંજન બોલી ઊઠયા: 'મારી તરફ શું જુઓ છો? અમારે ભક્તિ કેવી ને વાત કેવી! મછલીબાબાએ અમારા આ બાંધેલા રોજિંદા જીવનમાં જરાક ફેરફાર કરી રંગને ચમક લાવી દીધી છે એટલું જ.'

ફેલુદા બોલ્યા: 'તમે એક ચીજ કરી શકો મિસ્ટર તિવારી? હરદ્વાર કે અલ્લાહાબાદ તપાસ કરાવી જુઓને, કે ત્યાં કોઈ મછલીબાબા નામના સિદ્ધ પુરુષનો આવિર્ભાવ થયો હતો ખરો?'

'વેરી ગુડ. એ કરવામાં વાંધો નથી. હું બે દિવસની અંદર જ તમને ઈન્ફર્મેશન લાવી દઉં છું.'

આટલું કહી, ઘડિયાળ ભણી નજર નાખી એ ઊઠયા. બારણા પાસે ફેલુદાના ખભા પર હાથ મૂકી બોલ્યા: 'એક દિવસ ચોકમાં, અમારી પોલીસ ચોકી પર આવોને! આવીને જુઓ તો ખરા, અમે કેવી રીતે કામ કરીએ છીએ. ને'—તિવારી ગંભીર—'હું તમને સીરિયસલી કહું છું—તમારી મરજી મુજબ હૉલીડે પસાર કરો, પણ આ કેસમાં પડશો નહિ.'

બપોરે જમીને અમે હોટેલમાંથી બહાર નીકળી પાન ખરીદ્યાં. લાલમોહનબાબુને અમસ્તા તો ક્યારેય પાન ખાતા જોયા નથી. અહીં જોયું કે સાત જાતના મસાલા ને ચાંદીના વરખવાળું પાન ચાર આંગળીથી મોંમાં ખોસીને મજાના ચાવવા માંડયા. અમે ક્યાંક કોઈ જગ્યાએ જતા હતા કે નહિ. ખબર નહિ; કેમકે ફેલુદા કંઈ બોલ્યો નહોતો. લાલમોહનબાબુ એમનું મોં મારા કાન પાસે લાવી ગણગણ્યા: 'લાગે છે કે તારા દાદા પેલા હલવાઈની દુકાને જઈ રબડી ખાશે'.

મારો ખયાલ તો નિરાળો જ હતો—જો કે એ મેં સ્પષ્ટ શબ્દોમાં પ્રકટ નહોતો કર્યો. ફેલુદાને અનુસરતા અમે હોટેલથી ઊંધી દિશાની એક ગલીમાં દાખલ થઈ આગળ વધ્યા. જરાક આગળ વધ્યા તો લાગ્યું કે આ તરફ એકે બંગાળીનું નામનિશાન નહોતું. લાલમોહનબાબુએ ચાદર સારી રીતે ઓઢી લઈ કહ્યું: 'તમે આંખ કાન નાકની વાત કરી હતી, પણ ટેમ્પરેચરની વાત તો નહોતી કરી. આ બાજુ ઠંડી ખૂબ પડે છે હોં!'

બે તરફ બે માળી-ત્રણ માળી મકાન ઊભાં હતાં. અને તેની વચ્ચેથી વાંકીચૂકી ગલી ચાલી જતી હતી. સૂર્યનો પ્રકાશ ઘણુંખરું પહોંચતો નહોતો એમ કહીએ તો પણ ચાલે. ફેલુદા બોલ્યો: 'બનારસની ગલીઓનાં બધાં જ મકાનો દોઢસોથી બસો વર્ષ જૂનાં હશે.' રસ્તા પર બંને તરફ ભીંત પર જ્યાંત્યાં ચિત્રો દોરેલાં હતાં—હાથી, ઘોડા, વાઘ, પોપટ, ઘોડેસવાર...કોણે આંક્યાં હશે, ખબર નહિ; પણ જોવાં જેવાં હતાં. વચ્ચે વચ્ચે હાથેથી લખેલી હિંદી જાહેરખબરો હતી. એમાં 'નવજવાન બીડી' સૌથી વધારે નજરે ચડતી હતી.

આટલી વાર ચારે તરફ ખાસ્સી શાંતિ હતી. પણ પછી આસ્તે આસ્તે જાતજાતના અવનવા અવાજ સંભળાવા માંડયા. તેમાં સૌથી વધુ ધ્યાન ખેંચતો હતો ઘંટારવ. ઘંટારવની વચ્ચે જે અવાજ સંભળાતો હતો એ કહેવાય કોલાહલ. ફેલુદા કહે આ કોલાહલ વસ્તુ ખુબ મજેદાર. હજારો લોકો એક જગ્યાએ ભેગા થાય. એ બધા પોતાના સ્વાભાવિક સ્વરે જ વાતચીત કરતા હોય, અને છતાં જે અવાજ થાય તેનાથી જાણે હમણાં કાન ફાટી જશે.' આટલી વારમાં ઘણાબધા સાંઢ—આખલા—અમારી સામેથી પસાર થયા હતા. ને દરેકવાર લાલમોહનબાબુ બોલતા: 'આ જુઓ મેઘરામ!' આખરે ફેલુદાને કહેવું પડયું કે 'સાંઢ છે ને તે વધુ નિરાપદ અને શાંત.—હું, મોશાય, એક માથાભારે કુવિખ્યાત હરીફની કલ્પના કરી મનને ઉત્સાહ દેવા કોશિશ કરું છું અને તમે વારેવારે એને સાંઢ સાથે સરખાવી એને તુચ્છ કરી નાખો છો.'

આંખ, કાન અને નાક પર એકસાથે ચડાઈ કરી શકે એવું વિશ્વનાથની ગલી સમાન બીજું કંઈ હશે કે નહિ તેની ખબર નથી. અહીં પોતાની મરજી મુજબ ચાલી ન શકાય. ભીડ જે તરફ લઈ જાય તે તરફ જ જવું પડે. અમે પણ ભીડ જોડે આગળ વધ્યા. 'દર્શન કરવાં છે, બાબુ? વિશ્વનાથનાં દર્શન કરશો?'—પંડાઓએ ચારે કોરથી ઘેરી લીધા. પણ ફેલુદા નિર્વિકાર. અમે પંડાઓને ન ગણકારતાં, શક્ય એટલી ધક્કામુક્કીથી પોતાને બચાવતા, ખીસાં સંભાળતા રસ્તા પરની લપસણી જગ્યાથી પગને સાચવતા આગળ વધ્યા. લાલમોહનબાબુના મનમાં ભલે ગમે તેટલો ભક્તિભાવ જાગ્યો હોય, પણ એની નજર પહોંચી ગઈ હતી મંદિરના સોને મઢેલા શિખર પર. એક વાર શિખર તરફ આંગળી ચીંધી કંઈક પૂછયું પણ ખરું; પણ ગરબડમાં કંઈ સંભળાયું નહિ. ખાલી 'કેરેટ' શબ્દ જ કાને પડયો. શિખર તરફ જોતાં નજરે પડી ચક્કર મારતી સમડીઓ અને તેની એક બાજુ એક લાલ-સફેદ કાકડી પતંગ, જે ગોથાં ખાઈને મંદિર પાછળ અદશ્ય થઈ ગઈ. ફેલુદા પણ પતંગ તરફ જ જોતા હતા. અમે બંને એમની પાછળ પાછળ થોડા આગળ વધ્યા—વખતે પતંગ ફરી દેખાય!—અને એ ફરી દેખાઈ પણ ખરી: લાલ-સફેદ-કાકડી...એ ઉપર ચડી, અને ફરી એણે ગોથ ખાધી અને નીચે ઊતરી એક ત્રણ માળના મકાનની પાછળ અદશ્ય થઈ ગઈ.

મોસ્ટ ઈન્ટરેસ્ટિંગ!'...ખૂબ આસ્તેથી બોલ્યો હતો, છતાં હું ફેલુદાની બરાબર પાછળ જ હતો તેથી મને એ શબ્દો સંભળાયા.

લાલમોહનબાબુ બોલ્યા: 'કેવળ ઈન્ટરેસ્ટિંગ શા માટે કહો છો મોશાય—મને તો ડિસ્ટર્બિંગ પણ લાગે છે—એટલે કે, પતંગની ચારેકોર આટલી દાઢી ને જટામાં મેઘરામના કેટલા બધા સ્પાઈ ફરતા હશે કલ્પી શકો છો? એક જણ તો તમારી તરફથી નજર પણ ફેરવતો નથી. હું લગભગ ત્રણ મિનિટથી એ વૉચ કરી રહ્યો છું.'

ફેલુદાએ આકાશ તરફથી નજર ન હટાવતાં જ જવાબ આપ્યો: 'મૂછ-દાઢી-જટા-દંડ કમંડલુ અને અંગ પર નવી ખરીદેલી હિંદી નામાવલી પહેરી છે, બરાબર?' 'ફુલ માર્ક્સ!' જટાયુ બોલ્યા.

વિશ્વનાથ મંદિરથી અમે સીધા ગયા જ્ઞાનવાપી. અહીં જ ઔરંગઝેબની મસ્જિદ છે, અને અહીં જ છે એક મોટું જબરદસ્ત ચોગાન. ચોગાનમાં આવી ફરી આકાશ ભણી જોયું, પણ પતંગ નજરે ન પડી.

ઉત્તર તરફ જ્યાં ચોક પૂરો થતો હતો ત્યાંથી પગથિયાં ઊતરો તો રસ્તા પર અવાય, કેમ કે ચોક રસ્તા કરતાં આઠદસ હાથની ઊંચાઈએ હતો. ફેલુદાના મતલબ વિષે મને જે શંકા થઈ હતી એ જ લાલમોહન-

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૫ · વાઈ

આયુર્વેદમાં 'અપતંત્રક' અને સાંપ્રત વિજ્ઞાનમાં 'હિસ્ટીરિયા' નામે ઓળખાતો 'વાઈ'નો રોગ શારીરિક કરતાં માનસિક વિશેષ છે, ને તેથી પુરુષોની સરખામણીમાં લાગણીશીલતાને કારણે સ્ત્રીઓમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ રોગનાં અનેક કારણો છે: મોટી વય સુધી લગ્ન ન થવાથી કે યુવાવસ્થામાં વિધવા થવાથી, લગ્ન પછી લાંબા સમય સુધી સંતાન ન થવાથી, સાસરિયામાં પતિ કે સાસુનણંદના ત્રાસથી યા વધુ છોકરાંની પળોજણથી, ઈર્ષા કે લઘુતાગ્રંથિથી સતત પીડાવાથી, કાલ્પનિક ભયમાં જીવ્યા કરવાથી, નજીકના સ્વજનના મૃત્યુના આઘાતથી કે ચીડિયા ને ક્રોધી સ્વભાવથી સતત માનસિક તાણ રહેવાથી વાઈ કે 'હિસ્ટીરિયા'ને પ્રેરક સ્થિતિ આવી પડે છે. જાતીય જીવનનો અસંતોષ પણ એનું એક મુખ્ય કારણ હોઈ શકે. આ ઉપરાંત, અપૂરતો ખોરાક, કામનો ઢસરડો, સતત આર્થિક સંકડામણ વગેરેને કારણે પણ આ રોગ થાય છે. શારીરિક કારણોમાં ગર્ભાશયની વિકૃતિ, અનિયમિત આર્તવ, પેટના કૃમિ કે સખત કબજિયાત, પેટ પેઢુ કે કમરના દુખાવાથી પણ આ રોગ પ્રકટે છે.

લક્ષણો

વાઈમાં શરીર ખેંચાય છે, વ્યક્તિ પડી જઈ એને તાણ આવવા લાગે છે. આંખોના ડોળા ચડી જાય છે. શ્વાસ ઘૂંટાવા લાગે છે. શરીર એકદમ ધ્રૂજે છે કે તદ્દન નિશ્ચેષ્ટ થઈ જાય છે, આ રોગી હાથપગ પછાડે છે, મોટેમોટેથી હેડકી કે ઓડકાર ખાય છે, માથાના વાળ પીંખે કે ખેંચે છે, યા માથું પછાડે છે, અકારણ જોરથી રડી પડે છે, હાથ વડે છાતીમાં મુક્કા મારે છે કે જબરા ધમપછાડા કરે છે. હાથ ચડે તે તોડીફોડી નાખે છે. રોગીનું મોં જકડાઈ જાય છે. ઝાલી રાખવા છતાં રોગીનું શરીર હાથમાં ન રહે એવી શક્તિ બતાવે છે. વાઈ ઊતરી જતાં રોગી એકદમ થાકી જાય છે. છાતીમાં કે પેટમાં દુખે છે અને સૂનમૂન બેસી રહે છે.

વાઈનો હુમલો આતવાં પહેલાં રોગીને એનો ખયાલ આવી જાય છે. બેભાન અવસ્થા થતી નથી કે એકાંતમાં વાઈનો હુમલો આવતો નથી. મોઢામાંથી ફીણ પણ નીકળતાં નથી કે જીભ કચરાઈ જતી નથી. આ વાઈના રોગની વિશિષ્ટતા છે.

ઉપચાર

(અ) તાત્કાલિક ઉપાય: ૧) રોગી ફરતે ટોળે વળીને ઘેરી ન લેતાં એને હવા આવવા દેવી કે પંખાથી હવા નાખવી. ૨) ઠંડું પાણી મોં ઉપર છાંટવું. ૩) ઍમૉનિયા ગૅસ સૂંઘાડવો. (નવસાર અને ચૂનો ભેગો કરવાથી આ ગૅસ પેદા થશે.) ૪) ડુંગળી કાપીને સૂંઘાડવી. ૫) આખો દિવસ બૂટમાં પહેરી રાખેલાં મોજાં સૂંઘાડવાં. ૬) સૂંઠ કે મરીનું ચૂર્ણ ફૂંક મારીને નાકમાં ચડાવવું. ૭) ત્રિકટુ ચૂર્ણ પણ સૂંઘાડી શકાય. ૮) ગોળના પાણીમાં સૂંઠ મેળવી નાકમાં ટીપાં પાડવાં. ૯) અરીઠાંના પાણીનું નાકમાં ટીપું નાખવું. ૧૦) વેગ પાછો પડે એટલે ગંઠોડાયુક્ત ગરમ મસાલો, ચા કે કૉફી પાવી. ૧૧) રોગીને સાંત્વન આપવું.

(બ) કાયમી રોગમુક્તિ માટે: હકીકતમાં આ માટે કોઈ ચોક્કસ ઉપાય નથી. માનસિક, કૌટુંબિક કે સામાજિક કારણ દૂર કરવા માટે રોગી સાથે સમજાવટથી કામ લેવું. બીજી [illegible] શારીરિક બીમારી હોય તો જે તે રોગની દવા કરી તેને દૂર કરવા પ્રયત્ન કરવો. આ ઉપરાંત નીચેના ઉપાયો પણ યોજી જોવા:

૧) નિરાંતે ઊંઘ લાવવા માટે જટામાસી ૧ તોલો, ખોરાસાની અજમો વાલ ૧ અને અશ્વગંધા તો. ૧નો ઉકાળો કરી પાવો. ૨) વાતાનુલોમન માટે શેકેલી હીંગ તો. ૧, વજ તો. ૨, ચિત્રકમૂળ તો. ૪, કઠ તો. ૮, સાજીખાર તો. ૧૬, વાવડિંગ તો. ૩૨નું મિશ્રણ કરી ૪ થી ૬ ગ્રામની માત્રામાં દિવસમાં ત્રણ વાર આપવું. આને 'દ્વિરૂત્તર ચૂર્ણ' કહે છે. ૩) સર્પગંધા ઘનવટી ત્રણ વાર આપવી. ૪) જીવતા માંકડને ગોળની વચ્ચે મૂકી ગોળી વાળી રોગીને જણાવ્યા વગર ગળાવી દેવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

બાબુના મનમાં ઘૂમી રહી હતી: 'તમે, મોશાય, મેઘરાજને ઘેર જવા માગો છો કે શું?' ફેલુદા બોલ્યો: 'મારો આરાધ્ય દેવતા બીજો છે કોણ? કાઈમ ન હોય તો ફેલુ મિત્તિરની રોજી બંધ થઈ જાય નહિ? તો પછી અહીંના સૌથી મોટા ક્રિમિનલનું મંદિર એક વાર જોવું પડે કે નહિ?'

પગથિયાં ઊતરી નીચે રસ્તા પર આવ્યા કે સામે દરજીની દુકાન હતી. દુકાનમાં સામે બેસીને એક જણ પગેથી સીવવાનો સંચો ચલાવતો હતો. ફેલુદાએ એને પૂછતાં તરત જ એણે મગનલાલ મેઘરાજનું ઘર બતાવી દીધું: 'રસ્તા પર પૂર્વ ભણી થોડું આગળ ચાલતાં જ ડાબી બાજુ એક મહાવીરનું મંદિર આવશે. તે પછી બે ઘર વટાવ્યાં કે મગનલાલનું ઘર...ઓળખવાનું સહેલું છે, કેમ કે એના આગળના બારણાની બે બાજુ બે સશસ્ત્ર ચોકીદારનાં ચિત્રો આંકેલાં છે.'

સીધો રસ્તો. આ ગલી, પેલી ગલી ફરવાની બલા નહિ. તેથી મગનલાલનું ઘર શોધતાં બિલકુલ અગવડ ન પડી. અહીં ખરેખર વિશ્વનાથના ઘંટારવ સિવાય કોઈ અવાજ પહોંચતો નહોતો.

મગનલાલના બારણા પર બે તરફ તલવાર ઊંચી કરી પકડેલા પ્રહરીનાં ચિત્રો તો હતાં બરાબર, પણ જીવતો કોઈ પ્રહરી દેખાયો નહિ. અને છતાં બંને બારણાં ખુલ્લાં ફટાક!

'કેમ આમ? જમવા તો નહિ ગયો હોય ને એ?' ફેલુદા લાંબો શ્વાસ લઈને બોલ્યો: 'તંબાકુ થોડી મિનિટ પહેલાં જ સાફ કરી હશે.' પછી આમતેમ જોઈ બોલ્યો: 'આવો, કોઈ ચૅલેંજ કરશે તો કહીશું. નવા આવ્યા છીએ. માનમંદિર સમજીને ઘૂસ્યા હતા.'

અમે ફેલુદાને આગળ રાખીને અંદર દરવાજામાં પેઠા. અરે! આ શું? મગનલાલનું ઘર કે ગાયની ગમાણ? અંધકાર ને ભીનાશવાળું આંગણું. એમાં ત્રણ જીવતીજાગતી ગાય ઊભીઊભી નિર્વિકારે વાગોળતી હતી. અમારા ભણી ફરીને જોવાની યે દરકાર નહોતી એમને. ગાય બધી રાતના પણ અહીં જ રહેતી હશે એનાં ચિહ્નો પણ ચારે કોર મોજૂદ હતાં.

અમારી જમણી અને ડાબી બાજુ ઊંચી ઓસરી બે તરફ બે દરવાજામાં પહોંચી પૂરી થતી હતી. બંનેની પાછળ ઘોર અંધકાર. લાગતું હતું એની પાછળ ઉપર જવાનો દાદર હશે. મકાન ત્રણ માળનું હતું એ તો બહારથી જોયું હતું. ઊંચે જોતાં લોખંડના સળિયામાંથી ખુલ્લું આકાશ દેખાય. ફેલુદાને પૂછ્યું તો એ કહે: 'અહીં વાંદરાના ત્રાસમાંથી બચવા માટે આવી જાળી જરૂરી છે.'

હવે શું કરવું એ વિચારતા હતા એવામાં જમણી ઓસરી તરફ નજર પડી. ત્યાં એક જણ ચૂપચાપ બારણામાંથી બહાર આવી અમારી તરફ જોતો હતો: મધ્યમ વયનો અને મધ્યમ કદનો; બદન પર લીલા રંગનું સફેદ બુટ્ટીદાર કુર્તું, માથે ભરેલી સફેદ કપડાની ટોપી, મોટી મોટી ભરાવદાર મૂછના આંકડા હોઠ પરથી બંને તરફ વળીને થોભિયા થતાં થતાં રહી ગયા હતા. એ માણસે મોં ખોલ્યું. એનો સ્વર સાંભળતાં લાગે કે ઘણી જૂની ઘસાએલી ગ્રામોફોન રેકૉર્ડમાંથી જાણે અવાજ આવતો હતો. ફેલુદા ભણી જોઈ એ બોલ્યો: 'શેઠજી આપસે મિલના ચાહતે હૈં!'

'કોન શેઠજી?' ફેલુદાએ પૂછ્યું. 'શેઠ મગનલાલજી.'

'ચલિયે.' કહીને ફેલુદા એ માણસ તરફ આગળ વધ્યા. (ચાલુ)

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકો સુધ્ધાંને આકર્ષી રહેલી—ડૉ. મધુસૂદન પારેખની—લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૫મો · પ્રકરણ ૧લું

નવજાગ્રતિનો અંત : તે સમયનું સાહિત્ય

ઈ. ૧૬૨૫માં જેઈમ્સ પહેલાના મૃત્યુ પછી તેનો પુત્ર ચાર્લ્સ પહેલો ગાદીએ આવ્યો. એનો રાજ્યઅમલ સતત રાજકીય અને ધાર્મિક ઝગડાઓથી છવાએલો રહ્યો. રાજા પોતે કૅથલિકધર્મી હતો પણ પાર્લમેન્ટમાં પ્યૂરિટન સંપ્રદાયના સભ્યોનું બળ હતું. રાજાના આપખુદ વલણ અને જુલમને કારણે તેની અને પાર્લમેન્ટની વચ્ચે સતત સંઘર્ષ ચાલુ જ રહ્યો અને છેવટે ૧૬૪૯માં રાજા ચાર્લ્સનો શિરચ્છેદ થયો અને ઑલિવર ક્રૉમવેલે રાજસત્તા ધારણ કરી. પ્યૂરિટનવાદીઓનું જોર વધ્યું. ક્રૉમવેલના સમયમાં પ્રજાજીવન પર કડક શિસ્ત લાદવામાં આવી. શેક્સ્પીઅરના સમયમાં ફૂલેલીફાલેલી નાટ્યશાળાઓ બંધ કરવામાં આવી. મે પોલ જેવા જાહેર ઉત્સવોની પણ મના કરવામાં આવી. સંગીત અને નૃત્યને ધર્મનાં વિરોધી ઠરાવવામાં આવ્યાં. ઈંગ્લૅન્ડના લોકોને સાદું નીતિયુક્ત જીવન જીવવાની ફરજ પાડવામાં આવી. આ સમયગાળામાં (૧૬૨૫-૧૬૬૦) સાહિત્યનો વિકાસ રૂંધાઈ રહ્યો. બાઈબલ પર આધારિત સાહિત્યનો મહિમા વધ્યો. સાહિત્યમાં મુક્તતા અને વિલાસને સ્થાને સંયમ અને નીતિનાં તત્ત્વો દાખલ થયાં.

ગદ્યસાહિત્ય : સર ટૉમસ બ્રાઉન

આ સમયગાળામાં નથી નવલકથા રચાઈ, નથી સમાજજીવનનાં વિવિધ ચિત્રો પ્રકટ થયાં. આનંદપ્રમોદનું સાહિત્ય જાણે કે ભૂતકાળની ઘટના બની રહી. આ યુગમાં પોતાની લાક્ષણિક ગદ્યકૃતિઓથી સર ટૉમસ બ્રાઉન–Sir Thomas Browne–(૧૬૦૫-૮૨)વાચકોનું ધ્યાન ખેંચી રહે છે. રૉબર્ટ બર્ટનની જેમ જ એ પણ તરંગી હતો. એનું વ્યક્તિત્વ સંકુલ હતું. એની વિદ્વત્તા આદરણીય હતી. વ્યવસાયે એ ડૉક્ટર અને તેનું વલણ ધર્મોપદેશકનું હતું : તે મરમી હતો. એનું માનસ પ્રયોગશીલ હતું. પ્રકૃતિની ઘટનાઓનું તે ઝીણવટથી પૃથક્કરણ કરતો. પણ તે સાથે તેને ચમત્કારોમાં પણ ખૂબ શ્રદ્ધા હતી. એના આવા વિલક્ષણ વ્યક્તિત્વને સમજવા માટે એનાં બે પુસ્તકો સ્યૂડોડૉક્સિયા એપિડેમિકા (Pseudodoxia Epidemica) અને રિલીજિયો મેડિસી (Religio Medici) ખાસ મહત્ત્વનાં ગણાય. એના 'સ્યૂડોડૉક્સિયા એપિડેમિકા'માં એણે એ જમાનામાં વ્યાપક બનેલી કેટલીક ભ્રમણાઓનું નિરસન કર્યું છે. ત્યારનો લોકસમુદાય ભોળે ભાવે કેટલીક માન્યતાઓ સ્વીકારીને જ ચાલનારો હતો. જેમકે, બકરાના લોહીથી હીરો પોચો પાડી શકાય અથવા તોડી શકાય; હાથીને સાંધા હોતા નથી; કોયલનું માંસ બગડતું નથી. બ્રાઉને આ બધી ભૂલો ખુલ્લી પાડી છે પણ તે સાથે પોતાની બાઈબલ ઉપરની અચલ શ્રદ્ધાને કારણે એનું ચિત્ત પણ પૂર્વગ્રહોથી ચુસ્ત રહ્યું છે. કૉપરનિકસની પદ્ધતિને સ્વીકારવા તે તૈયાર નથી, અને પૃથ્વીને તે વિશ્વના કેન્દ્ર તરીકે જ માને છે! એ ખગોળશાસ્ત્રમાં માને છે, રાસાયણિક વિદ્યામાં તેની શ્રદ્ધા છે, છતાં જાદુ અને મંતરજંતર, ભૂતડાકણ વગેરે બાબતોમાં પણ તેને પૂર્ણ વિશ્વાસ છે! ડૉક્ટર તરીકેના એના જ પુરાવાને આધારે બે બીચારી બાઈઓને ડાકણ ઠરાવીને વગર મોતે મારી નાખવામાં આવેલી!

બ્રાઉનના ચિત્તમાં બુદ્ધિ, શ્રદ્ધા, જ્ઞાન, ચમત્કાર ઇત્યાદિનો વિચિત્ર શંભુમેળો હતો. પ્રાકૃતિક વિજ્ઞાનનો તે સારો અભ્યાસી હોવા છતાં ચમત્કારોમાં પણ તેનો રસ જીવંત હતો, એના ચિત્તની સંકુલતાનો સમર્થ પરિચય એની ખૂબ પ્રસિદ્ધિ પામેલી કૃતિ 'રિલીજિયો મેડીસી'માં મળે છે. એણે ત્રીશી પણ વટાવી નહોતી ત્યારે આ પુસ્તક રચેલું અને લૅટિન, ફ્રેંચ, જર્મન ઈત્યાદિ ભાષાઓમાં તેના અનુવાદ પણ થએલા. લેખકની ખ્રિસ્તી ધર્મની મુદ્રા પ્રકટ કરતી વ્યાખ્યાથી આ પુસ્તકનો આરંભ થાય છે અને ધીમે ધીમે એની વ્યાખ્યા વિસ્તરતી જતી બધા જ સંપ્રદાયોને 'માનવતા'ના મુખ્ય ધર્મમાં સમાવી લે છે. એ પોતે અંગ્રેજી ધર્મસમાજનો સભ્ય હોવા છતાં બીજા સંપ્રદાયો માટે તેનામાં કદી ઉપેક્ષા કે દ્વેષની વૃત્તિ વરતાતી નથી. કૅથલિકો પ્રત્યેનું તેનું વલણ એવું તો આત્મીયતાભર્યું છે કે તે પોતે કૅથલિક હોવાનો ભ્રમ ઊભો કરે છે.

બુદ્ધિ અને શ્રદ્ધા વચ્ચેનો ભેદ તે પ્રકટ કરે છે અને સમજાવે છે કે એ બંને ભલે એકબીજાથી વિરોધી હોય તો પણ તેઓ સંકળાએલા છે. બંનેની એકબીજાની પરિભાષામાં ચર્ચા કરી શકાય છે અને 'ઈશ્વરની પ્રજ્ઞા'માં એ બંને સમાઈ જાય છે. ઈશ્વરે જ આ સૃષ્ટિ, મનુષ્ય તેનું મનન–ચિંતન કરે તે માટે રચી છે. પ્રકૃતિ એ ઇશ્વરની જ કલાકૃતિ છે, એટલે તેમાં વિકૃતિ નથી. ઈશ્વર સર્જિત દરેક વસ્તુ સુંદર છે અને અદ્ભુત છે. મનુષ્ય એ પણ એક તનુસૃષ્ટિ છે. ઇશ્વરનું કાર્ય અને તેનો ગ્રંથ ભલે જુદાં હોય છતાં તે એકરૂપ થવા માટે જ છે.

આમ બ્રાઉન બાઈબલના શબ્દને પણ પ્રમાણભૂત માને છે અને પ્રાકૃતિક ઘટનાની બુદ્ધિપૂર્વક સમજૂતી આપવાનું કાર્ય પણ તે બજાવે છે. તે પોતે આ બાબતમાં સ્પષ્ટપણે કહે છે : 'Thus there are two Books from whence I collect my Divinity; besides that written one of God, another of His servant Nature, that universal and public Manuscript, that lies expans'd unto the Eyes of all.'

આમ છતાં તેનાં લખાણોમાં બુદ્ધિ કરતાં શ્રદ્ધા તરફ તેનો ઝોક વિશેષ દેખાય છે. એણે જ્ઞાન કરતાં શ્રદ્ધાનો વિશેષ મહિમા પ્રકટ થાય તેવી મતલબનું વિધાન કર્યું છે : સંતોષ માનીને સરળતાથી અજ્ઞાનમાં બેસી રહેવું વધારે સારું છે. પરસેવો પાડીને અનિશ્ચિત જ્ઞાન મેળવવાથી શું? મૃત્યુ એની લ્હાણ તો દરેક મૂર્ખાને વિનામૂલ્યે કરે છે. (It is better to sit down in a modest ignorance and rest content with the natural blessing of our own reasons, than buy the uncertain knowledge of this life with sweat and vexation; which death gives every fool gratis.)

ધર્મોપદેશક તરીકે બ્રાઉન વારંવાર કીર્તિનું મિથ્યાપણું, મૃત્યુના ઓળા વગેરેની અધ્યાત્મલક્ષી વાતો રજૂ કરે છે. એનાં આ પ્રકારનાં લખાણોમાં વિલક્ષણતા છે, તો સાથેસાથે ભવ્યતા પણ છે. વિચારોમાં અને પ્રતિરૂપ યોજવામાં બંનેમાં તેની એકસરખી ઊંચાઈ પ્રતીત થાય છે. એનાં આવાં લખાણોમાં પ્રકટ થતી અધ્યાત્મવૃત્તિ તેને ડન (Donne) અને એવા બીજા અધ્યાત્મવાદી (metaphysical) કવિઓની હરોળમાં મૂકી આપે છે.

બ્રાઉનનાં બીજાં બે પુસ્તકો–'ધ ગાર્ડન ઑવ સાયરસ' (The Garden of Cyrus) અને 'હાઈડ્રીઓટેફિયા' (Hydriotaphia or Urn Burial)માં તેની તરંગલીલાનો સ–રસ પરિચય મળી રહે છે. 'ધ ગાર્ડન ઑવ સાઇરસ'માં તેના વૈજ્ઞાનિક અને ચિત્રલિપિના રસનું વિલક્ષણ મિશ્રણ છે. 'હાઇડ્રીઓટેફિયા'માં બ્રાઉને મૃત્યુ, કાળ, સ્મૃતિ

લઘુકથા

બેબીનો ચહેરો

અશ્વિન મ. વસાવડા

બેબીને પહેલી વાર ખોળામાં લેતાં જ વિહ્વળ બની બ પુજીએ કહ્યું: 'રાકેશ? આબેહૂબ તારી માનો જ ચહેરો આવ્યો છે.' હું તો છ માસનો હતો ત્યાં જ મા મૃત્યુ પામી હતી. કમનસીબે ઘરમાં માનો ફોટો પણ ન હતો, તેથી મારે માટે તો માનો ચહેરો એક કલ્પના જ હતી.

અલકાના પપ્પાએ બેબીના જન્મને વધાવતાં કહેલું: 'અલકા, તારી મમ્મીએ તારે પેટે અવતાર લીધો છે!' અમારા લગ્નના છ માસ પૂર્વે અલકાએ મમ્મી ગુમાવેલી—આઘાતમાં લગ્ન કર્યા...ને તેથી પપ્પાની આ વાત અલકાના માનસમાં વસી ગઈ. પ્રસૂતિમાં તેના પપ્પાને ઘેર રહેલી અલકાને બેબી તરફ અદ્ભુત આકર્ષણ થઈ ગએલું.

—અને તેથી બેબીનો ચહેરો મારી માને મળતો આવે છે તે વાત જ્યારે બાપુજીએ કહી ત્યારે અલકાને ન ગમ્યું: 'બેબીનો ચહેરો તો મારી મમ્મીને મળતો આવે છે.' અમારી વાત અલકા સ્વીકારતી ન હતી તે મને ન ગમ્યું. શરૂમાં મીઠો અને પછી કટુ બનતો જતો આ સંઘર્ષ અન્ય નાનામોટા ઝગડા સાથે માનસિક ક્લેશનું કારણ બનતો રહ્યો

આજે અમારી વચ્ચે સારી એવી બોલાચાલી થતી હતી ત્યાં રુચિ ભાભી અને વિપિન આવ્યાં. અંચળો ઓઢી અમે સ્વાગત કર્યું ...અને પોતે લાવેલું રમકડું બેબીના હાથમાં આપી રમાડતાં રુચિ ભાભીએ કહ્યું: 'વાહ, મજાનો ચહેરો છે; કોના ઉપર પડી છે? દાદાના કુટુંબ ઉપર કે મોસાળ ઉપર?'—અને મારાથી બોલીજવાયું: 'એ જ તો મોટો ઝગડો છે!'

એટલે એ બન્નેએ પોતાના બાબાના ચહેરા માટે બન્ને પક્ષના વડીલોના પોતાના પક્ષ તરફી અભિપ્રાયની વાત હસતાં હસતાં કરી એ પણ કહ્યું કે દરેક વડીલની વાત અમે તેની પાસે સ્વીકારી લેતાં!

અલકા–રુચિભાભી રસોડામાં રોકાયાં. વિપિનની એ સલાહ ઉપર હું લગભગ સહમત થયો કે લગ્ન પૂર્વેના છ માસે અલકાએ મમ્મી ગુમાવી છે તેથી સ્વાભાવિક રીતે તેના પપ્પા અને અલકા બેબીના ચહેરા દ્વારા આશ્વાસન લઈ રહ્યાં છે તો લેવા દેવું.

હું પથારીમાં પડ્યો પડ્યો આ વાત વિચારતો જ હતો ત્યાં અલકાએ આવીને કહ્યું: '...લો, આજે તમારા જન્મદિને ભગવાને તમારી માનો ચહેરો તમને આપી દીધો. હું તો ઘણા જન્મદિને મમ્મીને વળગી છું, ત્યારે તમારે તો આ પહેલો જ જન્મદિન એવો આવશે જ્યારે તમે મા નહિ તો માને મળતી મુખાકૃતિ તો જોઈ શકશો!'

—અને અલકાએ બેબીને મારી છાતી ઉપર બેસાડી...બેબીના હસતા ચહેરામાં બે ચહેરાઓ અને અલગ અલગ પ્રેમસંબંધો પક્ષપાત વિના જાણે જીવંત બન્યા હતા! □

વગેરે વિષયો પર સુદીર્ઘ ચિંતન વ્યક્ત કરેલું છે. નૉરફૉક (Norfolk)ના કોઈ ખેતરમાંથી મૃતદેહના અવશેષો મળી આવ્યા અને એમાંથી તેના દફન વિષે વિચારવાની તેને પ્રેરણા મળી, અને દફનની રૂઢિઓ, કબરો, મૃત્યુલેખો વગેરેનું જુદીજુદી પ્રજાઓની સંસ્કૃતિઓમાં મહત્ત્વ શું તેના ચિંતનમાં બ્રાઉનનું ચિત્ત લીન બની ગયું. એ પુસ્તકના છેલ્લા પ્રકરણમાં સમર્થ ફ્રેંચ નિબંધકાર મૉન્ટેઈન (Montaigne)ની ઉચ્ચતમ કક્ષા સિદ્ધ થએલી વિવેચકોએ નિહાળી છે. બ્રાઉને તેમાં અમરતા વિષેનાં મિથ્યા ફાંફાંની કઠોર આલોચના કરી છે. તેમ છતાં એનાં સમગ્ર લખાણોમાંથી બ્રાઉન એક વિચારક કરતાં તો વિશેષ એક કલાકાર તરીકે પ્રતીત થાય છે. એ સમર્થ ગદ્યકાર છે. એનાં વાક્યો ટૂંકાં પણ સચોટ અને અર્થઘન હોય છે. નવજાગ્રતિના અંત પછીનો તે એક સમર્થ ગદ્યલેખક છે, ને અંગ્રેજી ચિંતનાત્મક સાહિત્યમાં તેનું વિશિષ્ટ અર્પણ છે.

જ્યૉર્જ હર્બર્ટ

બ્રાઉન પછી જ્યૉર્જ હર્બર્ટ–George Herbert–(૧૫૯૩–૧૬૩૩) એના 'ધ કન્ટ્રી પાર્સન' (The Country Parson) પુસ્તકથી ધ્યાન ખેંચે છે. એની કાવ્યકૃતિ 'The Temple' વધુ જાણીતી રચના છે. 'ધ કન્ટ્રી પાર્સન'માં તેણે પોતાના અનુભવના આધારે જ ગામડાના એક પાદરીનું ચિત્ર આલેખ્યું છે. એમાં જીવન એટલે શું, ચારિત્ર્યનું મહત્ત્વ શું, શિક્ષણનો મહિમા કેવો, ધર્મગુરુએ કેવા પ્રકારનું જીવન જીવવું, ઘરમાં તેમજ દેવળમાં તેનો વહેવાર કેવો હોય વગેરે બાબતોનું સરળ અને પ્રવાહી ગદ્યમાં રોચક વિવરણ કર્યું છે. એમાં એણે ચર્ચનું નમૂનારૂપ ચિત્ર રજૂ કર્યું છે તે એ પુસ્તકનું આકર્ષક અંગ છે.

જેરેમી ટેલર

અંગ્રેજી ધર્મસમાજના ઉપદેશક જેરેમી ટેલર–Jeremy Taylor–(૧૬૧૩–૧૬૬૭)નું એક ગદ્યલેખક તરીકે અંગ્રેજી સાહિત્યમાં મહત્ત્વનું અર્પણ છે. ચર્ચની વ્યાસપીઠના શેક્સ્પીઅર અને સ્પેન્સર તરીકે તેની નામના હતી અને એનું વક્તવ્ય ખૂબ છટાદાર તથા ધર્મભાવનાથી સભર બની રહેતું. એકવીસ વર્ષની વયે તો તે ધર્મોપદેશક તરીકે પંકાઈ ગયો હતો. એનાં બે નોંધપાત્ર પુસ્તકો 'હોલી લિવિંગ' (Holy Living ૧૬૫૦) અને 'હોલી ડાઈંગ' (Holy Dying ૧૬૫૧) છે. પણ તેની કલા ખરેખર ખીલે છે તેનાં ધર્મપ્રવચનોમાં. ટેલરના ગદ્યમાં નરી કવિતા નીતરે છે અને કુલીનતાની સોડમ તેમાંથી પ્રસરે છે. ઇલિઝાબેથના યુગના કવિઓની સાથે બેસી શકે તેવી કવિત્વશક્તિ તેનામાં છે. ગુલાબનો વિચાર કરતાં તે ગુલાબનું ચિત્ર અનેક ઉપમાઓથી તાદૃશ કરી આપે છે—વાચકના ચિત્ત સામે ગુલાબ પ્રત્યક્ષ થાય તેવી તેની કલા છે. પ્રાર્થના એ ચંડોળ પંખી જેવી છે એમ કહેતાં તો એના ચિત્તમાંથી કલ્પનાના ફુવારા ઊડવા લાગે છે: 'મેં ચંડોળને એની ઘાસની સેજમાંથી જાગીને ઊંચે ઊડતું જોયું છે. ગીત ગાતું તે ઊડતું જ રહે છે. વાદળોની પેલે પાર પહોંચીને સ્વર્ગમાં પ્રવેશવાની તેની અભિલાષા છે; પણ પૂર્વ તરફના તોફાની પવને તેની અભિલાષા વિખેરી નાખી, તેની ઊર્ધ્વગતિમાં અવરોધ આવ્યો; પાંખો તેણે વીંઝ્યા જ કરી છતાં ઝંઝાના સામર્થ્ય આગળ તેનું કશું નીપજ્યું નહિ. બીચારું પંખી ધરતી પર આવી પડ્યું. હાંફતું હાંફતું બેસી રહ્યું. પવનનું તોફાન પૂરું થયું અને ફરી ચંડોળે પાંખ વીંઝી વ્યોમમાં ઊર્ધ્વયાત્રા શરૂ કરી. અને કોઈ ફિરસ્તાએ તેને પ્રેરણા ફૂંકી હોય તેમ તેના કંઠમાંથી ગીત–સંગીત સરવા માંડ્યું, તેની ગતિ વધવા માંડી—સજ્જનોની પ્રાર્થના આ પ્રકારની હોય છે.'

મૃત્યુનો ભય કાઢી નાખવામાં આવે તો મૃત્યુ કેવું સાદું સરળ છે તે સમજાવતો તેનો એક નાનો પરિચ્છેદ જોઈએ: It is the same harmless thing that a poor shepherd suffered yesterday, or a maid-servant to-day; and at the same time in which you die, in that very night a thousand creatures die with you, some wise men, and many fools; and the wisdom of the first will not quit him, and the folly of the latter does not make him unable to die.' ટેલરની તાર્કિકતાને કવિતાનો કેવો પાસ બેઠો છે!

ટેલર માનસશાસ્ત્રીય સૂત્ર દાખવનારો લેખક હતો. મનુષ્યસ્વભાવનો તે પારખુ હતો. પતિ-પત્ની વચ્ચેના પ્રેમની, તેમના લગ્ન પછી તરતના પ્રેમચાંચલ્યની અને નિકટે કસાઈને દૃઢ થતા ઉદાત્ત પ્રેમની વાત તેણે આંતરસૂઝથી કરી છે. એના ગદ્યમાં શૈલીનું વૈવિધ્ય છે અને એના યુગનું નૂતન ગદ્ય એનાં લખાણોમાં પ્રકટ છે. (ચાલુ)

કલાવાર્તા

બી. પ્રભા અને બી. વિઠ્ઠલ

બી. પ્રભા અને બી. વિઠ્ઠલનું નામ કલાક્ષેત્રે હવે તો ઠીકઠીક ખ્યાત છે. બી. એટલે બડગેલવાર, એ એમની અટક. આ કલાકાર દંપતીનો પરિચય અગાઉ 'કુમાર'ના ૪૧૨મા અંકમાં શ્રી પ્રદ્યુમ્ન તન્નાએ કરાવ્યો હતો. ત્યારે તો હજી આ બંનેની શરૂઆત હતી, છતાં એ સમયે પણ એમની કલાશક્તિ કળાઈ જતી હતી. પ્રભાનાં ચિત્રો અને વિઠ્ઠલનાં શિલ્પો એકબીજાથી ભિન્ન અને આગવી જ પ્રતિભા પ્રકટ કરતાં હતાં. બંનેએ એક જ અરસામાં મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટસમાં કલાનો અભ્યાસ કરેલો. એમનો પરિચય પણ ત્યાં જ કેળવાયો અને ઈ. ૧૯૫૬માં તેમણે બંનેએ સાથે મળી પોતાની કૃતિઓનું પહેલું પ્રદર્શન યોજ્યું અને એના પ્રતિભાવો પણ સારા સાંપડ્યા.

પ્રભાનો જન્મ નાગપુર નજીક બેલા નામના ગામમાં ઈ. ૧૯૩૧માં થએલો; વિઠ્ઠલનો જન્મ વર્ધામાં ઈ. ૧૯૩૩માં. નાનપણથી જ બંનેને કલાની રઢ. શાળાના અભ્યાસમાં બંને લગભગ 'ઢ'. ભણવા કરતાં ચીતરવામાં વધુ રસ. પણ પ્રભાને એમના મોટા ભાઈની જે હૂંફ ને ટેકો હતાં એ વિઠ્ઠલના નસીબમાં નહિ. એના પિતાનો સ્વભાવ આકરો, એટલે ભાઈએ ઘેરથી નાસીને છએક મહિના મુંબાઈમાં રઝળપાટ કરી. પછી કોઈ ઓળખીતાએ પકડી પાડતાં ઘેર પાછા ફરવું પડ્યું. ચિત્રકામની પરીક્ષા આપી. પણ નાપાસ થયા. અંતે ફરી ૧૯૫૩માં મુંબાઈ જઈ સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ્સમાં શિલ્પકળાના વર્ગમાં દાખલ થયા. એ સમયે મોટા ભાઈના પ્રોત્સાહનથી પ્રભા પણ એ જ શાળામાં ચિત્રકળાનો અભ્યાસ કરતાં હતાં. વિઠ્ઠલે અગાઉ એમને એકાદ વાર જોએલાં. અહીં પરિચય સાધ્યો, વધાર્યો, બંનેએ સાથે એક પ્રદર્શન યોજ્યું અને લગ્ન કરી કાશ્મીરનો પ્રવાસ કર્યો.

આર્થિક રીતે ત્યારે હજી તેઓ પૂરાં પગભર નહોતાં, પણ સખત પરિશ્રમ અને ઉત્તરોત્તર ચડિયાતી કૃતિઓ દ્વારા ધીરેધીરે કલાક્ષેત્રે બંનેએ પોતાનાં સ્થાન મેળવી લીધાં. પ્રદર્શનોમાં એમની કૃતિઓ રજૂ થવા લાગી, વેચાવા લાગી, માન–પારિતોષિકો પામવા લાગી ઈ. ૧૯૬૨માં ત્રણેક માસ એમણે બૅંગકોક, હૉંગકૉંગ ને જાપાનનો પ્રવાસ કર્યો. ઈ. ૧૯૬૫માં 'એર ઇંડિયા'ના કામ માટે ઑસ્ટ્રેલિયા અને સિંગાપોર ગયાં. ઈ. ૧૯૬૭માં વિશ્વપ્રવાસે ગયાં. ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, જર્મની, ઈજિપ્ત, સ્વીડન, કૅનેડા અને યુ. એસ. એ.માં પ્રભાએ ચિત્રો પ્રદર્શિત કર્યાં, તો વિઠ્ઠલે અમેરિકા અને જર્મનીમાં પોતાનાં શિલ્પો રજૂ કર્યાં. પ્રભાએ એર ઇંડિયા માટે બૅંગકોક અને મેલબોર્નમાં, ટોકિયોમાં ભારતીય એલચી ખાતાની કચેરીમાં, મનીપાલમાં સિન્ડિકેટ બૅન્ક માટે અને મદ્રાસમાં ઇંડિયન બૅન્ક માટે મ્યૂરલ બનાવ્યાં. બીજી બાજુ વિઠ્ઠલે શિલ્પના માધ્યમમાં વિવિધ પ્રયોગો કરી લોખંડથી માંડી કાચ સુધીની શિલ્પકૃતિઓ સર્જી. આજે એ બંને જણ એકબીજાને પૂરક બની પોતપોતાના ક્ષેત્રે આગળ ધપી રહ્યાં છે. વિઠ્ઠલે પોતાનાં શિલ્પોમાં કોઈ રાગિણીના લય જેવી પ્રવાહી રેખા સાધી છે તો પ્રભાએ પોતાના રેખાસામર્થ્ય તથા રંગમાધુર્ય વડે સ્વપ્નશીલ ભાવસૃષ્ટિ રચી છે. પોતાના ક્ષેત્રમાં બંને જણ સતત પ્રયોગશીલ રહી પોતપોતાની રીતે કલાનું રહસ્ય પ્રકટ કરી રહ્યાં છે. હવે એમને આરંભની ભીંસ જેવા પ્રશ્નો રહ્યા નથી. અને આ સ્થિતિ માટે એમની કલાશક્તિ અને પુરુષાર્થને જ યશ ઘટે છે. આ સાથે એમની થોડીશી કૃતિઓ રજૂ કરી છે. અઢાર વર્ષ પહેલાં 'કુમાર'માં પ્રકટ થએલી એમની કલાકૃતિઓ જેમણે જોઈ હશે તેઓ આમાં એમણે સાધેલા વિકાસને વધુ સરળતાથી પ્રમાણી શકશે.

—જયંત સિદ્ધપુરા

◁ માનવપાત્રો–ખાસ કરીને ભારતીય સ્ત્રીપાત્રોના આલેખનની બી. પ્રભાની શૈલી તદ્દન આગવી જ છે. આ સાથેની કૃતિઓ પરથી એ સ્પષ્ટ થશે.





◁ બી. પ્રભા માટે લોકમાં વિવિધ સ્ત્રીપાત્રો







△ બી. વિઠ્ઠલ અને એમનાં કાચનાં બે શિલ્પ · માનવદેહ-વળાંકની લયબદ્ધતાનું મૂર્ત રૂપ

'વિબગ્યોર' વૃંદનાં નવાં સર્જનો

અમદાવાદના શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયનાં સાત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ મેઘધનુષના સાત રંગના (અંગ્રેજી) નામના પ્રથમાક્ષરો પરથી 'વિબગ્યોર' નામે જે એક આગવું કલાવૃંદ રચ્યું છે એ એમનાં અવારનવારનાં ચિત્રપ્રદર્શનોથી હવે સુખ્યાત છે. નવયૌવનનો કલ્પનાશીલ ઉત્સાહ ધરાવતાં આ સાતેય કલાકારોમાંનાં છ—ઊર્મિ પરીખ, કરુણા ભટ્ટ, કલ્યાણી મહેતા, જાદવ પટેલ, નવીન ઢગત ને મફત પટેલે વધુ એક વાર હમણાં પોતાનાં કુલ ૨૩ નવાં ચિત્રો અહીંની કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલેરીમાં રજૂ કર્યાં હતાં. ચિત્રસર્જનમાં ઉત્તરોત્તર નવી ગતિ દાખવતી એમની કૃતિઓમાં સાંપ્રત (મૉડર્ન) પ્રવાહ પ્રતિના વળાંક સાથે ક્યૂબિઝમથી માંડી રાજસ્થાની માંડણાના નવતર વિનિયોગ સુધીની અજમાયશ જોવા મળી. એમાં મુખ્યત્વે ઊર્મિ પરીખના પોર્ટ્રેટમાં લાગણીશીલ ઝોકના ઉમેરણ સાથે રેખાસામર્થ્ય અને રંગપ્રભાવનો ઉત્તમ ઉપયોગ તથા કરુણા ભટ્ટના રાજસ્થાની માંડણના નવતર ઉપયોગમાં અભિનવ પ્રયોગશીલતાનું દર્શન થયું. પણ સમગ્રતયા આ વૃંદના એમના કલાપ્રયોગમાં ઉમેરાતો જતો સાંપ્રત ઝોક જનસામાન્યથી એમને દૂર તો નથી લઈ જતો ને એવો એક ભય પણ પ્રકટ થયા લાગ્યાનું અનુભવાયું. કલાક્ષેત્રે એ પ્રગતિ ગણીએ તો એ ગતિ એમને લોકવિમુખ તો નહિ બનાવે ને?



[illegible] · કુ. ઊર્મિ પરીખ

પ્રશસ્ય પા પા પગલી



કુ. ઇંદિરા વિલ્ખુ

ગયા એપ્રિલમાં અમદાવાદની 'કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલેરી'માં કુ. ઇંદિરા વિલ્ખુના ચિત્રપ્રદર્શન નિમિત્તનું આમંત્રણ મળ્યું ત્યારે આ એક નવું જ નામ વાંચી વિશેષ કુતૂહલ જાગ્યું હતું. પ્રદર્શનમાં એમણે પોતાનાં બાવીસ ચિત્રો રજૂ કર્યાં હતાં, જેમાં બેએક રાજપૂત લઘુચિત્રોની અનુકૃતિ ઉપરાંત મોટા ભાગનાં વિવિધ વિષયક તૈલચિત્રો હતાં. પૅલેટ નાઈફથી જ કરેલા સાંથાલ સ્ત્રીના એક ચિત્રમાં એમની પ્રયોગશીલતા અને દૃશ્યચિત્રોમાં એમનો પ્રકૃતિપ્રેમ પ્રકટ થતાં હતાં. પોતાની કલાસિદ્ધિ દર્શાવવા નહિ, પણ પોતાનાં ચિત્રો જોઈ લોકો જે પ્રતિભાવ પ્રકટ કરે તેમાંથી પ્રેરણા પામવાનો તેમનો ઉદ્દેશ જણાયે; કેમ કે હજી તો ચિત્રકળામાં એમની આ પા પા પગલી જ છે.

એમના પિતા ગુરુદત્તાસિંગ અહીંની 'અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની લિમિ'માં એક સુપરિન્ટેન્ડેન્ટ છે. મૂળ પંજાબના શીખ. વર્ષોથી અહીં વસ્યા હોઈ ઇંદિરાનો જન્મ પણ અહીં સાબરમતીમાં થએલો. અંગ્રેજીના વિષય સાથે એમ.એ. અને એલએલ.બી. સુધીના અભ્યાસ સાથે ગૃહશોભન ને ગૂંથણકામ ઉપરાંત ઇંદિરાને ચિત્રકળાનો પણ નાદ લાગ્યો. માતા-પિતાએ એને પ્રોત્સાહન આપ્યું અને કલાકાર રસિકલાલ પરીખ પાસેથી અવારનવાર ચિત્રકામમાં માર્ગદર્શન લઈ ઇંદિરાએ ઘરઆંગણે જાતે જ પોતાના કલાભ્યાસંગને વિકસાવ્યો. આથી પ્રદર્શિત કરેલાં ચિત્રોમાં કોઈ ચોક્કસ શૈલી કે પરિપાટીનું દર્શન નહિ, પણ એમની લગન, મહેનત અને સતત મહાવરાથી ઘડેલા હાથનું સુપરિણામ પ્રકટ થતું હતું. નજરે જોએલાં પ્રાકૃતિક સૌન્દર્ય અને રોજિંદા જીવનમાંથી જે જચ્યું એ એમણે ચિત્રફલક પર પૂરી ગંભીરતાથી ઉતારવાનો પ્રયત્ન કર્યો જણાતો હતો. અને તેથી પ્રારંભિક કક્ષાની એમની આ ચિત્રકૃતિઓ વિષયવૈવિધ્ય સાથે એના તેજસ્વી રંગવિધાનમાં ઊજળા ભાવિ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત થતી હતી. પદ્ધતિસરની તાલીમ વિના એક વ્યાસંગ તરીકે બહુધા આપસૂઝથી એમણે સાધેલા આ કલાવિકાસમાં, શાળા કૉલેજના વર્ગો ભર્યા પછી દિશાશૂન્ય નાવની પેઠે આથડતા રહી યુવાવસ્થાનો અમૂલ્ય સમય વેડફી નાખનારાંઓ માટે સૂચક અને પ્રેરક સંકેત હતો.

એમને પગલે ચાલી એમના ભાઈ કિશનસિંગે પણ ચિત્રકામ પર હાથ અજમાવવા માંડ્યો અને એના પરિણામરૂપ બે ચિત્રો એમણે પણ એ સાથે પ્રદર્શિત કર્યાં હતાં.

આ બંને બહેન-ભાઈનું જીવન ભવિષ્યમાં

△ પ્રતીક્ષા (કુ. વિલ્ખુ) અને વનનો માર્ગ (કિશનસિંગ વિલ્ખુ △

કેવો વળાંક લે એ તો ન કહી શકાય, પણ તેઓ પોતાનો આ વ્યાસંગ જારી રાખી સતત પ્રયત્નશીલ રહે તો આ અભિનંદનીય ને અનુકરણીય પુરુષાર્થ કલાક્ષેત્રે એમને જરૂર સ્નેહમંદ બનાવશે.

કલમકારીનો અભિનવ વિનિયોગ

ભારતનાં અનેક તીર્થધામોમાં અને એની આસપાસ, એ પ્રદેશ તથા ત્યાંના ધાર્મિક સંપ્રદાયો સાથે સંલગ્ન એવી લાક્ષણિક લોકચિત્રશૈલી સૈકાઓથી પ્રચલિત રહી છે. કૃષ્ણલીલા, રામાયણ કે મહાભારત અથવા અન્ય અનેક પૌરાણિક કથાઓની યાદ સાથે આ દેશનો ઇતિહાસ અને સંસ્કૃતિ આવાં ચિત્રોમાં હજી યે જીવંત રહ્યાં છે. બંગાળની 'કાલીઘાટ' અને બિહારની 'મધુબની' શૈલીનાં ચિત્રાલેખનો, જગન્નાથપુરીના પટ, નાથદ્વારાનાં કૃષ્ણલીલાનાં ચિત્રો, ગુજરાતના માતાજીના ચંદરવા વગેરે આ કલાનાં લાક્ષણિક સ્વરૂપો છે. આંધ્રની આવી ચિત્રકારી 'કલમકારી' નામે ઓળખાય છે. એમાં ચિત્રવિષયના મુખ્ય વસ્તુ કે પ્રસંગને કેન્દ્રમાં રાખી એની ચારે બાજુ કથાનકના મુખ્યમુખ્ય પ્રસંગોને હારબંધ ચીતરવામાં આવે છે. વિવિધ પ્રસંગોને અલગ પાડવા વચ્ચે વચ્ચે ફૂલપાન અને પંખી વગેરેનાં શોભનો મૂકવામાં આવે છે. પાત્રોના પોશાક અને અલંકાર વગેરેના આલેખનમાં પેઢીઉતાર પ્રણાલિ છતાં વિવિધતા પણ જોવા મળે. કાળી કે ઘેરી બદામી રેખાઓમાં પરંપરિત આકાર-આકૃતિઓ આલેખી એમાં દેવસ્થાનોને અનુરૂપ એવા સૌમ્ય વનસ્પતિજ રંગો જ વપરાય છે. સાથેસાથે પ્રસંગવર્ણનની એકાદ લીટી પણ લખાય ખરી.

આવી કલમકારીમાં ચિત્રિત સંપૂર્ણ મહાભારતના એક વિસ્તૃત પટનો સુંદર ઉપયોગ કરીને ભારત સરકારના 'ટૂરિઝમ ડેવલપમેન્ટ કૉર્પોરેશન' માટે મુંબઈના ખ્યાત 'ચીમનલાલ પ્રા. લિમિટેડ' દ્વારા આ વર્ષે પણ એક સુંદર ડાયરી તૈયાર થઈ છે. જે એમની વિશિષ્ટ ને પ્રશસ્ય પ્રણાલિ જાળવી રાખે છે એમાં દરેક સપ્તાહનાં પાનાં પર કથાક્રમ અનુસાર એક કે બે કથાપ્રસંગો આપવા ઉપરાંત મોટા કદમાં સંપૂર્ણ પટ પણ જોડેલો છે જે મૂળ કલમકારીનો ખ્યાલ આપી રહે. વળી, વિદેશી પ્રવાસીઓને રસ પડે એવાં વિવિધ મહત્ત્વના સ્થળો દર્શાવતો ભારતનો નકશો તથા ભારતમાં ઊજવાતા મુખ્ય તહેવારો વિશેની માહિતીપ્રદ ટૂંકી નોંધ આ ડાયરીની ઉપયોગિતા વધારે છે. વર્ષોવર્ષ આવી કંઇ ને કંઈ ભારતીય વિશિષ્ટતાનો પરિચય આપતી આ ડાયરીઓ પરદેશીઓ માટે અહીંના એક અનોખા સંભારણા સમી બની રહે છે.

સાહિબા-૧૯૭૬

ચીમનલાલ પેપર કંપનીનો આ એક નવો પ્રકાશન પ્રયોગ છે. ચાલુ વર્ષની એક મુખ્ય ડાયરી ને બીજી ૩૨ પાનાંની કુટુંબનાં સભ્યોના આરોગ્ય અંગેની જરૂરી બધી જ નોંધ માટેની તથા ત્રીજી ૧૬ પાનાંની ધોબીને ત્યાં જતાં કપડાંની નોંધ માટેની એમ કુલ ત્રણ ડાયરીનો આ એક સંપુટ છે. ગૃહિણીએ લક્ષમાં રાખવા જેવી લગભગ બધી જ બાબતો—જેમ કે જરૂરી નામ-સરનામાં ને ફોન નંબરો; બૅંક, વીમો, શાળા-કૉલેજ, લાયસન્સો, ટૅક્સ પહોંચો સાથેની આપલે, સગાં સ્નેહીઓના જન્મદિન વગેરે, નોકરો અંગેની જરૂરી વિગતો ઇત્યાદિ કુશળ ને વ્યવસ્થિત ઘર-વહેવાર માટે ઉપયોગી એવી લગભગ બધી જ બાબતો સાથે ઘરખર્ચની વિભાગવાર નોંધ વગેરેનો બહુ ઝીણવટપૂર્વક વિચાર કરીને આ સંપુટનું આયોજન કરેલું છે. ટપાલવ્યવહાર ને વિવિધ તોલમાપની માહિતી ઉપરાંત પ્રાથમિક સારવારની માહિતી પણ તેમાં સમાવી છે આના વડે કોઈ પણ 'સાહિબા' પોતાનો ઘરવહેવાર પૂરો વ્યવસ્થિત કરી શકે. અંગ્રેજીમાં હોઈ ન સમજાય તો એમાં ઘરના 'સાહેબ' મદદ કરી શકે એટલું એ સરળ પણ છે. □




'હેરિટેજ ડાયરી'માંના 'મહાભારત-પટ'નો એક અંશ. કર્ણવધ અને તળાવમાં છુપાએલા દુર્યોધનની શોધનું આલેખન. કલમકારી ચિત્રશૈલી.

ટિકિટ-સંગ્રહ



નિયત ડાક ટિકિટની શ્રેણીમાં પાંચમી નવી ટિકિટ સ્વ. પં. નેહરૂને ચિત્રાંકિત કરે છે. જ્યારે છેલ્લા માસ દરમિયાન બહાર પડેલી ખાસ ટિકિટોમાં ભારતીય ઉદ્યોગોને બિરદાવતી ૨૫ પૈસાની ટિકિટ (નીચે વચ્ચેની પહેલી) પર વિવિધ ઉદ્યોગોના સૂચન રૂપ વિવિધ રંગી ચક્રાકારોનું સાંકેતિક આલેખન છે. જમણી બાજુની ચાર ખાસ ટિકિટો પર ભારતીય રેલવેના વિકાસના સૂચન રૂપ આપણાં ચાર રેલ-એન્જિનોનાં ચિત્રો છે. ભારતીય ઔદ્યોગિક વિકાસનાં પણ એ દ્યોતક છે. ઈ. ૧૮૮૧થી આરંભાએલા એના ઇતિહાસના વિકાસ-તબક્કા તેમાં દેખાઈ આવે છે. કિંમતના ક્રમ અનુસાર તેના પર 'ડબ્લ્યુ ડી એમ-૨', 'એફ ૧', 'ડબ્લ્યુ પી-૧' તથા 'ઇ. આઈ. પી. નં. ૧'ની સંજ્ઞાથી ઓળખાતાં એન્જિનોનાં ચિત્રો છે. ગઈ પંદરમી મેએ આ ટિકિટો સાથે બહાર પડેલા એના ફર્સ્ટ ડે કવર પરનું ચિત્ર પણ એટલું જ આકર્ષક છે. આવું જ સુંદર ફર્સ્ટ ડે કવર ગઇ ૨૯મીએ










બહાર પડેલી અમેરિકન સ્વાતંત્ર્યની દ્વિ શતાબ્દી નિમિત્તની ટિકિટનું પણ છે. એ ટિકિટ પર 'સ્પિરિટ ઑવ ૧૭૭૬' નામનું, અમેરિકન સ્વાતંત્ર્યની મૂલ ભાવનાના પ્રતીક રૂપ જગવિખ્યાત ચિત્ર આપ્યું છે. આ છએ ટિકિટો એની બહુરંગી સુંદર છપાઈમાં ખરેખર આકર્ષક બની છે. (પ્રેષક: કિરણચંદ્ર જોશી અને લાલાલાલ પરમાર-અમદાવાદ). અમેરિકાના સ્વાતંત્ર્યની દ્વિશતાબ્દી નિમિત્તે બ્રિટને પણ એક ખાસ ટિકિટ (જુઓ નીચે) બહાર પાડી છે જેના પર બેન્જામિન ફ્રાંકલિનનું ચિત્ર છે. તેઓ ફિલાડેલ્ફિયાના પોસ્ટ માસ્તર, બ્રિટિશ રાજવહીવટ દરમિયાન અમેરિકાના ડેપ્યુટી પોસ્ટ માસ્તર જનરલ અને સ્વતંત્ર અમેરિકન સરકારમાં પોસ્ટ માસ્તર જનરલ હતા. બાજુમાં ઉપરની ચાર ખાસ ટિકિટો બ્રિટને ટેલિફોનની શોધની શતાબ્દી નિમિત્તે બહાર પાડેલી છે જેના પર વિવિધક્ષેત્રે ટેલિફોનનો ઉપયોગ નિર્દેશતાં ચિત્રો છે. તેની નીચેની ચાર ટિકિટો બ્રિટનમાં ઔદ્યોગિક અને સામાજિક સુધારાના ચાર અગ્રણી સુધારક ટૉમસ કેપલને, રૉબર્ટ ઓવન, લૉર્ડ શૅફ્ટ્સબરી ને ઇલિઝાબેથ ફ્રાયના માનમાં છે.



જેમણે અનુક્રમે ખાણિયાઓ, કામદારો, સામાજિક મજૂરો ને કેદીઓ માટે કામ કરેલું. (પ્રેષક : રમણિકલાલ સોલંકી લંડન)







શબ્દકથા: લહાણું · વાયણું · પ્રહેણુક

સામાન્ય રીતે વિવાહ વગેરે જેવા મંગળ પ્રસંગે સ્નેહીસંબંધી અને નાતીલામાં ભેટ તરીકે વહેંચાતી વાસણ વગેરે જેવી વસ્તુ 'લહાણું' કે 'લહાણી' કહેવાય છે. બારમી શતાબ્દીમાં હેમચંદ્રાચાર્યે लाहण શબ્દને દેશ્ય શબ્દ ગણીને 'ભોજ્ય (એટલે કે 'ખાદ્ય') પદાર્થની ભેટ' એવા અર્થમાં નોંધ્યો છે, તેના મૂળમાં સં. लभ् 'લાભ થવો' એ ધાતુ છે.

હેમચંદ્ર આવા જ અર્થમાં બીજો એક પ્રાકૃત શબ્દ **वायण** આપ્યો છે. એના પરથી હિંદીમાં वायन—'ઉત્સવપ્રસંગે ઇષ્ટમિત્રોને ઘરે ભેટ રૂપે મોકલાતી મીઠાઈ, પક્વાન વગેરે' એ શબ્દ ઊતરી આવ્યો છે. સંસ્કૃતમાં પણ પાછળના સમયમાં **वायन** શબ્દ વપરાયો છે. પણ તે મૂળ સં. उपायन 'ભેટ' એના પરથી બન્યો છે. उप+अयन 'પાસે જવું, મળવા જવું', 'ભેટ લઈને મળવા જવું', 'ભેટ' એ રીતે અર્થ વિકસ્યો છે—જેમ 'ભેટવું' અને 'ભેટ'ની બાબતમાં થયું છે તેમ.

ગુજરાતીમાં 'वायणु' 'સીમંતિનીને અપાતું 'ખુશાલીનું જમણ' તથા '**वायन**'—'સૂપડામાં ફળ, કંકુ અને કાંસકી મૂકી બ્રાહ્મણને દાન આપવું' એવા અર્થમાં કોશ આપે છે. (**वायन** આવા અર્થમાં મરાઠીમાં પ્રચલિત છે.)

હેમચંદ્રે लाहण અને वायणના જ અર્થમાં ત્રીજો પ્રાકૃત શબ્દ આપ્યો છે पहेणय. બૌદ્ધ સંસ્કૃત ગ્રંથ 'दिव्यावदान'માં તે **प्रहेणक** એવા રૂપે વપરાયો છે. પ્રાકૃત સુભાષિત-સંગ્રહ 'ગાથાસપ્તશતી'માંની એક ગાથામાં મીઠાઈની લહાણી કરવાના—'પ્રહેણુક' વહેંચવાના નિમિત્તનો અનુરક્ત નાયિકા કેવો લાભ લે છે તે તેની સખીએ નાયકને સંબોધીને કહેલા શબ્દો દ્વારા આ પ્રમાણે વ્યક્ત થયું છે:

> नीआइं अज्ज निक्किव पिणद्ध-नवरंगआइ वरईए।
> घर-परिवाडीअ पहेणआइं तुह दंसणासाए॥

'હે નિર્દય, નવો કસુંબો પહેરીને તને મળવાની આશામાં તે બીચારી આજ લહાણી વહેંચવા ઘરે ઘર રખડી આવી.'

લહાણી વહેંચવા સાધારણ રીતે સ્ત્રીઓ નીકળતી એવો બીજો પણ એક જૂનો ઉલ્લેખ મળે છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

એક ઉત્તમ કોશ

આપણા આજના નવયુવાનોમાં વાચનનો શોખ ભલે વ્યાપક હશે, પણ બહુધા એ રોમાંચક રહસ્યકથાઓ યા જાતીય વૃત્તિઓને રમાડતી માંદલી મનોભૂમિકાઓ વાળી નવલકથાઓમાં જ પર્યાપ્ત થઈ જાય છે. એમનામાં વિદ્યાભ્યાસગના અનુસાર તો જવલ્લે જ જોવા મળે છે, તો પછી માતૃભાષા, અને આજે લગભગ વિશ્વવ્યાપક ગણાતી તથા આપણા દેશના ભાષાવૈવિધ્યમાં સામાન્ય વ્યવહાર માટે રાષ્ટ્રભાષા હિંદીથી યે વધુ મહત્ત્વની બની રહેલી અંગ્રેજી ભાષાના અભ્યાસ પ્રત્યેની ગંભીરતા તો ક્યાંથી જોવા મળે? ભાષાના યોગ્ય જ્ઞાનનું આ દારિદ્ર્ય આપણા રોજિંદા વ્યવહારમાં ડગલે અને પગલે નડતું આપણે અનેક વાર અનુભવીએ છીએ. અન્ય ઘણી રીતે તેજસ્વી ઘણા યુવાનો કેવળ અયોગ્ય ભાષાજ્ઞાનને કારણે ઘણી વાર પાછા પડતા પણ આપણે જોઈએ છીએ. આપણને ગમે કે ન ગમે છતાં અભ્યાસમાં અને વ્યવહારમાં માતૃભાષા ઉપરાંત અંગ્રેજીનું યોગ્ય જ્ઞાન આજે અનિવાર્ય બની ગયેલું છે. અંગ્રેજી સમજવા માટે જેટલું મહત્ત્વ અંગ્રેજી શબ્દોના ગુજરાતી અર્થ જાણવાનું છે એટલું, કદાચ એથી યે વધુ મહત્ત્વ ગુજરાતીના યોગ્ય અંગ્રેજી શબ્દો જાણવાનું છે.

થોડા સમય પર આવો એક ઉત્તમ અંગ્રેજી-ગુજરાતી કોશ પ્રકટ થએલો. એના જ કર્તા પાંડુરંગ ગણેશ દેશપાંડેએ રચેલો એવો જ ઉત્તમ 'ગુજરાતી-અંગ્રેજી કોશ' ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે પ્રકટ કર્યો છે. ડેમી સાઈઝનાં ૯૬૧ પાનાંના વિસ્તૃત આ કોશમાં ગુજરાત વિદ્યાપીઠના 'વિનીત જોડણીકોશ'માં આપેલા સર્વ ગુજરાતી શબ્દો ઉપરાંત વિદ્યાપીઠના 'સાર્થ જોડણીકોશ'માંથી તથા બીજેથી ચૂંટેલા સંખ્યાબંધ ગુજરાતી રૂઢિપ્રયોગોનું અંગ્રેજી આપવા ઉપરાંત ઘણે ઠેકાણે વનસ્પતિનાં શાસ્ત્રીય લૅટિન નામનો પણ એમાં સમાવેશ કરેલો છે. વિદ્યાર્થીઓથી માંડી અંગ્રેજીમાં વ્યવહાર કરતા સૌ ગુજરાતીને તથા ગુજરાતીના પ્રેમી અન્ય ભાષાભાષીને અતિ ઉપયોગી આ કોશ પ્રત્યેક ઘરમાં હોવો જોઇએ. સાઠ-સિત્તેર રૂપિયાના પૉકેટ રેડિયો કે બાર-પંદરની અનેકસારી નરસી ચોપડીઓ ખરીદતાં નહિ ખચકાતા કોઈને યે કાયમી ઉપયોગિતાની દૃષ્ટિએ આ કોશ વસાવતાં અવઢવ થાય તો એ કદાચ એક કમનસીબી જ ગણાશે. (મુખ્ય વિક્રેતા: બાલગોવિંદ બુકસેલર્સ, બાલાહનુમાન સામે, ગાંધી રોડ અમદાવાદ-૧, પાકું, રૂ. ૨૫.)

ઈદમ્ ચતુર્થમ્

ગુજરાતી સાહિત્યમાં હાસ્યક્ષેત્રે છેલ્લા કેટલાક સમયથી વિનોદ ભટ્ટે પોતાનું એક આગવું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. અન્ય ભારતીય ભાષામાં એમની અનેક કૃતિઓ અનુવાદિત થવા ઉપરાંત રાજ્યકક્ષાએ પણ તેઓ કદર પામ્યા છે. હાલમાં વિવિધ વ્યક્તિવિશેષોની લાક્ષણિકતાઓનો પોતાની નર્મયુક્ત શૈલીએ પરિચય આપતી એમની 'વિનોદની નજરે'ની માળામાં એમની કલમનો નવો વળાંક પણ 'કુમાર'ના વાચકો જોતા હશે. અગાઉ પણ 'કુમાર'માં પ્રકટ થએલી અને સારું આકર્ષણ જમાવનારી એમની વૈતાળ કથાઓથી પણ વાચકો પરિચિત છે. એમાંની તથા અન્ય નવી મળીને બત્રીસ જેટલી એવી વૈતાળકથાઓ, બોધિસત્ત્વની જાતકકથાઓ પરથી રચેલી ક્રોધીસત્ત્વની (ચાર) ઘાતકકથાઓ અને કાલિદાસના મેઘદૂતને નવા જ કટાક્ષયુક્ત સંદર્ભમાં પ્રયોજીને રચેલા 'મૉડર્ન મેઘદૂત' સાથેનો એક નાનકડો સંગ્રહ એમણે 'ઈદમ્ ચતુર્થમ્' નામે પ્રકટ કર્યો છે. લાઘવપૂર્ણ માર્મિક કટાક્ષથી યુક્ત, સચોટ લક્ષ્યવેધી મરોડવાળી એમની આ રચનાઓ દ્વારા એમણે સત્તાલોલુપ રાજકારણીઓ, લાંચિયા અધિકારીઓ, બે નંબરના અમીરો, પત્નીત્રસ્ત પતિઓ, ખંધા અખબારનવીસો, કરચોરો અને પુરુષોને ય પાણી પાય એવી સબળ અબળાઓના લોકાનુભવોને નર્મયુક્ત વાચા આપી મૂક જનતાના અંતરમાં ખદબદતી અકળામણને મોકળાશ કરી આપી છે. ગંભીર વિષયની આ અગંભીર કૃતિઓ આ રીતે સારો લોકાદર પામવાની ક્ષમતાથી યુક્ત છે. (પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, ગાંધી ચૅમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું, પૃ. ૧૨૮, રૂ. ૬.)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

ગાંધીજીનો અક્ષરદેહ-૩૬: મહાત્મા ગાંધીજીનાં ભાષણો, લખાણો અને પત્રોની

શ્રેણિનો આ વિભાગ ૧લી ફેબ્રુઆરીથી ૩૦મી જૂન ૧૯૨૮ દરમિયાનનો પાંચ માસનો ગાળો આવરી લે છે, જેમાં મુખ્યત્વે તો પ્રવાસ અને પરિશ્રમયુક્ત જાહેર જીવનની વિશ્રાંતિનો કાળ છે, અને તે કાળ દરમિયાન બારડોલીના સત્યાગ્રહને દૂર રહ્યા રહ્યા જે સંગીન દોરવણી આપી હતી તેની તેમજ પોતાનું સમગ્ર ધ્યાન આશ્રમને નવું સ્વરૂપ આપવામાં કેન્દ્રિત કર્યું તેની માહિતી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત કેટલાંક લખાણો એવાં પણ છે કે જેમાં એમણે કેળવણી વિષયક પોતાના વિચારો પ્રકટ કર્યા છે ને આજની શિક્ષણપ્રથાની પોકળતા ખુલ્લી પાડી, ગ્રામજીવન પર આધારિત કેળવણી વિષયક પોતાના નક્કર વિચારો રજૂ કર્યા છે, જે અત્યારે પણ દેશના કેળવણીકારો અને તેમાં રસ ધરાવતા સહુને માટે માર્ગદર્શક થઈ પડે તેમ છે. (પાકું પૂઠું, પૃ. ૪૮૪, રૂ. ૧૬-૫૦.)

ગાંધીજીનો અક્ષરદેહ-૩૭: પ્રસ્તુત શ્રેણિના આ ગ્રંથમાં જુલાઈથી ઑક્ટોબર ૧૯૨૮ના ચાર માસનો ગાળો આવરી લેવાયો છે, જેમાં બારડોલી સત્યાગ્રહની સફળતાએ સાચા સ્વરાજનો પાયો નાખ્યો તેની, તથા લખનૌ ખાતે સર્વપક્ષીય પરિષદે મંજૂર કરેલા નેહરુ રિપોર્ટ દ્વારા બંધારણીય સ્વરાજનો માર્ગ ખુલ્યો થયો તેની વિચારણાઓ રજૂ થએલી છે. આ ઉપરાંત આશ્રમમાં મરણોન્મુખ રિબાતા વાછરડાની કરાવાએલી હત્યાથી જાગેલા ઊહાપોહના સંદર્ભમાં લખાએલા અનેક લેખોમાં ગાંધીજીની અહિંસા વિષેની સૂક્ષ્મ અને પક્વ વિચારસરણી તર્કબદ્ધ રીતે રજૂ થએલી છે, જે એમની અહિંસાની ભાવનાને સમજવા માટે ખૂબ જ ઉપકારક થઈ પડે તેમ છે. વળી, 'ઈશ્વર છે' જેવો તેમનો લેખ ગાંધીજીની ઊંડી શ્રદ્ધાનો દ્યોતક બની રહે છે.(પાકું, પૃ. ૪૨૦,રૂ. ૧૬-૫૦.)

ગાંધી-પરિવારના જ્યોતિર્ધરો:ગાંધીવિચાર ચિંતક અને લેખક કાકાસાહેબ કાલેલકરે મહાત્મા ગાંધીજીના સંસર્ગમાં આવેલી વીસેક વ્યક્તિઓનાં અહીં રસળતી શૈલીમાં માહિતીપ્રદ અને માર્ગદર્શક સ્મરણચિત્રો રજૂ કર્યાં છે, જે ચરિત્રાત્મક સાહિત્યમાં સારો ઉમેરો કરી રહેશે. (કાચું પૂઠું, પૃ. ૧૯૭, રૂ. ૮.)

સરદારની જેલ-ડાયરી : વલ્લભભાઇએ પોતાના જેલવાસ દરમિયાન ૧૯૩૦ના માર્ચની ૭મીથી ૨૨મી એપ્રિલ સુધીના દોઢ માસની જે ડાયરી લખેલી અને નરહરિભાઈ પરીખના પુસ્તક 'સરદાર વલ્લભભાઇ' (ભાગ બીજો)માં જે પ્રકટ થએલી તે અહીં અલગ પુસ્તિકારૂપે સુલભ બને છે ત્યારે સરદારશ્રીનાં વાચન, મનન, ભક્તિ આદિ વિવિધ પાસાંનો પરિચય મળી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૧.)

વોરા ઍન્ડ કંપની,
ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ–૧

યંત્રવિજ્ઞાન અને મંત્ર કવિતા: ઈ. ૧૯૬૯નો રણજિતરામ સુવર્ણચંદ્રક પોતાને પ્રાપ્ત થયો તેના જવાબરૂપે તૈયાર કરેલા નિબંધના પૂર્વ ભાગમાંનાં આ પાંચ પ્રકરણોમાં નિરંજન ભગતની કાવ્યજ્ઞતા અને ચિંતનશીલતા સુપેરે અને સચોટતાથી પ્રાકટ્ય પામ્યાં છે. (કાચું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. ૯)

અનુભાવ : નલિન રાવળના આ પ્રથમ વિવેચન-સંગ્રહમાં કવિ અને કવિતા વિષયક ૧૩ નિબંધો પ્રકટ થયા છે, જેમાં એમની ઊંડી અભ્યાસનિષ્ઠા, સૂક્ષ્મ સૂઝ અને નિરૂપણ પરની પકડ અછતાં રહેતાં નથી. (પાકું પૂઠું, પૃ. ૨૫૦, રૂ. ૧૫)

સુખ નામનો પ્રદેશ : કવિ-નવલકથાકાર હરીન્દ્ર દવેની આ પાંચમી નવલકથા, એની ભાવવાહી શૈલી, ભાવાવેગ-સમુચિત પ્રસંગાયોજન, સજીવ પાત્રાલેખન અને માનવમનના ગૂઢ સ્તરોને ભેદતી સાચું સુખ અને સુખાભાસ શું છે તેની કલાત્મક નિરૂપણરીતિથી સુવાચ્ય બની છે. (પાકું પૂઠું, પૃ. ૨૯૪, રૂ. ૧૪–૨૫)

ચિરાગ : બે વર્ષ પહેલાં ગુજરાતના રાજકારણમાં 'નવનિર્માણ' નામક આંદોલન પ્રકટેલું તેને લક્ષ્યમાં રાખી, તત્કાલીન લાગે પણ વધુ વેધકતાથી સાર્વત્રિક બની રહે તેવા પાત્રસર્જનથી શિવકુમાર જોષીએ એક સર્જકની હેસિયતથી આ નવલકથા નિરૂપી છે, જે નજીકના ભૂતકાળને અને તેમાંથી પ્રકટનાર ભાવિને સ્પર્શતી હોવાથી જરૂર વાંચવી ગમશે. (પાકું પૂઠું, પૃ. ૩૦૮, રૂ. ૧૪–૨૫)

મરીચિકા : માનવસંબંધોની પોકળતાનો પર્દો ચીરતી શિવકુમાર જોષીની કલમે લખાએલી એક વધુ સુવાચ્ય નવલકથા, જેનાં પાત્રો અને સંવાદો વાચકને જરૂર પકડી રાખશે. (પાકું પૂઠું, પૃ. ૩૮૮, રૂ. ૧૮-૭૫)

અવાજનો આકાર: જાસૂસી નવલકથાના શોખીન વાચક વર્ગને સંતર્પક નીવડે તેવી આ રસપ્રદ નવલકથાનાં લેખિકા છે વર્ષા અડાલજા. (પાકું પૂઠું, પૃ. ૧૬૨, રૂ. ૭–૫૦)

આશંકા : છેલ્લાં ૭–સાત વર્ષથી કાવ્યસર્જન કરી રહેલા વિપિન પરીખના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં અનુભૂતિની સચ્ચાઈ, અભિવ્યક્તિની તાજગી તથા નિરૂપણની પોતીકી લાક્ષણિકતા અસરકારક અને આસ્વાદ્ય છે. મુખ્યત્વે નગર સંસ્કૃતિ અને નગરવાસીનાં વેદના–વિષાદ આ કૃતિઓમાં મુખ્ય વિષય બનીને આવે છે. અભિવ્યક્તિની રીતમાં એમણે બહુધા ગદ્યનો આશ્રય લીધો છે. કાવ્યતત્ત્વના ચમકારાથી શોભતી આ રચનાઓનું વાચન ભાવિમાં વધુ સફળ કૃતિઓ મળવાની આશા જન્માવે છે અને એટલે સંગ્રહ આવકાર્ય છે. (કાચું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૧૫)

સંસ્કૃત સાહિત્યની નાટ્યકથાઓ: સંસ્કૃત સાહિત્યની પ્રશિષ્ટ નાટ્યકૃતિઓનાં શ્રી મધુસૂદન પારેખે કરેલાં જે વાર્તાન્તરો 'કુમાર'માં અગાઉ પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે તે હવે પુસ્તકાકારે વાચકોને સુલભ બને છે, ત્યારે પૂર્વના સાહિત્ય તરફ વિશાળ વાચકવર્ગની દૃષ્ટિ પુનઃ વળે તે આ સંગ્રહનું મહત્ત્વ ગણાશે. (કાચું પૂઠું, પૃ. ૧૯૦, રૂ. ૯–૫૦)

વિક્ષુબ્ધ પાકિસ્તાન : બંગાળી પત્રકાર 'કલ્હન' (ગોબિદ ચૅટરજી)ની આ પ્રથમ નવલકથા પૂર્વ પાકિસ્તાનના આંદોલનની ભૂમિકાને કેન્દ્રમાં રાખી રચાઈ છે, જેમાં લેખકના સ્વાનુભવને કારણે હૃદયસ્પર્શિતા સહેજે આવી છે. હૃદયદ્રાવક યથાર્થને સચોટ રીતે નિરૂપતી આ કથાનો ગુજરાતી અનુવાદ કર્યો છે સુકન્યા ઝવેરીએ. (પાકું પૂઠું, પૃ. ૪૦[illegible], રૂ. ૧[illegible]-૭૫)

ગૃહકલ્યાણ: જાણીતા ચિંતક ફાધર વાલેસે આ પુસ્તિકામાં ઘરના સુખને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રસંગના મનનીય વીસ લઘુ લેખો આપ્યા છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૬)

હિંદુ ધર્મ: જાણીતા દાર્શનિક સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના પાંચ પ્રસિદ્ધ અંગ્રેજી નિબંધનો આ સુભગ ગુજરાતી અનુવાદ આપ્યો છે ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લે. (પાકું, પૃ. ૨૧૮, રૂ. ૧૦)

નવા યુગની નવી કથા: રેખાબેન ગાંધીના વિવિધ ક્ષેત્રો પર લખાએલા વિચારપ્રેરક એકત્રીસ નિબંધોનો સંગ્રહ. (પાકું પૂઠું, પૃ. ૨૫૦, રૂ. ૧૦)

સાધના: યોગેશ્વરે સાધના જેવા ગભીર વિષય પર અહીં વિશદ ચર્ચા કરેલી છે, જે તદ્‌વિષયક જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ પડશે. (પાકું પૂઠું, પૃ. ૨૬૦, રૂ. ૧૦)

દ્યુતિ : યોગેશ્વરના આ બીજા કાવ્યસંગ્રહમાં છંદોબદ્ધ, અછાંદસ તેમજ લયાન્વિત રચનાઓ છે, જેમાંની ઓછી રચનાઓ કાવ્યતત્ત્વને આંબી શકી છે. (પાકું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૫)

નામસાધન: અધ્યાત્મમાર્ગમાં નામસ્મરણ શું છે, તેનો શો મહિમા છે તેને શાસ્ત્રોક્ત દૃષ્ટાંતો દ્વારા ચર્ચતી શ્રી ગુરુચરણાશ્રિતની પુસ્તિકાનો અનુવાદ આપ્યો છે મકરન્દ દવેએ. (કાચું પૂઠું, પૃ. ૫૮, રૂ. ૨)

નામ ધીમેથી લેજો : પ્રેમ અને વાસનાને લક્ષ્યમાં રાખી ચીલાચાલુ ઢબે લખાએલી મોહમ્મદ માકડની એક વધુ નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૩૩૨, રૂ. ૧૫-૭૫)

આર. આર. શેઠની કંપની
કુવારા સામે • ગાંધીમાર્ગ • અમદાવાદ-૧

અનુવ્યંજના: ગાંધીયુગના જાણીતા કવિ સુંદરજી બેટાઈના 'વ્યંજના' પછીના આ નવો કાવ્યસંગ્રહ તેમની સૌન્દર્યપ્રીતિ, વિચાર-બોધ, ભાવોર્મિઓ, છંદ લય-સફાઈ જેવી લાક્ષણિકતાઓને સુપેરે પ્રકટ કરી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૬.૫૦)

અતીતની પાંખમાંથી: સ્નેહરશ્મિના આ કાવ્યસંગ્રહમાં તેમની અતીતલક્ષણા કાવ્યકૃતિઓ ઉપરાંત નૂતનરાહે રચાએલી અછાંદસ રચનાઓ પણ સમાવવામાં આવી છે. એમના ઋજુ ભાવો અને સૌન્દર્યાકર્ષણ તો અહીં છે જ, સાથે સાથે આધુનિક વેદનાને ચીંધતી કૃતિઓ પણ જોવા મળે છે, જે સમયની સાથે રહેવાની તેમની વૃત્તિનું દ્યોતક છે. (કાચું, પૃ. ૮૮, રૂ. ૮)

પ્રબલ ગતિ: પ્રિયકાંત મણિયારના આ કાવ્યસંગ્રહમાંની મોટા ભાગની રચનાઓ આધુનિકતાના સ્પર્શવાળી છે, અને પ્રતીકાયોજનની સૂક્ષ્મતાને સ્થાને સ્થૂળ પ્રકટનીનજીક વધુ સરી રહેલી છે. એમાં કાવ્યત્વના ચમકારા એની વેધકતાને ઊપસાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૮.)

ઓડિસ્યુસનું હલેસું: સિતાંશુ યશશ્ચંદ્રનો આ પ્રથમ કાવ્યસંગ્રહ 'સર-રીઅલ' રીતિને પ્રકટાવતી એમની લાક્ષણિકતાઓને લઈને જુદો તરી આવે છે. એમાંના 'મગન'-કાવ્યો વ્યક્તિ નિમિત્તે સર્વસ્પર્શી કટાક્ષોને માર્મિકરીતે નિરૂપે છે, તેથી તે ગુચ્છ પણ અલગ તરી આવે છે. (કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૯॥)

બૂમ કાગળમાં કોરા: શબ્દ જેવા અમૂર્ત વિષયને કેન્દ્રમાં રાખી રચાએલી, લાભશંકર ઠાકરની આમાંની મોટા ભાગની રચનાઓ સંવેદના રસી છે છતાંય તેમાં બિનજરૂરી વાચાળતા પણ પ્રવેશી જવા પામી છે, જે એની તીક્ષ્ણતાને ઓછી કરે છે. (કાચું, પૃ. ૬૪, રૂ. ૬)

ઊઘડતી દીવાલો: ચંદ્રકાંત શેઠના આ બીજા કાવ્યસંગ્રહમાં તેમની કાવ્યવિભાવનાની ઊઘડતી દીવાલો જોવા મળે છે, અને કેટલીક રચનાઓમાં કાવ્યત્વનો અનાયાસ સ્પર્શ પણ જોઈ શકાય છે. (કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૮)

સંભવ: ભગવતીકુમાર શર્માના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં છંદોબદ્ધ રચનાઓ, અછાંદસ કૃતિઓ, ગીતો તેમજ ગઝલો સમાવિષ્ટ છે. એમની આ રચનાઓ એમની એક સંવેદનશીલ કવિ તરીકેની યથાર્થ મુદ્રા ઊપસાવી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૧૦૫, રૂ. ૯-૫૦)

સૂરજ કદાચ ઊગે: હરિકૃષ્ણ પાઠકના આ પ્રથમ કાવ્યસંગ્રહની છંદોબદ્ધ અને ગીતરચનાઓમાં સૌન્દર્યલુબ્ધતા આગળ તરી આવે છે, તો થોડી અછાંદસ કૃતિઓ અને ગઝલોમાં વિષાદનો ભાવ આગળ તરી આવે છે. આમ-પ્રકૃતિનાં ઉપકરણોનો એમણે કરેલો કાવ્યાત્મક ઉપયોગ અને બાની–નિરૂપણ–અભિવ્યક્તિની તાજપ કોઈ પણ ભાવકને આકર્ષ્યા વગર રહેશે નહિ. (કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૯-૫૦)

ઘટા ઘનઘોર: સારંગ બારોટની આ એક વધુ સુવાચ્ય નવલકથા એમની વસ્તુનિરૂપણશક્તિ, પાત્રસર્જનશક્તિ અને પ્રસંગાયોજનશક્તિનો સારો પરિચય કરાવી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૪૧૬, રૂ. ૧૯-૭૫)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી રાજુ પંડિત

જન્મ: વીસનગરમાં, તા. ૧-૪-૧૯૨૭ • અભ્યાસી અર્થશાસ્ત્રી. 'ઇંડિયન-અમેરિકન ચેમ્બર ઑવ કૉમર્સ'ના સેક્રેટરી જનરલ. 'ઇંડિયન મર્ચન્ટ્સ ચેમ્બર'ના સેક્રેટરી ડેઝિગ્નેટ. 'જમનાલાલ બજાજ ઇન્સ્ટિ. ઑવ મૅનેજમેન્ટ', 'ધ વર્લ્ડ કૅમ્પસ અફ્લોટ, ચૅપમાન કૉલેજ ઑવ કૅલિફૉર્નિયા'ના વિઝિટિંગ અધ્યાપક. આ ઉપરાંત, સંખ્યાબંધ વ્યાવસાયિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાએલા. અમેરિકા, યુરોપ, આફ્રિકા અને એશિયાનાં અનેક સ્થળોના અવારનવારના મુલાકાતી. અંગ્રેજી–ગુજરાતી પત્રોમાં નિયમિત લખે છે. 'ઇકૉનૉમિક્સ ઑવ ગ્રોથ—અ હિસ્ટોરિકલ સર્વે', 'ધિસ ઈઝ ચાઈના', 'પ્રિન્સિપલ્સ ઑવ ઈકૉનૉમિક પ્લૅનિંગ' તથા 'બિઝનેસ પૉલિસીઝ'ના લેખક.

૧ અભ્યાસી અર્થશાસ્ત્રી તરીકે આપ ભારતનું આર્થિક ધોરણ સુધારવા શું સૂચવો ?

ઉ. એ માટે ખેતી અને ઉદ્યોગોના ઉત્પાદનમાં ઝડપી વૃદ્ધિ, વધુ ને વધુ રોજગારી આપી શકે તેવા જ ઉદ્યોગોમાં મૂડી-રોકાણ, ને વસ્તી-વૃદ્ધિ પર આકરા અંકુશ, ઉપરાંત પુરવઠો જળવાઈ રહે એ માટે રોજિંદી જરૂરતની ચીજોનું વધુ ઉત્પાદન થવું જોઈએ. જો આટલો કાર્યક્રમ સફળ બનાવી શકીએ તો યે વીસમી સદીના અંત પછી જ એના લાભ માણી શકાય.

૨ 'બિઝનેસ પૉલિસી' સંબંધી આપનો શો અભિપ્રાય છે ?

ઉ. ધંધાકીય પેઢીઓ પોતાની સમાજ પ્રત્યેની ફરજ અંગે સભાન થાય એ આજે ખૂબ મહત્ત્વનું છે, નહિતર ખાનગી સાહસ માટેનું ભાવિ મને ધૂંધળું લાગે છે.

૩ ભારત અને અમેરિકાની યુનિવર્સિટીઓનો આપને અનુભવ છે. બંને વચ્ચેનો તફાવત કહેશો ?


ઉ. ભારતીય યુનિવર્સિટીઓમાં વર્ગો બહુ મોટા, અધ્યાપક અને વિદ્યાર્થી વચ્ચે વિચાર-વિનિમય ને ચર્ચાની તકો મર્યાદિત, પરીક્ષા-પદ્ધતિ જૂનવાણી ને વિદ્યાર્થીઓમાં અભ્યાસની વૃત્તિ કમ હોય છે. અમેરિકામાં વર્ગો નાના, વિચારવિનિમયમાં સુગમતા, ગુરુ-શિષ્ય સંબંધ બિનઔપચારિક, સત્ર દરમિયાન વારંવાર પરીક્ષા, ને એ પરીક્ષાઓમાં, વર્ગની ચર્ચામાં વિદ્યાર્થીના સક્રિય ભાગ અને સત્રાંતે લખેલો નિબંધ વગેરેની ચકાસણી પછી ગુણ મૂકવાની પદ્ધતિ વિદ્યાર્થીને અભ્યાસ પ્રતિ સતત સજગ રાખે છે. પરિણામે એના જીવનમાં નિયમિતતા, શિસ્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિની કુનેહ કેળવાય છે.

૪ સાહિત્યનાપણ તમે અભ્યાસી છો. તમારે મનસાહિત્યએટલે ?

ઉ. પ્રજાના વિચાર, જ્ઞાન, ભાવના અને સંસ્કાર વગેરેની ભાષામાં સંઘરાએલી મૂડી એ સાહિત્ય. એની અભિવ્યક્તિમાં પ્રકારભેદ હોઈ શકે, પણ કોઈ ભાષાનું સાહિત્ય એ ભાષાભાષીઓના સંસ્કારની પારાશીશી છે.

૫ આપ પતિ-પત્ની (પત્ની શ્રી હર્ષિદા-પંડિત-માનસશાસ્ત્રીનાં અધ્યાપક)નું સુખી લગ્નજીવન આદર્શ લગ્ન જ ગણાયને ?

ઉ. 'આદર્શ' લગ્ન એ એક લોકભ્રમ છે. પતિપત્નીએ એકબીજાની મર્યાદાઓને નિભાવી લેવી, પરસ્પરના વ્યક્તિત્વની માવજત કરવી, એકબીજાનાં પૂરક બની જીવનની લીલીસૂકી સામે સાથે મળીને ઝઝૂમવાનું બળ પ્રાપ્ત કરતા રહેવું એ મારે મન આદર્શ લગ્ન.



બારાફેરા: મુખ્યત્વે ગાંધીયુગના લબ્ધ-પ્રતિષ્ઠ મરાઠી વાર્તાકાર વિ. સ. ખાંડેકરની ૧૧ વાર્તાઓના આ સંગ્રહમાં જીવનમૂલ્યોની સ્થાપના-ચિંતા એક યા બીજી રીતે વ્યક્ત થએલી જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ-પાશ્ચાત્ય સંસ્કૃતિની સારી-માઠી અસરોનો આ વાર્તાઓમાં કલાઘાટ ઊતર્યો છે એમ કોઈને પણ લાગ્યા વગર નહિ રહે. આવી સુંદર વાર્તાઓનો એવો જ સારો અનુવાદ આપ્યો છે જાણીતા અનુવાદક ગોપાળરાવ વિદ્વાંસે (પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૯-૭૫)

હથેલીમાં ચાંદ: દાંપત્યજીવનને લક્ષ્યમાં રાખી તેમાં આવતી આંધી અને તેનાં મહત્ત્વનાં કારણ-મારણની વાત કરતી વિઠ્ઠલ પંડયાની નવલકથા (પાકું પૂઠું, પૃ. ૨૪૨, રૂ. ૧૧-૨૫)

સંબંધોની દુનિયા: માનવીય સંબંધોની આંટીઘૂંટીની અલ્પઝલપવાત કરતી વિઠ્ઠલ પંડયાની આ નવલકથા કશો વિશેષ પ્રકટાવ્યા વગર પણ વાચકોને તેના વાચનપ્રવાહમાં ખેંચી જઈ શકે તેવી બને છે. (પાકું પૂઠું, પૃ. ૩૩૩, રૂ. ૧૬)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરોડ - અમદાવાદ-૧

અનુક્રમ: વિવિધ પ્રકારનાં વિવેચનો, આસ્વાદ, સમીક્ષા આદિનો જયંત કોઠારીનો આ બીજો વિવેચનસંગ્રહ એમની અભ્યાસનિષ્ઠા, તાટસ્થ્ય ને નીડરતાને પ્રકટ કર્યા વગર રહેતો નથી. (પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૧)

વેનિસનો વેપારી: શેક્સપિયરની વિશ્વવિખ્યાત નાટ્યકૃતિ 'મર્ચન્ટ ઑવ વેનિસ'નું કૃષ્ણશંકર અંબાશંકર વ્યાસે કરેલું આ ગુજરાતી ભાષાંતર વિદ્યાર્થીઓ તેમજ અંગ્રેજી નહિ જાણનાર વાચકો માટે સવિશેષ રસપ્રદ બની રહેશે. (પાકું પૂઠું, પૃ. ૨૦૬, રૂ. ૧૭)

શ્રેષ્ઠ જાપાની વાતો: આધુનિક જપાની સાહિત્યની ૧૦ ટૂંકી વાર્તાઓ, તે તે વાર્તાકારના મિતાક્ષરી પરિચય સાથે ગુજરાતીમાં અનૂદિત કરીને અહીં રજૂ કરી છે પ્રબોધ મહેતાએ. (પાકું પૂઠું, પૃ. ૩૩૮, રૂ. ૧૨-૫૦)

ભારત ઐક્યવિધાતા સરદાર: સરદાર વલ્લભભાઈના જીવનમાંથી પ્રેરણાદાયી પ્રસંગોને સંકલિત કરી કિશોરભોગ્ય શૈલીમાં આ સચિત્ર ચરિત્રપુસ્તિકા તૈયાર કરી છે. ડૉ. ઉષા જોષીએ. (કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૭)

હૈયામોરમાં એકલાં ન જવાય? લેખિકા ભાનુમતી જાનીની આ પ્રથમ લઘુનવલ કોઈ વિશેષ પ્રકટાવતી નથી, છતાં રોચક નિરૂપણને લીધે સુવાચ્ય બને છે; જ્યારે જોડણીદોષો અને પ્રૂફવાચનની ખામી ખૂંચ્યા વગર રહેતી નથી. (પાકું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૬-૫૦)

બેહુલા: ડૉ. દામોદર બલરની પ્રણય ત્રિકોણ જેવા સનાતન વિષયને અનુલક્ષીને લખાએલી સામાન્ય નવલકથા. (કાચું, પૃ. ૧૮૦, રૂ. ૧૦)

નૅશનલ બુક ટ્રસ્ટ • ઈન્ડિયા

એ-૫, ગ્રીન પાર્ક, નવી દિલ્હી-૧૬
મુખ્ય વિક્રેતા વોરા ઍન્ડ કંપની
ગાંધી ચેમ્બર્સ • ગાંધીરોડ • અમદાવાદ-૧

સૌના સાથી સૌના દોસ્ત: મહાત્મા ગાંધીજીના જીવનમાંના પ્રેરણાદાયી પ્રસંગો ગૂંથીને બાળકો માટે સુભગ રીતે તૈયાર કરવામાં આવેલી રંગીન ચિત્રોથી સુશોભિત આ જીવનરેખાના લેખક છે ઉમાશંકર જોશી. (કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૧-૫૦.)

મોરા: હાથીના વન્યજીવનને લગતી તથા તેના શિકારને આલેખતી આ સચિત્ર રસભરી બાલવાર્તાના મૂળ લેખક છે મુલ્કરાજ આનંદ, અને એનો ગુજરાતી અનુવાદ કર્યો છે ભારતી વૈદ્યે. (કાચું પૂઠું, પૃ. ૩૬, રૂ. ૧-૫૦.)

આપણાં અમર પુસ્તકો: આપણા કિશોરોને આપણા પ્રશિષ્ટ સાહિત્ય-વારસાની ઝાંખી કરાવવાના આશયથી આ સચિત્ર પુસ્તિકામાં વેદો, ઉપનિષદ્, રામાયણ, મહાભારત, જાતકકથાઓ, પુરાણો, તિરુક્કુરળ, કથાસરિત્સાગર, પંચતંત્ર તથા કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નો સરળ પરિચય કરાવવામાં આવ્યો છે. (મૂળ લેખક મનોજદાસ, અનુવાદિકા: સ્વાતિ જોશી; કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૧-૫૦.)

આપણી નદીઓ (ભાગ બીજો): કિશોરોના ભૌગોલિક જ્ઞાનમાં વધારો કરવાના આશયથી અલ વલિયપ્પા લિખિત અને સુરેશ દલાલ દ્વારા અનૂદિત આ સચિત્ર પુસ્તિકામાં કાવેરી, ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા, નર્મદા તથા કેટલીક નાની નદીઓનો પરિચય કરાવ્યો છે. (કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૧-૫૦.)

રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર

૪/૭૭૩ • ટાવર રોડ • સુરત

કલાપીના ચાર સંવાદો: પ્રસિદ્ધ કવિ કલાપીના 'જેસલ અને તોરલ', 'જાલંધર અને ગોપીચંદ', 'મેનાવતી અને ગોપીચંદ' તથા 'ભર્તૃહરિ અને વિક્રમ' એમ ચાર સંવાદોનું વિશ્લેષણાત્મક ભૂમિકા સાથે જાણીતા વિદ્વાન ડૉ. ઈન્દ્રવદન દવેએ કરેલું વિદ્યાર્થીઓને ઉપયોગી સંપાદન. (કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૩.)

કાશ્મીરનો પ્રવાસ: કલાપીના જીવનના ઘડતર બળ જેવા અને આપણા પ્રવાસ-સાહિત્યમાં તેમજ કલાપીની ગદ્ય કૃતિઓમાં જુદા તરી આવતા આ પુસ્તકનું વિદ્યાર્થીભોગ્ય સંપાદન કર્યું છે ડૉ. ઈન્દ્રવદન દવેએ (કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૫.)

કનૈયાલાલ મુનશી: મૂર્ધન્ય સાહિત્યકાર મુનશીનાં સર્જન ને જીવનની ચર્ચા કરતા આ વિદ્યાર્થીભોગ્ય પુસ્તકમાં સર્જક મુનશીના આત્મકથાકાર, નાટ્યકાર તેમજ નવલકથાકાર તરીકેનાં પાસાંઓને વિશ્લેષવામાં આવ્યાં છે. (લે. ડૉ. સી. એચ. ગાંધી 'સુહાસી', કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૭-૫૦.)

રણયજ્ઞ: કવિ પ્રેમાનંદની જાણીતી આખ્યાન કૃતિ 'રણયજ્ઞ'ના પ્રો. નરોત્તમ વાળંદે કરેલા આ સંપાદનમાં પ્રેમાનંદના પરિચય સાથે આખ્યાનના પ્રકારનો પણ વિગતે પરિચય કરાવવામાં આવ્યો છે, જે તે વિષયના વિદ્યાર્થીઓને માટે અભ્યાસક્રમ-ઉપયોગી થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. [illegible])

આપણો રૂપિયો: પ્રા. કિરીટ બક્ષીના આ લઘુ પુસ્તકમાં નાણાંની શોધથી શરૂ કરી નાણાંકીય નીતિ સુધીની વાત સામાન્ય વાચકને પણ સમજાય તે રીતે કરવામાં આવી છે. (કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૩.)

જ્યોતિષ ચમત્કાર: જ્યોતિષોલ્લેખિત રીતરસમો દ્વારા જીવનને વધુ સમૃદ્ધ-સુખી બનાવવાની ચર્ચા કરતી આ પુસ્તિકાના લેખક છે 'સિદ્ધિરાજ'. (કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૫-૨૫.)

ગરબે ઘૂમીએ: ભાનુભાઈ મકવાણાએ રચેલા ૨૦ રાસગરબાની પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૩૬, રૂ. ૧-૫૦.)

નવાં પ્રકાશનો

વીર વલ્લભભાઈ: મહાદેવ દેસાઈએ લખેલી સરદારશ્રીના જીવનચરિત્રની પુસ્તિકાની આ સાતમી આવૃત્તિ તેની લોકપ્રિયતા દર્શાવવા પૂરતી છે. (પ્રકા. સરદાર પટેલ યુનિ., વિક્રેતા ચરોતર બુક સ્ટૉલ, તુલસી સદન, સ્ટેશન રોડ, આણંદ; કાચું, પૃ. ૫૬, રૂ. ૧-૨૦.)

કૃષ્ણ-રુક્મિણી: શ્રીકૃષ્ણ અને રુક્મિણીની કથાને અહીં યોગેશ્વરજીએ પદ્યમાં રજૂ કરી છે. (પ્ર. સાહિત્ય સંગમ, બાવા સીદી, ગોપીપુરા, સૂરત-૧, કાચું, પૃ. ૨૦૮, રૂ. ૫.)


આયુર્વેદ અનિવાર્ય છે: જાણીતા વૈદ્ય શોભને આયુર્વેદની અનિવાર્યતા સમજાવતી વિશદ શૈલીમાં લખેલી પુસ્તિકા. (આયુ પ્રકાશન ૬ હરસિદ્ધ, ચેમ્બર્સ, બીજે માળે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩; કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૨.)

કાકડા: કાકડાને શસ્ત્રક્રિયા વગર આયુર્વેદની પદ્ધતિએ મટાડવાની રીત સમજાવતી શ્રી શોભનની પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨.) —ધી. પ.




ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'કાયાની કરામત'-માંથી ગયે મહિને 'દાંત' ઉપર અવતરણ કર્યું હતું તેમ આ મહિને પચ્ચીસ વર્ષ પહેલાંના જૂન અંકમાં આવેલા એમના 'જીભ' ઉપરના લેખમાંથી વાનગીરૂપ થોડી સચિત્ર માહિતી:

આપણને આંખ, કાન વગેરે બબ્બે છે, છતાં તે કામ એક જ કરે છે; જ્યારે જીભ એક જ છે, છતાં કામ બે કરે છે: સ્વાદ પારખવાનું અને બોલવાનું. અને એ સ્વાદની વાતો યે વળી અજબ છે: એમાં મોટો ભાગ તો ગંધ ભજવે છે. કૉફી ખરી રીતે ક્વિનાઈન કરતાં પણ કડવી છે, છતાં તેની સુગંધને કારણે તે ઓછી કડવી લાગે છે! ડુંગળીની પણ જે વાસ આવે છે તે તેની ગંધને લીધે; બાકી, આંખ અને નાક બંધ કરી ડુંગળી અને સફરજનના ટુકડા એકલી જીભ વડે નહિ પારખી શકો! એક ઓર વાત: મરચાં તીખાં લાગે છે, ને પીપરમિન્ટ ઠંડી લાગે છે તે જીભના સ્વાદથી નહિ, પણ ગરમ-ઠંડાનું ભાન કરાવતા જીભના જ્ઞાનતંતુઓને લીધે! અને જીભ માણસનો રોગ વ્યક્ત કરે છે તે જાણો છો ને?



મોં પહોળું કરીને પૂરી બહાર કાઢેલી જીભની આ આકૃતિમાં જીભના કયા કયા ભાગ ઉપર કયો સ્વાદ પારખી શકાય છે તે જમણી તરફ લખી બતાવ્યું છે, અને તેની સામે, ડાબી તરફ, તે તે સ્વાદનું ચિત્ર આપ્યું છે. ગળપણ કે મીઠાશ જીભના ટેરવા ઉપર પરખાય છે તેથી તેની સામે ચૉકલેટ અને પીપરમિન્ટનું ચિત્ર છે; ખારાશ અને ખટાશ જીભની ડાબી-જમણી બંને કિનારો ઉપર પરખાય છે ત્યાં લીંબુ અને મીઠાના ગાંગડા દર્શાવ્યા છે; અને કડવો સ્વાદ છેક જીભના પાછલા ભાગમાં પરખાય છે, તે દવાના પ્યાલાથી દર્શાવ્યું છે. સ્વાદનું આ જ્ઞાન આપણને જીભમાં ઠેરઠેર રહેલી માંસાંકુરોમાંની સ્વાદકલિકાઓ દ્વારા થાય છે. ચિત્રમાં એવા માંસાંકુરો નાની સફેદ ગોળાકૃતિઓ વડે દર્શાવ્યા છે, જેનો મોટો ભાગ ઉપર કમાનાકારે આવેલો છે. એ માંસાંકુરો તથા સ્વાદકલિકાઓની અંદરની રચના, નીચે મોટાં ચિત્રોમાં દર્શાવી છે. જીભના મથાળે મોંના ગોલકમાં ટૉન્સિલો, ગળજીભ અને પડજીભનાં સ્થાન દર્શાવ્યાં છે. □



ઉપર આપેલા જીભના ચિત્રમાં નાની સફેદ ગોળાકૃતિઓ રૂપે જીભ ઉપરના જે માંસાંકુરો દર્શાવ્યા છે તેવા એક અંકુરનું અતિ મોટું કરેલું રૂપ અહીં ડાબી તરફની આકૃતિમાં બતાવ્યું છે. (અંગ્રેજીમાં એને પૅપિલી કહે છે.) આપણી જીભની સપાટી જે ખરબચડી લાગે છે તે આ માંસાંકુરોને લીધે. બિલાડી, વાઘ, સિંહ વગેરે જેવાં હિંસક પશુઓમાં તો આ માંસાંકુરો ખૂબ ઊપસેલા અને ગળાની દિશામાં વળેલા તીણા કાંટા જેવા હોય છે. એ માંસાંકુરોમાં આપણને સ્વાદનું ભાન કરાવનારી સ્વાદ-કલિકાઓ (ટેઈસ્ટ-બડ્ઝ) આવેલી હોય છે. ડાબી બાજુના ચિત્રમાં માંસાંકુરને બે પડખે કાળી કળીઓ રૂપે તે દર્શાવી છે, અને જમણી તરફની મોટી ગોળાકૃતિમાં એવી એક સ્વાદકલિકાને ખૂબ મોટી કરીને વચ્ચે દર્શાવી છે. એ સ્વાદ-કલિકામાં લોહીની ઝીણી શિરાઓની સાથોસાથ જ્ઞાનતંતુઓ પણ જોડાએલા હોય છે, જેના બીજા છેડા મગજ સાથે જોડાએલા હોય છે; એટલે અહીં વસ્તુનો સ્પર્શ થતાં જ તેના સ્વાદનો સંદેશો મગજના સ્વાદકેન્દ્રને પહોંચે છે અને તેના દ્વારા આપણને સ્વાદનું જ્ઞાન થાય છે.

ચાર્લ્સ રૉબર્ટ ડાર્વિન (અનુ. પૃ. ૧૯૩થી) સમક્ષ ધરીને એક મામૂલી માનવમાંથી મહાન વિજ્ઞાનવિભૂતિનું અવિસ્મરણીય સ્થાન પ્રાપ્ત કરીને સાચી જ્ઞાનોપાસના અને એને માટે જરૂરી સખત પરિશ્રમ તથા પ્રતિષ્ઠાનો માતબર પુરાવો પૂરો પાડી જાય છે. કિશોરવયથી વિજ્ઞાની બનવાનો દૃઢ મનોનિર્ધાર અને એ નિર્ધારને સફળ કરવાનો ડાર્વિનનો સતત પુરુષાર્થ પ્રત્યેક પ્રગતિવાંચ્છુને માટે પ્રેરણાદાયી પરિશ્રમકથા છે. એમના જીવનની એકધારી ગતિશીલતામાંથી મક્કમ મનોકામના કેવું ભવ્ય જીવનશિલ્પ કંડારી શકે છે તે હર કોઈને આશ્ચર્યમાં નાખ્યા વગર નહિ રહે. આજે ડાર્વિન નથી, પણ એમની શોધ હજુ અપરાજેય છે એમાં જ એમના જીવનશ્રમનો ચિરંજીવ વિજય છે! □

વૃક્ષ-વેલ-પરિચય (૪૬) તૂન



સંખ્યાબંધ શાખાઓમાં ફેલાએલું ઊંચું, ઘટાદાર ને સુશોભિત 'તૂન' વૃક્ષ ભારતભરના ડુંગરાળ ભાગોમાં ભેજવાળી પોચી જમીનમાં ઊગે છે. માર્ગ પર છાયાવૃક્ષ તરીકે એ ઉગાડાય છે, પણ ઘરઆંગણે એ અપશુકનિયાળ ગણાય છે.

તૂન પાનખરી વૃક્ષ છે. નાનું હોય ત્યારે એની છાલ લીસી, પણ પાકટ થતાં આડાઊભા ચીરા પડી એના પોપડા પડી જાય. સંયુક્ત હોઈ પાન એક બે ફૂટ લાંબાં, નાની નાની દસપંદર સામસામી પર્ણિકાવાળાં. ફૂલ ઝીણાં, પીળાશપડતાં સફેદ, ઢળતાં ઝૂમખામાં છૂટાંછૂટાં અને મીઠી ગંધવાળાં. એમાંથી પીળો રસ નીકળે, પણ ટકાઉ રંગ તરીકે બિનઉપયોગી.

પાનખરમાં બધાં પાન ખરી ગયા પછી નવાં પાન ફૂટે ત્યારે આરંભમાં એ રતાશપડતાં હોય પણ થોડા સમયમાં લીલાશ લઈ લે. ફૂલ પણ આ જ સમયમાં આવે અને ચોમાસું આવતાં તો એનાં ફળ પણ તૈયાર થઈ જાય. પાંખડીઓ વચ્ચે ઢંકાએલું એ ફળ પાકે ત્યારે એમાંથી આછા બદામી રંગનું ચપટાં પાસાંવાળું ને વજનમાં બહુ જ હળવું બીજ ખરી પડે. બહુ દિવસો વીતી જાય તો આ બીજ ઊગતું નથી.

તૂન ઉપયોગી વૃક્ષ છે. એનું લાકડું રંગે રાતું, વજનમાં બહુ હલકું અને મજબૂત હોય છે. વળી, એને ઊધઈ પણ લાગતી નથી કે એ સડતું પણ નથી, તથા એના પર પૉલિશ પણ સારો ચડે છે, એટલે ફર્નિચર બનાવવામાં તથા સિતાર તંબૂર જેવાં વાજિંત્રો બનાવવામાં એનો ઉપયોગ થાય છે. તૂનની છાલ દવામાં વપરાય છે. બીજ અને પાન ઢોરને ખવડાવાય છે. □



માધુકરી

ઊની રે વરાળો પ્હોંચી આભમાં, ધરતી પાડે રે પોકાર,
દુખિયાંનો બેલી સમરથ ગાજિયો, વ્હાલીડે કરિયો વિચાર
આવે રે રાજાનો રાજા મેહુલો.
જંન રે જનાવર પંખી ઝાડવાં બેઠાં ભરીને દરબાર;
સૂતાં રે સિંઘાસન શોભાવવા ખમ્મા! આવો અનરાધાર
આવો રે રાજાનો રાજા મેહુલો.

—બાલમુકુંદ દવે

નિત્યયુવાન નીરુભાઈ

વર્ષોથી 'ગુજરાત સમાચાર' દૈનિકની રવિવારની પૂર્તિમાં ની. દે. ની આદ્યાક્ષરી સંજ્ઞાથી 'વાસરિકા' વિભાગમાં રસમય અને માહિતીપ્રદ સામગ્રી પૂરી પાડનાર નીરુભાઈ દેસાઈની ષષ્ટિપૂર્તિ ન ઊજવાઈ હોત તો કોઈને ખયાલ સુધ્ધાં ન આવત કે યુવાનની ર[illegible]તથા સતત કાર્યશીલ રહેનાર નીરુભાઈ સાઠી વટાવી ચૂકયા હશે.

મહેસૂલ ખાતામાં નેકી અને નિષ્ઠાથી પણ ગાંધીયુગ પછી રાષ્ટ્રીય પ્રવાહ સાથે સમન્વય સાધીને નોકરી કરવાને પરિણામે અંગ્રેજ અમલદારોને હાથે બઢતી માટેની નોંધમાં પ્રતિકૂળ શેરો પામનાર રાષ્ટ્રપ્રેમી પિતા ભાઈલાલ વેણીલાલ દેસાઈને ત્યાં, માતામહ અને સરકારી વકીલ જીવણલાલ લાખીઆના અમદાવાદ ખાતેના પાંચકૂવા વિસ્તારમાં આવેલા લાખીઆના ડહેલે, ઈ. ૧૯૧૨ના ડિસેમ્બરની તેરમી તારીખે નરેન્દ્ર દેસાઈ તરીકે તેમનો જન્મ થએલો. કુટુંબમાં ત્રણ ભાઈઓ ને બે બહેનો પછી સૌથી નાના બાળક તરીકે ખૂબ લાડ ને હેતમાં ઊછરતાં ઊછરતાં પિતાશ્રીની બદલીવાળી નોકરીને કારણે એમનું પ્રાથમિક શિક્ષણ વાલોડ, પારડી તથા અમદાવાદમાં અને માધ્યમિક શિક્ષણ અમદાવાદ, બારડોલી તથા ધોળકામાં પૂરું થએલું. કિશોરકાળથી જ અંબુભાઈ પુરાણીની એ કાળની વ્યાયામપ્રવૃત્તિના સંપર્કમાં આવ્યા હોવાથી એમનું ઘડતર તેજસ્વી બન્યું. ઉચ્ચ કેળવણી માટે એમણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો તો ખરો, પરન્તુ ઈ. ૧૯૨૮માં સાયમન કમિશનનો કૉંગ્રેસયોજિત બહિષ્કાર થયો અને ઠેર ઠેર હડતાળો પડી તેમાં નીરુભાઈએ પણ પ્રથમ વર્ષે જ અભ્યાસ છોડી એ બહિષ્કારની લડતમાં ઝંપલાવ્યું અને ૧૯૩૦માં સત્યાગ્રહની લડતમાં જોરશોરથી સક્રિય બન્યા. પત્રિકાપ્રવૃત્તિ, દારૂનિષેધ, વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ આદિ પ્રવૃત્તિઓને અંતે ધરાસણાના મીઠાના અગર પરના સત્યાગ્રહને કારણે એઓ પકડાયા અને ત્રણ માસની જેલયાત્રા ભોગવી. વળી, ૧૯૩૧માં ગાંધી-ઈરવિન કરાર થતાં એમણે કૉલેજનો અભ્યાસ ફરી શરૂ કર્યો, પણ



૧૯૩૨માં લડત શરૂ થતાં તે પાછો છોડયો ને ભદ્રના કિલ્લા પર ધ્વજવંદન કરાવતાં ધરપકડ વહોરી લીધી. ત્યાર બાદ સરકારે છોડયા પછી એ જ વર્ષે ઈન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી, અને ફરી પાછું રાષ્ટ્રીય લડતમાં ઝંપલાવ્યું ને પકડાયા. એમાં રોજ હાજરી પુરાવવાનો હુકમ મળ્યો, પણ એનો અનાદર કરતાં વળી પાછી ત્રણ માસની જેલ પડી; ને ૧૯૩૩માં કાયમને માટે એમને ગુજરાત કૉલેજમાંથી કમી કરવામાં આવ્યા. આ જાહેરજીવનનાં આરંભનાં વર્ષોમાં એમણે ઈ. ૧૯૨૭માં અમદાવાદ એલિસ બ્રિજ વિસ્તારમાં નવી શરૂ થએલી સહકારી સોસાયટીઓના વસવાટોમાં રહેવા ગયા પછી ત્યાં પુરાણીના અખાડાના જૂના સાથીઓ ચીનુભાઈ પટવા, હીરાલાલ ભગવતી વગેરેના

સાથમાં એલિસ બ્રિજ વ્યાયામશાળા સ્થાપેલી, અને એક વર્ષ બાદ ઈ. ૧૯૨૮માં ત્યાંના આરોગ્ય વિષયક તથા સાંસ્કૃતિક પ્રશ્નોને હલ કરવા 'એલિસ બ્રિજ આરોગ્ય સમિતિ'ની પણ સ્થાપના કરેલી.

અભ્યાસ છોડયા પછી એમણે પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને 'પ્રજાબંધુ'માં જોડાયા. ઈ. ૧૯૩૪માં કોંગ્રેસ સમાજવાદી જૂથ રચાયું તેની ગુજરાત શાખાના મંત્રી બન્યા અને તે જ વર્ષે રાષ્ટ્રીય કોંગ્રેસના મુંબાઈ અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે ગયા. આમ, રાજકારણમાં વધુ સક્રિય બનતાં એમણે 'પ્રજાબંધુ'ની નોકરી છોડી મજૂર તેમજ યુવક પ્રવૃત્તિ હાથ ધરી અને 'અમદાવાદ વ્યાયામ મંડળ'ની સ્થાપના કરી તેના મંત્રીપદે વરાયા. ત્યાં જ ૧૯૩૫માં અમદાવાદના મિલકામદારોની હડતાળની આગેવાની લીધી અને ધરપકડ વહોરી; જો કે પાછળથી એમનો છુટકારો થએલો.

આ રાજકીય પ્રવૃત્તિની સાથોસાથ જ એમની સાંસ્કારિક પ્રવૃત્તિ પણ ચાલુ જ હતી. ઈ. ૧૯૩૭માં એમણે ગુજરાત ખાતે પ્રથમ યુવક પરિષદ ભરી અને તેના સ્વાગત પ્રમુખ બન્યા. વળી, એ જ વર્ષે આપણા ચીલાચાલુ મેળાઓને નવું રૂપ આપવાના આશયથી 'એલિસ બ્રિજ આરોગ્ય સમિતિ'ના ઉપક્રમે પ્રથમ 'બાળમેળો' યોજ્યો, જે ખૂબ જ લોકપ્રિય બન્યો. આ જ વર્ષે એમણે ગુજરાતની અવેતન રંગભૂમિને અભિનવ અને અદ્યતન સ્વરૂપ આપવા 'રંગમંડળ'ની સ્થાપના કરી, જેના આશ્રયે ગુજરાતને અવેતન અદાકારો, સંગીતકારો, નૃત્યકારો, દિગ્દર્શકો તેમજ સુંદર કલામય નાટિકાઓ ને નૃત્યનાટિકાઓ પ્રાપ્ત થયાં. આગળ જતાં ૧૯૫૪માં એમણે અમદાવાદ નાટ્યસંઘની સ્થાપના કરી.

ઈ. ૧૯૩૦માં એમણે સ્વ. જયંતી દલાલ સાથે 'ગતિ પ્રકાશન' નામક સંસ્થા સ્થાપી, જેના દ્વારા વ્યંગચિત્રો અને હળવા તંદુરસ્ત કટાક્ષ આપતું 'રેખા' નામે એક નૂતન મુદ્રાવાળું સામયિક શરૂ કરેલું. આ સંસ્થા દ્વારા એમણે ગુજરાતના યુવાન બુદ્ધિજીવીઓનું સુંદર સંગઠન કર્યું. આ જ સંગઠને ૧૯૪૨ની 'ભારત છોડો'ની લડતમાં ગુજરાતને બહુમુખી નેતાગીરી અને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો આપ્યા હતા. આ જ વર્ષે એમણે 'અમદાવાદ પુસ્તકાલય મંડળ'ની પણ સ્થાપના કરેલી; ને ઈ. ૧૯૪૧માં અમદાવાદમાં ફાટી નીકળેલાં કોમી રમખાણોથી દ્રવિત થઈ એમણે સ્વ. વસંતરાવ હેગિષ્ટે જેવા અનેક સાથીઓ સાથે એખલાસ સ્થાપવાની પ્રવૃત્તિ આદરી. આ સાથે જ ૧૯૪૨ની આવી રહેલી રાષ્ટ્રીય લડતને માટે વ્યાયામકેન્દ્રો, રાત્રિશિબિરો, ચર્ચાસભાઓ, વિદ્યાર્થીજૂથો આદિની યોજના દ્વારા અમદાવાદમાં પૂર્વભૂમિકા તૈયાર કરી, જેને પરિણામે ૪૨ના જુવાળમાં એમની ધરપકડ થઈ તે છેક ૧૯૪૪માં એઓ છૂટયા.

આ પછી ૧૯૪૫માં એમણે ફરી પત્રકારત્વના ક્ષેત્રે પગ માંડયા, અને 'ગુજરાત સમાચાર' દૈનિકમાં જોડાયા. વળી એ જ વર્ષે કુ. નિર્મળાબેન વકીલ નામનાં રાષ્ટ્રીય લડતનાં સેવિકા બહેન સાથે એમણે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. ઈ. ૧૯૪૯થી 'ગુજરાત સમાચાર'ના જોડિયા સાંજના દૈનિક 'લોકનાદ'નું સંપાદન હાથ લીધું અને તે દ્વારા નવી જ ભાત પાડી. ઈ. ૧૯૫૫માં એ જ સંસ્થા તરફથી ગુજરાતીમાં ડાઇજેસ્ટ પદ્ધતિના નવા સામયિક 'શ્રી રંગ'ની એમણે શરૂઆત કરી, અને સિનેસૃષ્ટિના પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશ કરી 'ચિત્રલોક' સાપ્તાહિકનો આરંભ કર્યો.

આ-દરમિયાન એમની રાજકીય અને જાહેર ક્ષેત્રની પ્રવૃત્તિ તો ચાલુ જ રહી હતી. ઈ. ૧૯૫૦માં ડાંગને મહારાષ્ટ્ર સાથે જોડી દેવાનો મુંબાઈ સરકારે નિર્ણય કર્યો તેના સખત વિરોધાર્થે 'ડાંગ સીમા સમિતિ' નિયુક્ત થએલી તેના એઓ મંત્રી વરાએલા. વળી, ૧૯૫૪માં આ અંગેનો કેસ રજૂ કરવા 'ગુજરાત સીમા સમિતિ'ની રચના થઈ તેમાં તે ચાલક બળ બન્યા ને તે માટેનો માહિતીસભર કેસ તૈયાર કરી રજૂ કર્યો. પરંતુ દ્વિભાષી રાજ્ય રચવા જ્યારે કેન્દ્ર સરકારે નિર્ણય લીધો ત્યારે અંગત રીતે મહાગુજરાતમાં માનતા છતાં કોંગ્રેસપક્ષની શિસ્તને ખાતર ગુજરાતમાં જાગેલા પ્રચંડ વિરોધવંટોળનો સામનો કરી, હિંસક તોફાનો વચ્ચે ઘૂમી પ્રજાને શાંત પાડવાનો પ્રયાસ એમણે કરેલો. આ સમયે અમદાવાદ શહેર સમિતિના મંત્રીપદે તેમની વરણી થઈ.

ગુજરાતના યુવાનોમાં સાહસવૃત્તિના ઉત્તેજન સારુ એમણે ૧૯૫૭માં યુવાનો માટે નર્મદાના મૂળથી મુખ સુધીનો રબરબોટ દ્વારા એક પ્રવાસ યોજવા ખૂબ જ જહેમત લીધી. આ પ્રવૃત્તિના ફળરૂપે 'પરિભ્રમણ' નામક સંસ્થાની સ્થાપના થઈ, જેના દ્વારા નદીપ્રવાસ, સાગરપ્રવાસ તથા પર્વતારોહણની પ્રવૃત્તિઓનો ગુજરાતમાં પ્રારંભ થયો. આવી પ્રવૃત્તિઓમાં એમણે પોતાની પુત્રી સ્વાતિને જોતરીને સંયોજક તરીકેનું એક અચ્છું ઉદાહરણ પૂરું પાડયું.

ઈ. ૧૯૬૭માં ત્રણ માસ માટે એઓ અમેરિકાના પ્રવાસે ગયા હતા અને ત્યાંનાં અનેક વિશ્વવિદ્યાલયો, દૈનિકપત્રોનાં કાર્યાલયો, સંગ્રહસ્થાનો, પુસ્તકાલયો વગેરેની મુલાકાત લઈ વ્યાખ્યાનો અને વાર્તાલાપો આપેલાં. અમેરિકાથી પાછા ફર્યા બાદ એમણે 'ગુજરાત ઇકૉનૉમિક્સ

આપણાં વ્રત-ઉત્સવો

આશાદશમી

આષાઢ સુદિ દશમે કરવામાં આવતા આ 'આશાદશમી' વ્રતમાં દિવસના પૂર્વ ભાગમાં પહોંચતી દશમ તિથિનું વિશેષ માહાત્મ્ય છે. આપણાં પુરાણો પ્રમાણે રાજકુમારે રાજ્યની આશાથી, ખેડૂતે ખેતીની આશાથી, વેપારીએ વેપારની આશાથી, સગર્ભા સ્ત્રીએ પુત્રૈષણાથી, અન્ય લોકોએ ધર્મ–અર્થ–કામની સિદ્ધિ પ્રાપ્ત કરવાની આશાથી, કન્યાએ વરપ્રાપ્તિની આશાથી, બ્રાહ્મણે યજ્ઞ કરવાની આશાથી, યોગીએ મોક્ષરૂપ કલ્યાણની આશાથી, પ્રોષિત ભર્તૃકાએ પતિના પુનરાગમનની આશાથી કે બીજું કોઈ પણ મુશ્કેલ કાર્ય પાર પાડવું હોય ત્યારે મનુષ્યે આશાદશમીનું આ વ્રત કરવું જોઈએ. વળી, શાસ્ત્રમાં તો એમ પણ કહ્યું છે કે કોઈ પણ માસની સુદ દશમે આ વ્રત પાળી શકાય છે.

આ વ્રતવિધિ પ્રમાણે દશમના દિવસે મનુષ્યે સ્નાન કર્યા બાદ દેવતાઓનું પૂજન-અર્ચન કરવું અને રાત્રે પુષ્પો, અળતો તથા ચંદન વડે દશે દિશાઓનું પૂજન કરવું. પ્રત્યેક દિશાની શાસ્ત્રોક્ત મૂર્તિ જવના લોટ અથવા પીઠીથી ચીતરાવવી અને તે તે દિશામાં ઘીયુક્ત નૈવેદ્ય ધરી અલગ અલગ દીપ પ્રકટાવવા તથા તે તે ઋતુજન્ય ફળો અર્પણ કરવાં. વળી, વ્યક્તિએ જે હેતુથી આશાદશમીનું વ્રત કર્યું હોય તે કાર્ય પણ આમ જરૂર જણાવવું: 'आशास्वाशा सदा सन्तु'......'આ સર્વ દિશાઓમાં મારી આશાઓ હમેશાં સિદ્ધ થાઓ; તેમ જ હે દિશાઓ, તમારી કૃપાથી મારું સદા કલ્યાણ થાઓ.' આ મંત્રથી દશે દિશાઓનું સુપેરે પૂજન કરવું. આ જ રીતે પ્રત્યેક મહિનાની સુદ દશમે એક વર્ષ સુધી આશાદશમીનું વ્રત કરવું અને ત્યાર બાદ તેનું ઉદ્યાપન કરવું. આ ઉદ્યાપન વખતે ઈશાન, પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, પાતાળ અને આકાશ એમ દશે દિશાઓના અધિષ્ઠાતા દેવતાઓનું પુષ્પો, ધૂપ વગેરેથી પૂજન કરવું, વ્રતધારીએ તે રાત્રે જાગરણ કરવું, સવારે ઉત્તમ વેદજ્ઞ બ્રાહ્મણને વ્રતનું સુખ જણાવવું, ક્ષમાયાચનાપૂર્વક તે બ્રાહ્મણશ્રેષ્ઠને પ્રણામ કરવા અને સ્નેહીઓ સાથે બેસી ભોજન કરવું.

પ્રસ્તુત વ્રતનો સંકેત સ્વયંસ્પષ્ટ છે કે મનુષ્યમાત્ર કામનાથી મુક્ત નથી, બલકે શુભ કામના એ મનુષ્યની અનિવાર્ય વૃત્તિ છે. એની સિદ્ધિ અર્થે આમ દશે દિશાઓમાં મન પરોવી શુભકામના માટે મનોનિગ્રહ અને સંયમયુક્ત પુરુષાર્થ કરવાથી કાર્યસિદ્ધિની શક્યતા વધે તે સ્વાભાવિક છે. આ રીતે ઐહિક જીવનમાં મનુષ્યની આશાનો શ્રદ્ધેય સ્વીકાર કરી માનવની શુભકામનાનું ગૌરવ કરવામાં આવ્યું છે. □

કૉન્ફરન્સ'ની સ્થાપના કરી અને ગુજરાતના આર્થિક પ્રશ્નોનો અભ્યાસ કરવા તથા તેની રજૂઆત કરવા એક નવું દ્વાર ખોલ્યું. એઓ આ સંસ્થાના ઉપપ્રમુખ બન્યા. ઈ. ૧૯૭૦માં આબુ ખાતે 'માઉન્ટનીઅરિંગ ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરી. ઈ. ૧૯૭૧માં એઓ ગુજરાત રાજ્યની આયોજન સમિતિના સભ્યપદે નિમાયા.

આ રીતે છેલ્લાં ચાલીસ વર્ષથી તેઓ ગુજરાતનાં રાજકારણ, અર્થકારણ, વ્યાયામ, વિદ્યાર્થીપ્રવૃત્તિ, યુવા તેમજ મજૂરપ્રવૃત્તિ, સાહિત્ય અને કલાપ્રવૃત્તિ જેવાં વિવિધ જાહેર ક્ષેત્રો સાથે ખૂબ જ ઘનિષ્ઠતાથી સંકળાએલા છે, અને અનેક નવી પ્રવૃત્તિઓના પ્રેરક અને પુરસ્કર્તા રહ્યા છે. એમનો વાચનશોખ પણ જબરો છે. નાનપણમાંય ખિસ્સાખર્ચના પૈસા બચાવી પુસ્તકો ખરીદવા એ હમેશાં તત્પર રહેતા. અંગ્રેજી, હિંદી, મરાઠી અને બંગાળી ભાષા પર એઓ સારું પ્રભુત્વ ધરાવે છે. પરિણામે એમનું ઘર એક કિંમતી પુસ્તકાલય જેવું બની ગયું છે. આ ઉપરાંત એમને કલાનો પણ ભારે શોખ છે. ધાતુ, કાષ્ઠકામ તથા જૂની કલાકારીગરીના અનેક નમૂનાઓ એમની પાસે છે. પરિણામે એમનું ઘર એક ઉત્તમ પ્રકારના લઘુ સંગ્રહાલય જેવું બની ગયું છે.

જેવો એમનો સ્વભાવ સાદો અને સાલસ તેવો જ એમનો પોશાક પણ સાદો. સામાન્ય માનવી સાથે ઘડીમાં હળીમળી જવાની એમનામાં હળવાશ છે. ખૂબ જ ખુલ્લા દિલ ને દિમાગના એ આદમી હોઈ યુવા-પ્રૌઢ સૌની સાથે એકરૂપ બની શકે છે. એમની બહુમુખી પ્રતિભા, ગમે તેને પણ મદદગાર થઈ પડવાની તૈયારી, નિરાભિમાનીપણું અને સરળતાને લઈ એમનું ઘર હરહમેશ અનેક મુલાકાતીઓથી ઊભરાતું હોય છે.

આજે જીવનના સાતમા દાયકાની અધવચ પહોંચ્યા હોવા છતાંય એક યુવાનને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી અનેકવિધ પ્રવૃત્તિઓ તેઓ કરી રહ્યા છે. આમ છતાંય તેઓ નેતાગીરીથી હમેશાં દૂર જ રહ્યા છે. સહુના સાથી અને સમકક્ષ રહેવામાં જ એમને આનંદ આવે છે. એમણે પોતાની બહુશ્રુતતાનો લાભ પોતે લખેલાં થોડાં પુસ્તકો દ્વારા ગુજરાતને આપ્યો છે તે લાભ વધુ પ્રમાણમાં મળે તેવી ઝંખના કોઈને પણ રહેશે. આદર્શ ગૃહિણી નિર્મળાબેનના હૂંફાળા સાન્નિધ્ય અને સહકારમાં માનસિક અને શારીરિક તાજગી અનુભવી રહેલા નીરુભાઈ પાસેથી હજુ ય ગુજરાત અનેકવિધ પ્રવૃત્તિઓના માર્ગદર્શનની સહેતુક આશા રાખે તે અસ્થાને નથી જ.

—અશોક ઠાકોર

ગરમાળો

'કુમાર' અંક ૬૦૩માં 'વૃક્ષ-વેલ' વિભાગમાં જેનું વર્ણન આવી ગયું ને રૂપસુંદર વૃક્ષ ગરમાળાની દોઢેક ફૂટ લાંબી ને અંગૂઠા જેવડી જાડી શિંગો સુકાયા પછી રતાશપડતી કાળી થઈ જાય છે ત્યારે તેમાંનો માવો સુકાઈ જઈને માંહેનાં બી ઘૂઘરાની જેમ ખખડે છે. આ માવો જેને 'ગરમાળાનો ગોળ' કહે છે, તે ઉત્તમ ઔષધીય ગુણ ધરાવે છે. તે સ્વાદમાં સહેજ મીઠો અને પાછળથી કડવો લાગે છે. તે શીતવીર્ય છે પણ તેનો પાક મધુર છે. તે મૃદુ અને રેચક છે અને લોહીબગાડ, ચામડીના રોગો, તાવ તથા કફનો નાશ કરનાર છે. તાવમાં કોઠાશુદ્ધિ માટે તે ઉત્તમ છે.

તાવ આવ્યો હોય ત્યારે જુલાબ આપવાની આયુર્વેદમાં સ્પષ્ટ મના છે, પણ ગરમાળો એક જ તેમાં અપવાદ છે. તે મળશોધક છે અને એટલો ધીમેથી તથા સારી રીતે કામ કરે છે કે મળશોધન કર્યા પછીના અવગુણો કરતો નથી. તેનાથી પેટમાં દુખાવો કે ગડગડાટ થતો નથી, મન બેચેન થતું નથી, એકદમ ઝાડા થઈ જતા નથી, પણ સરળતાથી સુંવાળી મળપ્રવૃત્તિ થાય છે. બાળકો, વૃદ્ધો, ઘાયલ, દુર્બળ તેમજ સ્ત્રીઓ, રાજાઓ, શ્રીમંતો, પ્રસૂતાગર્ભિણી, ક્ષયરોગી વગેરે જેવા કોમળ પ્રકૃતિવાળા લોકો માટે ગરમાળાનું વિરેચન હિતકારક છે. કેટલાંક વિરેચનો મળ અને આમનું પાચન કરીને તેને બહાર કાઢે છે, જ્યારે ગરમાળો

જેમનો તેમ કાળો મળ કે આમ બહાર કાઢી શકે છે. તાવમાં ગરમાળાના ગોળ સાથે કાળી દ્રાક્ષ અને કડુ-કરિયાતું મેળવી આપવું.

લોહી બગાડને પરિણામે થતાં ખસ, ખરજવું, ખુજલી જેવા રોગો ઉપર ગરમાળાનાં પાનને ઉકાળી નાહવાથી તથા તેનાં પાન-છાલ-મૂળ-ફૂલ-શિંગનો ઉકાળો કરીને પીવાથી ફાયદો થાય છે. કમળાના રોગીને શેરડીના રસ સાથે ગરમાળાનો ગોળ આપવાથી પિત્તનું ધીરેધીરે નિરસન થઈને કમળો મટે છે.

('નિરામય') —વૈદ્ય નવીનભાઈ ઓઝા

એક વાર કોઈના ઉપચાર માટે તેમની સાથે મારે ત્યાં આવેલાં એક બહેને કાકડા સૂઝી જવાથી પોતાને થએલી તકલીફ પર, મેં અગાઉ મારા લેખમાં સૂચવેલા ઉપચારથી પોતાને આરામ થવાની વાત કરી: એક વાર કોઈના ઉપચાર માટે સાથે આવેલાં એ બહેને એક વાર પોતાને ગળામાં કાકડા સૂઝી જવાથી ગાંધીની દુકાનેથી ગરમાળાની છાલ મગાવી. આશરે દશ ગ્રામ જેટલી છાલનો ભૂકો બે કપ જેટલા પાણીમાં નાખીને ધીમા તાપે ઉકાળી, આશરે દોઢ કપ જેટલું પાણી બળી ગયા બાદ ઉતારીને ઠરી ગયા પછી વસ્ત્રથી ગાળી આ ઉકાળો મોંમાં ભરીને રાખી શકાય ત્યાં સુધી રાખ્યો, ને પછી કાઢી નાખ્યો. એમણે બપોરે આ પ્રમાણે કર્યું, સાંજે ફરી કર્યું. કાકડાનો સોજો ઘણો ઓછો થઈ ગયો. બીજે દિવસે ફરી પ્રયોગ બે વાર કર્યો અને સોજો મટી ગયો.

એક બીજો પ્રયોગ કૃમિ માટે છે. ગોળ-ખાંડની મીઠાઈ વધુ પડતી ખાનારને કબજિયાત થઈને મળમાં કૃમિ (કરમિયાં) ઉત્પન્ન થાય છે. આ માટે આશરે પંદર-વીશ ગ્રામ જેટલા 'ગરમાળાના ગોળ'માં પાંચ ગ્રામ વાવડિંગનો ભૂકો મેળવીને ઉકાળો બનાવવો. ચાર કપ જેટલું પાણી લેવું. ધીમા તાપે ઉકાળીને ત્રણ કપ જેટલું પાણી બાળી નાખવું. પછી ઉતારીને ઠરી ગયા પછી વસ્ત્રથી ગાળી લેવું. આ ઉકાળામાં એક ટેબલસ્પૂન જેટલું દીવેલ મેળવીને સવારે ખાલી પેટે પીવું. આનાથી રેચ લાગશે. કૃમિનો ઝાડા વાટે નિકાલ થશે. મળશુદ્ધિ થયા પછી ખોરાક આપવો. આ રીતે અઠવાડિયામાં બે વખત પ્રયોગ કરવો. બાળકોને માટે ઉમર પ્રમાણે અર્ધું કે તેથી ઓછું પ્રમાણ લેવું.

હરસ-મસાના દર્દી માટે પણ એક પ્રયોગ: દશ ગ્રામ ગરમાળાનો ગોળ, પાંચ ગ્રામ હરડેનું ચૂર્ણ તથા બીયાં વગરની કાળી સૂકી દ્રાક્ષ આ બધું ખાંડીને આશરે પાંચ કપ જેટલા પાણીમાં ધીમા તાપે ઉકાળવું. આશરે ત્રણ-સાડા ત્રણ કપ જેટલું પાણી બળી જાય એટલે ઉતારીને ઠરી ગયા પછી વસ્ત્રથી ગાળીને પીવું. બે ભાગ કરવા. અર્ધો ભાગ સવારે પીવો, અર્ધો ભાગ સાંજે પાંચ વાગે પીવો. મળ-વાયુની શુદ્ધિ થવાથી હરસની પીડા અને સોજો મટી જશે.

(ગુજરાત સમાચાર) —'પુનર્વસુ'

દુનિયામાં બીજા નંબરની રેલવે

આજે ભારતીય રેલવે એશિયામાં સૌથી મોટી છે અને એક જ વ્યવસ્થા તંત્ર હેઠળ ચાલતી રેલવેઓમાં વિશ્વમાં સોવિયેટ રેલવે બાદ કરતાં તેનો ક્રમ બીજો આવે છે.

ભારતીય રેલવે દ્વારા આવરી લેવામાં આવેલા કુલ ૬૦,૩૦૧ કિલોમીટર રૂટમાં ૩૦.૨૭૪ કિલોમીટરની બ્રોડગેજ, ૨૫,૫૫૧ કિલોમીટરની મીટરગેજ અને ૪,૪૭૬ કિલોમીટરની નૅરોગેજ લાઈનનો સમાવેશ થાય છે. રૂા. ૫,૭૫૨ કરોડનું મૂડીરોકાણ ધરાવતી આપણી રેલવે દેશનું સૌથી મોટું જાહેર એકમ છે. સામાન્ય આવકમાં તેનો ફાળો વાર્ષિક રૂ. ૧,૮૭૪ કરોડનો છે. તેના કર્મચારીઓની સંખ્યા ૧૭ લાખ જેટલી છે.

ભારતીય રેલવેમાં ૭,૧૨૯ સ્ટેશનો છે, દરરોજ ૧૦,૦૦૦ જેટલી ટ્રેનો દોડે છે અને ૭૩ લાખ મુસાફરો અને ૬ લાખ ટન માલસામાનની હેરફેર થાય છે. આ જંગી ટ્રાફિક-સંચાલન માટે રેલવે ૮,૬૮૭ સ્ટીમ એન્જિનો, ૧ ૭૧૧ ડિઝલ એન્જિનો અને ૭૨૯ વિદ્યુત એન્જિનો તથા આશરે ૩,૯૦,૯૭૦ માલગાડી વૅગનો, ૨૬,૧૨૮ પ્રવાસી ડબાઓ અને ૨,૦૪૦ ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ ડબાઓ ધરાવે છે.

રેલવે પોતાનાં કારખાનામાં જુદાંજુદાં પ્રકારનાં ડીઝલ અને વિદ્યુત એન્જિનો બનાવે છે. વારાણસીના ડીઝલ લોકોમોટિવ વર્ક્સ ખાતે બનાવાતાં ડિઝલ એન્જિનો અને ચિતરંજનના લોકોમોટિવ વર્ક્સ ખાતે બનાવાતાં વિદ્યુત એન્જિનોની આશરે ૯૦ ટકા સામગ્રી દેશી છે. પેરામ્બુર ખાતેની ઈન્ટેગ્રલ કોચ ફૅક્ટરીમાં ડબાઓ પણ બનવામાં આવે છે.

ભારતીય રેલવેની-સાધનસામગ્રીની હંગેરી, પોલાંડ, ન્યૂઝીલૅન્ડ ઈરાન, તુર્કી, બર્મા, સીલોન, થાઈલૅન્ડ, કોરિયા, મલેસિયા, સુદાન, નાઈજીરિયા, અને પૂર્વ આફ્રિકા સહિત સંખ્યાબંધ દેશો ખાતે નિકાસ કરવામાં આવે છે.

આકાશદર્શન: જૂન-જુલાઈ



દક્ષિણ આકાશમાં જરા દૂર નજર માંડીએ. ત્યાં ક્ષિતિજથી થોડે ઊંચે આકાશગંગામાં તરતુ સ્વસ્તિક આકારનું એક નાનું તારામંડળ છે. આપણે એને 'સ્વસ્તિક' નામ જ આપ્યું છે. પરંતુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ જેવો આકાર પણ એમાં બેસતો હોઈ પશ્ચિમના લોકો એને 'સધર્ન ક્રૉસ' કહે છે. સધર્ન એટલા માટે કે ઉત્તર આકાશમાં પણ આ આકારનું એક તારામંડળ છે, જેને 'હંસ' (Cygnus) 'નૉર્धન ક્રૉસ' કહે છે એ તો યાદ છે ને?

સ્વસ્તિક—'સધર્ન ક્રૉસ' (Crux) તારામંડળના મુખ્ય ચાર તારા. એમાંનો દક્ષિણ તરફનો નીચેનો પ્રકાશિત તારો 'ત્રિશંકુ' કહેવાય છે. ત્રિશંકુ રાજાની પેઠે એ યે જાણે આકાશ ને પૃથ્વી વચ્ચે લટકી રહ્યો છે. નથી એ પૃથ્વી પર લાગતો કારણ ક્ષિતિજથી એ ઊંચે છે, તેમ નથી એ ઊંચે આકાશમાં (સ્વર્ગમાં) લાગતો, કારણ એ ક્ષિતિજ (પૃથ્વી)ની નજીક દેખાય છે. આપણાથી એ ૨૨૦ પ્રકાશવર્ષ દૂર છે. 'સપ્તર્ષિ' તારામંડળના દર્શક તારા જેમ ઉત્તર ધ્રુવ ચીંધે છે તેમ આ સ્વસ્તિકના ઉત્તર-દક્ષિણ તારાને જોડતી રેખા લબાવીએ તો દક્ષિણ ધ્રુવબિંદુ પરથી પસાર થાય. પણ દક્ષિણ ધ્રુવ પર કોઈ તારો નથી. અને હોય તો યે આપણને દેખાય નહિ, કારણ આપણે રહ્યા પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં, એટલે છેક દક્ષિણ આકાશના તારા આપણે જોઈ ન શકીએ. અને એમાં યે શહેરવાસીઓ તો ચોપાસ ઊંચી ઈમારતો ને અસ્વચ્છ હવાને કારણે એમના માથા પરના મર્યાદિત વર્તુળ પૂરતું જ આકાશ જોઈ શકે. એટલા વિસ્તારમાં યે ખરું તારાદર્શન તો રાત પૂરતી અંધારી હોય ત્યારે જ શક્ય બને.

સ્વસ્તિક તારામંડળની પૂર્વ તરફ બે બીજા તેજસ્વી તારા દેખાય છે. એમાંનો પૂર્વ તરફનો તે 'જય' (Rigil Kentaurus) ને પશ્ચિમ બાજુનો—ત્રિશંકુ (Acrux) પાસેનો—તે 'વિજય' (Agena). જય-વિજય એ ભગવાન વિષ્ણુના બે દ્વારપાલનાં નામ છે. પશ્ચિમમાં એ પેલા વધસ્તંભના બે ચોકીદાર તરીકે જાણીતા છે. બંને લગભગ એકસરખા તેજસ્વી લાગે છે, પરંતુ એમની વચ્ચે ઘણો ફેર છે. જય આપણા સૂર્ય જેવો છે અને આપણાથી માત્ર ૪⅓ પ્રકાશવર્ષ દૂર છે. સૂર્ય અને પૃથ્વી વચ્ચે જે અંતર છે એના કરતાં લગભગ ૨,૭૦,૦૦૦ ગણું આ અંતર થયું. અને સૂર્ય ખુદને બાદ કરતાં (કેમ કે સૂર્ય પણ એક તારો જ છે.) આ જય અન્ય બધા જ તારા કરતાં આપણી વધુમાં વધુ નજીકનો તારો છે. જ્યારે વિજય આપણાથી ૧૯૦ પ્રકાશવર્ષ જેટલો દૂર છે અને સૂર્ય કરતાં તો એ ૧૪૦૦ ગણો તેજસ્વી છે.

આ જય-વિજય 'નરાશ્વ' (Centaurus) તારામંડળના બે મુખ્ય તેજસ્વી તારા છે. નામ પ્રમાણે આ તારામંડળમાં નર અને અશ્વના સંયુક્ત દેહની આકૃતિની કલ્પના છે. આ મંડળમાં એક સુંદર તારાગુચ્છ (Omega Centauri) છે. નરી આંખે યે એ પરખી શકાય છે. ખગોળશાસ્ત્રીઓ માને છે કે એ તારાગુચ્છમાં આપણા સૂર્ય જેવા તેજસ્વી લગભગ અર્ધો લાખ જેટલા તારા છે.

એક બીજો તારો પણ ઓળખી લઈએ. સ્વસ્તિકની પૂર્વ બાજુનો એ તારો 'વિશ્વામિત્ર' (Beta Crucis) નામે ઓળખાય છે. પેલા ત્રિશંકુ રાજાને વિશ્વામિત્ર ઋષિએ સશરીર સ્વર્ગમાં મોકલ્યો હતો અને ઈન્દ્રે એ રાજાને પાછો ધકેલતાં બીચારો પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે લટકી રહ્યાની કથા યાદ છે ને? □

કેરીની પ્રાચીનતા અને તેની જાતો

૬૦૦૦ વર્ષ પહેલાં નવ પાષાણ યુગમાં ભારતમાં માણસો ખેતી કરવા લાગ્યા ત્યારથી તેઓ કેરીનો ઉછેર કરતા આવ્યા છે. વેદોથી માંડીને બધા પ્રાચીન સાહિત્યમાં કેરીનું માહાત્મ્ય છે. બધાં મંગળ કાર્યોમાં કેરી અથવા તેનાં ફૂલ અને પાન આવશ્યક ગણવામાં આવ્યાં છે, સરસ્વતીને પૂજનમાં આંબાના મોર ચડાવવામાં આવે છે.

'શતપદ બ્રાહ્મણ'માં, વાલ્મીકિ કૃત રામાયણમાં અને બીજા ગ્રંથોમાં આમ્રવૃક્ષ અને આમ્રફળનાં વર્ણનો છે. પ્રાચીન શિલ્પ અને સ્થાપત્યમાં પણ આ અમૃતવૃક્ષને અને તેના ફળને સ્થાન મળ્યું છે.

કેરીની અનેક જાત ને નામ છે. કેટલીક તેના રંગ પરથી ઓળખાય છે. દા.ત. સ્વર્ણરેખા, ઝાફરા, સિંદુરિયા. કેટલીકનાં નામ મોટા માણસોનાં નામ પરથી પડ્યાં છે. દા.ત. જહાંગીર, અમીન, ફ્રૉડ, આલ્ફોન્સો વગેરે.

કેટલાંક નામ મોટાં કદ પરથી પણ અપાયાં છે. દા. ત. ખરબુઝા, પાસેરી, હાથીફલ. કેટલાંક નામ આકાર પરથી અપાયાં છે. દા. ત. લડ્ડુ, તોતાપરી, કારેલિયા વગેરે. સૌથી પ્રખ્યાત કેરીઓ રત્નાગિરિ અને ગુજરાતની આફુસ, સૌરાષ્ટ્રની કેસર, લખનૌની દશહરી અને સફેદા, ઉત્તર પ્રદેશની સૌરોલી અને વારાણસીની લંગડા છે. કેટલીક કેરીનો માવો અથવા રસ તો કેટલીક કેરીની છાલ પણ એવા આકર્ષક રંગ ધરાવે છે કે આપણે મોહી પડીએ. કેટલીક પાકી જાય તો પણ તેની છાલ લીલી જ રહે છે, કેટલીક સોનેરી પીળી બને છે, કેટલીકને એવી લાલ રંગની ભાત આવે છે કે જે ઘણી મોહક લાગે છે. (ગુજરાતમિત્ર)

લોકમિલાપ ટ્રસ્ટનું નવું પગરણ 'શિશુ-મિલાપ'

■ ઈ. ૧૯૭૬ને જગતભરમાં શિશુ-વરસ તરીકે ઊજવવાનું સૂચન વિશ્વસંસ્થા 'યુનેસ્કો'એ કરેલું, એ નિમિત્તે આગામી ગાંધીજયંતીએ, મૂળ અંગ્રેજી પરથી બહુરંગી ચિત્રોવાળી અને મનોહર રૂપરંગ સાથેના ગુજરાતી અનુવાદની પાંચ ચોપડી 'શિશુ-મિલાપ—સંપુટ પહેલો' એ નામે ભાવનગરની આવાં પગરણ માટે જાણીતી 'લોકમિલાપ' સંસ્થા બહાર પાડશે. તેની છૂટક કિંમત રૂ. ૧૦ અને પોસ્ટેજ રૂ. ૩ અલગ રહેશે.

■ આ 'શિશુ મિલાપ'ના આગોતરા ગ્રાહક ઓછી કિંમતે નોંધવામાં આવશે. ઓછામાં ઓછી ૧૦ નકલની વરધી માટે ગ્રાહકોએ રૂ. ૧૦૦ને બદલે રૂ. ૭૫ મોકલવાના છે, અને ૧૦૦ અથવા વધુ નકલોની વરધી માટે સંપુટ દીઠ રૂ. ૧૦ ને બદલે રૂ. ૬ મોકલવાના છે. સંપુટો રેલ-પારસલથી પ્રકાશકને ખર્ચે પહોંચાડવામાં આવશે. વરધી નોંધાવવાની છેલ્લી તા. ૩૦-૬-૧૯૭૬ છે. રકમ ડ્રાફ્ટ, મનીઑર્ડર કે ચેકથી મોકલશો. વધુ વિગત માટે લખો: લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩ (૧૫૬૫, સરદારનગર) ભાવનગર-૩૬૪૦૦૧.

આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૩/૧૯૧૬ સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા વિદ્યાપીઠની સ્થાપના. બીજે વર્ષે આફ્રિકાવાસી વિઠ્ઠલ રાઘોબાએ ૪૦,૦૦૦ રૂપિયાનું ટ્રસ્ટ ફંડ આ સંસ્થાને આપ્યું. ૧૯૨૦માં આ જૂન માસમાં સર વિઠ્ઠલદાસ ઠાકરસીની ૧૫ લાખ રૂપિયા સખાવત પણ મળતાં એના પાયા દૃઢ થયા અને આજે તો દેશભરમાં એ વટવૃક્ષની વડવાઇઓ પ્રસરી ચૂકી છે.

વ્યક્તિવિશેષ



તા. ૧૧/૧૭૭૬ દૃશ્ય ચિત્રકળાના એક મહાન ચિત્રકાર ગણાતા જ્હૉન કૉન્સ્ટેબલનો જન્મ. આ માસમાં એની દ્વિ-શતાબ્દી છે. ચિત્રકળામાં દૃશ્યચિત્રોની એક આગવી જ શાખા એણે વિકસાવી એટલું જ નહિ, પણ એના થકી કલાજગતમાં ઇંગ્લૅન્ડને મોખરાનું સ્થાન અપાવ્યું. જો કે ખુદ પોતાની જ ભૂમિમાં, અને રૉયલ ઍકૅડેમીમાં એને સ્થાન મળ્યું હોવા છતાં એની કલાપ્રતિભાનો સ્વીકાર બહુ મોડેથી થએલો. પરંતુ પોતાના રહેણાકની આસપાસનાં સાદાં મકાનો ને દેવળો સાથે એણે ત્યાંના ગ્રામપ્રદેશની પ્રકૃતિનાં અનેકવિધ રૂપ પોતાનાં દૃશ્યચિત્રોમાં તાદૃશ કર્યાં છે. આકાશમાં પળેપળે પલટાતાં વાદળોની અવનવી લીલા ચીતરનાર એ જ પ્રથમ કલાકાર હતો. આરંભમાં આજીવિકા માટે એણે તસ્વીરો પણ ચીતરી, પણ એમાં ખ્યાતિ મળી નહિ. સુખી લગ્નજીવન, સાત સંતાનો અને વડીલોના વારસા તથા એના મળતાવડા સ્વભાવને કારણે ઉપલક નજરે એ સુખી જણાતો, પરંતુ પોતાની તબિયત, કૌટુંબિક જવાબદારીઓ અને કલાકાર તરીકેની પોતાની અપૂરતી કદરથી એનું અંતર ખિન્ન રહેતું. એની મોટા ભાગની કૃતિઓ વણવેચાએલી એની પાસે જ પડી રહેલી. ઈ. ૧૮૩૭માં ૩૧મી માર્ચે એકાએક એનું અવસાન થયું. ત્યાર પછી પચાસેક વર્ષે એનાં દૃશ્યચિત્રો રાષ્ટ્રીય મિરાત ગણાવા લાગ્યાં. આજે ૧૯મી સદીના શ્રેષ્ઠ દૃશ્યચિત્રકારોમાં એને મોખરાના સ્થાને ગણવામાં આવે છે (ઉપર કૉન્સ્ટેબલનું એક દૃશ્યચિત્ર આપ્યું છે. એનો વિસ્તૃત પરિચય હવે પછી.)

તા. ૧૬/૧૮૧૯ ભરૂચ, કચ્છ, કલકત્તા અને છેક પૉંડિચેરી સુધી ભયંકર ધરતીકંપ. અમદાવાદની જુમા મસ્જિદના ભવ્ય સુંદર મિનારા આ ભૂકંપમાં જ તૂટી પડેલા.

તા. ૧૭/૧૬૩૧ બુરહાનપુરમાં એક પુત્રીને જન્મ આપતાં શાહજહાંની બેગમ અર્ઝુમંદબાનુ મુમતાઝ મહાલનું અવસાન. સાતેક માસ પછી એના શબને આગ્રા લઈ જઈને શાહજહાંએ એની કબર પર જગવિખ્યાત મકબરો-તાજમહાલ બંધાવ્યો જે ઈ. ૧૬૪૫માં પૂરો થએલો.

તા. ૨૭/૭૧૨ મહમદ બિન કાસિમની સિંધ પર ચડાઈ. રાજા દાહિરની એમાં હાર થઈ અને હિંદુસ્તાનમાં ઈસ્લામી-સત્તાના પગપેસારાનો આરંભ થયો.

તા. ૨૮/૧૮૭૯ હિંદુસ્તાનમાં એક પૈસાવાળાં પોસ્ટકાર્ડનો ટપાલ-વ્યવહાર શરૂ થયો.



ભૂલકણા પ્રોફેસર મોટરને સડસડાટ ગૅરેજ સુધી લાવ્યા, ગૅરેજમાં ડોકિયું કર્યું, ને તે ખાલી જોતાં ચમકીને ધમધમાટ કરતા સીધા પોલીસ ચોકીએ જઈ કહ્યું: 'જમાદાર, મારી મોટર કોઈ ચોરી ગયું છે!'

∞

'અરે પીતાંબરભાઈ, તમે તો ચાર સંપૂર્ણપણે બદલાઈ ગયા છો! ત્યારે તો તમારે માથે ઘાટા મઝાના વાળ હતા ને આજે તાલ છે, પહેલાં લાલબુંદ જેવા હતા ને આજે ફિક્કા છો. પહેલાં તમે હૃષ્ટપુષ્ટ હતા ને આજે માઈકાંગલા જેવા થઈ ગયા છો. તમને થઈ શું ગયું છે?

'પણ હું પીતાંબર નથી.'

'અરે વાહ! તમે તો તમારું નામ સુધ્ધાં બદલી નાખ્યું છે ને શું?'

∞

શિક્ષકે વર્ગમાં ઈશ્વર કેવો સર્વવ્યાપી છે તે સમજાવીને કહ્યું કે બધે ઠેકાણે તે રહેલો છે. એ સાંભળીને એક ચેકુસે ધીમેથી પૂછ્યું: 'સાહેબ તે મારા ખિસ્સામાં પણ હશે?' શિક્ષકે આવા પ્રશ્નથી રાજી થઈ કહ્યું: 'જરૂર.'

'સાહેબ તમે પકડાઈ ગયા. મારે ગજવું જ નથી!' ચેકુસ બોલ્યો.

∞

ગ્રાહક: મારી દાળમાં માખી છે.

હોટેલવાળો: તો તો સાહેબ, એના દસ પૈસા વધારે થશે.

∞

'તમે તમારી ચા જમણા હાથે હલાવો છો?

'હા વળી.'

'એ તો વિચિત્ર કહેવાય. બધા તો ચમચા વડે હલાવે છે.'



('જનસત્તા'માં શિવ)

કડવાબોલો શેઠિયો, જૂઠાબોલી નાર,
નિત્ય જમાઇ પરોણલા એતા માથે ભાર.

તપસ્વી અબુ અબ્દુલ્લા જુન્ના સાહેબ પાસે એક વાર એક માણસે આવીને પોતાને ત્યાગભાવના વિષે ઉપદેશ આપવા કહ્યું. એ સાંભળીને જુન્નાસાહેબ તરત ઊઠીને બહાર ચાલ્યા ગયા. આથી પેલો માણસ ભોંઠો પડીને ત્યાંથી જતો રહ્યો. થોડી વારે જુન્નાસાહેબ પાછા આવ્યા ત્યારે આજુબાજુ બેઠેલા લોકોએ એમના આવા વિચિત્ર વર્તનનું કારણ પૂછતાં એમણે કહ્યું : 'એ ભાઈએ જ્યારે મને પૂછ્યું ત્યારે મારી પાસે ચોવીસ રતીભાર રૂપું હતું. એટલો સંગ્રહ મારી પાસે હોય અને હું કોઈને ત્યાગભાવના વિષે ઉપદેશ આપું એ મને બેહૂદું લાગ્યું એટલે હું જઈને એ રૂપાનું દાન કરી આવ્યો. હવે હું ખુશીથી ત્યાગભાવના વિષે કહી શકું એમ છું.'

કહેવતોના અર્થ : 'આથર બદલ્યા પણ ગધેડાં તેનાં તે જ છે'-'આથર'=ગધેડા ઉપર ગુણ લાદતાં પહેલાં નંખાતું કાપડ કે દળી. ઉપરછલ્લો ફેરફાર કરવાથી સારું પરિણામ લાવી શકાતું નથી એ દર્શાવવા વપરાતી કહેવત.

અનેકાર્થી શબ્દ: જડ=જીવ વિનાનું. સ્થૂલ; લાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું; દુઃખ, શોક કે ગુસ્સા સાથે ઘુમરાએલું; મૂળ; ખીલી કે મેખ; સાંધો કે રિવેટ; સ્ત્રીઓનું નાકનું ઘરેણું ચૂની; આધાર; ગાંઠ; મૂળના ગઠ્ઠા જેવો, ભાગ જેને વાવવાથી ફણગો ફૂટે; જનોઈ અથવા લગ્ન વખતે બટુક કે વરરાજાના માથાના વાળની લટે બાંધવામાં આવતી વીંટી.

ગણિત-ગમ્મત

૯૮૭૬૫૪૩૨૧	×૯=૮૮૮૮૮૮૮૮૮૯
"	×૧૮=૧૭૭૭૭૭૭૭૭૭૮
"	×૨૭=૨૬૬૬૬૬૬૬૬૬૭
"	×૩૬=૩૫૫૫૫૫૫૫૫૫૬
"	×૪૫=૪૪૪૪૪૪૪૪૪૪૫
"	×૫૪=૫૩૩૩૩૩૩૩૩૩૪
"	×૬૩=૬૨૨૨૨૨૨૨૨૨૩
"	×૭૨=૭૧૧૧૧૧૧૧૧૧૨
"	×૮૧=૮૦૦૦૦૦૦૦૦૦૧

અંકસંદર્ભ : ચાર—ચાર પુરુષાર્થ: ધર્મ, અર્થ, કામ, મોક્ષ; ચાર આશ્રમ : બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ, સંન્યાસ; ચાર વેદ: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદ; ચાર વાણી : પરા, પશ્યતિ, મધ્યમા, વૈખરી; ચાર વર્ણ : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર; ચાર સ્થિતિ : બાળ, મુમુક્ષુ, સાધક, સિદ્ધિ.

('કુમાર' અંક ૬૩૦)

नास्ति काम समं व्याधिः
नास्ति मोह समो रिपुः ।
नास्ति क्रोध समो वह्निः
नास्ति ज्ञानात् परं सुखम् ॥

કામવાસના જેવો કોઈ રોગ નથી, મોહ જેવો કોઈ શત્રુ નથી, ક્રોધ જેવો કોઈ અગ્નિ નથી ને જ્ઞાન જેવું કોઈ સુખ નથી.

શુકન-અપશુકન હિંદમાં જ મનાય છે તેમ નથી. પશ્ચિમના દેશોમાં નીચેની વસ્તુઓ અપશુકનિયાળ ગણાય છે: રવિવારે નખ કાપવા; મોરનું પીછું ઘરમાં રાખવું; સીડી નીચેથી પસાર થવું; તેરનો આંકડો; છત્રી ભેટ તરીકે આપવી, કે લાકડાનો સ્પર્શ કર્યા વગર તે ઘરમાં ઉઘાડવી; એક જ દિવાસળીથી ત્રણ સિગારેટો સળગાવવી; શુક્રવારે કોઈ વસ્તુ ખરીદવી (જૂની વસ્તુ લેવામાં હરકત નહિ); પગમાં પહેલાં ડાબો બૂટ પહેરવો; જમીન પર પડેલી ટાંકણી ન ઊંચકી લેવી... વગેરે.



ટિકિટ-કથા: ચેકોસ્લોવાકિયાનું પ્રજાસત્તાક નવું નવું રચાએલું ત્યારે, ઈ. ૧૯૧૮માં પોતાની પ્રથમ ટપાલટિકિટો માટે ત્યાંના કલાકાર આલ્ફૉન્સ મુચાને એના ડિઝાઈન માટે કહેવામાં આવ્યું. સામાન્ય ટિકિટશ્રેણી માટે એણે પ્રાગમાંના હ્રડ્ચની કિલ્લાનું દૃશ્ય અને તેને ફરતી મીઠા લીંબુની ડાળવાળું આલેખન પસંદ કર્યું અને અખબારો માટેની ટિકિટો સારુ એણે અહીં દર્શાવ્યા પ્રમાણે ઊડતી નરઝી (Kestrel)નું આલેખન તૈયાર કરેલું. આ બીજા પ્રકારમાં જુદીજુદી આઠ કક્ષાની ટિકિટો બહાર પડેલી જે આજે ટિકિટબજારમાં પચાસેક પેન્સ (દસ રૂપિયા)ની કિંમતે મળી શકે છે.




જીવજગતમાં જીવડાં સારામાં સારી રીતે ઊડી શકનારાં મનાય છે, અને અમુક જીવડાં અતિ લાંબા અંતરે ઊડી શકે છે. નિષ્ણાતો માને છે કે નારંગી અને કાળા રંગનાં મોનાર્ક પતંગિયાં આટલાંટિક મહાસાગર જેટલું અંતર ઊડી આવે છે! રણનાં તીડ પણ સેંકડો માઈલનું અંતર ઊડે છે. એથી વિચિત્ર તો એ છે કે ઉડ્ડયનશાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે 'બમ્બલ બી' તો ઊડી જ ન શકે—પણ એ ઊડે છે!

આખી જીવસૃષ્ટિમાં કદના પરિમાણથી કરોળિયો સૌથી ઝડપી ને તમરું સૌથી બળવાન સાબિત થયાં છે. કરોળિયો પોતાની લંબાઈ કરતાં સો ગણું અંતર એક સેકંડમાં દોડી શકે છે; ને તમરું પોતાના વજન કરતાં ૮૫૦ ગણું વજન ઊંચકી શકે છે!

ઊંટને અતિ મોટાં નસકોરાં હોય છે. રણમાં રેતીના વંટોળ ચડે ત્યારે નાકમાં પેસી જતી રેતી અટકાવવા એ બીડી દઈ શકે છે!

નાના બાળકના ડાબા-જમણા જોડા જલદી ઓળખાતા નથી. તેને અંદરની બાજુએ કંઈક નિશાન કરી રાખવાથી એ મુશ્કેલી ટળશે.



કલાકણિકા : છે તો ભોજનના મેજ પર રખાતું મીઠામરચાનું પાત્ર, પણ ૧૮મી સદીના પોલૅન્ડના કારીગરે ચાંદીની ચમકનો લાભ લઈને એને મત્સ્યાકાર આપી કેવી કલામયતાથી એને શણગાર્યું છે!

'અનિલ'લહરી — રતિલાલ 'અનિલ'

બધા વાદી (મદારી)ઓમાં સમાજવાદીને શ્રેષ્ઠ માનવો.
જીભ સલામત તો સમાજવાદ બહોત.

લોકકલા શ્રેણી - ૧. કલમકરી



રંગાઇનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો

'કલમકરી' – એ દક્ષિણ ભારતમાં ૧૪મી સદીના અરસામાં ખીલેલી કાપડ ઉપર ચિત્રકામ કરવાની ખ્યાતનામ કલા છે.

આ પરંપરાગત કળાશૈલીમાં વિષયો બહુધા ભારતીય મહાકાવ્યોની સમૃદ્ધ પુરાણ કથાઓમાંથી લીધેલા હોય છે.

આપણા મંદિરોના ગર્ભદ્વારોમાં દેખાતા નયનરમ્ય રંગોની ઝલક 'કલમકરી'નાં ચિત્રોમાં પ્રતિબિંબિત થતી હોય છે. કુદરતી વનસ્પતિમાંથી બનાવાયેલા આ રંગોની એક મર્યાદા હોવા છતાં આવો સુંદર ઉપયોગ તો એ જમાનાના કુશળ કલાકારોની આગવી રંગસૂઝને આભારી છે.

આજે અતુલમાં - તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઇઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઇઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઇન્ટરમીડિયેટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઇઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઑપ્ટિકલ વ્હાઇટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગે રાસાયણિક, આધુનિક સૌ ચાલે સોહાય,
'અતુલના' સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

અતુલ – એક વિરાટ રાસાયણિક સંકુલ

ધિ અતુલ પ્રોડક્ટસ લિ. પો. ઓ. અતુલ, જિલ્લો વલસાડ. Pin ૩૯૬૦૨૦ (ગુજરાત).
ફોન. ૬૧, ૬૨, ૬૩, ૬૪. તાર : TULA, અતુલ, ટેલેક્સ ૦૧૮-૨૪૮.

Adroit-401